સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 12 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ચૈત્ર સુદ- ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૨૨ માર્ચ ૨૦૨૬, (૧૮ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૯ થી ૧૫
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ઈરાન શિપિંગ માર્ગ ખુલ્લો રાખેઃ મોદી




## સાથે ઈરાનના પ્રમુખને ભારતના પીએમે નવરોઝ અને ઈદની શુભેચ્છા પણ આપી

નવી દિલ્હીઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ઇરાનના પ્રમુખ ડૉ. મસૂદ પેઝેશ્કિયનને ફોન કરીને નવરોઝ અને ઇદની શુભેચ્છા પાઠવી હતી તેમ જ યુદ્ધના સમયે અન્ય દેશો, ખાસ કરીને ભારતના માલવાહક જહાજોની સુરક્ષિત અવરજવર થવા દેવા માટે વિનંતિ કરી હતી.

મોદીએ ઇરાનના પ્રમુખની સાથે પશ્ચિમ એશિયામાંની યુદ્ધની સ્થિતિ અંગે ચર્ચા કરી હતી તેમ જ આ પ્રદેશમાં શાંતિ, સ્થિરતા જાળવવા અને સમૃદ્ધિની આશા વ્યક્ત કરી હતી.

વડા પ્રધાને યુદ્ધમાં તેલ, ગૅસની મથકો સહિતના આંતરિક માળખાને લક્ષ્ય બનાવીને સપ્લાઇ ચૅન્સ ખોરવવાના પ્રયાસને વખોડ્યો હતો.

મોદીએ જણાવ્યું હતું કે યુદ્ધ દરમિયાન પણ જહાજો દ્વારા માલસામાનની કરાતી હેરફેર વિના વિઘ્ને ચાલુ રહે તેનું ધ્યાન રાખવું જોઇએ. આંતરરાષ્ટ્રીય જળસીમામાં માલસામાનના જહાજો મુક્ત અને સુરક્ષિત રીતે આવજા કરી શકે તે મહત્ત્વનું છે.

અખાતના દેશોમાં ૨૮ ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ થયું ત્યારથી અત્યાર સુધીમાં મોદીએ બે વખત ઇરાનના પ્રમુખને ફોન કરીને ચર્ચા કરી હતી.

ભારતના વડા પ્રધાને ચાલુ મહિનાના પ્રારંભે ઇરાનના પ્રમુખ ડૉ. મસૂદ પેઝેશ્કિયનને ફોન કર્યો હતો અને યુદ્ધને લીધે આખી દુનિયામાં વધેલી તંગદિલી અને નાગરિકોના જાનમાલને થતાં નુકસાન અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

મોદીએ અખાતના દેશોમાંના ભારતીયોની સલામતી અને ભારતની ઊર્જા ક્ષેત્રની જરૂરિયાતના મુદ્દા ઇરાનના નેતાની સમક્ષ ઉઠાવ્યા હતા.

ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરે ઇરાનના વિદેશ પ્રધાન સૈયદ અબ્બાસ અરાઘચીની સાથે પણ ચર્ચા કરી હતી અને માલવાહક જહાજોની સુરક્ષિત અવરજવર થવા દેવા વિનંતિ કરી હતી. (એજન્સી)■

## કટોકટી હળવીઃ રાજ્યોની કમર્શિયલ એલપીજીની ફાળવણી ૫૦ ટકા કરાઈ

નવી દિલ્હીઃ એલપીજીનું ઘરઆંગણાનું ઉત્પાદન વધતા સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને વીસ ટકાની વધારાની ફાળવણી કરતાં કુલ ફાળવણી પચાસ ટકાની થઈ છે. એલપીજીનું ઘરેલુ ઉત્પાદન વધતા પરિસ્થિતિ સામાન્ય થતી જાય છે. મિડલ ઈસ્ટના ત્રણ અઠવાડિયાના યુદ્ધને લીધે હૉટેલ જેવા વેપારી ઉપક્રમોને અપાતા એલપીજી પુરવઠામાં કાપ મુકવામાં આવ્યો છે જેથી ઘરોને એલપીજીનો પુરવઠો સતત મળી રહે. પછીથી વેપારી ઉપક્રમોને ૨૦ ટકા વધારાનો પુરવઠો અપાયો હતો અને ત્યાર બાદ સરકારે વધુ દસ ટકાની ફાળવણી કરી હતી, પરંતુ એવી શરત મૂકી છે કે રાજ્યો પાઈપ્ડ ગૅસ પ્રોજેક્ટને વેગવંતા બનાવે. શનિવારે સરકારે રેસ્ટોરાં, હૉટેલ,

(જુઓ પાનું ૨) ▸▸

## ગૌરક્ષક ફરસા બાબાની ‘હત્યા’ પછી મથુરામાં ભડકો

મથુરાઃ ગૌરક્ષક ચંદ્રશેખર ઉર્ફે ફરસા બાબાનું મથુરાની નજીક આગરા - દિલ્હી ધોરીમાર્ગ પર શનિવારે પરોઢ પહેલાં રાતના અંદાજે ચાર વાગ્યાની આસપાસ ટ્રક નીચે કચડાઇ જવાથી નિધન થયું હતું. તેમના ટેકેદારોએ ‘હત્યા’ થઇ હોવાનો આરોપ મૂકીને હાઇવૅ પર ટ્રાફિક જૅમ કર્યો હતો.

બાબાના ટેકેદારોએ ગુસ્સે થઇને આક્ષેપ કર્યો હતો કે ગાયોની ગેરકાયદે હેરફેર કરતા લોકોની ટ્રકને કોટવાનના સીમાડા નજીક રોકવાનો પ્રયાસ કરતા ચંદ્રશેખર પર ટ્રક ફરી વળી હતી.

મથુરા જિલ્લાના વહીવટીતંત્રે જણાવ્યું હતું કે બાબા અને તેમના સાથીઓએ ધોરીમાર્ગ પર કન્ટેનર લઇ

(જુઓ પાનું ૨) ▸▸



**દેખાવ :** હરિયાણાની સરહદ નજીક મથુરાના ચૌમુહાનના હાઈવે નજીક ફરસા બાબા શંકાસ્પદ સંજોગોમાં મરણ પામતા લોકોએ દેખાવો કર્યા હતા. (પીટીઆઈ)

## ઈરાનનાં અણુમથક પર હુમલો

▸ યુકે-અમેરિકાના ડિયેગો ગાર્સિયા ઍરબેઝને ઈરાને ટાર્ગેટ કર્યું

▸ પર્યટન સ્થળો પર હુમલા કરવાની તહેરાનની ધમકી

દુબઈઃ ઇરાને હિંદ મહાસાગરમાંના યુકે - અમેરિકાના ઍરબેઝ પર કરેલા હુમલાને બ્રિટને વખોડ્યો હતો અને ઇઝરાયલના સંરક્ષણ પ્રધાને તહેરાન પર વધુ ઉગ્ર હુમલા કરવાની ધમકી આપી હતી. ઇરાનમાં તહેરાનની નજીકના અણુમથક પર હુમલો કરાયો હતો, પરંતુ કિરણોત્સર્ગી પદાર્થનું ગળતર નહિ થયું હોવાનો દાવો કરાયો હતો.

દરમિયાન, ઇરાનના લશ્કરના પ્રવક્તા જનરલ અબુલફઝલ શેકારચીએ ચેતવણી આપી હતી કે દુનિયાભરમાં દુશ્મનોના બગીચા

(જુઓ પાનું ૨) ▸▸

### ડિયેગો ગાર્સિયા પરનો ઈરાનનો મિસાઈલ અટેક ગેમ-ચેન્જર બનશે

ઈરાને તેનાથી લગભગ ૪,૦૦૦ કિ.મી.ના અંતરે આવેલા યુકે અને અમેરિકાના કબજા હેઠળના ડિયેગો ગાર્સિયા ટાપુ પર છોડેલી બે મિસાઈલ આ યુદ્ધનાં સમીકરણો બદલી નાખશે. અલબત્ત, બંને મિસાઇલ લશ્કરી મથકને ટાર્ગેટ નહોતી કરી શકી પણ આને કારણે અમેરિકાની ઊંઘ હરામ થઈ ગઈ છે. અત્યાર સુધી માનવામાં આવતું હતું કે ઈરાન પાસે ૨,૦૦૦ કિ.મી.ની પહોંચ ધરાવતી મિસાઈલ જ છે પરંતુ એનાથી બમણા અંતર સુધીનાં લક્ષ્યોને વીંધી શકે એવી મિસાઈલ છોડી ઈરાને બધાની ધારણા ખોટી પાડી છે. નિષ્ણાતો માને છે કે આ આ અટેક ગેમ-ચેન્જર સાબિત થશે. હિંદ મહાસાગરમાં ડિયેગો

(જુઓ પાનું ૨) ▸▸

## પોલીસ દ્વારા આરોપીઓના વરઘોડાઓ કાઢી તેની ક્લિપ વાયરલ કરવાના ટ્રેન્ડથી સુપ્રીમ કોર્ટ ચિંતિત

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે સોશિયલ મીડિયા પર મોબાઈલ ફોન દ્વારા લેવામાં આવેલા વીડિયોને તાત્કાલિક અપલોડ કરવાના ટ્રેન્ડ પર ચિંતા વ્યક્ત કરી છે અને જણાવ્યું છે કે આવી પ્રવૃત્તિઓ નિષ્પક્ષ સુનાવણી માટે ગંભીર ખતરો પેદા કરે છે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્ય કાન્ત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને વિપુલ એમ. પંચોલીની બેન્ચે આ ટિપ્પણી કરી હતી. આ બેન્ચ એક જાહેર હિતની અરજી પર સુનાવણી કરી રહી હતી જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે પોલીસ સોશ્યલ મીડિયા પર આરોપીઓના વીડિયો અને ફોટોગ્રાફ્સ અપલોડ કરે છે અને લોકોના મનમાં પક્ષપાત ઊભો કરે છે.

અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે કોર્ટે અન્ય એક કેસમાં રાજ્યોને પોલીસ દ્વારા મીડિયા બ્રીફિંગ માટે માર્ગદર્શિકા ઘડવા માટે

(જુઓ પાનું ૨) ▸▸

## સીટ મફત આપવાની હોય તો ટિકિટ મોંઘી થશે : ઍરલાઇન્સની સ્પષ્ટતા

નવી દિલ્હી : દેશમાં હવાઈ મુસાફરી અંગે સરકારે જાહેર કરેલા નિયમ બાદ હવે સરકાર અને એરલાઈન કંપનીઓ વચ્ચે વિવાદ ઊભો થયો છે. આમાં કેન્દ્ર સરકારે એરલાઈન્સ દરેક ફ્લાઈટમાં ૬૦ ટકા સીટ મુસાફરોને ફ્રીમાં એલોટ કરવાનો નિયમ બનાવ્યો છે. જોકે, એરલાઈન કંપનીઓએ હવે તેનો વિરોધ શરૂ કર્યો છે. આમાં દેશની મુખ્ય એરલાઇન્સ એર ઇન્ડિયા, ઇન્ડિગો અને સ્પાઇસજેટ હવે આ નિર્ણય વિરુદ્ધ એક થઈ ગઈ છે. તેમની દલીલ છે કે આનાથી ટિકિટના ભાવ વધી શકે છે અને તેની વિપરીત અસર મુસાફરો પર પડશે અને બોજ વધી શકે છે. આ ઉપરાંત નાગરિક ઉડ્ડયન મંત્રાલયે

(જુઓ પાનું ૨) ▸▸

## હિમાચલમાં આર્થિક સંકટઃ સીએમ, પ્રધાનો, વિધાનસભ્યોના પગારમાં કાપ

શિમલાઃ હિમાચલ પ્રદેશના મુખ્ય પ્રધાન સુખવિન્દરસિંહ સુખૂએ પોતાના પગારના પચાસ ટકા, પ્રધાનોના પગારના ૩૦ ટકા, વિધાનસભ્યોના પગારના ૨૦ ટકા, મુખ્ય સચિવ, પોલીસ ડિરેક્ટર જનરલ અને અન્ય ઉચ્ચ અધિકારીઓના પગારના ૩૦ ટકા, વચલી કક્ષાના સરકારી અધિકારીઓ અને પોલીસના પગારના ૨૦ ટકાની ચુકવણી છ મહિના મુલતવી રાખવાની જાહેરાત કરી હતી.

કેન્દ્રે મહેસૂલી ખાધ પૂરી કરવા માટેની ગ્રાન્ટ્સ પાછી ખેંચાતા હિમાચલ પ્રદેશનું ૨૦૨૬-૨૭નું અંદાજપત્ર ઘટીને રૂપિયા ૫૪,૯૨૮ કરોડ જેટલું થઇ ગયું હતું.

સુખૂએ ગયા વર્ષની સરખામણીમાં કુલ ખર્ચ રૂપિયા ૩,૫૮૬ કરોડ ઘટાડ્યો હતો. હિમાચલ પ્રદેશના મુખ્ય પ્રધાને રાજ્યની આ આર્થિક કટોકટી માટે કેન્દ્રે મહેસૂલી ખાધ પૂરી કરવા માટેની પાછી ખેંચેલી ગ્રાન્ટ્સ, વધી રહેલા કરજનો બોજો અને જીએસટી કૉમ્પેન્સેશન અને બીબીએમબી હેઠળ બાકી નીકળતા રૂપિયા ૭,૦૦૦ કરોડને જવાબદાર ગણાવ્યા હતા.

તેમણે ન્યાયતંત્રને પણ પગારમાં આવો કાપ મૂકવા અનુરોધ કર્યો હતો. રાજ્યમાં આર્થિક મુશ્કેલી હોવા છતાં ગ્રામીણ વિકાસ અને ૩૦૦ યુનિટ સુધીની મફત વીજળી પૂરી પાડવા માટેની ‘મુખ્ય મંત્રી અપના સુખી પરિવાર યોજના’ તેમ જ એક લાખ ગરીબ

(જુઓ પાનું ૨) ▸▸

## ઈરાની નૅવીની મદદથી ભારતના એલપીજી ટૅન્કરે હોર્મુઝની ખાડી પાર કરી હતી

નવી દિલ્હીઃ મધ્ય-પૂર્વમાં અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા સંઘર્ષ વચ્ચે, ઈરાની નૌકાદળે ગયા અઠવાડિયે નવી દિલ્હી દ્વારા રાજદ્વારી જોડાણ પછી, પૂર્વ-મંજૂર માર્ગ પર હોર્મુઝની ખાડીમાંથી ભારતીય લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ (એલપીજી) ટેન્કરને માર્ગદર્શન આપ્યું હતું.

ક્રૂને જાહેરમાં બોલવાનો અધિકાર ન હોવાથી નામ ન આપવાની શરતે મીડિયા સાથે વાત કરતા અધિકારીએ જણાવ્યું હતું કે ટેન્કર સંવેદનશીલ ક્રોસિંગમાં જવા માટે પરવાનગી આપેલા બે ભારતીય જહાજોમાંથી એક હતું.

આ વિકાસ ત્યારે થયો છે જ્યારે પ્રદેશમાં તણાવને કારણે વૈશ્વિક શિપિંગ રૂટ ખોરવાઈ ગયા છે અને વિશ્વના સૌથી મહત્વપૂર્ણ

(જુઓ પાનું ૨) ▸▸

## ભારતે હવે નવો વિકલ્પ શોધ્યોઃ આફ્રિકામાંથી તેલ-ગૅસની ખરીદી

નવી દિલ્હીઃ મિડલ ઈસ્ટની લડાઈને લીધે હોર્મુઝની ખાડીથી તેલ અને ગૅસનો પુરવઠો બંધ થઈ ગયો અને આને લીધે ત્યાંથી આવતું તેલ મોંઘું થઈ ગયું છે. આને લીધે ભારતે હવે તેલ અને ગૅસ બીજા રૂટમાં આવતા દેશોમાંથી લેવાનું શરૂ કર્યું છે.

પશ્ચિમ એશિયાની લડાઈને લીધે તેલના ભાવમાં ભડકો થયો છે. ખાડી દેશોથી એશિયા અને યુરોપમાં આવતો તેલ અને વાયુનો પુરવઠો બંધ થઈ ગયો છે. આ કારણથી ભારતે હોર્મુઝ ખાડીના રૂટમાં આવે નહીં એવા આફ્રિકાના દેશમાંથી તેલ મગાવવાનું શરૂ કર્યું છે.

ભારતની કંપની હિંદુસ્તાન પેટ્રોલિયમે ટેન્ડર મારફતે ઍંગોલાથી ૨૦ લાખ બેરલ તેલ ખરીદ્યું છે. ભારતની રિફાઈનરી આફ્રિકા અને એશિયા-પ્રશાંત ક્ષેત્રથી તેલ મગાવી રહી છે. ભારત અગાઉ તેલ-ગૅસ આયાત માટે ૪૫ ટકા મિડલઈસ્ટ પર નિર્ભર હતું. જોકે હવે તે નવા રસ્તા શોધી રહ્યું છે. અમેરિકા અને ઈરાન વચ્ચેની લડાઈમાં ભારતનો ઊર્જા પુરવઠા પર માઠી અસર પડી છે. હોર્મુઝ ખાડી બંધ થવાથી ભારતનો એલપીજી પુરવઠો ખોરવાયેલો છે. ■



# ચૈત્ર નવરાત્રિએ ભક્તોની ગિરદીઃ વૈષ્ણોદેવી યાત્રા સ્થગિત કરાઈ

જમ્મુ: ભવન ખાતે ભક્તોના ભારે ધસારાને કારણે શનિવારે માતા વૈષ્ણોદેવીની ગુફા મંદિરની યાત્રા સ્થગિત કરી દેવામાં આવી હતી, કારણ કે મોડી સાંજ સુધીમાં ૩૯,૦૦૦ શ્રદ્ધાળુઓએ પ્રાર્થના કરી હતી તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. ૧૯ માર્ચથી શરૂ થયેલી અને ૨૭ માર્ચના રોજ સમાપ્ત થનારી ચૈત્ર નવરાત્રીના કારણે ભીડમાં વધારો થયો છે. શ્રાઈન બોર્ડ આ સમયગાળા દરમિયાન દેશભરમાંથી ભક્તોના ભારે ધસારાની અપેક્ષા રાખી રહ્યું છે.

શ્રાઈન બોર્ડના એક અધિકારીએ જણાવ્યું હતું કે ભવનમાં ભારે ભીડને કારણે યાત્રા કામચલાઉ ધોરણે રોકી દેવામાં આવી છે. પોલીસ વાહનો દ્વારા યાત્રા સ્થગિત કરવાની જાહેરાત કરવામાં આવી હતી અને રવિવારે સવારે ૪ વાગ્યે નવું રજીસ્ટ્રેશન ફરી શરૂ થશે તેમ તેમણે જણાવ્યું હતું.

જાહેરાતમાં જણાવવામાં આવ્યું હતું કે યાત્રા સ્થગિત કરવામાં આવી હોવાથી શ્રદ્ધાળુઓને તેમની હોટલમાં પાછા જવા માટે કહેવામાં આવ્યું છે. શનિવારે ૩૯,૦૦૦ થી વધુ શ્રદ્ધાળુઓએ કટરાના પવિત્ર શહેરની મુલાકાત લીધી હતી અને જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લામાં ત્રિકુટા ટેકરીઓ પર સ્થિત માતા વૈષ્ણો દેવીના મંદિરે પ્રાર્થના કરી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર ભારે ભીડને કારણે શનિવારે સાંજે ૪ વાગ્યે યાત્રા રોકી દેવામાં આવી હતી. આ ઉપરાંત નોંધણી બાદ ૧૦,૦૦૦ થી વધુ શ્રદ્ધાળુઓ પણ ગુફા મંદિરના માર્ગ પર છે.

નવરાત્રીના ત્રીજા દિવસે સેંકડો ભક્તો 'જય માતા દી' ના નાદ સાથે દેવીના આશીર્વાદ લેવા માટે માતા વૈષ્ણો દેવી મંદિરના માર્ગ પર ટ્રેકિંગ કરતા જોવા મળ્યા હતા. સત્તાવાળાઓએ સુરક્ષિત અને શાંતિપૂર્ણ યાત્રા સુનિશ્ચિત કરવા માટે કટડા બેઝ કેમ્પ અને મંદિરના માર્ગ પર બહુસ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે. ■

# અમેરિકાએ બંધી ભલે હટાવી પણ સમુદ્રમાં એકેય ઈરાની ઑઈલ ટૅન્કર નથીઃ તહેરાન

વોશિંગ્ટનઃ અમેરિકાએ વિશ્વ સ્તરે ક્રૂડના વધતા ભાવોને નિયંત્રિત કરવાના પ્રયાસના ભાગરૂપે સમુદ્રમાં ફસાયેલા ઈરાની તેલના વેચાણ પરના પ્રતિબંધોને કામચલાઉ ધોરણે હટાવવાની જાહેરાત કરી છે.

અમેરિકાના નાણાં પ્રધાન સ્કોટ બેસેન્ટે જણાવ્યું કે આ કામચલાઉ પગલાંથી ૧૪ કરોડ બેરલ ઈરાની તેલ વૈશ્વિક બજારમાં ઉપલબ્ધ થશે. બેસેન્ટે એક્સ પર જણાવ્યું કે આ કામચલાઉ, અલ્પકાલીન મંજૂરી માત્ર પહેલાથી જ પરિવહનમાં રહેલા તેલ સુધી મર્યાદિત છે. આ છૂટમાં નવી ખરીદી અથવા ઉત્પાદનને મંજૂરી નથી.

ઈરાનના તેલ મંત્રાલયે ૨૦ માર્ચ સુધી લોડ થયેલા ઈરાની ક્રૂડ પર યુએસ પ્રતિબંધોમાં ઢીલ આપવામાં આવી હોવાનું ખંડન કર્યું હતું. મુંબઈ સ્થિત તેના કોન્સ્યુલેટના માધ્યમથી મંત્રાલયે જણાવ્યું કે ઈરાન પાસે આંતરરાષ્ટ્રીય બજારો માટે સમુદ્રમાં તરતું ક્રૂડ કે વધારાનો ભંડાર નથી. ■

# ઈરાન બહુ ગમતું હોય તો ત્યાં જ જાવઃ પાકિસ્તાની શિયાઓને મુનીરની ચેતવણી

ઇસ્લામાબાદઃ પાકિસ્તાનના લશ્કરના ચીફ જનરલ સૈયદ અસીમ મુનીરે ૧૯ માર્ચે વરિષ્ઠ શિયા ધર્મગુરુઓ સાથે બેઠક યોજી હતી, અને શિયા મુસ્લિમોને પાકિસ્તાન છોડીને ઈરાનમાં રહેવાની કડક ચેતવણી આપી હતી. શિયા ધર્મગુરુ અલ્લામા શિફા નજફીએ આરોપ લગાવ્યો હતો કે પાકિસ્તાનના ફીલ્ડ માર્શલે શિયાઓ વિરુદ્ધ કડક ભાષાનો ઉપયોગ કર્યો હતો. આ બેઠકમાં અલ્લામા શિફા નજફી અને અલ્લામા નઝીર અબ્બાસ તકવી સહિત પાકિસ્તાનના ઘણા શિયા ઇસ્લામિક વિદ્વાનો હાજર હતા.

એક સભાને સંબોધિત કરતી વખતે, અલ્લામા શિફા નજફીએ આરોપ લગાવ્યો હતો કે પાકિસ્તાનના ફીલ્ડ માર્શલે શિયાઓને દેશ છોડવાનું કહેતા કઠોર ભાષાનો ઉપયોગ કર્યો હતો. અસીમ મુનીરે હાજર લોકોને કહ્યું હતું કે, ''જો તમને ઈરાન ખૂબ જ ગમે છે, તો તમે ઈરાન કેમ નથી જતા.'' અહેવાલો મુજબ, આર્મી ચીફ અને શિયા ઉલેમાઓના સભ્યો વચ્ચે લગભગ એક કલાક ચાલેલી વાતચીત દરમિયાન, અસીમ મુનીરે ધાર્મિક વિદ્વાનોને પ્રતિક્રિયા આપવાની કે ચિંતાઓ વ્યક્ત કરવાની કોઈ તક આપી ન હતી. ■

# અમારાં અણુશસ્ત્રો-મિસાઈલોનું ટાર્ગેટ અમેરિકા નહીં પણ ભારતઃ પાકિસ્તાન

ઈસ્લામાબાદઃ પાકિસ્તાને અમેરિકાના એવા દાવાને શુક્રવારે નકારી કાઢ્યો હતો કે તેની અણુ અને મિસાઈલ ક્ષમતા અમેરિકા માટે જોખમી છે. ઈસ્લામાબાદે તેના જવાબમાં ભારતને આગળ કરીને કહ્યું હતું કે તેનો અણુ કાર્યક્રમ તેના પડોશી અને અણુ હથિયારોથી સજ્જ ભારત સામે બચવા માટે છે. પાકિસ્તાનને આતંકવાદને પોષણ આપે છે એવું ધૂર્ત રાષ્ટ્ર વર્ણવતા ઈઝરાયલના નવી દિલ્હી ખાતેના એલચી રેઉવેન અઝરના કથનને નકારી કાઢ્યું હતું. પાકિસ્તાન વિદેશ મંત્રાલયના અધિકારી તાહીર હુસૈન અંદ્રાબીએ અમેરિકાના ઈન્ટેલિજન્સનાં વડાં તુલસી ગાબાર્ડના પાકિસ્તાનની મિસાઈલ ક્ષમતા સંભવિત જોખમ છે એવા દાવાને નકારી કાઢ્યો હતો. તાહીરે કહ્યું હતું કે પાકિસ્તાન અમેરિકન અધિકારીના દાવાને નકારી કાઢે છે. અમારી મિસાઈલ ક્ષમતા દેશના સાર્વભૌમત્વનું રક્ષણ કરવા અને દક્ષિણ એશિયામાં શાંતિ અને સ્થિરતા જાળવી રાખવાનો હેતુ ધરાવે છે. તારીકે વધુમાં એવો બચાવ કર્યો હતો કે અમારો મિસાઈલ કાર્યક્રમ ભારત સામેના તારણ માટે છે. તેમણે ભારતના મિસાઈલ કાર્યક્રમનો વિરોધાભાસ બતાડવા કહ્યું હતું કે ભારતે ૧૨,૦૦૦ કિલોમીટરથી વધારે અંતરની મિસાઈલ વિકસાવી છે અને તે પ્રાદેશિક સુરક્ષા પાસાને પણ આંબી દે છે અને આને લીધે પડોશી દેશ અને બીજે ચિંતા ઊભી થઈ છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### કટોકટી હળવી

ઈન્ડસ્ટ્રિયલ કિચન અને સબ્સિડી આપતા ફૂડ આઉટલેટ જેવાં ક્ષેત્રોની ફાળવણી ૨૦ ટકા વધારી હતી. સરકાર પરપ્રાંતિય કામદારોને પણ વિતરણ કરીને મદદ કરે છે. તેલના સચિવે રાજ્યોને પત્ર લખ્યો છે કે વેપારી ઉપક્રમોને વધારાની ફાળવણી એ ઉપક્રમો પાઈપથી અપાતા કુદરતી ગેસનું કનેકશન લે એવી શરત સાથે કરવી.

સરકારે સત્તાવાર નિવેદનમાં કહ્યું હતું કે ઘરેલુ એલપીજી સિલિન્ડરનો પુરવઠો સ્થિર છે અને કોઈ પણ ડિસ્ટ્રિબ્યુટરને ત્યાં અછત હોવાના અહેવાલ નથી. સામાન્ય ડિલિવરી ચાલુ છે. ગભરાટમાં ગ્રાહકો દ્વારા થતા બુકિંગ હવે ઘટી ગયા છે અને નાગરિકને ડિલરને ત્યાં ભીડ ન કરવાની અને હોમ ડિલિવરી પર આધાર રાખવાનું કહેવામાં આવ્યું છે. એલપીજી કટોકટી હળવી કરવા સરકાર વેપારી ઉપક્રમોને પીએનજી તરફ વળવા પ્રોત્સાહિત કરી રહી છે. સરકારે રાજ્યોને સિટી ગૅસ ડિસ્ટ્રિબ્યુશનની બહાલી ઝડપી કરવા કહ્યું છે. બધી રિફાઈનરી ઉચ્ચ ક્ષમતાએ ઉત્પાદન કરી રહી છે. (એજન્સી) ■

### ડિયેગો ગાર્સિયા

ગાર્સિયા ટાપુ પર યુકે-યુએસ એરબેઝ પર ઈરાન દ્વારા મિસાઈલ છોડાયા બાદ બ્રિટને ઈરાનના અવિચારી હુમલાઓની નિંદા કરી હતી. યુકેના અધિકારીઓએ હુમલાના પ્રયાસની વિગતો આપી નથી, જે નિષ્ફળ ગયો હતો. ઈરાનથી લગભગ ૪૦૦૦ કિલોમીટર દૂર આવેલા બેઝની કેટલી નજીક મિસાઈલો આવી તે જાણી શકાયું નથી.

સંરક્ષણ મંત્રાલયે શનિવારે જણાવ્યું હતું કે ઈરાનનું સમગ્ર ક્ષેત્રમાં હુમલો કરીને હોર્મુઝ સ્ટ્રેટને બંધક બનાવવું, બ્રિટિશ હિતો અને બ્રિટિશ સાથીઓ માટે ખતરો છે. ઈરાને હાલમાં તેના બેલિસ્ટિક મિસાઈલ કાર્યક્રમ પર સ્વ-લાદેલી મર્યાદા છે, જે તેમની રેન્જ ૨૦૦૦ કિલોમીટર સુધી મર્યાદિત કરે છે જે સમગ્ર મધ્યપૂર્વ અને કેટલાક પૂર્વી યુરોપને રેન્જમાં મૂકે છે, પરંતુ ડિયેગો ગાર્સિયા તેનાથી ઘણું દૂર છે. ■

### હિમાચલમાં

પરિવારોને આર્થિક સહાય માટે કુલ રૂપિયા ૫૦૦ કરોડ ફાળવ્યા હતા. પશુસંવર્ધન અને રાજ્ય કિસાન પંચ માટે રૂપિયા ૭૩૪ કરોડ ફાળવાયા હતા. હિમાચલ પ્રદેશ સરકારે પર્યટનને વેગ આપવા કાંગડા વિમાનમથકને વિસ્તારવાનો નિર્ણય લીધો હતો. (એજન્સી) ■

### સીટ મફત

ડીજીસીએને નિર્દેશ આપ્યો છે કે દરેક ફ્લાઇટમાં ઓછામાં ઓછી ૬૦ ટકા બેઠકો માટે મુસાફરો માટે સીટ પસંદગી મફતમાં કરવામાં આવે. આ નિયમનો ઉદ્દેશ્ય મુસાફરોને રાહત આપવાનો અને સીટ પસંદગી માટે હાલમાં વસૂલવામાં આવતી અતિશય ફી ઘટાડવાનો છે. હાલમાં, એરલાઇન્સ સીટ પસંદ કરવા માટે ૨૦૦ રૂપિયાથી ૨,૧૦૦ રૂપિયા સુધીનો ચાર્જ વસૂલ કરે છે. જ્યારે એરલાઈન કંપનીઓ દલીલ છે કે, ફ્લાઈટમાં સીટ પસંદગી ફી તેમની આવકનો નોંધપાત્ર ભાગ છે. આ ભંડોળ તેમને વધતા જતા ઓપરેશનલ ખર્ચ, જેમ કે ઇંધણ, જાળવણી અને એરપોર્ટ ચાર્જનું સંચાલન કરવામાં મદદ કરે છે. જો આવકનો આ સ્રોત દૂર કરવામાં આવે છે. તો એરલાઇન્સ ટિકિટના ભાવ વધારીને નુકસાનની ભરપાઈ કરશે. ■

### ગૌરક્ષક

જતી એક ટ્રક રોકી હતી. આ ટ્રકનો રજિસ્ટ્રેશન નંબર નાગાલૅન્ડનો હતો. તેમાં ગાયોની ગેરકાયદે હેરફેર કરાતી હોવાની શંકા હતી, પરંતુ તેમાં સાબુ, ફિનાઇલ અને શેમ્પુ હતા. દરમિયાન, રાજસ્થાનમાં રજિસ્ટર્ડ એક ટ્રક ત્યાં અચાનક આવી હતી અને ગાઢ ધુમ્મસને કારણે બરાબર નહિ દેખાતા ટોળાં પર ફરી વળી હતી અને તેમાં ફરસા બાબાનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું. આ ટ્રકમાં તાર હતા. આ ટ્રકનો ચાલક પણ ઘાયલ થયો હતો અને ટ્રકને પણ નુકસાન થયું હતું.

ફરસા બાબાની ઇરાદાપૂર્વક હત્યા કરાઇ હોવાની અફવા ફેલાતા તેમના ટેકેદારોએ રસ્તા પર વાહનવ્યવહાર અટકાવ્યો હતો અને પથ્થરમારો કર્યો હતો. બાબાના ટેકેદારોએ પોલીસ અને અન્ય સરકારી વાહનોને પણ નુકસાન પહોંચાડ્યું હતું. પથ્થરમારા અને લાઠીમારમાં છ પોલીસ અને છ દેખાવકાર પણ ઘાયલ થયા હતા. મહત્ત્વની વાત એ છે કે આ ઘટના બની ત્યારે રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂ આ સ્થળેથી અંદાજે પચીસ કિલોમીટર દૂર ગોવર્ધન પરિક્રમા માટે આવ્યાં હતાં. (એજન્સી) ■

### ઈરાની નૅવીની

ચોકપોઈન્ટ્સમાંથી એક દ્વારા ઊર્જા પરિવહન માટે જોખમો વધી ગયા છે. પરિવહન દરમિયાન, જહાજ ઈરાની નૌકાદળ સાથે રેડિયો સંપર્કમાં રહ્યું, જેણે જહાજનો ધ્વજ, મૂળ સ્થાન, ગંતવ્ય સ્થાન અને ક્રૂની રાષ્ટ્રીયતા સહિત વિગતવાર માહિતી એકત્રિત કરી હતી, તેવું અહેવાલમાં ઉમેરવામાં આવ્યું છે.

બધા ક્રૂ સભ્યો ભારતીય હતા. ત્યારબાદ જહાજને નિયુક્ત માર્ગ પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, જે સૂચવે છે કે તેહરાન દ્વારા નિયંત્રિત પેસેજ સિસ્ટમ લાગુ કરવામાં આવી રહી છે.

એવું લાગે છે કે ઈરાન હોર્મુઝમાં જહાજોના પરિવહન દરમિયાન ચકાસણી પછી પસંદગીના જહાજોને હોર્મુઝમાં પરિવહન કરવાની મંજૂરી આપી રહ્યું છે. જહાજોને પરિવહન કરવાની મંજૂરી આપવામાં આવી રહી છે, તે મોટે ભાગે ફક્ત ઈરાનના ફાયદા માટે છે, તેવું ઈઓએસ રિસ્ક ગ્રુપના સલાહકાર વડા માર્ટિન કેલીએ જણાવ્યું હતું.

હોર્મુઝ સ્ટ્રેટ વૈશ્વિક તેલ શિપમેન્ટના લગભગ પાંચમા ભાગનું સંચાલન કરે છે, જે તેને ઊર્જા પુરવઠા માટે એક મહત્વપૂર્ણ ધમની બનાવે છે. ફેબ્રુઆરીના અંતમાં યુદ્ધ શરૂ થયું ત્યારથી, આ માર્ગ પર મિસાઇલો અને ડ્રોન સહિતના અનેક હુમલાઓ જોવા મળ્યા છે, જેના પરિણામે ખલાસીઓના મૃત્યુ થયા છે અને વીમા ખર્ચમાં તીવ્ર વધારો થયો છે. આ વિસ્તારમાં નૌકાદળની માઈનોના અહેવાલો પણ આવ્યા છે, જેના કારણે વાણિજ્યિક જહાજો માટે જોખમો વધુ વધી રહ્યા છે.

અધિકારીના જણાવ્યા મુજબ, ૧૩ માર્ચની રાત્રે પરિવહન માટે મંજૂરી મળતા પહેલા ભારતીય ટેન્કર લગભગ દસ દિવસ માટે પર્સિયન ગલ્ફમાં લંગરાયેલું હતું. પ્રવેશ પહેલાં, ક્રૂએ સલામત માર્ગ અંગે અનિશ્ચિતતા વચ્ચે લાઇફ રાફ્ટ તૈયાર કરવા સહિત કટોકટીની તૈયારીઓ હાથ ધરી હતી.

ક્રોસિંગ પોતે જટિલ હતું. ટેન્કર તેની ઓટોમેટિક ઓળખ સિસ્ટમ બંધ કરીને સફર કરી રહ્યું હતું અને ચાલી રહેલા સંઘર્ષને કારણે જીપીએસ વિક્ષેપનો અનુભવ થયો હતો, જેના કારણે મુસાફરી નોંધપાત્ર રીતે લંબાઈ હતી. તાજેતરના દિવસોમાં ઘણા જહાજોએ ઈરાની ટાપુઓ લારાક અને કેશ્મ વચ્ચેના સાંકડા કોરિડોરમાંથી પસાર થવાનું કહ્યું છે, તે સલામતી માટે ઈરાની દરિયાકાંઠાની નજીક રહ્યા હતા.

ઓમાનના અખાતમાંથી બહાર નીકળતી વખતે, ભારતીય ટેન્કરને ભારતીય નૌકાદળના જહાજો મળ્યા, જે તેને આગળ લઈ ગયા. ત્યારથી જહાજે ભારત તરફની તેની યાત્રા ચાલુ રાખી છે. ■

### ઈરાનના

અને પર્યટન સ્થળો પણ હવે સલામત નહિ રહે.

મધ્ય પૂર્વનું યુદ્ધ ચોથા સપ્તાહમાં પ્રવેશ્યું છે. ઇરાને અંદાજે ૨,૫૦૦ માઇલ (આશરે ૪,૦૦૦ કિલોમીટર) દૂર આવેલા ડિયેગો ગાર્સિયા ઍરબેઝ પર હુમલો કર્યો હતો અને તે સાબિત કરે છે કે તહેરાન પાસે લાંબા અંતરના લક્ષ્યને સાધવાની ક્ષમતા ધરાવતા મિસાઇલ્સ છે.

ઇરાનમાં તહેરાનથી વાયવ્યમાં અંદાજે ૨૨૦ કિલોમીટર (આશરે ૧૩૫ માઇલ) દૂર નતાન્ઝ ન્યુક્લિઅર એનરિચમેન્ટ ફેસિલિટી (કિરણોત્સર્ગી પદાર્થ સમૃદ્ધ કરવાનું મથક) પર શનિવારે હવાઇ હુમલો કરાયો હતો, પરંતુ કિરણોત્સર્ગી પદાર્થનું ગળતર થયું નહિ હોવાનો દાવો કરાય છે.

ઇઝરાયલના સંરક્ષણ પ્રધાન ઇઝરાયલ કાટ્ઝે વીડિયો ક્લિપ્સમાં મોકલેલા સંદેશામાં જણાવ્યું હતું કે ઇઝરાયલ અને અમેરિકા આગામી સપ્તાહે ઇરાન પર વધુ ઉગ્ર હુમલા કરશે. ઇરાનનું એક મિસાઇલ તેલ અવીવમાંના ખાલી કરાવાયેલા બાળમંદિર પર પડ્યું હતું. આ જગ્યા અગાઉથી જ ખાલી કરાવાઇ હોવાથી કોઇ જાનહાનિ નહિ થઇ હોવાનો દાવો કરાયો હતો. તહેરાનમાં શુક્રવારની મોડી રાતે અને શનિવારે અનેક ધડાકા સંભળાયા હતા.

ઇરાકમાં એક ડ્રોને બગદાદમાં આવેલા જાસૂસી વિભાગના વડા મથક પર હુમલો કર્યો હતો.

સઉદી અરેબિયામાં જ્યાં તેલના મોટા મથકો આવેલા છે ત્યાં બે કલાકમાં જ દુશ્મનોના ૨૦ ડ્રોન તોડી પડાયા હોવાનો દાવો કરાયો હતો.

દરમિયાન, અમેરિકાએ અખાતના વિસ્તારમાં પોતાના વધુ ત્રણ યુદ્ધ જહાજ અને નૌકાદળના વધારે ૨,૫૦૦ સૈનિક મોકલવાનો નિર્ણય લીધો હતો. બ્રિટનના સંરક્ષણ પ્રધાને આક્ષેપ કર્યો હતો કે ઇરાને હોર્મુઝ સામુદ્રધુનીને બાનમાં રાખી છે અને તે બ્રિટન તેમ જ તેના સાથી દેશો માટે જોખમી છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે મધ્ય પૂર્વમાં અમેરિકાનું લશ્કર પોતાના લક્ષ્યને પાર પાડવાની ઘણી નજીક છે. (એજન્સી) ■

### પોલીસ દ્વારા

પહેલેથી જ જણાવ્યું છે અને તેમાં સોશ્યલ મીડિયા પોસ્ટ્સનો પણ સમાવેશ થવો જોઈએ. બેન્ચે અરજદાર હેમેન્દ્ર પટેલને તે માર્ગદર્શિકાના પરિણામની રાહ જોવાની સૂચન કર્યું હતું અને વરિષ્ઠ એડવોકેટ ગોપાલ શંકરનારાયણન સાથે સહમત થયા હતા કે આજકાલ મોબાઈલ ફોન ધરાવતી દરેક વ્યક્તિ પોતે એક મીડિયા બની ગઈ છે. વરિષ્ઠ વકીલે પોલીસ દ્વારા આરોપીઓને હથકડી લગાવેલી, દોરડાથી બાંધેલી, પરેડ કરાવતી અથવા ઘૂંટણિયે બેસવા માટે મજબૂર કરતી તસવીરો સોશ્યલ મીડિયા પર પોસ્ટ કરવાના તાજેતરના ટ્રેન્ડ તરફ ધ્યાન દોર્યું હતું, જે વ્યક્તિગત ગરિમાને ઠેસ પહોંચાડવા ઉપરાંત લોકોમાં પૂર્વગ્રહ પણ વધારે છે.

જસ્ટિસ બાગચીએ જણાવ્યું હતું કે તપાસ એજન્સીએ સત્ય બહાર લાવવા માટે સ્વતંત્ર તપાસ કરવી જોઈએ અને તે પીડિત કે આરોપી કોઈના પક્ષમાં હોવી જોઈએ નહીં. તેમણે નોંધ્યું હતું કે પોલીસને તો સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર દ્વારા નિયંત્રિત કરી શકાય છે, પરંતુ સોશ્યલ મીડિયા અને સામાન્ય જનતાનું શું, શું તેમને નિયંત્રિત કરી શકાય? ન્યાયાધીશે અવલોકન કર્યું હતું કે ટીવી ચેનલો તુલનાત્મક રીતે વધુ સંયમિત છે, ભલે કોઈ તેમના વિચારો સાથે અસંમત હોય. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ પણ સોશિયલ મીડિયા પરના કેટલાક પ્લેટફોર્મને ''બ્લેકમેલર્સ'' તરીકે ઓળખાવ્યા હતા. ■

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨૨-૩-૨૦૨૬ થી તા. ૨૮-૩-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં મીન રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ કુંભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. બુધ મિશ્ર ગતિએ ભ્રમણ કરે છે. ગુરુ મિથુન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર મીનમાંથી તા. ૨૬મીએ મેષમાં પ્રવેશે છે. શનિ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે તા. ૨૩મીએ વૃષભ રાશિમાં પ્રવેશે છે. તા. ૨૫મીએ મિથુનમાં, તા. ૨૭મીએ કર્ક રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં આ સપ્તાહમાં દૈનિક સાપ્તાહિક વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરીમાં બદલી શક્ય છે અથવા નોકરીના સ્થળની બદલી થાય. તા. ૨૨, ૨૫, ૨૬ કાર્યક્ષેત્રે સફળતાસૂચક છે. નાણાંની આવકની ઉપલબ્ધિ સરળ બનતી જણાશે. સ્વાસ્થ્ય જાળવણીના પ્રયત્નોમાં મહિલાઓને અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ અને નવી શૈક્ષણિક પદ્ધતિના અમલ માટે સફળતા જણાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા પ્રકારનું કામકાજ પ્રારંભશો. નવું નાણાં રોકાણ શક્ય જણાય છે. અધિકારી સાથેના મતભેદોનો નોકરીમાં દૂર થાય. તા. ૨૪, ૨૭, ૨૮ સફળતા દર્શાવે છે. સપ્તાહમાં નવા કામકાજનો પ્રારંભ થાય. નાણાંની ઉઘરાણી માટેના આ સપ્તાહના પ્રયત્નો સફળ થતાં જણાય છે. મહિલાઓને નવા કામકાજ માટે અનુકૂળતા જણાશે. પ્રવાસ તથા ધર્મકાર્યો સફળતાથી પૂર્ણ થાય. વિદ્યાર્થીઓ નવા વિચારોનો અમલ શિક્ષણ ક્ષેત્રે કરી શકશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર તથા નવું નાણાં રોકાણ સફળ જણાશે. નોકરીમાં તા. ૨૨, ૨૬, ૨૭ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરોમાં યશ મેળવશો. પ્રવાસમાં ધાર્યા મુજબના કામકાજ સંપન્ન થશે. વૈચારિક મતભેદો દૂર થવાથી મહિલાઓને પરિવારના પ્રસંગોમાં અનુકૂળતાઓનો અનુભવ થાય. કિંમતી ચીજોની ખરીદીનાં આયોજનો સફળ થતાં જણાશે. વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ સફળ થતો જણાશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં ગેરસમજણથી સતર્કતા દાખવવી જરૂરી છે. નોકરીમાં વિશિષ્ટ ફેરફારો શક્ય જણાય છે. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ પણ પૂર્ણ કરી શકશો. તા. ૨૨, ૨૩, ૨૪ પ્રવાસ માટે શુભ જણાય છે. કિંમતી ચીજોની ખરીદી માટે કાર્યક્ષેત્રે જરૂરી સાધનો મેળવવા માટે આ સપ્તાહમાં અનુકૂળતા જણાશે. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબીજનો વિશેના મતભેદોમાં રાહત જણાશે. વિદ્યાર્થીઓના શૈક્ષણિક કામકાજ નિયમિત અને સફળ થતાં જણાશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ માટે અનુકૂળતા જણાશે. નોકરીના સ્થળમાં બદલી શક્ય છે. તા. ૨૨, ૨૩, ૨૪, નોકરી માટે સફળતાસૂચક છે. નોકરીમાં અધિકારીનો સહયોગ મેળવશો. મિત્રો સાથેના મતભેદોનો ઉકેલ લાવી શકશો. વેપારના કામકાજ દ્વારા નાણાં આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને પતિનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે સાધનો પ્રાપ્ત કરશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં યોગ્ય માર્ગદર્શન મેળવશો. નવું નાણાં રોકાણ પણ શક્ય જણાય છે. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ પૂર્ણ કરી શકશો. તા. ૨૩, ૨૫, ૨૬ પ્રવાસ માટે શુભ જણાય છે. ભાગીદાર સાથેના મતભેદોનો ઉકેલ આવશે. ભાગીદારથી લાભ થશે. અધિકારી માટેનો નિર્ણય પણ સફળતાથી લઈ શકશો. મહિલાઓને નાણાં વ્યવસ્થામાં સફળતા જણાશે. સ્વાસ્થ્ય જળવાશે. વિદ્યાર્થીઓ નિયમિતતા દાખવી શકશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરીમાં તા. ૨૩, ૨૪, ૨૫ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરોમાં સંપ રહેશે. મિલકતનો નિર્ણય લઈ શકશો. જીવનસાથી કાર્યક્ષેત્રે ઉપયોગી થશે. લાંબા અંતરનો પ્રવાસ સફળ રહેશે. મહિલાઓના નિજી કારોબારના કામકાજ શુભ પુરવાર થશે. વિદ્યાર્થીઓને અભ્યાસનાં સાધનો પ્રાપ્ત થતાં જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નાણાં વ્યવહાર સફળતાથી પૂર્ણ કરી શકશો. નાણાં આવક પણ જળવાઈ રહેશે. નોકરીમાં યશ, માન-પાન મેળવશો. નોકરીની પ્રવૃત્તિઓમાં નિયમિતતા જળવાશે તથા નોકરી વિશેના ધાર્યા મુજબના સફળ નિર્ણયો લઈ શકશો. નવા કારોબારનો પ્રારંભ થાય. જરૂરી સાધન-સગવડતાઓ પ્રાપ્ત કરશો. મહિલાઓને સંતાનની જવાબદારીમાં સફળતાની પ્રાપ્તિ જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા વિષયના અભ્યાસ માટે અનુકૂળતાઓ જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરીના સ્થળ વિશેનો સુખદ નિર્ણય લઈ શકશો. તા. ૨૫, ૨૬, ૨૮ નોકરી માટે અનુકૂળ જણાય છે. સંતાન પરિવારના કારોબારમાં જોડાશે. પરિવારના સભ્યો સાથેના નાણાં વ્યવહાર સંપન્ન થશે. નાણાં આવક વિશેની મૂંઝવણો દૂર થશે. મહિલાઓને નોકરીના ક્ષેત્રે સફળતા જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસના નિર્ણયો સફળ થતાં જણાશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણાં રોકાણ જન્મકુંડળીના આધારે કરવું જરૂરી છે. નવા કામકાજ નોકરીમાં પૂર્ણ કરી શકશો. પ્રવાસ સફળ રહેશે. વાહન-મકાન મિલકતનો નિર્ણય લઈ શકશો. સરકારી અધિકારીનો સહયોગ મેળવશો. નાણાંની આવકની વૃદ્ધિ થશે. સ્વાસ્થ્યમાં ઝડપી સુધારો થાય. મહિલાઓને કિંમતી ચીજોની ખરીદી માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અધ્યયનના વિષયોમાં જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત થતું જણાશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં આત્મવિશ્વાસ અને કાર્યદક્ષતા ઉપયોગી થશે. નોકરી માટે તા. ૨૨, ૨૫, ૨૬ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરો ઉપયોગી થાય. વેપાર વાણિજયની પ્રવૃત્તિઓ નિયમિત થતી જણાશે. કુટુંબીજનો માટે મહિલાઓ સફળ નિર્ણય લઈ શકશે. વેપારની બાબતોમાં પણ મહિલાઓને સફળતા જણાશે. વિદ્યાર્થીઓ નવા અભ્યાસના સાધનો પ્રાપ્ત કરી શકશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપારમાં સફળતા જણાય છે. નોકરીના સ્થળમાં પરિવર્તનો જણાય છે. નોકરીના મિત્રો સાથેના વિવાદ પણ શક્ય જણાય છે. પ્રવાસ દ્વારા નાણાં ઉઘરાણીના પ્રયત્નો સફળ નીવડશે. વ્યવસાયમાં પરિવર્તનો આવે તેમ છે. મહિલાઓને નવી નોકરી માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે જરૂરી સાધનો મેળવશો. ■

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ - સૌર વસંતઋતુ, રવિવાર, તા. ૨૨-૩-૨૦૨૬, વિનાયક ચતુર્થી, ભારતીય માસારંભ ચૈત્ર

ભારતીય દિનાંક ૧, માહે ચૈત્ર, શકે ૧૯૪૮
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ચૈત્ર સુદ -૪
જૈન વીર સંવત ૨૫૫૨, માહે ચૈત્ર, તિથિ સુદ-૪
પારસી શહેનશાહી રોજ ૧૦મો આવા, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
પારસી કદમી રોજ ૧૦મો આવા, માહે ૯મો આદર, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૨જો બેહમન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
મુસ્લિમ રોજ ૨જો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
મીસરી રોજ ૪થો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
નક્ષત્ર ભરણી રાત્રે ક. ૨૨-૪૨ સુધી, પછી કૃત્તિકા
ચંદ્ર મેષમાં મધ્યરાત્રિ પછી ક. ૨૮-૧૩ સુધી, પછી વૃષભમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ), વૃષભ (બ, વ, ઉ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૩, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૦, સ્ટા. ટા.

-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

ભરતીઃ બપોરે ક. ૧૪-૧૯, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૦૯ (તા. ૨૩)
ઓટઃ સવારે ક. ૦૭-૪૪, રાત્રે ક. ૨૦-૧૧
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, ચૈત્ર શુક્લ - ચતુર્થી. વિનાયક ચતુર્થી, ભારતીય માસારંભ ચૈત્ર, ભદ્રા પ્રારંભ સવારે ક. ૧૦-૩૬ થી રાત્રે ક. ૨૧-૧૬.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, ભગવાન સૂર્યનારાયણનું વિશેષ પૂજન, ગાયત્રી જાપ પૂજા, હવન, વૈદ્યુતિ જન્મયોગ શાંતિ પૂજા, શ્રી વિનાયક પૂજા, આમલીના ઔષધીય પ્રયોગો, માલ વેંચવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું.
આચમનઃ સૂર્ય-નેપ્ચૂન યુતિ સંગીતને ચાહનારા
ખગોળ જ્યોતિષઃ સૂર્ય-નેપ્ચૂન યુતિ. ચંદ્ર પૃથ્વી અત્યંત નજીક આવે છે.
ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ, માર્ગી બુધ-કુંભ (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-મીન, (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન (શનિ અસ્ત) રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨૨-૩-૨૦૨૬ થી તા. ૨૮-૩-૨૦૨૬

રવિવાર, ચૈત્ર સુદ-૪, વિ. સં. ૨૦૮૨, તા. ૨૨મી માર્ચ, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર ભરણી રાત્રે ક. ૨૨-૪૨ સુધી, પછી કૃત્તિકા. ચંદ્ર મેષમાં મધ્યરાત્રિ પછી ક. ૨૮-૧૩ સુધી, પછી વૃષભ રાશિ પર જન્માક્ષર. વિનાયક ચતુર્થી, ભારતીય (રાષ્ટ્રી) ચૈત્ર માસારંભ, ભદ્રા પ્રારંભ સવારે ક. ૧૦-૩૬ થી રાત્રે ક. ૨૧-૧૬. ભારતીય (રાષ્ટ્રીય) નવું વર્ષ ૧૯૪૮ પ્રારંભ. શુભ કાર્ય વર્જ્ય છે.

સોમવાર, ચૈત્ર સુદ-૫, તા. ૨૩મી. નક્ષત્ર કૃત્તિકા રાત્રે ક. ૨૦-૪૯ સુધી, પછી રોહિણી, ચંદ્ર વૃષભ રાશિ પર જન્માક્ષર. શ્રી લક્ષ્મી પંચમી, વિષ્ણુ ડોલ ઉત્સવ, હયવ્રત, કલ્પાદિ, વાસ્તુ, સામાન્ય દિવસ.

મંગળવાર, ચૈત્ર સુદ-૬, તા. ૨૪મી, નક્ષત્ર રોહિણી રાત્રે ક. ૧૯-૦૪ સુધી, પછી મૃગશીર્ષ. ચંદ્ર વૃષભ રાશિ પર જન્માક્ષર. યમુના જયંતી, સ્કંધ છઠ, સૂર્ય છઠ્ઠ, અશોક છઠ્ઠ (બંગાળ) વાસ્તુકળશ, ઉપનયન, શુભ દિવસ.

બુધવાર, ચૈત્ર સુદ-૭ , તા. ૨૫મી, નક્ષત્ર મૃગશીર્ષ સાંજે ક. ૧૭-૩૨ સુધી, પછી આર્દ્રા

ચંદ્ર વૃષભમાં સવારે ક. ૦૬-૧૬ સુધી, પછી મિથુન રાશિ પર જન્માક્ષર. ભદ્રા પ્રારંભ બપોરે ક. ૧૩-૪૯થી મધ્યરાત્રે ક. ૨૪-૪૬ , શુક્ર મેષમાં ક. ૨૯-૦૮. વાસંતી દુર્ગાપૂજા પ્રારંભ (બંગાળ) સર્વદેવ પ્રતિષ્ઠા, શુભ દિવસ.

ગુરુવાર, ચૈત્ર સુદ-૮, તા. ૨૬મી, ૨૦૨૬, નક્ષત્ર આર્દ્રા સાંજે ક. ૧૬-૧૮ સુધી, પછી પુનર્વસુ

ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. શ્રી દુર્ગાષ્ટમી, અશોકાષ્ટમી, શ્રી રામનવમી, શ્રી અન્નપૂર્ણા અષ્ટમી, અન્નપૂર્ણા પૂજા (બંગાળ), ભવાની પ્રાગ્ટય, મેલાબાહુ ફોર્ટ (કાશ્મીર), ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૨૪-૨૬. શુભ દિવસ.

શુક્રવાર, ચૈત્ર સુદ-૯, તા. ૨૭મી, નક્ષત્ર પુનર્વસુ બપોરે ક. ૧૫-૨૩ સુધી, પછી પુષ્ય.

ચંદ્ર મિથુનમાં સવારે ક. ૦૯-૩૫ સુધી પછી કર્ક રાશિ પર જન્માક્ષર. શ્રી સ્વામીનારાણ જયંતી, ચૈત્ર નવરાત્રિ સમાપ્ત. શુભ કાર્ય વર્જ્ય છે.

શનિવાર, ચૈત્ર સુદ-૧૦, તા. ૨૮મી, નક્ષત્ર પુષ્ય બપોરે ક. ૧૪-૪૯ સુધી, પછી આશ્લેષા

ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. ધર્મરાજ દશમી, ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૦-૧૨. શુભ દિવસ. ■

પરદેશ પાર્સલ સેવા
Special Festival Rates
CHIPS LOGISTICS PVT. LTD
INTERNATIONAL COURIER & CARGO
M.98989 05632
M.76000 65632
Free Pickup & Free Packing | Andheri (E), Mumbai

FUTURA
Goes Electric!
• High Precision Time Settings
• Child Lock & Pause Function
• High Voltage Protection


Mansukh Distributors Pvt Ltd
Shop No. 19 B, Agarwal Market, Vile Parle East
Near Station Vegetable Market, Mumbai 400057
99873 43899, 7777065380




## ભિવંડીમાં ૨૩ માર્ચે ૨૪ કલાક પાણીકાપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચોમાસા પહેલાના સમારકામના કામને કારણે, મહારાષ્ટ્ર સ્ટેમ વોટર ડિસ્ટ્રિબ્યુશન એન્ડ કંપની ૨૩ માર્ચે સવારે ૯ વાગ્યાથી ૨૪ માર્ચે સવારે ૯ વાગ્યા સુધી ૨૪ કલાક પાણી બંધ રાખશે. આ સમયગાળા દરમિયાન, ભિવંડીના ઘણા વિસ્તારોમાં પાણી પુરવઠો સંપૂર્ણપણે બંધ રહેશે, જેમાં મમતા ટાંકી, ચાવિન્દ્ર ગામ, પટેલ નગર અને બાલા કમ્પાઉન્ડનો સમાવેશ થાય છે. બંધ પછી એક દિવસ માટે ઓછા દબાણે પાણી પુરવઠો ઉપલબ્ધ રહેશે.

મુખ્ય વિસ્તારો ખોરવાશે. ફરીદબાગ, બારક્યા કમ્પાઉન્ડ, સંગમપાડા, કચેરીપાડા, બ્રાહ્મણ આળી, કાસર આળી, ભાવેનગર અને કોમ્બાડપાડા વિસ્તારોમાં પાણી પુરવઠો ખોરવાશે. આદર્શ પાર્ક, અજય નગર, નજરાણાના કમ્પાઉન્ડ, ગોકુલ નગર, ઇન્દિરા નગર, કલ્યાણ રોડ, થાણે આળી અને તીન બત્તી વિસ્તારોમાં પણ પાણી પુરવઠો ખોરવાશે.

શિવાજી નગર સ્ટાફ ક્વાર્ટર્સ, ખારક રોડ, ગુરુચરણ પાડા, અજમેર નગર, પટેલ કમ્પાઉન્ડ, શમા નગર, સાંઈનાથ સોસાયટી અને અંજુર ફાટામાં પણ પાણી પુરવઠો ખોરવાશે. દેવજી નગર, નારપોલી, વિઠ્ઠલ નગર, સોનીબાઈ કમ્પાઉન્ડ, ખાલીક કમ્પાઉન્ડ, ફૈઝાન કમ્પાઉન્ડ, મહેતા કમ્પાઉન્ડ અને રોશનબાગ વિસ્તારોમાં પાણી પુરવઠો ખોરવાશે. ■

## વિશ્વ પર યુદ્ધનું સંકટ તોળાઈ રહ્યું છે: ઉપરાષ્ટ્રપતિ

નાગપુર: વિશ્વ પર યુદ્ધનું સંકટ તોળાઈ રહ્યું છે અને આપસી સંવાદથી જ એનો ઉકેલ આવી શકે છે એમ ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણને શનિવારે કહ્યું હતું. રેશિમબાગમાં આરએસએસના ડૉ. હેડગેવાર સ્મૃતિ મંદિર સંકુલમાં ભારતીય યુવા સંસદના ૨૯મા રાષ્ટ્રીય સત્રને સંબોધિત કરતા તેમણે એમ પણ કહ્યું હતું કે માતૃભાષામાં બોલવું એ પ્રાદેશિક બાબત નથી, મૌલિક બાબત છે. ચાર દિવસીય યુવા સંસદની થીમ 'ભારતીય ભાષાઓ અને વિકસિત ભારત-૨૦૪૭' છે. ઉપરાષ્ટ્રપતિએ વધુમાં જણાવ્યું હતું કે 'યુવા સંસદ આપણને સન્માનજનક ચર્ચા, વિવિધ દૃષ્ટિકોણો સાંભળવા અને સંવાદ દ્વારા ઉકેલો શોધવાનું મહત્ત્વ શીખવે છે. ભાષાઓ પરની થીમ એ સમયની જરૂરિયાત છે. ભારતમાં ઘણી ભાષાઓ છે. દરેક વ્યક્તિને પોતાની માતા માટે લાગણી - પ્રેમ હોય છે, દરેક વ્યક્તિ પોતાની માતૃભાષા, માતૃધર્મને પ્રેમ કરે છે, પરંતુ તેનો અર્થ એ નથી કે આપણે બીજી વ્યક્તિની માતાનું સન્માન ન કરવું જોઈએ. આપણે આપણી માતૃભાષા બોલીએ છીએ ત્યારે આપણે પ્રાદેશિક નથી. આપણે મૌલિક હોઈએ છીએ.'

તાજેતરમાં તમિલ અને ગુજરાતીમાં બંધારણનું નવું અનુવાદિત સંસ્કરણ બહાર પાડ્યું હોવાની જાણકારી આપી રાધાકૃષ્ણએ આ બંધારણને ઘણી ભાષાઓમાં ઉપલબ્ધ કરાવવાની પહેલ કરવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી હતી. 'પ્રથમ વખત, બંધારણ ડોગરી, સંથાલી અને અન્ય ઘણી ભાષાઓમાં ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. કેન્દ્ર સરકાર ભારતની ભાષાકીય વિવિધતાના રક્ષણ અને પ્રોત્સાહન માટે અનેક પ્રયાસો કરી રહી છે' એવી જાણકારી તેમણે આપી હતી.

ઉપરાષ્ટ્રપતિએ સહભાગી વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે યુવા સંસદમાં ભાગ લેનારાઓએ જીવંત અને મજબૂત રાષ્ટ્રને આકાર આપતા મૂલ્યો શીખવા માટે આ મંચનો ઉપયોગ કરવો જોઈએ. દુનિયા ભારતને આતુરતાથી જોઈ રહી છે. ભારત પણ તેમને જોઈ રહ્યું છે. વિદ્યાર્થીઓ અમૃત પેઢી છે જે ૨૦૪૭ સુધીમાં સંપૂર્ણ વિકસિત રાષ્ટ્રમાં તિરંગો લહેરાતો જોશે. (પીટીઆઈ)■

## યુનિવર્સિટીઓમાં આધુનિક, વૈજ્ઞાનિક અભ્યાસક્રમ જરૂરી: ઉપરાષ્ટ્રપતિ

મુંબઈ: વિશ્વની જરૂરિયાતોને પહોંચી વળવા યુનિવર્સિટીઓમાં આધુનિક અને વૈજ્ઞાનિક અભ્યાસક્રમ હોવો જોઈએ એમ ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણને શનિવારે જણાવ્યું હતું. રતન ટાટા મહારાષ્ટ્ર સ્ટેટ સ્કિલ્સ યુનિવર્સિટીના પ્રથમ દીક્ષાંત સમારોહ દરમિયાન લોકભવનમાં તેમણે જણાવ્યું કે હાર્ડ સ્કિલ અને સોફ્ટ સ્કિલ - કોમ્યુનિકેશન, ટીમવર્ક, અનુકૂલનક્ષમતા અને ભાવનાત્મક બુદ્ધિમત્તાને જોડી શકશે એવા લોકો ભવિષ્યમાં દોરીસંચાર કરતા હશે. વાતાવરણ અને પરિસ્થિતિને અનુકૂળ થવું જરૂરી છે. રાષ્ટ્રની સાચી તાકાત લોકોની ક્ષમતાઓમાં રહેલી છે એમ કહી ઉપરાષ્ટ્રપતિએ કહ્યું હતું કે 'કોઈપણ વ્યક્તિ દ્વારા લેવામાં આવેલા યોગ્ય સકારાત્મક પગલાંને અનુસરવું જોઈએ જે સમાજ માટે સારા હોય'. ■

# મુંબઈનો 'સ્પિરિચ્યુઅલ ક્વોશન્ટ' વધારશે શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સ્પિરિચ્યુઅલ સેન્ટર

## મુંબઈમાં આધ્યાત્મિકતાના પાવર હાઉસ : લોકોમાં વધતો ઉત્સાહ અને ઉમળકો



પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજીના પવિત્ર હસ્તે સંપન્ન ભગવાન મહાવીરસ્વામી અને શ્રીમદ્ રાજચંદ્રજીની કુલ ૩૯૧ પવિત્ર પ્રતિમાજીઓની પ્રતિષ્ઠાની ઐતિહાસિક ક્ષણ



પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજીના આશીર્વાદ મેળવી હર્ષવિભોર કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષ ગોયલ.



પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજીની સત્સંગધારામાં નિમગ્ન હજારો ભાવિકો.

આધ્યાત્મિકતાના પાવરહાઉસ એવા શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના બોરીવલી ખાતેના નૂતન સ્પિરિચ્યુઅલ સેન્ટરના ઉદ્ઘાટન પ્રસંગે પ્રતીત થયું કે મુંબઈગરાઓની ધર્મની શ્રદ્ધા અને આધ્યાત્મિકતા પ્રત્યેની જિજ્ઞાસા અજોડ છે. બોરીવલીમાં પધારેલ પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજીને આવકારવા ઉમટેલ જનસમૂહનો ઉત્સાહ અને ઉમળકો અદ્ભુત હતો.

પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજી સંસ્થાપિત શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના તેના આધ્યાત્મિકતાથી ધબકતાં ૨૦૬ કેન્દ્રો, ૯૬ યુવા કેન્દ્રો અને ૨૫૨ બાળકોના મૂલ્ય શિક્ષણ કેન્દ્રો દ્વારા વિશ્વભરમાં વ્યાપ્ત છે. તેનું મુખ્ય આંતરરાષ્ટ્રીય મથક - શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ગુજરાતના ધરમપુરમાં આવેલું છે. મુંબઈમાં અગાઉથી જ કાર્યરત ૩૯ સત્સંગ કેન્દ્રો, ૫૧ ડિવાઇનટચ કેન્દ્રો અને ૨૨ યુવા કેન્દ્રો દ્વારા મિશન અધ્યાત્મ અને સેવાની સુવાસ મુંબઈમાં પ્રસરાવી રહ્યું છે. બોરીવલી ઉપરાંત દક્ષિણ મુંબઈ અને મુલુંડના સ્પિરિચ્યુઅલ સેન્ટર અને આગામી અનેક સ્પિરિચ્યુઅલ સેન્ટર હવે મુંબઇનો 'સ્પિરિચ્યુઅલ ક્વોશન્ટ' વધારી મુંબઈગરાઓને ગતિશીલતા વચ્ચે અધ્યાત્મ અને આનંદની શાંત લહેરનો અનુભવ કરાવશે.

બોરીવલી પશ્ચિમના સાંઈ બાબા નગર વિસ્તારમાં આવેલ આ સ્પિરિચ્યુઅલ સેન્ટરમાં આધુનિકતા અને આધ્યાત્મિકતાનો સુમેળ છે, જેમાં વિશાળ મલ્ટીપર્પઝ હોલ, એમ્ફિથિયેટર શૈલીનું ધ્યાનસ્થળ, શૈક્ષણિક વર્ગખંડો અને 'ડિવાઇનશોપ' જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. અહીં પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજીના સત્સંગ, ધ્યાન અને જ્ઞાન શિબિરો, SRMDના સુપ્રસિદ્ધ સર્વાંગી સુખાકારી કોર્સિસ, વેલનેસ કાર્યક્રમો તેમજ બાળકો માટે 'શ્રીમદ્ રાજચંદ્ર ડિવાઇનટચ' મૂલ્યશિક્ષણ વર્ગો યોજાશે. ઉપરાંત પરંપરાગત યોગ,એરિયલ અને પ્રિ-નેટલ યોગ, સાઉન્ડ હીલિંગ વર્કશોપ તેમજ ખાસ કરીને યુવા કેન્દ્રિત માઇન્ડફુલ આર્ટ વર્કશોપ્સ, ડાન્સ થેરાપી, શ્વાસસાધના ડ્રમ કાર્ડિયો અને જાગૃતિ સાથે શક્તિ વિકસાવતી હાઇ-ઇન્ટેન્સિટી પ્રવૃત્તિઓ જેવા આધુનિક સત્રો પણ યોજાશે. અહીં ધ્યાનાત્મક અનુભૂતિઓ કરાવતી કોફી બ્રૂઇંગ અને માટીકામ જેવી પ્રવૃત્તિઓ, જૈન રસોઈ, ભક્તિ સંધ્યાઓ, ઇન્ટરએક્ટિવ સત્રો તથા સેવાકીય પ્રવૃત્તિઓનું પણ આયોજન થશે. કોઈ પણ ધર્મ કે જાતિના લોકો આ પ્રવૃત્તિઓમાં આવકાર્ય છે. આમ અહીંના રહેવાસીઓ માટે આ સેન્ટર મુંબઈના ફાસ્ટ જીવનમાં આત્મચિંતન, ધ્યાન અને આધ્યાત્મિક વિકાસ અર્થે એક વિશેષ આશ્રયસ્થાન બનશે.



બોરીવલીમાં શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના નવા સ્પિરિચ્યુઅલ સેન્ટરને ઉમળકાભર્યો આવકાર

આ સમગ્ર ઉત્સવની મુખ્ય હાઈલાઈટ હતી, પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજીનો આત્મહિતકારી સત્સંગ. આધુનિક જીવનશૈલીમાં પણ આધ્યાત્મિકતાને કઈ રીતે વણી જીવન ઉન્નત બનાવી શકાય તેના માર્ગદર્શન માટે સુપ્રસિદ્ધ પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજીને સાંભળવા આવેલ ગોરેગાંવથી વિરાર સુધીના રહેવાસી વિશાળ મેદનીએ તેમના પ્રત્યેના અહોભાવ અને આદરની પ્રતીતિ કરાવી હતી. પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજીની વાણીમાં ભગવાન મહાવીરના અને શ્રીમદ્ રાજચંદ્રજીના સનાતન જૈન ધર્મના સિદ્ધાંતો સરળ અને આધુનિક શૈલીમાં પ્રવાહિત થયા, જેણે ઉપસ્થિત સૌના અંતરમાં નવી પ્રેરણા જગાવી. શ્રોતાઓના કહેવા મુજબ આ માત્ર પ્રવચન ન રહેતાં હૃદયમાં અમીટ છાપ મુકનારો ઊંડો અનુભવ બન્યો હતો.

આ ત્રિદિવસીય ઉત્સવમાં ઐતિહાસિક 'સામૂહિક પ્રતિષ્ઠા' વિધિ પણ વિશેષ આકર્ષણ રહી. આ પ્રસંગે ભગવાન મહાવીરસ્વામી અને શ્રીમદ્ રાજચંદ્રજીની કુલ ૩૯૧ પવિત્ર પ્રતિમાજીઓની પ્રતિષ્ઠા પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજીના પવિત્ર હસ્તે સંપન્ન થઈ હતી, જે હવે ભક્તોના ઘરો અને હૃદયમાં સ્થાપિત થઈને આધ્યાત્મિક પ્રેરણાનો સ્રોત બનશે. આ પ્રસંગે કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષ ગોયલે પોતાનો અહોભાવ વ્યક્ત કરતાં કહ્યું કે પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજીનું સરળ છતાં અત્યંત વ્યવહારુ માર્ગદર્શન લાખો લોકોના દૈનિક જીવનમાં અદ્ભૂત પરિવર્તન લાવી રહ્યું છે. જેમ યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીએ મહાત્મા ગાંધીજીના અંતરમાં જાગૃતિ પ્રગટાવી હતી અને સમગ્ર રાષ્ટ્રમાં આધ્યાત્મિક ઊર્જાનો પ્રસાર કર્યો હતો તે જ રીતે આજે પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણાથી શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર મૂલ્યનિષ્ઠ વ્યક્તિઓ ઘડી રહ્યું છે અને નિષ્કામ સમાજસેવાની પ્રેરણા આપી રહ્યું છે.

ઉપસ્થિત એક ભાવિકે જણાવ્યું કે, બોરીવલી પશ્ચિમમાં આવેલું આ નવું સ્પિરિચ્યુઅલ સેન્ટર અહીંના રહેવાસીઓ માટે આત્મચિંતન, ધ્યાન અને આધ્યાત્મિક વિકાસ અર્થે એક વિશેષ આશ્રયસ્થાન બનશે. જ્યારે આપણે આપણા વ્યવસાય અને જવાબદારીઓમાં વ્યસ્ત હોઈએ ત્યારે પણ પૂજ્ય ગુરુદેવશ્રીનો બોધ આપણા આંતરિક સ્તર અને વિચારોને ઘડતો રહે છે. તે આપણને લાગણીઓને કેવી રીતે સંભાળવી, દૈનિક જીવનનો સામનો કેવી રીતે કરવો તે શીખવે છે. મુંબઈની દોડધામભરી જીવનશૈલી વચ્ચે આ કેન્દ્ર ખરેખર એક આશીર્વાદ સમાન છે, કારણ કે તે આધ્યાત્મિક, માનસિક અને ભાવનાત્મક શક્તિઓને નિયમિત રીતે મજબૂત બનાવવાનું એક પવિત્ર સ્થળ પ્રદાન કરે છે અને સમગ્રતાથી નવી ઊર્જા પ્રાપ્ત કરવાનો અવસર આપે છે.

વધુ માહિતી માટે સંપર્ક : +૯૧ ૯૧૬૭૭૨૬૦૯ | borivali@srmd.org | સમય દરરોજ સવારે૭ થી રાત્રે ૮ સુધી














## વન વિભાગ માંસાહારી પ્રાણીઓ માટે શિકાર પૂરો પાડશે

થાણેઃ મહારાષ્ટ્રના વન પ્રધાન ગણેશ નાઈકે શુક્રવારે જણાવ્યું હતું કે વાંદરા અને જંગલી ડુક્કર જેવા પ્રાણીઓ દીપડા અને વાઘ સહિતના માંસાહારી પ્રાણીઓને તેમના કુદરતી નિવાસસ્થાનમાં પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ કરાવવામાં આવશે જેથી શિકારી ખોરાકની શોધમાં શહેરી વિસ્તારોમાં પ્રવેશ ન કરે.

જંગલી પ્રાણીઓને શહેરી વિસ્તારોમાં પ્રવેશતા અટકાવવા માટે, રાજ્ય વાંદરા, સસલા, જંગલી ડુક્કર અને પશુઓ જેવા પ્રાણીને તેમના નિવાસસ્થાનમાં ઉપલબ્ધ કરશે. આનાથી માંસાહારી પ્રાણીઓ માનવ વસાહતો અને શહેરી વિસ્તારોમાં પ્રવેશતા અટકશે.'' (પીટીઆઈ) ■

**નવરોઝ મુબારકઃ** પારસી સમુદાય માટે અત્યંત મહત્ત્વનો દિવસ એટલે કે પતેતી શનિવારે ૨૧ માર્ચ, ૨૦૨૬ના રોજ હતો ત્યારે મુંબઈના દાદરમાં આવેલા ફાયર ટેમ્પલમાં મોટા પ્રમાણમાં પારસી બંધુઓ પરિવાર સાથે જમશેદી નવરોઝ અથવા પતેતીની ઉજવણી માટે પહોંચ્યા હોવાનું જોવા મળ્યું હતું. ફાયર ટેમ્પલમાં પોતાની પરંપરાગત પૂજા કરીને નવ વર્ષનું સ્વાગત કર્યા પછી પારસી બાનુઓએ બહાર આવીને ગાયને ખવડાવીને શુભ શરૂઆત કરી હતી. (અમય ખરાડે)






PUBLIC NOTICE પબ્લિક નોટીસ

Lilavati Hospital and Research Centre
More than Healthcare, Human Care

**ટેન્ડર નોટિસ**

વાર્ષિક કોન્ટ્રાક્ટ ધોરણે રોજિંદા સ્ક્રેપ (જનરલ) મટેરિયલ્સની ખરીદી માટે રસ ધરાવતા પક્ષો પાસેથી સીલબંધ ટેન્ડરો મંગાવે છે.

- સ્ક્રેપના પ્રકારઃ જનરલ સ્ક્રેપ મટેરિયલ્સ (જેમ કે કાર્ડ પેપર, પેપર, પ્લાસ્ટિક, મેટલ, પેકિંગ મટેરિયલ્સ, વગેરે)
- કોન્ટ્રાક્ટ મુદતઃ ૧ વર્ષ (૧લી એપ્રિલ ૨૦૨૬થી ૩૧મી માર્ચ ૨૦૨૭ સુધી)

પાત્રતા માપદંડઃ
- માન્ય વ્યવસાય નોંધણી
- સ્ક્રેપ હેન્ડલિંગ/ખરીદીનો અનુભવને પ્રાધાન્ય આપવામાં આવશે.
- GST નોંધણી (જો લાગુ હોય તો)

ટેન્ડર સુપ્રતિઃ
- ટેન્ડર CFOને ''સ્ક્રેપ ખરીદી માટે ટેન્ડર'' એવું મથાળું કરી સ્પષ્ટ રીતે લખેલા સીલબંધ કવરમાં સુપ્રત કરવા આવશ્યક છે.
એકાઉન્ટ્સ અને ફાઈનાન્સ વિભાગ, ૩જો માળ, લીલાવતી હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર, A-૭૯૧, બાંદ્રા રિક્લેમેશન, બાંદ્રા (પ), મુંબઈ-૪૦૦૦૫૦
- ટેન્ડર સમયગાળોઃ ૨૨મીથી ૨૮મી માર્ચ ૨૦૨૬

નિયમો અને શરતોઃ
- સફળ બિડરે શેડ્યૂલ મુજબ નિયમિતપણે સ્ક્રેપ ઊંચકવો જોઈશે.
- ચૂકવણીની શરતોઃ એડવાન્સ પેમેન્ટ.

વધુ વિગતો માટે, સંપર્ક કરોઃ
[નામઃ શ્રી અજય મેનન / વિભાગ - ખરીદી]
[૯૮૨૦૦૦૪૮૧૦]
[નામઃ Mr. કંચન વાડેકર / વિભાગ - ખરીદી]
[૯૩૨૧૦૪૫૬૧૯]


## નાંદેડમાં બાઈકમાં ધડાકો?: એટીએસ તપાસમાં લાગી

### અગનગોળામાં ફેરવાયેલી બાઈક પાસે ઊભેલા યુવકનું મોતઃ ફોરેન્સિક ટીમને પણ બોલાવાઈ

મુંબઈઃ નાંદેડ શહેરમાં એક બાઈક અચાનક અગનગોળામાં ફેરવાઈ ગઈ હતી અને તે જ વખતે ધડાકા પણ સંભળાયા હોવાથી તંત્ર સાબદું થઈ ગયું હતું. આગમાં યુવકનું મોત નીપજ્યું હોવાથી ઘટનાને ગંભીરતાથી લઈ એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ (એટીએસ) અને ફોરેન્સિક ટીમને પણ ઘટનાસ્થળે બોલાવાઈ હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના શનિવારની સવારે ૯.૩૦ વાગ્યે ગોદાવરી નદી નજીક વાજેગાંવ ભંડારામાં બની હતી. ઘટનામાં મૃત્યુ પામેલા યુવકની ઓળખ શ્યામ બબનરાવ ઘાડગે (૩૧) તરીકે થઈ હતી. કહેવાય છે કે બાઈક અચાનક સળગી ઊઠતાં ઘાડગે ગંભીર રીતે દાઝ્યો હતો. પરભણીના વતની ઘાડગેને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં તેનું મૃત્યુ થયું હતું. ઘટનાસ્થળેથી ઘાડગેના મોબાઈલ ફોન સાથે એક કાર્ડ મળી આવ્યું હતું, જેને આધારે તેની ઓળખ થઈ હતી.પોલીસના જણાવ્યા મુજબ બાઈક અગનગોળામાં ફેરવાઈ ત્યારે ફટાકડા ફૂટતા હોય તેવો અવાજ સ્થાનિકોએ સાંભળ્યો હતો. (પીટીઆઈ) ■

## ટ્રાઈડન્ટ હોટલમાં પૂલસાઈડ રહેલા બાંધકામને તાત્કાલિક હટાવવાનો પાલિકાનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં મરીન ડ્રાઈવ પરિસરમાં આવેલી ટ્રાઈટન્ડ હોટલ સામે મુંબઈ મહાનગરપાલિકાએ આકરી કાર્યવાહી કરી છે. પાલિકાના 'એ' વોર્ડ દ્વારા હોટલ મેનેજમેન્ટને પૂલ સાઈડ ગાર્ડન તરફ બાંધવામાં આવેલા ગેરકાયદે બાંધકામને તાત્કાલિક હટાવી લેવાનો નિર્દેશ આપ્યો છે.

આ પ્રકરણ હોટલના સ્વિમિંગ પૂલના પરિસરમાં બાંધવામાં આવેલા એક વિશાળ હેંગર જેવા બાંધકામ સાથે સંબંધિત છે. પાલિકાને તપાસમાં આ બાંધકામ અંદાજે ૨૬ મીટર લાંબું, એક મીટર પહોળું અને ૩.૫ મીટર ઊંચું હોવાનું જણાઈ આવ્યું હતું. તે ઍલ્યુમિનિયમ ચૅનલ અને પૅનલ શીટ્સનો ઉપયોગ કરીને બાંધવામાં આવ્યું હતું. આટલું વિશાળ બાંધકામ કરવા માટે હોટલ મેનેજમેન્ટ દ્વારા પાલિકા પાસેથી કોઈ પ્રકારની મંજૂરી લેવામાં આવી નહોતી. પાલિકાએ શરૂઆતમાં ૧૧ માર્ચના પાલિકાના કાયદા મુજબ કલમ ૩૫૪એ અંતર્ગત સ્ટોપ વર્કની નોટિસ ફટકારી હતી.

નોટિસ બાદ પણ હોટલ મેનેજમેન્ટ તરફથી કોઈ પ્રતિસાદ નહીં આવતા પ્રશાસને હવે અંતિમ કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો છે.

મળેલ માહિતી મુજબ હૉટલ મેનેજમેન્ટે ૧૮ માર્ચના થયેલી સુનાવણી દરમ્યાન પોતાની બાજુ રાખી હતી. મેનજમેન્ટે એવો દાવો કર્યો હતો કે તેમણે૧૨ માર્ચના રોજ ઓટો ડીસીઆર પોર્ટલ મુજબ તાત્પૂરતા બાંધકામને નિયમિત કરવા માટે એક ઓનલાઈન પ્રસ્તાવ રજૂ કર્યો હતો પણ જયારે પાલિકાના અધિકારીઓએ પોર્ટલ તપાસ્યું ત્યારે તેમને જણાઈ આવ્યું હતું કે ટેક્નિકલ અથવા અન્ય કોઈ કારણથી પ્રસ્તાવ નકારી દેવામાં આવ્યો હતો.

પાલિકાએ પોતાના આદેશમાં સ્પષ્ટ કર્યું હતું કે હૉટલ મેનેજમેન્ટે પોતાની બાજુ રાખવા માટે અને ભૂલ સુધારવા માટે પૂરતો સમય આપવામાં આવ્યો હતો. આદેશમાં એવું કહેવામાં આવ્યું છે કે હોટલે કોઈ પણ પ્રકારની કાયદેસરની મંજૂરી રજૂ કરી ન હોવાથી તેમનું બાંધકામ પૂર્ણપણે ગેરકાયદે છે. જો હૉટલ મેનેજમેન્ટ તેને તાત્કાલિક નહીં હટાવે તો પાલિકા જાતે તેને તોડી પાડશે.

આ કાર્યવાહીનો તમામ ખર્ચ પણ હૉટલ પાસેથી વસૂલ કરવામાં આવશે એવી ચેતવણી પણ પાલિકા પ્રશાસને આપી છે. એ સિવાય એમએમસી અને એમઆરટીપી કાયદા અંતર્ગત ફોજદારીનો ગુનો પણ દાખલ થઈ શકે છે. ■

## આઠવલે બંગાળ ચૂંટણીમાં ઉમેદવાર ઊભા નહીં રાખી ભાજપને સમર્થન આપશે

નાગપુરઃ કેન્દ્રીય પ્રધાન અને આરપીઆઈ (એ)ના અધ્યક્ષ રામદાસ આઠવલેએ શનિવારે જણાવ્યું હતું કે એમનો પક્ષ આગામી પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં ઉમેદવારો ઊભા ન રાખવા અને મતોના વિભાજનને ટાળવા માટે તમામ બેઠકો પર ભાજપને સમર્થન આપવાનું વિચારી રહી છે.

જોકે, રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (આઠવલે) આસામ, કેરળ, તમિળનાડુ અને પુડુચેરીમાં ચૂંટણી લડશે,એમ તેમણે નાગપુરમાં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું. ૨૯૪ સભ્યોની પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણી ૨૩ અને ૨૯ એપ્રિલે એમ બે તબક્કામાં યોજાશે. આસામ, કેરળ અને પુડુચેરીમાં ૯ એપ્રિલે મતદાન થશે, જ્યારે તમિળનાડુમાં ૨૩ એપ્રિલે મતદાન થશે. મતગણતરી ચોથી મેએ થશે.આઠવલેએ જણાવ્યું હતું કે આરપીઆઈ (એ) બંગાળ, આસામ, તમિળનાડુ, કેરળ અને પોંડિચેરીમાં પ્રભાવ ધરાવે છે. પક્ષ તમિળનાડુમાં ઓછામાં ઓછી ૨૫ થી ૩૦, આસામમાં ૧૫ થી ૨૦ અને કેરળમાં ૮ થી ૧૦ બેઠકો પર ચૂંટણી લડશે.

બુધવારે નાશિકમાં ધરપકડ કરાયેલા બળાત્કારના આરોપી ગોડમેન અશોક ખરાત વિશેના પ્રશ્નના જવાબમાં આઠવલેએ કહ્યું કે આ ખૂબ જ ગંભીર બાબત છે અને કડક કાર્યવાહીની માગ કરી છે. (પીટીઆઈ) ■

## દારૂને મુદ્દે થયેલા વિવાદમાં મજૂરની હત્યા કરનારા બે ભાઈને જનમટીપ

થાણેઃ મીરા રોડમાં દારૂ પીવાને મામલે થયેલા વિવાદમાં સાથી મજૂરની હત્યા કરવાના નવ વર્ષ જૂના કેસમાં થાણેની સેશન્સ કોર્ટે બે ભાઈને આજીવન કારાવાસની સજા સંભળાવી હતી.

એડિશનલ સેશન્સ જજ આર. એસ. ભાકરેએ ૧૮ માર્ચે આપેલા ચુકાદામાં આરોપી અશોક લાલજિતકુમાર ચૌરસિયા (૩૯) અને તેના મોટા ભાઈ કમલેશકુમાર (૫૩)ને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ (હત્યા) અને ૩૪ (સમાન ઇરાદો) હેઠળ કસૂરવાર ઠેરવ્યા હતા. કોર્ટે બન્ને ભાઈને જનમટીપ અને પાંચ-પાંચ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

ઘટના મીરા રોડ પરિસરમાં આવેલા એક ગાર્ડનમાં ૨૦ મે, ૨૦૧૭ની રાતે બની હતી. આરોપીઓ, મૃતક રાજેન્દ્ર ઉર્ફે રાજન મેશ્રામ અને તેમનો સાથી બિરુ નેટમ દારૂ પીવા બેઠા હતા.

ફરિયાદ પક્ષે કોર્ટમાં જણાવ્યું હતું કે બિરુએ વધુ દારૂ મગાવવાનું અશોકને કહ્યું હતું, જેને પગલે તેમની વચ્ચે ઉગ્ર દલીલો થઈ હતી. વિવાદ વકરતાં આરોપીઓએ લાકડા વડે રાજેન્દ્રને ફટકાર્યો હતો. માથામાં ગંભીર ઇજાને કારણે રાજેન્દ્રનું મૃત્યુ થયું હતું. આ હુમલામાં બિરુ પણ ઘવાયો હતો.

ખટલા દરમિયાન ઘટનાની માહિતી આપનાર અને જખમી સાક્ષીદાર જુબાની માટે હાજર રહ્યા ન હોવાથી કોર્ટે સાંયોગિક પુરાવા, તબીબી અહેવાલો અને ફોરેન્સિક તારણો પર આધાર રાખ્યો હતો. કોર્ટે જણાવ્યું હતું કે મૃત્યુનું સંભવિત કારણ માથાની ઇજા (અકુદરતી) છે. પીએમ રિપોર્ટમાં જે ઇજાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે માત્ર લાકડાના ટુકડાથી સંભવિત છે. આ ઇજાઓ મૃત્યુ નિપજાવવા પૂરતી છે.(પીટીઆઈ) ■

## ગેરકાયદે રેતી ઉલેચનારા સામે કાર્યવાહીઃ ૯૦ લાખની સામગ્રીનો નાશ કરાયો

થાણેઃ ભિવંડીમાં ગેરકાયદે રેતી ઉલેચવાના રૅકેટનો પર્દાફાશ કરી રેવેન્યૂ ડિપાર્ટમેન્ટના અધિકારીઓએ બાર્જ સહિતની અંદાજે ૯૦ લાખ રૂપિયાની સાધનસામગ્રીનો નાશ કર્યો હતો.

મળેલી માહિતીને આધારે રેવેન્યૂ ડિપાર્ટમેન્ટના અધિકારીઓએ શુક્રવારે કેવાની ખાડીમાં ઑપરેશન હાથ ધર્યું હતું. અધિકારીના જણાવ્યા મુજબ કેવાની રેતી બંદર ખાતે ચાલતા ગેરકાયદે રેતી ઉલેચવાના કામમાં સંડોવાયેલા માફિયાઓ વિરુદ્ધ મોટા પાયે કાર્યવાહી કરવામાં આવી હતી. કાર્યવાહી દરમિયાન ૮૦થી ૯૦ લાખ રૂપિયાની સાધનસામગ્રીનો નાશ કરવામાં આવ્યો હતો.

જિલ્લા કલેક્ટર શ્રીકૃષ્ણ પંચાલના વડપણ હેઠળની ટીમે રેતી કાઢવામાં ઉપયોગમાં લેવાતા પાંચ સક્સન યુનિટ્સ અને આઠ બાર્જનો નાશ કર્યો હતો. સાધનોને સળગાવી દેવામાં આવ્યા હતા અને બાર્જને ખાડીના પાણીમાં ડુબાડી દેવાઈ હતી. આ કાર્યવાહીથી માફિયાઓને મોટું આર્થિક નુકસાન થયું હોવાનું અધિકારીનું કહેવું છે.

માફિયાઓ દ્વારા મોટી સાઈઝની ૧૨ ટાંકી ખાડીકિનારે ઊભી કરવામાં આવી હતી, જેમાં ખાડીમાંથી કાઢવામાં આવેલી રેતી ભરવામાં આવતી હતી. મશીનની મદદથી આ ટાંકીને પણ તોડી પાડવામાં આવી હતી. રેતીને જ્યાં સંગ્રહવામાં આવતી હતી તે જમીન પણ 'રિઝર્વ ફોરેસ્ટ' હેઠળની હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■






## પ્રેમલગ્નનાં બે વર્ષમાં જ ઢોરમાર મારી પત્નીની હત્યાઃ ફરાર પતિ પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પ્રેમલગ્નનાં બે વર્ષમાં જ દારૂના નશામાં ચૂર પતિએ ઢોરમાર મારી પત્નીની કથિત હત્યા કરી હોવાની આંચકાજનક ઘટના વડાલામાં બની હતી. ઘટના બાદ ફરાર થઈ ગયેલા પતિને પોલીસે પકડી પાડ્યો હતો.વડાલા પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ મહેશ નારાયણ વાડ (૩૪) તરીકે થઈ હતી. પત્ની કવિતા મહેશ વાડ (૩૯)ના મૃત્યુ પછી આરોપી ફરાર થઈ ગયો હતો. પોલીસ અધિકારીઓની બે ટીમ તેની શોધમાં લાગી હતી. આખરે સગાને ઘેરથી તેને તાબામાં લેવાયો હતો. પોલીસ ફરિયાદ અનુસાર કવિતા રમેશ લોદી અને મહેશ વચ્ચે પ્રેમ હતો. બન્નેએ બે વર્ષ અગાઉ પ્રેમલગ્ન કર્યાં હતાં. લગ્ન બાદ દંપતી વડાલા પૂર્વમાં ગણેશ નગર ખાતે રહેતું હતું. મહેશને દારૂ પીવાનું વ્યસન હતું, જેને પગલે પતિ-પત્ની વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા.ફરિયાદમાં જણાવાયું હતું કે ૧૩ માર્ચની બપોરે જ મહેશ દારૂના નશામાં ચૂર ઘરે પહોંચ્યો હતો. તે સમયે ફરી દંપતી વચ્ચે ઝઘડો થયો હતો. ગુસ્સામાં મહેશે બેરહેમીથી કવિતાની પીટાઈ કરી હતી. પછી મોબાઈલ ફોન તેના મોઢા પર ફટકારી ઘરમાંથી જતો રહ્યો હતો. પોલીસનું કહેવું છે કે સમયસર સારવાર મળી હોત તો કવિતા બચી ગઈ હોત.તબીબી સારવાર પૂરી પાડવાને બદલે ગંભીર જખમી કવિતા પર આરોપીએ ધ્યાન આપ્યું નહોતું. કવિતા બેભાન થઈ જમીન પર ફસડાઈ પડ્યા પછી તેને કેઈએમ હૉસ્પિટલમાં દાખલ કરાઈ હતી, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. ■




# ગુજરાતમાં શૅરબજારનો ક્રેઝ ઓસર્યો, ફેબ્રુઆરીમાં નવા રોકાણકારોની સંખ્યામાં ૫૦ ટકાનો ઘટાડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કોરોના રોગચાળા પછી શેર બજારમાં રોકાણ કરનારા લોકોની સંખ્યામાં અપ્રતિમ ઉછાળો જોવા મળ્યો હતો જો કે, હાલ ઈરાન યુદ્ધના કારણે શેર બજાર સતત તૂટી રહ્યું છે. જેથી ગુજરાતીઓ થોડા સમયથી શેરબજારથી અળગા રહ્યા હોય તેમ લાગે છે. ફેબ્રુઆરીમાં નવા રોકાણકારોની સંખ્યામાં ૫૦% નો ઘટાડો થયો હતો. ખાસ કરીને અમદાવાદ અને સુરતના રોકાણકારો નિરુત્સાહ રહ્યા છે. જેના કારણે જાન્યુઆરીની તુલનામાં ફેબ્રુઆરીમાં નવા રજિસ્ટ્રેશનમાં ૫૦.૪ ટકાનો ઘટાડો નોંધાયો છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ)ના તાજેતરના રિપોર્ટ મુજબ, ફેબ્રુઆરીમાં નવા ઇક્વિટી રોકાણકારોની નોંધણીમાં ગુજરાતમાં રાષ્ટ્રીય સ્તરે સૌથી વધુ માસિક ઘટાડો જોવા મળ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં જાન્યુઆરીમાં ૧.૪૮ લાખ નવા રોકાણકારો ઉમેરાયા હતા, જેની સામે ફેબ્રુઆરીમાં માત્ર ૭૪,૦૦૦ નોંધાયા હતા. આ સાથે ફેબ્રુઆરી મહિનામાં નવા રોકાણકારોના ઉમેરાની દ્રષ્ટિએ ગુજરાત સાતમા ક્રમે રહ્યું છે. જો કે, નવા રજિસ્ટ્રેશનમાં તીવ્ર ઘટાડો થયો હોવા છતાં, વ્યક્તિગત રોકાણકારોની ભાગીદારી અને ટર્નઓવરમાં મહારાષ્ટ્ર પછી ગુજરાત હજુ પણ વ્યક્તિગત રોકાણકારોની ભાગીદારીમાં ૧૪ લાખ સક્રિય રોકાણકારો સાથે ગુજરાત બીજા ક્રમે જળવાઈ રહ્યું છે.

રાષ્ટ્રીય સ્તરે, ફેબ્રુઆરીમાં ૧૩.૩ લાખ નવા રોકાણકારો ઉમેરાયા હતા, જે જાન્યુઆરીની સરખામણીમાં ૨૪.૫ ટકાનો ઘટાડો દર્શાવે છે. એનએસઈના રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, નવા રોકાણકારોના રજિસ્ટ્રેશનમાં ઉત્તર પ્રદેશ ૧૪.૮ ટકા હિસ્સા સાથે મોખરે રહ્યું છે. ત્યારબાદ મહારાષ્ટ્ર ૧૦.૬% સાથે બીજા, તમિળનાડુ ૭% સાથે ત્રીજા, બંગાળ ૬.૯% સાથે ચોથા અને બિહાર ૬.૪% સાથે પાંચમા ક્રમે રહ્યા છે. આ રાજ્યોએ મળીને મહિનાના કુલ રોકાણકારોમાં ૪૫.૭% હિસ્સો રહ્યો છે. તમામ રાજ્યોમાં માસિક ધોરણે ઘટાડો જોવા મળ્યો છે, પરંતુ ગુજરાતમાં સૌથી વધુ ૫૦.૪% નો ઘટાડો જોવા મળ્યો છે.

રાજ્યના જે મુખ્ય જિલ્લાઓમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો છે તેમાં સુરત અને અમદાવાદ સૌથી વધુ પ્રભાવિત થયા હતા. ફેબ્રુઆરી ૨૦૨૬ માં, ટોચના ૧૦ જિલ્લાઓમાં નવા રોકાણકારોના ઉમેરામાં ઘટાડો થયો છે. સુરત અને અમદાવાદમાં અનુક્રમે ૪૯.૮ ટકા અને ૪૬.૫ ટકાનો સૌથી મોટો ઘટાડો નોંધાયો હતો.

# અમરેલીના રાજુલામાં ધારાસભ્ય હીરા સોલંકીએ એસટી બસ હંકારતા વિવાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા જૂની અને ખખડધજ બસોને બદલીને મુસાફરોની સુવિધા માટે નવી બસો ફાળવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ અંતર્ગત અમરેલી ડિવિઝનના રાજુલા એસટી ડેપોને ૪ નવી બસો ફાળવવામાં આવી હતી. આ બસોના લોકાર્પણના કાર્યક્રમમાં ધારાસભ્ય હીરા સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. બસોને લીલી ઝંડી બતાવ્યા બાદ, ધારાસભ્ય પોતે ડ્રાઈવરની સીટ પર બેસી ગયા હતા અને રાજુલા ડેપોથી બાયપાસ રોડ સુધી બસ ચલાવી હતી. આ ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાઇરલ થતા વિવાદ સર્જાયો હતો. ધારાસભ્ય દ્વારા જાહેર રસ્તા પર એસટી બસ ચલાવવામાં આવતા સોશ્યલ મીડિયા પર મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો. વાઇરલ વીડિયોને પગલે લોકોમાં એવી ચર્ચા જાગી હતી કે જો કોઈ સામાન્ય નાગરિક હેવી વ્હીકલ લાઇસન્સ વગર કે અધિકૃત પરવાનગી વગર સરકારી બસ ચલાવે, તો તેની સામે કાયદાકીય ભંગ બદલ કડક કાર્યવાહી કરવામાં આવે છે. ત્યારે જવાબદાર પદ પર બેઠેલા રાજકારણીઓ માટે કાયદાના અમલીકરણમાં અલગ માપદંડ કેમ? તેવા સવાલો સોશ્યલ મીડિયા યુઝર્સ દ્વારા ઉઠાવવામાં આવ્યા હતા.

# વૈશ્વિક યુદ્ધની સુરતના કાપડ ઉદ્યોગ પર અસર ૩૫૦ મિલો સપ્તાહમાં બે દિવસ બંધ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલા અસહ્ય વધારાની સીધી અસર સુરતના ટેક્સટાઇલ ઉદ્યોગ પર જોવા મળી રહી છે.

ક્રૂડ ઓઈલ મોંઘું થતા પેટ્રોલિયમ આધારિત પ્રોડક્ટ્સ જેવી કે પોલિએસ્ટર, નાયલોન અને ટેક્સટાઇલ કેમિકલ્સના ભાવમાં ૧૦ થી ૨૫ ટકાનો ઉછાળો આવ્યો હોવાના અહેવાલ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, યાર્નના ભાવમાં પણ પ્રતિકિલો રૂ. ૧૦ થી રૂ. ૩૦નો વધારો થતા ઉત્પાદન ખર્ચ આસમાને પહોંચ્યો હતો.

કાચા માલના વધતા ભાવ અને બજારમાં ઘટતી માંગને કારણે સુરતના કાપડ ઉદ્યોગકારો હવે મોટા નાણાકીય નુકસાનથી બચવા માટે ઉત્પાદનમાં કાપ મૂકવા અને એકમો કામચલાઉ ધોરણે બંધ કરવા મજબૂર બન્યા હોવામાં અહેવાલો પ્રાપ્ત થયા હતા.

આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે સાઉથ ગુજરાત ટેક્સટાઇલ પ્રોસેસર્સ એસોસિએશન દ્વારા આશરે ૩૫૦ પ્રોસેસિંગ યુનિટોને સપ્તાહમાં બે દિવસ બંધ રાખવાની દરખાસ્તને મંજૂરી આપી છે.

એસોસિએશન દ્વારા જણાવાયું હતું કે, હોળી બાદ શ્રમિકોની અછત અને એલપીજી ગેસના અનિયમિત પુરવઠાને કારણે સ્થિતિ વધુ વણસી છે. હાલમાં માંગ અને પુરવઠાનું સંતુલન જાળવવા માટે રાત્રિ પાળી બંધ કરી માત્ર દિવસ દરમિયાન મર્યાદિત સ્ટાફ સાથે કામગીરી કરવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, સુરતમાં દરરોજ અંદાજે ૬ કરોડ મીટર ગ્રે કાપડનું ઉત્પાદન થાય છે, પરંતુ હાલમાં ક્રૂડ ઓઈલ, કોલસો અને ટ્રાન્સપોર્ટના ખર્ચમાં થયેલા વધારાને કારણે સમગ્ર ટેક્સટાઇલ ચેઈન પ્રભાવિત થઈ હોવાના અહેવાલો છે. ઇનપુટ કોસ્ટ વધવાને કારણે આગામી દિવસોમાં સાડી, ડ્રેસ મટીરિયલ્સ અને ગારમેન્ટ્સના ભાવમાં મોટો વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી.

# ઓડિશા પરબઃ અમદાવાદમાં જોવા મળશે ઓડિશાના વાઈબ્રન્ટ કલ્ચર, વાનગીઓ, ક્રાફ્ટ અને ટૂરિઝમ એક્સપિરિયન્સનો સમન્વય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતના સૌથી જીવંત સાંસ્કૃતિક રાજ્યોમાંનું એક ગણાતું ઓડિશા એક એવી ભૂમિ છે, જ્યાં પ્રાચીન પરંપરાઓ, શ્રેષ્ઠ કલા અને કુદરતી સૌંદર્યનો અદ્ભુત સમન્વય જોવા મળે છે. પોતાની શાસ્ત્રીય નૃત્ય પરંપરાઓ અને લોક સંસ્કૃતિથી લઈને સુંદર હસ્તકલા, હાથવણાટ અને અનોખા ભોજન વારસા સુધી, ઓડિશા ભારતની સાંસ્કૃતિક વિવિધતા અને ગૌરવનું દર્શન કરાવે છે. બેંગલૂરુ અને ગુવાહાટી ખાતે અગાઉની આવૃત્તિઓની સફળતા બાદ, ઓડિશા સરકારનો પ્રવાસન વિભાગ, અમદાવાદમાં તેના મુખ્ય સાંસ્કૃતિક અને પર્યટન પ્રદર્શન ઓડિશા પરબ લાવી રહ્યો છે. આ પહેલ ઓડિશાના અનુભવ-આધારિત પર્યટન, સાંસ્કૃતિક સમૃદ્ધિ અને ક્રિયેટિવ પરંપરાઓને સમગ્ર ભારતમાં પ્રેક્ષકો સમક્ષ રજૂ કરવાના હેતુથી વ્યાપક રાષ્ટ્રીય પહોંચનો એક ભાગ છે.

પશ્ચિમ ભારતમાં ઓડિશાની ભાવના લાવવા માટે, પ્રવાસન વિભાગ, ઓડિયા ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિ વિભાગના સહયોગથી અને હાથશાળ, કાપડ અને હસ્તકલા વિભાગ, ઓરમાસ, ઓડિશા અને મિશન શક્તિની સક્રિય ભાગીદારી સાથે, અમદાવાદ ખાતે ૨૧ થી ૨૩ માર્ચ ૨૦૨૬ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન ઍન્ડ એક્ઝિબિશન સેન્ટર ખાતે ત્રણ દિવસીય સાંસ્કૃતિક પ્રદર્શન ઓડિશા પરબનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમ અંગે પ્રવતી પરિદા (માનનીય ડેપ્યુટી ચીફ મિનિસ્ટર ઑફ ઑડિશા)એ માહિતી આપી હતી.

આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ઓડિશાની જીવંત પરંપરાઓ, કલાત્મક




અભિવ્યક્તિઓ અને પ્રવાસન સંભાવનાનો એક અનોખો અનુભવ રજૂ કરવાનો છે, જેમાં સંસ્કૃતિ, ભોજન, હસ્તકલા, હાથવણાટ અને ડેસ્ટિનેશન શોકેસને એક છત નીચે એકસાથે લાવવામાં આવશે.

આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ઓડિશાના નિષ્ણાત કલાકારો દ્વારા કરવામાં આવતું લાઈવ પ્રદર્શન હશે, જ્યાં મુલાકાતીઓ પરંપરાગત કલાને નજર સામે બનતી જોઈ શકશે. અહીં ખાસ સ્ટોલ્સ પર ઓડિશાના પ્રખ્યાત કાપડ અને હસ્તકલાની વસ્તુઓ, જેમ કે હાથવણાટનું કાપડ અને જીઆઇ-ટેગ ધરાવતી વસ્તુઓ જોવા મળશે. મુલાકાતીઓને કલાકારો સાથે વાતચીત કરવાની અને દરેક કલા પાછળ રહેલો વારસો અને તેની ખાસ પદ્ધતિઓ વિશે જાણવાની તક પણ મળશે.

ભોજનનો વિભાગ પણ એટલો જ આકર્ષક હશે, જેમાં ખાસ ફૂડ સ્ટોલ્સ અને વાનગીઓના લાઈવ પ્રદર્શન દ્વારા ઓડિશાની વિવિધતા પીરસવામાં આવશે. મુલાકાતીઓ ઓડિશાના દરિયાકાંઠાના, આદિવાસી અને પરંપરાગત ભોજનનો અસલી સ્વાદ માણી શકશે. આ સાથે જ ઓડિશાની પ્રખ્યાત મીઠાઈ 'છેના પોડા' નો લહાવો પણ લઈ શકાશે. અમદાવાદમાં યોજાનાર 'ઓડિશા પરબ 'માં શાસ્ત્રીય, લોક અને આદિવાસી નૃત્યોનું ભવ્ય પ્રદર્શન જોવા મળશે, જે ઓડિશાની વાર્તાલાપ શૈલી અને શૌર્યની પરંપરાઓને રજૂ કરશે.

# દસ વર્ષ કે અઢી લાખ કિ.મી. ફરેલા સરકારી વાહનોનો હવે ઉપયોગ નહીં કરી શકાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારના વિવિધ વિભાગો માટેના સરકારી વાહનોના સમયસર નિકાલ માટે રાજ્યના વાહનવ્યવહાર વિભાગ દ્વારા નવી કાર્યપદ્ધતિ જાહેર કરવામા આવી હતી. સરકારી વાહનોને રદબાતલ કરવા સંદર્ભે વાહનવ્યવહાર વિભાગે માર્ચ-૨૦૨૬માં જારી કરેલી કાર્ય પદ્ધતિ મુજબ વાહન અઢી લાખ કિલોમીટર ફરેલું હોય અને ૧૦ વર્ષ પૂર્ણ થઇ ગયા હોય તો કચેરીના વડા દ્વારા તેને રદબાતલ જાહેર કરી શકાશે. જો વાહન અઢી લાખ કિલોમીટર ફરેલું હોય પણ ૧૦ વર્ષ પૂર્ણ ન થયા હોય કે અઢી લાખ કિલોમીટર ફરેલું ન હોય, પરંતુ ૧૦ વર્ષ પૂર્ણ થઇ ગયા હોય તેવા સંજોગોમાં વાહન ઉપયોગમાં લેવાપાત્ર ન હોય તો પણ તેને કચેરીના વડા દ્વારા રદ કરી શકાશે. આ બન્ને શરતો પૂર્ણ ન થતી હોય છતાં વાહન ઉપયોગમાં લઇ શકાય તેમ ન હોય તો નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા વિભાગ અથવા માર્ગ મકાન વિભાગ હસ્તકના અધિક્ષક ઇજનેરનો અભિપ્રાય લઇ નિર્ણય લઇ શકાશે. લાંબા સમયથી સરકારી કચેરીઓમાં ઉપયોગમાં ન રહેલા અથવા સમયમર્યાદા પૂર્ણ કરી ચૂકેલા વાહનો પડ્યા રહેતા હોવાથી સરકારને આર્થિક નુકસાન થતું હતું. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હવે સ્પષ્ટ માપદંડો નક્કી કરીને વાહનોના નિકાલની પ્રક્રિયા વધુ વ્યવસ્થિત અને ઝડપી બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

# ગુજરાતમાં કાર રજિસ્ટ્રેશનનો આંકડો ૫૦ લાખને પાર, પાંચ વર્ષમાં ૩૪ ટકાનો ઉછાળો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ખાનગી વાહનોની સંખ્યામાં થયેલા તોતિંગ વધારા સાથે રાજ્યએ કાર રજિસ્ટ્રેશનમાં ૫૦ લાખનો આંકડો વટાવી દીધો છે. ગુજરાત સરકારના તાજેતરના સામાજિક-આર્થિક સમીક્ષા અહેવાલ મુજબ, ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીમાં રાજ્યમાં ૪૯.૫ લાખ કાર અને જીપ નોંધાયેલી હતી, જેમાં 'વાહન' ડેશબોર્ડના નવા ડેટા ઉમેરતા આ આંકડો હવે આશરે ૫૩ લાખ પર પહોંચ્યો હોવાનું એક અહેવાલમાં જાણવા મળ્યું હતું. એ નોંધવું રહ્યું કે, પ્રતિ લાખની વસ્તીએ કારની માલિકીની બાબતમાં ગુજરાત રાષ્ટ્રીય સરેરાશ કરતા ઘણું આગળ છે. ભારતમાં સરેરાશ એક લાખની વસ્તીએ ૪,૨૨૯ કાર છે, જેની સામે ગુજરાતમાં આ પ્રમાણ ૬,૭૩૫ કારનું છે.

રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં કાર અને જીપની સંખ્યામાં ૩૪.૪ ટકાનો નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો હતો. વર્ષ ૨૦૨૦-૨૧માં ૩૬.૯ લાખ વાહનો હતાં જે વધીને હવે ૫૦ લાખને પાર કરી ગયા છે.

ટ્રાફિક નિષ્ણાતોના મતે, અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જેવાં મહાનગરોની સતત વિસ્તરી રહેલા સીમાડાઓ અને મર્યાદિત જાહેર પરિવહનની સુવિધાને કારણે લોકો ખાનગી વાહનો તરફ વળ્યા હોવાનું અનુમાન છે. તે ઉપરાંત વર્તમાનમાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ કારનું ચલણ વધ્યું હોવાનું નિષ્ણાતોએ જણાવ્યું હતું.

જો કે વાહન ખરીદીમાં આવેલા આ ઉછાળા પાછળ સરળ ધિરાણ અને ટેકનોલોજી પણ મહત્ત્વના પરિબળો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. સત્તાવાળાઓના જણાવ્યા મુજબ, અંદાજે ૮૦ ટકા કાર ખરીદદારો લોનનો વિકલ્પ પસંદ કરે છે. ઓટોમેટિક ટ્રાન્સમિશન ટેકનોલોજીને કારણે ડ્રાઇવિંગ સરળ બનતા હવે વધુ મહિલાઓ અને યુવા વર્ગ ટુ-વ્હીલરથી કાર તરફ શિફ્ટ થઈ રહ્યા હોવાનું નિષ્ણાતોએ જણાવ્યું હતું.

# રાજકોટમાં ડોક્ટરને હનીટ્રેપમાં ફસાવી બ્લેકમેઈલ કરતી કથિત પત્રકારોની ટોળકી વિરુદ્ધ ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં પત્રકારત્વના નામે તોડબાજી કરતી એક મોટી ગેંગનો પર્દાફાશ થયો હતો, જેમાં સાયબર ક્રાઈમ પોલીસે વિવિધ અખબારોના માલિકો, તંત્રીઓ અને રિપોર્ટરો સહિત કુલ ૧૨ વ્યક્તિઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ ચકચારી બનાવમાં સાધુવાસવાણી રોડ પર આવેલા ગૌતમ ક્લિનિકના ડો. કમલ નાંઢાએ પોતાના જ વ્યવસાયના એક ડોક્ટર મિત્રને ફસાવવા માટે ક્લિનિકના બલ્બમાં હિડન કેમેરો લગાવી દીધો હતો.

તપાસમાં ખૂલ્યું હતું કે, આરોપી ડોક્ટર તે ક્લિનિકમાં કામ કરતી એક મહિલા પ્રત્યે આકર્ષિત હતો અને શંકાના આધારે તેણે આ કૃત્ય આચર્યું હતું. વર્ષ ૨૦૨૩ થી ૨૦૨૪ દરમિયાન આ કેમેરામાં અંદાજે ૩૦૦૦ થી ૪૦૦૦ જેટલી વીડિયો ક્લિપ્સ રેકોર્ડ થઈ હોવાનું પોલીસ અનુમાન લગાવી રહી છે.

ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ક્રાઈમ) જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, આરોપી ડો. કમલ નાંઢાએ ક્લિનિકની ખાનગી પળો અને દર્દીઓની તપાસના વીડિયો રેકોર્ડ કર્યા બાદ તેને કેટલાક સ્થાનિક મીડિયાકર્મીઓ સાથે શેર કર્યા હતા.

આ વીડિયોના આધારે ટોળકીએ ફરિયાદી ડોક્ટર પાસે રૂ. ૨૫ લાખની ખંડણી માગી બ્લેકમેઇલ કરવાનું શરૂ કર્યું હતું. બદનામીના ડરે ફરિયાદીએ અગાઉ રૂ. ૫૦,૦૦૦ ચૂકવી દીધા હતા, પરંતુ સતત માનસિક ત્રાસ અને હેરાનગતિ વધતા આખરે તેમણે પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે પુરાવાઓની પ્રાથમિક ચકાસણી કર્યા બાદ આ ગુનાહિત ટોળકી વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરી હતી.

આ કેસમાં પોલીસે ડો. નાંઢા ઉપરાંત 'સત્યની ગર્જના'ના હિરેન મકવાણા, અજય ચુડાસમા, હાર્દિક ડોડિયા, 'રાજકોટ હેડલાઇન્સ'ના જગદીશ તેરૈયા, 'ભારત ટાઇમ્સ'ના જીગર સોઢા, ઘનશ્યામસિંહ અને જતીન નથવાણી તેમજ સ્વાતિ નથવાણી, અમિત ઠક્કર અને 'બી વન ન્યૂઝ'ના ભરતભાઈ સહિત ૧૨ શખ્સો સામે ગુનો નોંધ્યો હતો. સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# પાટણના ચાણસ્મામાં વિવાદિત ફાર્મ હાઉસ પર બીજા દિવસે પણ બુલડોઝર કાર્યવાહી યથાવત્

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકામાં મંદિરના દાનના વિવાદ બાદ ફાર્મહાઉસ પર હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાખોરોને જોઇને પોલીસ પણ નાસી છૂટી હોવાનું સીસીટીવી ફૂટેજમાં ફૂટ્યું હતું. ત્યારે જે ફાર્મ હાઉસ પર હુમલો થયો હતો તે ગૌચરની જમીન પર જ બનાવી દેવામાં આવ્યું હોવાનું ખૂલતાં તંત્રએ કાર્યવાહી કરીને બુલડોઝર ચલાવ્યું હતું. તે કાર્યવાહી બીજા દિવસે પણ યથાવત રહી હતી. વિવાદિત ફાર્મ હાઉસ બાદ અન્ય બાંધકામો પણ પાડી દેવામાં આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે ફાર્મ હાઉસના માલિક ભાવેશ દેસાઇનો ગુનાહિત ઇતિહાસ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું, ભાવેશ દેસાઇ પર ગુજસીટોક સહિતના ગુનાઓ નોંધાયેલા હોવાનું પ્રકાશમાં આવ્યું હતું.

આ ઘટનાના સીસીટીવી ફૂટેજમાં હુમલાખોરો તલવારો અને લાકડીઓ સાથે મિલકતને નુકસાન પહોંચાડતા કેદ થયા હતા. આ ઘટનામાં જહુ શંકર ઠાકોર મુખ્ય કાવતરાખોર હોવાનું બહાર આવ્યું હતું, જ્યારે જીતુભા અને દલપુજી જેવા નામો પણ પ્રકાશમાં આવ્યા હતા. સમગ્ર પ્રકરણમાં ફરજમાં બેદરકારી બદલ પીઆઈ સહિત અન્ય સ્ટાફ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. પોલીસે આ મામલે કાર્યવાહી કરી ૧૮ આરોપીઓની ધરપકડ કરી હતી. આ મામલે બે અલગ-અલગ ફરિયાદ નોંધવામાં આવી હતી અને કોર્ટે આરોપીઓને ૨૩ માર્ચ સુધી પોલીસ રિમાન્ડ પર મોકલી દીધા હતા.

આ મામલે પોલીસે પકડાયેલા આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢ્યું હતું, જ્યાં તેઓને ઉઠબેસ કરાવી લાકડીઓ વડે ફટકારવામાં આવ્યા હતા. આરોપીઓએ જાહેરમાં હાથ જોડીને માફી માગી હતી અને ત્યાર બાદ તેઓને ગુનાના સ્થળે રિકન્સ્ટ્રક્શન માટે ફાર્મહાઉસ લઈ જવામાં આવ્યા હતા.

# બોટાદના બરવાળામાં ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટમાં એક શ્રમિકનું મોત, માલિક સહિત બે ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બોટાદ જિલ્લાના બરવાળાના બેલા અને ટીંબલા ગામની સીમમાં આવેલી એક ફટાકડા બનાવતી ફેક્ટરીમાં વિસ્ફોટ સાથે ભીષણ આગ ફાટી નીકળી હતી. ફટાકડા બનાવવા માટેના વિસ્ફોટક કાચા માલના સંગ્રહવાળા રૂમમાં અચાનક આગ ભભૂકી ઉઠતા થયેલો બ્લાસ્ટ એટલો ભયાનક હતો કે ફેક્ટરીના પતરા ૧૦૦ મીટર દૂર જઈ પડ્યા હતા. આ દુર્ઘટનામાં ત્યાં કામ કરી રહેલા શ્રમિક હાર્દિક સોલંકીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે બ્લાસ્ટની તીવ્રતાને કારણે ઈજાગ્રસ્તોના શરીરના અંગો બાજુના ખેતરોમાં જઈ પડ્યા હતા.

આ દુર્ઘટનામાં ફેક્ટરીના માલિક ભુપતભાઈ વ્યાસ અને અન્ય એક શ્રમિક જયદિપ સાથળા ગંભીર રીતે દાઝી જતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ ૧૦૮ની ટીમ દ્વારા બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક બોટાદની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં માલિકની હાલત વધુ નાજુક જણાતા તેમને વધુ સારવાર અર્થે ભાવનગર રિફર કરવામાં આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# માછીમારી બોટના ડીઝલ ભાવમાં ભારત પેટ્રોલિયમ દ્વારા કરાયેલો ₹ ૨૨.૪૩નો વધારો પાછો ખેંચાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના દરિયાકાંઠે વસતા માછીમાર ભાઈઓના આર્થિક હિતોના રક્ષણ માટે માછીમારી બોટના ડીઝલનો ભાવ વધારો કેન્દ્ર સરકાર દ્વારા પાછો લેવામાં આવ્યો છે.

ગુજરાત સરકારના મત્સ્ય સંઘ -જીએફસીસીએ દ્વારા માછીમારોને ડિસ્કાઉન્ટ ભાવે ડીઝલ મળી રહે તે માટે ભારત પેટ્રોલિયમ બીપીસીએલ સાથે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી હતી. જોકે, તાજેતરમાં ભારત પેટ્રોલિયમ દ્વારા માછીમારો માટેના ડીઝલના ભાવમાં લિટર દીઠ રૂ. ૨૨.૪૩ નો વધારો કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ ભારપૂર્વક રજૂઆત કરી હતી કે, જે રીતે રાજ્ય માર્ગ પરિવહન નિગમને ભાવ વધારામાંથી મુક્તિ આપવામાં આવી છે, તે જ રીતે મત્સ્યોદ્યોગ ક્ષેત્રને પણ 'સ્પેશિયલ એક્સેપ્શન' ગણીને રાહત આપવી જોઈએ. માછીમારોને 'કન્ઝ્યુમર સેગમેન્ટ'ને બદલે રિટેલ ગ્રાહકોની સમકક્ષ ગણવાનો આગ્રહ કર્યો હતો.

અંતે કેન્દ્ર સરકારે ગુજરાતના માછીમારોની આ વાજબી રજૂઆતને સ્વીકારી હતી. જેના પરિણામે, કેન્દ્ર સરકારે ભારત પેટ્રોલિયમને માછીમારોની બોટમાં વપરાતા ડીઝલના ભાવમાં કરાયેલો રૂ. ૨૨.૪૩નો વધારો પાછો ખેંચવા સ્પષ્ટ સૂચના આપી હતી. જેથી રાજ્યના માછીમારોને હવે અગાઉ નક્કી થયેલા રાહત દરે જ ડીઝલ પ્રાપ્ત થશે.

# સુરત એરપોર્ટ પરથી ૧.૯૦ કરોડનો હાઈડ્રોપોનિક ગાંજો ઝડપાયો, ત્રણની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં નશાકારક દ્રવ્યોની તસ્કરી ચિંતાજનક રીતે વધી છે. અમદાવાદ અને સુરત એરપોર્ટ ડ્રગ્સ માફિયાઓ માટે સોફ્ટ ટાર્ગેટ બન્યા છે. સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ પરથી કરોડોની કિંમતનું ડ્રગ્સ મળી આવ્યું હતું. બેંગકોકથી આવેલી એર ઇન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટમાં એર ઇન્ટેલિજન્સ યુનિટ એઆઇયુ એ તપાસ હાથ ધરતા એરક્રાફ્ટની સીટ પાછળ છુપાવવામાં આવેલા હાઈડ્રોપોનિક (હાઈબ્રિડ) ગાંજાના પેકેટો જોઈને અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. આ ઘટનાએ સુરત એરપોર્ટની સુરક્ષા વ્યવસ્થા અને આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલતા ડ્રગ્સ નેટવર્ક પર અનેક ગંભીર સવાલો ઊભા કર્યા છે. સુરત એરપોર્ટ પર ૭ દિવસમાં બીજીવાર કરોડોનો ગાંજો ઝડપાયો છે.

કસ્ટમ વિભાગના જણાવ્યા અનુસાર, વિમાનમાં ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન સીટ નંબર ૨૮એ, ૨૮બી, ૨૮ઈ અને ૨૮એફ ના બેકરેસ્ટમાંથી બ્રાઉન ટેપથી વીંટાળેલા સાત વેક્યૂમ પેક્ડ પોલિથિન પેકેટો મળી આવ્યા હતા. આ પેકેટોમાં કુલ ૧૯૭૨.૨૦ ગ્રામ હાઈડ્રોપોનિક ગાંજો ભરવામાં આવ્યો હતો. ઉચ્ચ ગુણવત્તાવાળા આ ડ્રગ્સની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત અંદાજે ૧.૯૦ કરોડ આંકવામાં આવી રહી છે.

# અમદાવાદ સિવિલ હોસ્પિટલ લિકર પરમિટ કૌભાંડ, પાંચ કર્મચારીને પાણીચું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં સિવિલ હોસ્પિટલમાં દારૂની પરમિટના કૌભાંડનો પર્દાફાશ થયો હતો. પરમિટના નામે આચરવામાં આવેલા આર્થિક કૌભાંડ મામલે આરોગ્ય વિભાગે આકરૂ વલણ અખત્યાર કરતા તાત્કાલિક અસરથી પાંચ કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા હતા. જેમાં ચાર આઉટસોર્સિંગ કર્મચારીઓને ફરજ પરથી બરતરફ કરવામાં આવ્યા હતા, જ્યારે એક કાયમી સરકારી ક્લાર્કને સસ્પેન્ડ કરવાની સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી. અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલમાં લિકર પરમિટના વિભાગમાં ફરજ બજાવતા સિનિયર ક્લાર્ક અને આઉટસોર્સિંગના કર્મચારીઓ દ્વારા પૈસા ઓનલાઈન ખાતામાં જમા કરાવવાની જગ્યાએ રોકડ રકમમાં લઈને અંગત લાભ માટે વાપરી નાખ્યા હતા. સવા ત્રણ મહિનામાં ૯ લિકર પરમિટધારકોના પરમિટની યુઝર ફી કુલ રૂ. ૧.૮૦ લાખ લઈ લીધી હોવાનું બહાર આવ્યું હતું. સિવિલ હોસ્પિટલના લિકર પરમિટ વિભાગના ઇન્ચાર્જ ડોક્ટર દ્વારા સમગ્ર મામલે શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા શાહીબાગ પોલીસે આ મામલે ત્રણ આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

# મુંબઈ સમાચાર આયોજિત


# માતૃભાષા ભાગવત સપ્તાહ

**૨ એપ્રિલથી ૮ એપ્રિલ**



| અનંત શ્રી વિભૂષિત પશ્ચિમામ્નાય દ્વારકાશારદાપીઠાધીશ્વર જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ | વૈષ્ણવ હૃદયસમ્રાટ વૈષ્ણવાચાર્યશ્રી ૧૦૮ યદુનાથજી મહોદયશ્રી (કડી–અમદાવાદ) | રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજસાહેબનું |
|---|---|---|

**માર્ગદર્શન**



## પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી

Supported by:

adani

## સનાતન નગરી:

સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલ, (ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ) બોરીવલી (પશ્ચિમ)

**ભાગવત કથા:** બપોરે ૩.૩૦થી ૬.૩૦

**પ્રસાદ:** સાંજે ૬.૩૦ વાગ્યાથી ૭.૩૦ વાગ્યા સુધી

**માતૃભાષા મહોત્સવ અને સાંસ્કૃતિક કાર્યક્રમો:** રાત્રે ૭.૩૦થી ૧૦.૦૦



SKYLINE INFRA FORGE

**શ્રી સૌરભ મહેતા**

(મુખ્ય મનોરથી)

મહાનગરમાં વ્રજનો લય

સંપૂર્ણ મુંબઈ કૃષ્ણમય

તમામ માતૃભાષાનો જય



gandhar Group of Companies

**શ્રી રમેશભાઈ પારેખ**

(સહ મનોરથી)

★ તમામ દર્શનાર્થીઓ માટે પ્રસાદની વ્યવસ્થા

★ ૨ લાખ સ્કે. ફૂટના એરકન્ડિશન્ડ ડોમમાં ભાગવત કથા

★ પોથીના મનોરથીઓને વિશેષ પ્રસાદ અને ભાગવત શ્રવણની વ્યવસ્થા

૨૦૪ વર્ષની યુવાવયના એશિયાના સૌથી જૂના અખબાર 'મુંબઈ સમાચાર'ની અલૌકિક-અદ્‌ભુત પહેલ

**મુંબઈ શહેરમાં જીવતી- જાગતી માતૃભાષાઓનું રક્ષણ અને સંવર્ધન**

માતૃભાષાનો આ મહાયજ્ઞ માતૃભાષાના એ સૈનિકો માટે છે જેમણે સમગ્ર જીવન દરમિયાન ભારતની વિવિધ માતૃભાષાની સેવા કરી છે અને હવે આપણી જવાબદારી છે કે એ સૈનિકોની પાછલી જિંદગીની તકેદારી આપણે રાખીએ - સથવારો પૂરો પાડીએ. આ સમગ્ર મહાકુંભનું જે ઉપાર્જન થશે એ ભારતની માતૃભાષાઓના વીર સાહિત્યકારો માનભેર જીવન જીવી શકે એ માટે વપરાશે.

માતૃભાષાના સેનાનીઓના ઋણ-સ્વીકારનો આ અવસર છે, પછી એ ગુજરાતી હોય, મરાઠી હોય, બંગાળી હોય કે પછી હોય અન્ય કોઈ માતૃભાષાનો સૈનિક. ભાષાકર્મી છે આપણી ભાષાને સમૃદ્ધ કરવાનો પાયો. ભાષા અને સંસ્કૃતિના એ પાયા સાથે આપણે ઊભા છીએ એ દાખવવાનો આ પ્રયત્ન છે. સૌના સહકારની અપેક્ષા સાથે.

DANUBE PROPERTIES DUBAI

Real Estate Partners:

### દરરોજના કાર્યક્રમ



- દિપ્તી ભાગવત
- સંજીવની ભેલાંડે
- અજીત પરબ
- નચિકેત દેસાઈ
- પલ્લવી કેળકર
- અને હેમંત બર્વે

**તા. ૨** માતૃભાષા માનવંદના: મરાઠી સંગીત સંધ્યા



**તા. ૩** પદ્મશ્રી કૈલાસ ખેરનો 'કૈલાસા' કોન્સર્ટ અને કૈલાસા લાઈવ



**તા. ૪** ગીતા રબારીનો સંગીત જલસો



**તા. ૭** કીર્તિદાન ગઢવીનો ડાયરો

★ શ્રી પોથીજી ★ ઝાંખી ★ ઉત્સવ ★ સેવા ★ મનોરથ

દૈનિક બ્રહ્મ ભોજન

દૈનિક ફળ સેવા

દૈનિક ફૂલહાર સેવા

દૈનિક સ્ટેજ ડેકોરેશન

**ઉત્સવ, મનોરથ, ઝાંખી અને અન્ય સેવાઓ માટે**

**સંપર્ક:**

વિપુલ પારેખ ૯૩૨૨૫૦૫૦૩૦

યોગેશ પંડ્યા ૭૭૧૦૮૧૬૩૪૦

કિશોર જાની ૯૮૧૯૯૧૦૦૩૯

## આયોજક

## મુંબઈ સમાચાર પ્રેરિત માતૃભાષા પ્રતિષ્ઠાન

★ શ્રી નીલેશ દવે

| | | | | |
|---|---|---|---|---|
| ★ શ્રી પરાગ શાહ | ★ શ્રી સંતોષ સિંહ | ★ શ્રી મુકેશ પટેલ | ★ શ્રી રાજુ સાવલા | ★ શ્રી અરવિંદ શાહ |
| ★ શ્રી જિજ્ઞેશ ભુતા | ★ શ્રી જસ્મીન શાહ | ★ શ્રી જિતેન્દ્ર મહેતા | ★ શ્રી જગદીશ ઓઝા | ★ શ્રી ભાર્ગવ પટેલ |
| ★ શ્રી નિરવ મહેતા | ★ શ્રી જિજ્ઞેશ હિરાણી | ★ શ્રી શોભિત દેસાઈ | ★ શ્રી મિલન ત્રિવેદી (રાજકોટ) | ★ શ્રી દુષ્યંત સોની (દુબઈ) |

વિશેષ આભાર: ★ શ્રી સંજય ઉપાધ્યાય ★ શ્રી અસીત કુમાર મોદી ★ શ્રી જે. ડી. મજેઠિયા ★ શ્રી સંજય છેલ ★ શ્રી મુકેશ મહેતા ★ શ્રી ભૂપેન્દ્ર મહેતા ★ શ્રી વિપુલ પારેખ ★ શ્રી વિરલ ચિતલિયા ★ શ્રીમતી માધવી ભુતા

AJMERA BUILT ON TRUST · MICL LIVE BETTER · Showglitz Events & Entertainment Private Limited · HEM AGARBATTI · MUNJAL · hitech events & exhibition · મા તુમ્હા વંદના · dks ARVINDBHAI KHATRI SONS · BRIGHT OUTDOOR MEDIA LIMITED · Neela Film Productions · NATUREPURE Wellness Pvt. Ltd. · WellPure | Keshasvi · APAR ADVERTISERS PRIVATE LIMITED · NEELKANTH Building Trust Since 1938 Formerly known as: Velji Harkha Patel & Sons. · SURBHI GROUP Redefining Urban Lifestyle Contact - +91 98218 85998/ · SILVER BUILDING LANDMARKS SINCE 1986

# ધોનીએ બૅટ પર ઑટોગ્રાફ આપ્યો, પણ સૅમસનને ચોખ્ખી ના પાડી દીધી! તેણે આવું કર્યું, કારણકે...

ચેન્નઈ: ભારતનો સ્ટાર ઓપનિંગ બૅટ્સમૅન તાજેતરમાં ભારતને ટી-૨૦ વર્લ્ડ કપની ટ્રોફી અપાવ્યા પછી હવે દેશને આ ફૉર્મેટનું સૌપ્રથમ ટાઇટલ અપાવનાર ક્રિકેટ-લેજન્ડ મહેન્દ્રસિંહ ધોની સાથે બે મહિના આઇપીએલની મોજ તો માણશે જ તેમ જ તેની સાથે ડ્રેસિંગ-રૂમ શૅર કરીને તેની પાસેથી ઘણું નવું શીખશે પણ ખરો, પરંતુ એ પહેલાં જ સૅમસને ધોનીને એવું સન્માન આપ્યું છે જે બદલ અસંખ્ય ક્રિકેટચાહકોએ સોશ્યલ મીડિયામાં સૅમસનને બિરદાવ્યો છે.



સૅમસન હવે રાજસ્થાન રૉયલ્સ (આરઆર)ની ટીમમાં નહીં, પણ ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)માં આવી ગયો છે. સીએસકેની ટીમે ૨૮મી માર્ચે શરૂ થનારી આઇપીએલની ૧૯મી સીઝન માટે પ્રૅક્ટિસ શરૂ કરી દીધી છે અને શનિવારે એવા જ એક પ્રૅક્ટિસ સેશનના દિવસે સૅમસને મહાન ખેલાડી ધોનીની કદર કરતો એક અભિગમ અપનાવ્યો હતો.

એક ઇવેન્ટમાં એમએસ ધોનીએ એક બૅટ પર ઑટોગ્રાફ આપ્યો ત્યાર બાદ ઇવેન્ટના આયોજકોએ સૅમસનને પણ ઑટોગ્રાફ માટે વિનંતી કરી હતી. જોકે સૅમસને વિનમ્રતાથી ના પાડી દીધી હતી. સૅમસનનો ઇરાદો એવો હતો કે એ બૅટ પર સીએસકેના લેજન્ડનો એકલાનો જ ઑટોગ્રાફ શોભે. જોકે પછીથી ધોનીએ એ બૅટ પર સૅમસનનો ઑટોગ્રાફ અપાવ્યો હતો. સૅમસને કચવાતા મનથી ઑટોગ્રાફ આપ્યો હતો અને એ બૅટ પર ધોની સાથે પોતાનો પણ ઑટોગ્રાફ હોવા બદલ ગૌરવ અનુભવ્યું હતું.

સૅમસને તાજેતરમાં જ કહ્યું હતું કે તે ધોની સાથે સીએસકે વતી રમીને તેમ જ ડ્રેસિંગ-રૂમમાં તેની પાસેથી ઘણું નવું શીખશે. ■

# પ્રીમિયર લીગમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન લિવરપુલની સતત ત્રીજી મૅચ જીત્યા વિનાની

લંડન: ફૂટબૉલની ઇંગ્લિશ પ્રીમિયર લીગ (ઇપીએલ)માં ડિફેન્ડિંગ ચૅમ્પિયન લિવરપુલની ટીમ સતત ત્રીજી મૅચમાં વિજયથી વંચિત રહી છે જેને લીધે આ ટીમ ચૅમ્પિયન્સ લીગમાં ક્વૉલિફાય થવાની તક કદાચ ગુમાવી બેસે એવી એની હાલત છે. શનિવારે બ્રાઇટન સામે લિવરપુલનો ૧-૨થી પરાજય થયો હતો. બ્રાઇટન વતી બન્ને ગોલ ડૅની વેલબેકે અનુક્રમે ૧૪ અને ૫૬મી મિનિટમાં કર્યા હતા. લિવરપુલનો એકમાત્ર ગોલ મિલૉસ કેર્કેઝે ૩૦મી મિનિટમાં નોંધાવ્યો હતો. જોકે એને છેલ્લી ત્રણ મૅચમાં માત્ર એક પૉઇન્ટ મળ્યો હતો અને હાલમાં પૉઇન્ટ્સ ટેબલમાં પાંચમા સ્થાને છે. ચેલ્સી છઠ્ઠા ક્રમે છે, પણ લિવરપુલથી એક જ પૉઇન્ટ દૂર છે. આ લિસ્ટમાં ટોચની પાંચ ટીમને ચૅમ્પિયન્સ લીગમાં જવા મળે છે. ■

# કેકેઆરની બોલિંગ ફોજમાં બીજું ગાબડું

## ▶ હર્ષિત રાણા પછી હવે આકાશ દીપ પણ આઈપીએલની બહાર

કોલકાતા: ત્રણ ટાઇટલ જીતી ચૂકેલા કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)ની ટીમ ઈજાગ્રસ્ત પેસ બોલર હર્ષિત રાણાની બાદબાકીના આઘાતમાંથી હજી બહાર નથી આવી ત્યાં આ ટીમને અને એના અસંખ્ય ચાહકોને ઝટકો આપે એવા સમાચાર મળ્યા છે.

સીમ બોલર આકાશ દીપ પીઠના અસહ્ય દુખાવાને કારણે આઇપીએલ-૨૦૨૬ની બહાર થઈ ગયો છે. કેકેઆરે શ્રીલંકાના પેસ બોલર મથીશા પથિરાનાને ૧૮ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે, પરંતુ તે ઈજાને લીધે શરૂઆતની અમુક મૅચો નહીં રમે એટલે ટીમને એની પણ ખોટ વર્તાશે.






૨૯ વર્ષનો રાઇટ-આર્મ બોલર આકાશ દીપ છેલ્લે રણજી ટ્રોફીમાં જમ્મુ-કાશ્મીરની સેમિ ફાઇનલમાં રમ્યો હતો. ત્યારે જ તે પૂરી ફિટનેસમાં નહોતો જણાતો. એ મહત્ત્વની મૅચમાં તેણે પ્રથમ દાવમાં ૧૩ ઓવર અને બીજી ઇનિંગ્સમાં માંડ સાત ઓવર બોલિંગ કરી હતી. ડૉક્ટરે તેને લગભગ આઠ અઠવાડિયા આરામ કરવાની સલાહ આપી હોવાથી તે આઇપીએલ બાદ જૂનમાં અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટમાં પણ કદાચ નહીં રમે.

હર્ષિત રાણા અને આકાશ દીપ આખી આઇપીએલમાં નહીં રમે એટલે અજિંક્ય રહાણેની ટીમે વૈભવ અરોરા, કાર્તિક ત્યાગી અને ઉમરાન મલિક પર વધુ મદાર રાખવો પડશે. જોકે બાંગ્લાદેશના પેસ બોલર મુસ્તફિઝુર રહમાનને કેકેઆરે તાજેતરના ટી-૨૦ વર્લ્ડ કપ પહેલાં જ ટીમમાંથી બહાર કરી દેવો પડ્યો હોવાથી વિદેશી ફાસ્ટ બોલરની પણ ટીમને ખોટ વર્તાશે. એ ખોટ ભરવા કેકેઆરના ફ્રેન્ચાઇઝીએ ઝિમ્બાબ્વેના પેસ બોલર બ્લેસિંગ મુઝરબાનીને સ્કવૉડમાં સમાવ્યો છે. કેકેઆરના ટીમ મૅનેજમેન્ટ અને કોચિંગ સ્ટાફે ઈજાગ્રસ્ત બોલર્સનું સ્થાન ભરવા તાજેતરમાં પેસ બોલર્સ આકાશ મઢવાલ, નવદીપ સૈની, સિમરનજિત સિંહ, કેએમ આસિફ અને સંદીપ વૉરિયરની ટ્રાયલ રાખી હતી. ■

# કોહલીની આરસીબીના ખેલાડીઓને સાફ શબ્દોમાં સૂચના

## ▶ 'પ્રૅક્ટિસ સેશનમાં આપણે એક મિનિટનો સમય પણ બરબાદ નહીં કરીએ'



બેંગ્લૂરુનું એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ

બેંગ્લૂરુ: ૨૦૨૫ની ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં પહેલી જ વખત ટાઇટલ જીતનાર રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ (આરસીબી)નો પીઢ ખેલાડી વિરાટ કોહલી સતત બીજું ટાઇટલ જીતવા માટે પ્રતિબદ્ધ છે અને સાથી ખેલાડીઓને પણ જોશ અપાવવાની તેણે શરૂઆત કરી દીધી છે જેમાં તેણે સાથીઓને કહ્યું છે કે 'દિલોદિમાગથી પ્રૅક્ટિસ કરજો. આપણે દરેક પ્રૅક્ટિસ સેશનમાં એક મિનિટ પણ બરબાદ નહીં કરીએ.'



આરસીબીએ ગયા વર્ષે અમદાવાદમાં પહેલી વાર આઈપીએલની ટ્રોફી જીતી લીધી ત્યારે ટીમના ભૂતપૂર્વ સુકાની વિરાટ કોહલીએ પત્ની અનુષ્કા સાથે સેલિબ્રેશન કર્યું હતું.

૨૦૨૫ની ત્રીજી જૂને અમદાવાદમાં આઇપીએલની ૧૮મી સીઝનની ફાઇનલમાં રજત પાટીદારના સુકાનમાં બેંગ્લૂરુએ પંજાબને છ રનથી હરાવીને પહેલી વખત ચૅમ્પિયનપદ મેળવ્યું હતું. ત્યાર બાદ બીજા દિવસે બેંગ્લૂરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર આરસીબીના સેલિબ્રેશનમાં સહભાગી થવા હજારો લોકોની ભીડ જામી હતી અને એમાં ભાગદોડ થતાં ૧૧ જણના જીવ ગયા હતા અને ૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. જોકે એ આઘાતજનક ઘટના બાદ એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ઘણા મહિનાઓ સુધી બંધ રાખવામાં આવ્યું હતું અને ફરી ખૂલ્લું મૂકવામાં આવી રહ્યું છે જ્યાં શનિવાર, ૨૮મી માર્ચે બેંગ્લૂર અને હૈદરાબાદ વચ્ચેની પ્રથમ મૅચ આ સ્ટેડિયમમાં જ રમાવાની છે.

કોહલીએ આરસીબીના ખેલાડીઓને આરસીબીના પ્રથમ પ્રૅક્ટિસ સેશન દરમ્યાન કહ્યું, 'આપણે ગયા વર્ષે જે હાંસલ કર્યું એ માટે આપણે છેલ્લી બે-ત્રણ સીઝન બહુ મહેનત કરી હતી અને હવે અન્ય ટીમો આપણી સામે વધુ તાકાતથી રમશે એટલે સ્થિતિ આપણા માટે વધુ કઠિન બની જશે એટલે પ્રૅક્ટિસમાં તનતોડ મહેનત કરવા માંડો.'

ઝિમ્બાબ્વેનો ક્રિકેટ-લેજન્ડ ઍન્ડી ફ્લાવર આરસીબીનો હેડ-કોચ છે. આરસીબીએ વેન્કટેશ ઐયર, મંગેશ યાદવ, જોર્ડન કૉક્સ, વિકી ઓસ્તવાલ અને સાત્વિક દેશવાલ જેવા ખેલાડીઓને આ વખતે સ્ક્વૉડમાં સમાવ્યા છે.

રજત પાટીદાર આરસીબીનો સુકાની છે. કોહલી ટીમનો મુખ્ય ખેલાડી ઉપરાંત માર્ગદર્શક પણ છે. તેણે ખેલાડીઓને વધુમાં કહ્યું, 'આપણે ટૂર્નામેન્ટના આરંભ પહેલાંની પ્રૅક્ટિસ માટેના આ દિવસોમાં એક મિનિટ પણ બરબાદ નથી કરવાની. આવનારા બે-અઢી મહિના આપણે ૧૨૦ ટકા ક્ષમતાથી પર્ફોર્મ કરવાનું છે.' ■

# લખનઊની ટીમનો કૅપ્ટન પંત, માલિક ગોયેન્કા અને ખેલાડીઓ રામમંદિરની મુલાકાતે

અયોધ્યા: લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)ની ટીમે ૨૮મી માર્ચે શરૂ થનારી આઇપીએલની નવી સીઝન પહેલાં આધ્યાત્મિક સફર કરી જેમાં તેમણે ભગવાન રામના આશીર્વાદ લેવા અયોધ્યાના ભવ્ય રામ જન્મભૂમિ ટેમ્પલની મુલાકાત લીધી હતી જ્યાં તેમણે પૂજા-અર્ચના વખતે હાજરી આપી હતી.



કૅપ્ટન રિષભ પંત તથા સાથી ખેલાડીઓ સાથે ટીમના માલિક સંજીવ ગોયેન્કા પણ હતા. 'એક્સ' પર એલએસજીના સત્તાવાર હૅન્ડલ પર લખવામાં આવ્યું હતું, 'ડૉ. સંજીવ ગોયેન્કાએ તેમની ટીમ એલએસજીના કૅપ્ટન રિષભ પંત તેમ જ ટીમના અન્ય મેમ્બર્સ સાથે અયોધ્યામાં રામ જન્મભૂમિ મંદિરની મુલાકાત લીધી. જય શ્રી રામ.'

ગોયેન્કાએ મંદિરમાં દર્શન કરી લીધા બાદ એએનઆઇને જણાવ્યું, 'ભગવાન શ્રી રામની પ્રાર્થના ક્યારેય પર્યાપ્ત ન લાગે. મન થાય કે તેમની ભક્તિ કર્યા જ કરીએ. અમારી ટીમના ખેલાડીઓએ પણ શ્રી રામને પ્રાર્થના કરી. તેમના આશીર્વાદથી બધુ ઠીક થઈ જશે.'

લખનઊની પ્રથમ મૅચ પહેલી એપ્રિલે દિલ્હી કૅપિટલ્સ સામે રમાશે. ત્યાર પછી પાંચમી એપ્રિલે લખનઊનો મુકાબલો હૈદરાબાદ સામે, નવમી એપ્રિલે કોલકાતા સામે અને બારમી એપ્રિલે ગુજરાત સામે થશે. ■

# ન્યૂ ઝીલૅન્ડ આજે પહેલી વખત સાઉથ આફ્રિકા સામે સિરીઝ જીતશે?

વેલિંગ્ટન: ન્યૂ ઝીલૅન્ડ આઠમી માર્ચે અમદાવાદમાં ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત સામેની ફાઇનલ ન જીતી શક્યું અને પોતાના માટે નવા ઇતિહાસનું સર્જન ન કરી શક્યું, પણ આજે એને એક મોટી સિદ્ધિ મેળવવાની તક તો છે જ. ન્યૂ ઝીલૅન્ડ ક્યારેય સાઉથ આફ્રિકા સામે બે કે બે કરતાં વધુ ટી-૨૦ મૅચની સિરીઝ નથી જીતી શક્યું.

આજે (ભારતીય સમય મુજબ સવારે ૧૧.૪૫ વાગ્યાથી) વેલિંગ્ટનમાં ન્યૂ ઝીલૅન્ડ અને સાઉથ આફ્રિકા વચ્ચે સિરીઝની ચોથી ટી-૨૦ રમાશે. પહેલી ત્રણમાંથી બે મૅચ જીતીને કિવીઓ ૨-૧થી આગળ છે.

શુક્રવારે ઑકલૅન્ડમાં ન્યૂ ઝીલૅન્ડે સિરીઝની ત્રીજી ટી-૨૦ મૅચ બાવીસ બૉલ અને આઠ વિકેટ બાકી રાખીને જીતી લીધી હતી. કેશવ મહારાજના સુકાનમાં સાઉથ આફ્રિકાની ટીમ બૅટિંગ મળ્યા બાદ ૨૦ ઓવરમાં નવ વિકેટે માત્ર ૧૩૬ રન બનાવી શકી હતી. કૅપ્ટન મિચલ સૅન્ટનર, બેન સીઅર્સ અને કાઇલ જૅમીસને સૌથી વધુ બે-બે વિકેટ લીધી હતી. ન્યૂ ઝીલૅન્ડે જવાબમાં વિકેટકીપર-ઓપનર ટૉમ લેથમના અણનમ ૬૩ રન અને મંગળવારની બીજી મૅચના હીરો ડેવૉન કૉન્વેના ૩૯ રનની મદદથી ૧૬.૨ ઓવરમાં બે વિકેટે ૧૩૭ રન કરીને આસાન વિજય મેળવી લીધો હતો. કિવી પેસ બોલર લૉકી ફર્ગ્યુસને ચાર ઓવરમાં માત્ર નવ રનના ખર્ચે એક વિકેટ લીધી હતી અને એક કૅચ પણ ઝીલ્યો હતો. પહેલી ત્રણમાંથી બે વિકેટમાં ફર્ગ્યુસનની ભૂમિકા હતી. તેણે ઓપનર વિઆન મુલ્ડરની વિકેટ લીધી હતી અને બીજા ટૉની ડિઝૉર્ઝીનો કૅચ ઝીલ્યો હતો. ■

# જાણી લો, આઈપીએલ-૨૦૨૬ની ટીમોમાં કોણ-કોણ છે

મુંબઈ: ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ૨૦૨૬ની નવી સીઝનને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે આ લગભગ બે દાયકા જૂની આ ટૂર્નામેન્ટની ૧૦ ટીમ તૈયાર થઈ ગઈ છે, મોટા ભાગની ટીમોએ ફુલ સ્ક્વૉડ સાથે પ્રૅક્ટિસ શરૂ કરી દીધી છે અને ૨૮મી માર્ચે ટૂર્નામેન્ટ શરૂ થાય એની રાહ જોવાઈ રહી છે.

જૉશ હૅઝલવૂડ, પૅટ કમિન્સ તથા મિચલ સ્ટાર્ક, મથીશા પથિરાના સહિતના કેટલાક ખેલાડીઓ ઇજાને કારણે શરૂઆતમાં નહીં રમી શકે. અમુક પ્લેયર કદાચ આખી ટૂર્નામેન્ટ નહીં રમે.

આઈપીએલની નવી સીઝનની પ્રથમ મૅચ ૨૮મી માર્ચે બેંગ્લૂરુમાં રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ (આરસીબી) અને સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ) વચ્ચે રમાશે. તો ચાલો, તમામ ટીમોના સંપૂર્ણ સ્ક્વૉડ પર એક નજર કરીએ અને એ સાથે જ આ વખતે કયા ૧૦ ખેલાડી કઈ ટીમની કમાન સંભાળશે એ પણ જાણી લઈએ.

લગભગ દર વર્ષે ખેલાડીઓ ટીમ બદલે છે, તેથી સ્ક્વૉડ યાદ રાખવું મુશ્કેલ બને છે. અહીં અમે તમને તમામ ૧૦ ટીમોના સંપૂર્ણ સ્ક્વૉડ અને તેમના કૅપ્ટનોની માહિતી આપી રહ્યા છીએ:

### ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)

**કૅપ્ટન:** ઋતુરાજ ગાયકવાડ

**સંપૂર્ણ સ્ક્વૉડ:** એમએસ ધોની, ઋતુરાજ ગાયકવાડ, આયુષ મહાત્રે, સંજુ સૅમસન, ડેવાલ્ડ બ્રેવિસ, ઉર્વિલ પટેલ, શિવમ દુબે, જિમી ઑવર્ટન, રામક્રિષ્ન ઘોષ, નૂર અહમદ, ખલીલ અહમદ, અંશુલ કમ્બોજ, ગુરજપનીત સિંહ, શ્રેયસ ગોપાલ, મુકેશ ચૌધરી, અકીલ હોસૈન, પ્રશાંત વીર, કાર્તિક શર્મા, મેથ્યૂ શૉર્ટ, અમન ખાન, સરફરાઝ ખાન, મૅટ હેન્રી, રાહુલ ચાહર, ઝૅક ફૉક્સ.

### રાજસ્થાન રૉયલ્સ (આરઆર)

**કૅપ્ટન:** રિયાન પરાગ

**સંપૂર્ણ સ્ક્વૉડ:** રવીન્દ્ર જાડેજા, રિયાન પરાગ, વૈભવ સુર્યવંશી, સૅમ કરૅન, ડૉનોવાન ફરેરા, સંદીપ શર્મા, શુભમ દુબે, લુઆન-ડ્રે પ્રીટોરિયસ, શિમરૉન હેટમાયર, યશસ્વી જયસ્વાલ, ધ્રુવ જુરેલ, યુધવીર સિંહ ચરક, જોફ્રા આર્ચર, તુષાર દેશપાંડે, ક્વેના મફાકા, નૅન્ડ્રે બર્ગર, રવિ બિશ્નોઈ, સુશાંત મિશ્રા, યશ રાજ પુંજા, વિઘ્નેશ પુથુર, રવિ સિંહ, અમન રાવ, બ્રિજેશ શર્મા, કુલદીપ સેન, ઍડમ મિલ્ન.

### કોલકાતા નાઇટ રાઈડર્સ (કેકેઆર)

**કૅપ્ટન:** અજિંક્ય રહાણે

**સંપૂર્ણ સ્ક્વૉડ:** અજિંક્ય રહાણે, અંગક્રિશ રઘુવંશી, અનુકૂલ રૉય, મનીષ પાંડે, રમણદીપ સિંહ, રિંકુ સિંહ, રૉવમૅન પૉવેલ, સુનીલ નારાયણ, ઉમરાન મલિક, વૈભવ અરોરા, વરુણ ચક્રવર્તી, કૅમેરન ગ્રીન, ફિન ઍલન, મથીશા પથિરાના, તેજસ્વી સિંહ, કાર્તિક ત્યાગી, પ્રશાંત સોલંકી, રાહુલ ત્રિપાઠી, ટિમ સિફર્ટ, સાર્થક રંજન, દક્ષ કામરા, રચિન રવીન્દ્ર, બ્લેસિંગ મુઝરબાની.

### લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)

**કૅપ્ટન:** રિષભ પંત

**સંપૂર્ણ સ્ક્વૉડ:** રિષભ પંત, અબ્દુલ સમદ, આયુષ બદોની, એઇડન માર્કરમ, મેથ્યૂ બ્રિટ્ઝકે, હિમ્મત સિંહ, નિકોલસ પૂરન, મિચલ માર્શ, શાહબાઝ અહમદ, અર્શિન કુલકર્ણી, મયંક યાદવ, આવેશ ખાન, મોહસિન ખાન, મણિમારન સિદ્ધાર્થ, દિગ્વેશ રાઠી, પ્રિન્સ યાદવ, આકાશ સિંહ, મોહમ્મદ શમી, અર્જુન તેન્ડુલકર, વનિન્દુ હસરંગા, ઍન્રિક નૉર્કિયા, મુકુલ ચૌધરી, નમન તિવારી, અક્ષત રઘુવંશી, જૉશ ઇંગ્લિસ.

### દિલ્હી કેપિટલ્સ (ડીસી)

**કૅપ્ટન:** અક્ષર પટેલ

**સંપૂર્ણ સ્ક્વૉડ:** અક્ષર પટેલ, કેએલ રાહુલ, નીતીશ રાણા, પૃથ્વી શૉ, અભિષેક પોરેલ, અજય મંડલ, આશુતોષ શર્મા, દુશ્મંથા ચમીરા, કરુણ નાયર, કુલદીપ યાદવ, માધવ તિવારી, મિચલ સ્ટાર્ક, સમીર રિઝવી, ટી. નટરાજન, ત્રિપુરાના વિજય, ટ્રિસ્ટેન સ્ટબ્સ, વિપ્રજ નિગમ, ડેવિડ મિલર, બેન ડકેટ, ઑકિબ નબી, પથુમ નિસાન્કા, લુન્ગી એન્ગિડી, સાહિલ પરખ, કાઈલ જૅમીસન.

### ગુજરાત ટાઇટન્સ (જીટી)

**કૅપ્ટન:** શુભમન ગિલ

**સંપૂર્ણ સ્ક્વૉડ:** શુભમન ગિલ, સાઈ સુદર્શન, કુમાર કુશાગ્ર, અનુજ રાવત, જૉશ બટલર, નિશાંત સિંધુ, વૉશિંગ્ટન સુંદર, ગ્લેન ફિલિપ્સ, અર્શદ ખાન, એમ. શાહરુખ ખાન, રાહુલ તેવટિયા, કૅગિસો રબાડા, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ના, ઈશાંત શર્મા, ગુરનૂર સિંહ બ્રાર, રાશિદ ખાન, માનવ સુથાર, સાઈ કિશોર, જયંત યાદવ, અશોક શર્મા, જેસન હૉલ્ડર, ટૉમ બૅન્ટન, પૃથ્વી રાજ, લ્યૂક વુડ.

### સનરાઈઝર્સ હૈદરાબાદ (એસઆરએચ)

**કૅપ્ટન:** પૅટ કમિન્સ

**સંપૂર્ણ સ્ક્વૉડ:** પૅટ કમિન્સ, ટ્રેવિસ હેડ, અભિષેક શર્મા, અનિકેત વર્મા, રવિચંદ્રન સ્મરણ, ઈશાન કિશન, હિન્રિચ ક્લાસેન, નીતીશ કુમાર રેડ્ડી, હર્ષ દુબે, કામિન્દુ મેન્ડિસ, હર્ષલ પટેલ, બ્રાયડન કાર્સ, જયદેવ ઉનડકટ, ઈશાન મલિંગા, ઝીશાન અંસારી, શિવાંગ કુમાર, સલિલ અરોરા, સાકિબ હુસૈન, ઓન્કાર તરમાલે, અમિત કુમાર, પ્રફુલ્લ હિંગે, ક્રેન્સ ભાવેશભાઈ ફુલેત્રા, લિઆમ લિવિંગસ્ટન, શિવમ માવી.

### મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)

**કૅપ્ટન:** હાર્દિક પંડ્યા

**સંપૂર્ણ સ્ક્વૉડ:** હાર્દિક પંડ્યા, રોહિત શર્મા, સૂર્યકુમાર યાદવ, તિલક વર્મા, રાયન રિકલ્ટન, રોબિન મિન્ઝ, રાજ બાવા, રઘુ શર્મા, મિચલ સેન્ટનર, કૉર્બિન બોશ્ચ, નમન ધીર, જસપ્રીત બુમરાહ, ટ્રેન્ટ બૉલ્ટ, એ.એમ. ગઝનફર, અશ્વિની કુમાર, દીપક ચાહર, વિલ જૅક્સ, શેરફેન રુધરફર્ડ, મયંક માર્કન્ડે, શાર્દુલ ઠાકુર, ક્વિન્ટન ડિકૉક, દાનિશ માલેવાર, મોહમ્મદ ઇઝહાર, અથર્વ અંકોલેકર, મયંક રાવત.

### પંજાબ કિંગ્સ (પીબીકેએસ)

**કૅપ્ટન:** શ્રેયસ ઐયર

**સંપૂર્ણ સ્ક્વૉડ:** પ્રભસિમરન સિંહ, પ્રિયાંશ આર્ય, શ્રેયસ ઐયર, શશાંક સિંહ, નેહલ વઢેરા, માર્કસ સ્ટોઇનિસ, અજમતુલ્લા ઓમરઝાઈ, માર્કો યૅનસેન, હરપ્રીત બ્રાર, યુઝવેન્દ્ર ચહલ, અર્શદીપ સિંહ, મુશીર ખાન, પી. અવિનાશ, હર્નુર સિંહ પન્નૂ, સૂર્યાંશ શેડગે, મિચલ ઑવેન, ઝેવિયર બાર્ટલેટ, લૉકી ફર્ગ્યુસન, વૈશાક વિજયકુમાર, યશ ઠાકુર, વિષ્ણુ વિનોદ, કૂપર કૉનોલી, બેન ડ્વાર્શુઇસ, પ્રવીણ દુબે, વિશાલ નિષાદ.

### રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (આરસીબી)

**કૅપ્ટન:** રજત પાટીદાર

**સંપૂર્ણ સ્ક્વૉડ:** રજત પાટીદાર, વિરાટ કોહલી, દેવદત્ત પડિક્કલ, ફિલ સૉલ્ટ, જિતેશ શર્મા, કૃણાલ પંડ્યા, સ્વપ્નિલ સિંહ, ટિમ ડેવિડ, રૉમારિયો શેફર્ડ, જેકબ બેથેલ, જૉશ હૅઝલવુડ, યશ દયાલ, ભુવનેશ્વર કુમાર, નુવાન થુશારા, રસીખ સલામ, અભિનંદન સિંહ, સુયશ શર્મા, વેંકટેશ અય્યર, જેકબ ડફી, સાત્વિક દેશવાલ, મંગેશ યાદવ, જૉર્ડન કૉક્સ, વિકી ઓસ્તવાલ, વિહાન મલ્હોત્રા, કનિષ્ક ચૌહાણ. ■

# આઈપીએલના પાંચ ફાસ્ટેસ્ટ બૉલ કોના નામે છે જાણો છો? એમાં બુમરાહ, શમી, સિરાજ અને બૉલ્ટ નથી!

નવી દિલ્હી: અઠવાડિયા પછી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની નવી સીઝન શરૂ થશે અને એમાં બૅટિંગ ઉપરાંત બોલિંગના પણ નવા વિક્રમો જોવા મળશે એવી પાકી સંભાવના વચ્ચે આપણે જાણી લઈએ કે ૧૯ વર્ષ જૂની આ ટૂર્નામેન્ટના ઇતિહાસમાં સૌથી ઝડપે બૉલ ફેંકી ચૂકેલા પાંચ બોલર કોણ-કોણ છે.

નવાઈની વાત એ છે કે એમાં હાલના સૌથી લોકપ્રિય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ, મોહમ્મદ શમી, મોહમ્મદ સિરાજ કે ટ્રેન્ટ બૉલ્ટના નામ નથી. જોકે આ પાંચ નામમાં બે ભારતીય બોલર જરૂર સામેલ છે.

(૧) ઑસ્ટ્રેલિયાનો શૉન ટેઇટ ૨૦૧૧ની આઇપીએલમાં રાજસ્થાન રૉયલ્સની ટીમમાં હતો અને ત્યારે દિલ્હી ડેરડેવિલ્સ સામેની એક મૅચમાં તેણે (સ્પીડોમીટર મુજબ) એક બૉલ કલાકે ૧૫૭.૭૧ કિલોમીટરની ઝડપે ફેંક્યો હતો અને પંદર વર્ષ પછી પણ એ રેકૉર્ડ હજી તૂટી નથી શક્યો. આઇપીએલના ઇતિહાસનો એ ફાસ્ટેસ્ટ બૉલ છે.



શૉન ટેઇટ





ભારતનો ઉમરાન મલિક ત્રીજા નંબરે અને મયંક યાદવ ચોથા ક્રમે છે

(૨) ન્યૂ ઝીલૅન્ડના ફાસ્ટ બોલર લૉકી ફર્ગ્યુસનનો એક બૉલ આઇપીએલમાં સેકન્ડ ફાસ્ટેસ્ટ છે. ૨૦૨૨માં તે ગુજરાત ટાઇટન્સ ટીમમાં હતો અને તેણે રાજસ્થાન રૉયલ્સ સામેની એક મૅચમાં એક બૉલ કલાકે ૧૫૭.૩૦ કિલોમીટરની ઝડપે ફેંક્યો હતો. તેનો એ બૉલ ફાસ્ટેસ્ટ બોલના લિસ્ટમાં બીજા નંબરે છે.

(૩) જમ્મુ-કાશ્મીરનો યુવાન ફાસ્ટ બોલર ઉમરાન મલિક યાદ છેને? ૨૦૨૨ની આઇપીએલમાં તેણે ધમાલ મચાવી હતી. દિલ્હી કેપિટલ્સ સામેની એક મૅચમાં સનરાઇઝર્સ હૈદરાબાદના મલિકે એક બૉલ કલાકે ૧૫૭.૦૦ કિલોમીટરની ઝડપે ફેંક્યો હતો. તેને એ જ વર્ષમાં ભારત વતી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કરવા મળ્યું હતું. જોકે ૧૦ વન-ડે અને આઠ ટી-૨૦ રમ્યા બાદ એક જ વર્ષમાં તેની ઇન્ટરનૅશનલ કરીઅર થંભી ગઈ હતી. તેનો એ બૉલ ફાસ્ટેસ્ટ બોલના લિસ્ટમાં ત્રીજા ક્રમે છે.

(૪) દિલ્હીનો મયંક યાદવ હજી ૨૩ વર્ષનો જ છે. ૨૦૨૪ની આઇપીએલમાં તે છવાઈ ગયો હતો. વારંવાર ઈજાનો શિકાર થતો આ ફાસ્ટ બોલર એ સીઝનમાં લખનઊ સુપર જાયન્ટ્સની ટીમમાં હતો. ત્યારે તેણે રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ સામેની એક મૅચમાં એક બૉલ કલાકે ૧૫૬.૭૦ કિલોમીટરની ઝડપે ફેંક્યો હતો. એ જ વર્ષમાં તેણે ટીમ ઇન્ડિયામાં ડેબ્યૂ કર્યું હતું અને ત્રણ ટી-૨૦ રમ્યા પછી તેને ફરી ભારત વતી રમવા નથી મળ્યું. તેનો એ બૉલ આઇપીએલના ફાસ્ટેસ્ટ બોલના લિસ્ટમાં ચોથા સ્થાને છે.

(૫) સાઉથ આફ્રિકાના ઍન્રિક નોર્કિયાએ ૨૦૨૨ની આઇપીએલમાં દિલ્હી કૅપિટલ્સ વતી રાજસ્થાન રૉયલ્સ સામે રમેલી એક મૅચમાં એક બૉલ કલાકે ૧૫૬.૨૨ કિલોમીટરની ઝડપે ફેંક્યો હતો અને તેનો એ બૉલ આઇપીએલના ફાસ્ટેસ્ટ બૉલમાં પાંચમા નંબરે છે. ■

મુંબઈ સમાચાર ઉત્સવ રવિવાર
તા. ૨૨-૩-૨૦૨૬

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

# પ્રત્યેક પક્ષની તુષ્ટીકરણ નીતિ-રીતિ વિભિન્ન છે...

## ... અને આવા જ રાજકારણને લીધે 'યુનિફોર્મ સિવિલ કૉડ'ની સારી ભાવના હાસ્યાસ્પદ બની ગઈ છે અને બધા પક્ષ મૌન રહીને આ ખેલ જોઈ રહ્યા છે

ગુજરાત કેબિનેટે સમાન નાગરિક સંહિતા એટલે કે 'યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી); ને મંજૂરી આપી દીધી. ગુજરાત સરકાર ૨૫ માર્ચે વિધાનસભામાં સમાન નાગરિક સંહિતા, ૨૦૨૬ બિલ રજૂ કરવાની છે. વિધાનસભામાં ભાજપ પાસે જંગી બહુમતી છે એ જોતાં આ બિલ જંગી બહુમતીથી પસાર થશે તેમાં શંકા નથી. રાજ્યપાલ ભાજપના છે અને રાષ્ટ્રપતિ પણ ભાજપનાં છે એ જોતાં ગુજરાતમાં યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી)ના અમલ આડે કોઈ અવરોધ નથી. હા, સવાલ માત્ર સમયનો જ છે. અત્યારે દેશમાં ઉત્તરાખંડ વિધાનસભામાં યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) પસાર કરનારું એક માત્ર રાજ્ય છે ને બીજું કોઈ રાજ્ય યુસીસીના અમલની ઉતાવળમાં નથી તેથી ગુજરાત દેશમાં યુસીસીનો ખરડો પસાર કરનારુ બીજું અને યુસીસીનો અમલ કરનારું ત્રીજું રાજ્ય બની જશે એવું લાગે છે.

ઉત્તરાખંડ સિવાય અત્યારે ગોવામાં સમાન સિવિલ કોડનો અમલ થાય છે. ગોવાનો સમાન સિવિલ કોડ અગાઉના પોર્ટુગીઝ શાસનની દેન હતી તેથી ગોવા ભારતમાં ભળ્યું પછી યુસીસીનો કાયદો બન્યો નથી. ગોવામાં અગાઉના યુસીસીનો અમલ ચાલુ રહ્યો તેનું કારણ એ છે કે ત્યાં હિંદુઓ બહુમતીમાં છે અને ખ્રિસ્તીઓની વસતિ નોંધપાત્ર છે, જ્યારે મુસલમાનો નગણ્ય છે.

સમાન સિવિલ કોડનો વિરોધ મુસલમાનો કરે છે કેમ કે મુસ્લિમ પુરુષોને ચાર પત્ની રાખવાના અભરખા છે ને દીકરીઓને સંપત્તિમાં ભાગ નથી આપવો. હિંદુ તથા ખ્રિસ્તીઓ સમાન સિવિલ કોડના તરફદાર હોવાથી મુસ્લિમ તુષ્ટિકરણના ચેમ્પિયન કૉંગ્રેસની સરકાર હોવા છતાં ગોવામાં સમાન સિવિલ કોડ સામે હોહા ના થઈ. બાકી મુસ્લિમોની થોડીક પણ વસતિ હોત તો યુસીસી સામે ગણગણાટ થયો હોત ને કૉંગ્રેસ સરકારોએ મુસ્લિમોને રાજી રાખવા યુસીસી નાબૂદ કરી દીધો હોત. ઓછી મુસ્લિમ વસતિના કારણે ત્યાં યુસીસી ટકી ગયો.

ખેર, આપણે ગોવાની વાત બાજુ પર મૂકીએ ને ગુજરાતની વાત પર પરત આવીએ. ગુજરાત કેબિનેટે મંજૂર કરેલા યુસીસી બિલમાં તમામ જોગવાઈ ઉત્તરાખંડના કાયદા જેવી જ છે એ જોતાં ગુજરાતનું બિલ ઉત્તરાખંડના યુસીસીની ડીટ્ટો કોપી છે.

ઉત્તરાખંડની જેમ ગુજરાતના યુસીસીમાં પણ તમામ ધર્મનાં લોકો માટે લગ્ન, છૂટાછેડા, વારસાઈ, ખાધા-ખોરાકી અને દત્તક લેવાની બાબતોમાં એકસરખા નિયમો લાગુ પડશે. ભારતમાં અમલી મુસ્લિમ પર્સન લો મુસ્લિમ મહિલાઓ માટે અન્યાયકારક છે કેમ કે તેમાં મહિલાઓને સંપત્તિમાં હિસ્સો સહિતના અધિકાર નથી, જ્યારે હિંદુ, શીખ, ખ્રિસ્તી વગેરે અન્ય ધર્મની મહિલાઓને આ અધિકાર છે.

ગુજરાતના યુસીસીમાં મુસ્લિમ મહિલાઓને પણ બીજા ધર્મની મહિલાઓ માટેના કાયદા જ લાગુ પડશે તેથી આ અન્યાય દૂર થશે.

ગુજરાતના હિંદુ, શીખ, ખ્રિસ્તી, મુસ્લિમ સહિતના તમામ ધર્મનાં લોકો માટે લગ્ન અને લિવ-ઈન રીલેશનશિપ બંનેની નોંધણી ફરજિયાત કરવામાં આવી છે. લગ્ન જ નહીં, પણ લિવ-ઈન રીલેશનમાં પણ પોતાની ઓળખ કે ધર્મ છૂપાવનાર માટે ૧૦ વર્ષ, સુધીની જેલની સજા હોવાથી 'લવ જિહાદ' ને રોકવાની પણ જોગવાઈ છે. કોઈ પણ પુરુષ એક પત્ની હોવા છતાં બીજી પત્ની નહીં રાખી શકે ને ધર્મની આડમાં પત્નીને છૂટી નહીં કરી શકે કેમ કે છૂટાછેડા કોર્ટ મારફતે જ થશે.



મુસ્લિમોમાં સ્ત્રીએ તલાક પછી ફરી એ જ પુરુષ સાથે લગ્ન કરવાં માટે હલાલા, ઈદ્દત વગેરે વાહિયાત નિયમો પાળવા પડે છે. મતલબ કે, બીજા પુરુષ સાથે શરીર સંબંધ બાંધવા પડે છે. સ્ત્રી માટે આવા અત્યંત અપમાનજનક નિયમો કાઢી નાખવામાં આવ્યા છે.

મુસ્લિમોમાં પત્ની, દીકરી, માતા વગેરે સ્ત્રીઓને પિતાની સંપત્તિમાં ભાગ નથી મળતો, પણ ગુજરાતના યુસીસીમાં સ્ત્રી અને પુરુષ બંનેને વારસાઈમાં સમાન હકદાર ગણાવામાં આવ્યા છે. કોઈ વ્યક્તિ વસિયત બનાવ્યા વિના ગુજરી જાય તો તેની સંપત્તિ પર કોનો અધિકાર હશે એ માટે ત્રણ કેટેગરી છે. તેમાં પત્ની, પુત્ર-પુત્રી, માતા-પિતા પહેલી કેટેગરીમાં છે તેથી દીકરી પણ સંપત્તિમાં દીકરા જેટલી જ ભાગીદાર હશે.

અહીં એક મહત્ત્વની જોગવાઈ લગ્નના એક વર્ષ સુધી છૂટાછેડા નહીં થઈ શકે એ પણ છે. આમ છતાં ગુજરાતના યુસીસીની જોગવાઈઓ ઉત્તરાખંડના જેવી જ છે પણ તેને સાચા અર્થમાં યુસીસી કહી શકાય તેમ નથી. યુસીસીનો મતલબ રાજ્યના તમામ નાગરિકો માટે એકસરખા કાયદા કે નિયમો એવો થાય પણ નથી ઉત્તરાખંડનો યુસીસી તમામ નાગરિકોને લાગુ પડતો કે ગુજરાતનો યુસીસી પણ તમામ નાગરિકોને લાગુ નથી પડવાનો.

ઉત્તરાખંડની જેમ ગુજરાતમાં પણ આદિવાસીઓને યુસીસીના દાયરાથી બહાર રાખવામાં આવ્યા છે. ઉત્તરાખંડની વસતિમાં અનુસૂચિત જનજાતિ એટલે કે આદિવાસી સમુદાયની વસતિ માત્ર ચાર ટકા જ છે તેથી તેના તરફ બહુ લોકોનું ધ્યાન નહોતું ખેંચાયું, પણ ગુજરાતમાં આદિવાસીઓની વસતિ ૧૫ ટકાથી વધારે છે. રાજ્યના ૧૫ ટકાથી વધારે લોકોને લાગુ નહીં પડતો કાયદો યુનિફોર્મ સિવિલ કોડ કઈ રીતે કહેવાય ?

ગુજરાતના યુસીસીએ શાસક પક્ષના બેવડાં ધોરણોને ફરી છતાં કર્યાં છે. જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી બંધારણની કલમ ૩૭૦નો ભાજપ એમ કહીને વિરોધ કરતો કે એક દેશમાં બે કાયદા ના ચાલે જ્યારે અહીં તો એક રાજ્યમાં જ બે કાયદા હશે. ૮૫ ટકા વસતિ માટે અલગ કાયદો ને ૧૫ ટકા વસતિ માટે અલગ કાયદો એ કઈ રીતે ચાલે?

પહેલાં ભાજપ યુનિફોર્મ સિવિલ કોડની વાત કરતો ત્યારે સૌને આ વાત ન્યાયસંગત લાગતી કેમ કે એક દેશમાં ધર્મના આધારે નાગરિકો માટે અલગ અલગ કાયદા ભારતના બંધારણે આપેલા સમાનતાના અધિકારનો ભંગ કરનારા છે. હવે ભાજપ પોતે યુસીસી બનાવી રહ્યો છે ત્યારે સમુદાયના આધારે અલગ અલગ કાયદા બનાવી રહ્યો છે. પહેલાં ઉત્તરાખંડ ને હવે ગુજરાત....ધર્મના આધારે સમાન કાયદા બનાવાયા પણ સમુદાયના આધારે ભેદભાવ કરી દેવામાં આવ્યો છે તો ભાજપ કઈ રીતે કૉંગ્રેસથી અલગ થયો?

ભાજપ આક્ષેપ કરતો કે, કૉંગ્રેસે મુસ્લિમ તુષ્ટિકરણ માટે મુસ્લિમ પર્સનલ લો બનાવ્યો અને મુસ્લિમ તુષ્ટિકરણ માટે જ યુસીસી નથી લાવતો. બીજી તરફ, ભાજપ રાજ્યોમાં યુસીસી બનાવી રહ્યો છે તેમાં આદિવાસીઓને બાકાત રાખી રહ્યો છે તો આ આદિવાસી તુષ્ટિકરણ ના થયું? આદિવાસીઓની પરંપરા અને નિયમોને સન્માન આપવાના બહાને કૉંગ્રેસે કર્યો એ જ ધંધો અત્યારે શાસક પક્ષ કરી રહ્યો છે.

ભાજપ કહેતો કે, યુસીસી નહીં લાવીને કૉંગ્રેસ મુસ્લિમ મહિલાઓના અધિકારો છિનવી રહી છે તો પોતે આદિવાસીઓને યુસીસીના દાયરાથી બહાર રાખીને આદિવાસી મહિલાઓના અધિકારો નથી છિનવી રહ્યો? આદિવાસીઓમાં પણ બહુપત્નિત્વની પ્રથા છે અને આદિવાસી પુરુષો એક કરતાં વધારે પત્નીઓ રાખી શકે છે કેમ કે હિંદુ મેરેજ એક્ટ તેમને લાગુ નથી પડતો. આદિવાસીઓને હિંદુ સક્સેશન એક્ટ એટલે કે હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમ, ૧૯૫૬ પણ લાગુ પડતો નથી. મતલબ કે, સ્ત્રીઓને પૈતૃક સંપત્તિ કે વારસામાં અધિકારનો સીધો અધિકાર નથી... આદિવાસીઓની પરંપરાઓના આધારે આ નિર્ણય થાય છે માટે ગુજરાતમાં પણ એ અધિકાર નથી.

સુપ્રીમ કોર્ટે જુલાઈ, ૨૦૨૫માં આપેલા એક ચુકાદામાં આદિવાસી મહિલાઓને પણ પૈતૃક સંપત્તિમાં અધિકાર હોવાનું ઠરાવ્યું પણ હિંદુ સક્શન એક્ટમાં આ ચુકાદાના આધારે સુધારો કરાયો નથી. ગુજરાતમાં તો યુસીસીના દાયરાથી જ આદિવાસીઓ બહાર છે તેથી મહિલાઓને આ અધિકાર મળવાનો સવાલ જ નથી.

શાસક પક્ષ સાચા અર્થમાં યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) બનાવીને તેનો અમલ કરશે એવી અપેક્ષા હતી, પણ .....


કૉંગ્રેસે દેશની ૧૩-૧૪ ટકા મુસ્લિમ વસતિ ને રાજી રાખવા તુષ્ટીકરણ કરેલું ને ભાજપ ૭ ટકા આદિવાસી વસતિને રાજી રાખવા એ જ નીતિ રીતિ અપનાવી રહ્યો છે પણ આ તુષ્ટીકરણ સામે સૌ ચૂપ છે. આમ મતબેંકના રાજકારણે યુનિફોર્મ સિવિલ કોડની સારી ભાવનાને હાસ્યાસ્પદ બનાવી દીધી છે અને બધા પક્ષ મૌન રહીને આ ખેલ જોઈ રહ્યા છે. ■

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

## એક ડરામણી આગાહીનું પુનર્મૂલ્યાંકન

# 'પોપ્યુલેશન બોમ્બ' થી માનવ સંભાવના સુધી...

**વિચારક પૌલ આર. એર્લિચે 'પોપ્યુલેશન બોમ્બ' શબ્દ એટલા માટે પસંદ કર્યો કે તેમના મતે વસતિ વૃદ્ધિ એક ટિક-ટિક થતા ટાઇમ બોમ્બ જેવી છે, જે કોઈપણ ક્ષણે ફાટી શકે છે. આ વિસ્ફોટ યુદ્ધ કે હથિયાર તરીકે નહીં, પરંતુ દુષ્કાળ, સંસાધનોની અછત અને પર્યાવરણના વિનાશ રૂપે દેખાશે એવું એમનું દઢપણે માનવું હતું.**




પૌલ આર. એર્લિચે

૧૯૭૦ના દાયકામાં દુનિયાના માથે વધતી વસતિની ચિંતા મોટી હતી. અનેક પર્યાવરણવિદો ચેતવણી ઉચ્ચારતા હતા કે વસતિ વધારો નિયંત્રિત કરવામાં નહીં આવે તો ભવિષ્યમાં અનેક સંકટ ઊભાં થશે. તેમની ચિંતા એ હતી કે ત્રીજા વિશ્વમાં ઊંચા પ્રજનન દરના કારણે વિકાસશીલ દેશોમાંથી અમેરિકા અને પશ્ચિમના દેશો તરફ મોટાપાયે સ્થળાંતર થશે અને તેના કારણે સંસાધનો અને પર્યાવરણ પર દબાવ વધશે, જે વિનાશ નોંતરશે.

પ્રલયની આવી આગાહી કરવાવાળા વિચારકોમાં મોખરે હતા અમેરિકાની 'સ્ટેનફોર્ડ યુનિવર્સિટી'ના પ્રોફેસર પૌલ આર. એર્લિચ. વસતિ વિસ્ફોટના કારણે ભવિષ્યમાં પૃથ્વી પર અકાળ પડશે અને સામાજિક ઊથલ-પાથલો થશે તેવી તેમની ભવિષ્યવાણી એટલી ડરામણી હતી કે દુનિયાભરના પર્યાવરણવિદો તેમના 'અનુયાયી' થઇ ગયા હતા. તેમણે ત્યાં સુધી કહ્યું હતું કે વસતિ પર નિયંત્રણ નહીં આવે તો અમુક સમાજોનું 'દાયકાઓની અંદર જ' પતન નિશ્ચિત છે.

જોકે એવું ન થયું. ઊલટાનું આજે વિકસિત દેશો ઘટતા જન્મદરની સમસ્યા સાથે સંઘર્ષ કરી રહ્યા છે. ભારત-ચીન જેવા મોટી વસતિવાળા દેશો વિશ્વના વિકાસનું એન્જિન બની રહ્યા છે. પૌલ એર્લિચે દુનિયાની વસતિને ડબલ થતી જોઈ એટલું જ નહીં, વધુ વસતિવાળા ત્રીજા વિશ્વના દેશોને વિકાસની હરણફાળ ભરતાં પણ જોયા. તે ૯૩ વર્ષના હતા, જે હમણાં ૧૩ માર્ચના અવસાન પામ્યા ત્યારે દુનિયાભરના મીડિયાએ તેમને 'ખોટા પડેલા ભવિષ્યવેતા' તરીકે યાદ કર્યા હતા.

એર્લિચનો જન્મ ૧૯૩૨માં થયો હતો. નાનપણથી જ પર્યાવરણમાં દિલચસ્પી હતી. આગળ જતા એ જીવવિજ્ઞાનમાં ભણ્યા હતા. ૧૯૬૯માં, કેલિફોર્નિયાની કોમનવેલ્થ ક્લબમાં એર્લિચે વસતિ વધારા પર એક પ્રવચન આપ્યું હતું. રેડિયો પર તેનું પ્રસારણ પણ કરવામાં આવ્યું હતું. તેમને એ પ્રવચન બદલ એટલી વાહવાહી મળી હતી કે એક અમેરિકન પ્રકાશક અને એક પર્યાવરણવાદી ક્લબે તેમને આ વિષય પર પુસ્તક લખવા માટે પ્રેર્યા. અને એ રીતે તેમનું એક પ્રસિદ્ધ અને વિવાદાસ્પદ પુસ્તક 'ધ પોપ્યુલેશન બોમ્બ' આવ્યું.

પુસ્તકમાં તેમણે ચેતવણી આપી હતી કે જો વસતિ વૃદ્ધિ આ જ ગતિએ ચાલુ રહેશે, તો પૃથ્વીના મર્યાદિત સંસાધનો માનવજાતની જરૂરિયાતો પૂરી કરી શકશે નહીં. આ પુસ્તક માત્ર વૈજ્ઞાનિક અભ્યાસ નહોતું, પરંતુ એક જોરદાર ચેતવણી હતી; એક એવી ચેતવણી જેને તેમણે 'બોમ્બ'ના રૂપક દ્વારા વધુ પ્રભાવશાળી બનાવી હતી.

એર્લિચે 'પોપ્યુલેશન બોમ્બ' શબ્દ એટલા માટે પસંદ કર્યો કે તેમના મતે વસતિ વૃદ્ધિ એક ટિક-ટિક થતા ટાઈમ બોમ્બ જેવી છે, જે કોઈપણ ક્ષણે ફાટી શકે છે. આ વિસ્ફોટ યુદ્ધ કે હથિયાર તરીકે નહીં, પરંતુ દુષ્કાળ, સંસાધનોની અછત અને પર્યાવરણના વિનાશ રૂપે દેખાશે, એવો તેમનો વિશ્વાસ હતો. ૧૯૬૦ના દાયકામાં, જ્યારે વિશ્વની વસતિ ઝડપથી વધી રહી હતી અને વિકાસશીલ દેશોમાં ખાદ્ય ઉત્પાદન મર્યાદિત હતું, ત્યારે આ ભય વાસ્તવિક લાગતો હતો. તે સમયના સંદર્ભમાં એર્લિચનો અભિગમ એક જવાબદાર વૈજ્ઞાનિકની ચિંતાનું પ્રતિબિંબ હતો, પરંતુ સમય સાથે સ્પષ્ટ થયું કે તેમની ઘણી આગાહીઓ સાચી સાબિત થઈ નહોતી. તેમણે અનુમાન લગાવ્યું હતું કે ૧૯૭૦ અને ૧૯૮૦ના દાયકામાં, ખાસ કરીને ભારત જેવા દેશોમાં, મોટા પાયે દુષ્કાળ અને ભૂખમરીથી લાખો લોકોનાં મોત થશે. એવું પણ ન થયું. માનવજાતની નવીનતા અને વૈજ્ઞાનિક પ્રગતિએ આ દિશા બદલી. કૃષિ ક્ષેત્રમાં હરિત ક્રાંતિએ ખાદ્ય ઉત્પાદનને અણધાર્યા સ્તરે વધારી દીધું. સુધારેલા બીજ, ખાતર, સિંચાઈ અને આધુનિક કૃષિ પદ્ધતિઓએ બતાવ્યું કે માણસ સમસ્યાનો ઉકેલ શોધવામાં સક્ષમ છે. સાથે સાથે શિક્ષણના પ્રસાર, ખાસ કરીને મહિલાઓના શિક્ષણ અને શહેરીકરણના કારણે જન્મદર ધીમે ધીમે ઘટવા લાગ્યો જેનાથી વસતિ વૃદ્ધિની ગતિ પણ નિયંત્રિત થઇ. એટલે એ પણ સ્પષ્ટ થયું કે એર્લિચે માનવ સમાજની અનુકૂલન સાધવાની ક્ષમતાને ઓછી આંકી હતી. વૈશ્વિક વેપાર અને પુરવઠા પ્રણાલીના વિકાસને કારણે એક વિસ્તારમાં અછત હોય તો બીજા વિસ્તારમાંથી સંસાધનો મેળવવા શક્ય બન્યું. એટલે તેમણે કલ્પેલો 'વિસ્ફોટ' એ રીતે થયો નહીં. છતાં પણ, તેમની ચેતવણી સંપૂર્ણપણે ખોટી હતી એવું કહેવું યોગ્ય નથી. આજેય આપણે જળવાયુ પરિવર્તન, જૈવ વૈવિધ્યનો ઘટાડો અને કુદરતી સંસાધનોના અતિશય શોષણ જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છીએ, જે તેમની ચિંતામાં રહેલી સચ્ચાઈ તરફ ઇશારો કરે છે.

આમેય સમય જતાં વસતિ પ્રત્યેનો દષ્ટિકોણ પણ બદલાયો છે. આજે વસતિને માત્ર સમસ્યા નહીં, પરંતુ સંભાવિત શક્તિ તરીકે જોવામાં આવે છે. મોટી વસતિનો અર્થ માત્ર વધુ વપરાશ નથી, પરંતુ વધુ માનવીય મૂડી પણ છે. દરેક વ્યક્તિ તેની સાથે જ્ઞાન, કુશળતા અને નવીનતા લાવે છે. યુવા વસતિ ધરાવતા દેશો 'ડેમોગ્રાફિક ડિવિડન્ડ'નો લાભ લઈ શકે છે, જે આર્થિક વિકાસને ગતિ આપે છે. વધુ લોકો એટલે વધુ વિચારો, વધુ ઉદ્યોગસાહસ અને વધુ ઉકેલો; અને એ જ કારણ છે કે ભારત જેવા અનેક દેશોએ પોતાની વસતિને પોતાની તાકાતમાં ફેરવી છે. તે સિવાય, મોટી વસતિ એક વિશાળ બજાર પણ ઊભું કરે છે, જે ઉદ્યોગ, વેપાર અને સેવાઓના વિસ્તરણને પ્રોત્સાહન આપે છે. ભારત અને ચીન આ જ બાબત પર પશ્ચિમના વિકસિત દેશોને હંફાવે છે. સ્પર્ધા વધવાથી નવીનતા પણ વધે છે. ઈતિહાસ સાબિત કરે છે કે માનવ પ્રગતિનો મોટો હિસ્સો વધતી વસતિ અને તેની સાથે આવતા પડકારોથી પ્રેરિત રહ્યો છે. સમસ્યાઓ વધે છે ત્યારે તેમના ઉકેલો શોધવાની પ્રેરણા પણ વધે છે.

અહીં એ સમજવું જરૂરી છે કે વસતિ ત્યારે જ વરદાન બની શકે જ્યારે તેને યોગ્ય દિશામાં વિકસાવવામાં આવે. શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને સંસાધનોનું સંતુલિત સંચાલન ન હોય, તો એ જ વસતિ ભાર બની શકે. એટલે મૂળ પડકાર સંખ્યાનો નથી, પરંતુ ગુણવત્તા અને સંચાલનનો છે. એર્લિચના અભિગમમાં આ દ્રષ્ટિકોણની કમી હતી.

ખેર, એર્લિચને યાદ રાખવાનો આધાર તેમની સાચી-ખોટી અગાહીઓ ન હોવો જોઈએ. તેમનું યોગદાન એ છે કે જ્યારે કોઈને વિચાર નહોતો આવતો ત્યારે તેમણે દુનિયાને વસતિ વધારા અંગે વિચારવા મજબૂર કરી હતી અને આપણને યાદ અપાવ્યું કે પૃથ્વીના સંસાધનો મર્યાદિત છે. તેમનો 'પોપ્યુલેશન બોમ્બ' ભલે ફાટ્યો ન હોય, પરંતુ તેણે માનવજાતને સમયસર સચેત જરૂર કરી.

આજે જ્યારે આપણે વસતિને એક અવસર તરીકે જોઈ રહ્યા છીએ, ત્યારે પણ એર્લિચની ચેતવણી એટલી જ પ્રાસંગિક છે. તેમની સાચી શ્રદ્ધાંજલિ એ જ હશે કે આપણે તેમની વાતોને અતિશયોક્તિ ગણાવીને નકારી ન કાઢીએ, પરંતુ તેમાંથી શીખ લઈએ અને એવું સંતુલન સ્થાપિત કરીએ જ્યાં વસતિ- માનવ વિકાસ અને પૃથ્વીના સંરક્ષણ વચ્ચે સુમેળ જળવાઈ રહે. ■

દર સપ્તાહે વાંચો
વિશેષ વાંચન સામગ્રી
ધર્મતેજ
તન-મન-ધનથી રહો તરોતાજા
ઈન્ટરવલ
પુરુષ
લાડકી
મેટિની
વીક એન્ડ
ઉત્સવ
દરરોજ કંઈક નવું-
દરરોજ કશું અનોખું!

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com



# શૂન્ય પાલનપુરી
## ૧૯-૧૨-૧૯૨૨થી સદાકાળ

આજે, ૧૭-૦૩-૧૯૮૭એ એમના નિર્વાણ દિને હું શોભિત દેસાઈ, એમની જ કેટલીક અતિમૂલ્યવાન ગઝલો તમારી સામે મૂકી, મારા પિતાતુલ્ય શાયર સાહેબશ્રી શૂન્ય પાલનપુરીને વંદન કરી રહ્યો છું. તમારી પાસે આ ગઝલો રવિવારે બાવીસ તારીખે આવશે. સનાતનમાંથી ચપટી મૂરી થે.

કુશળ છો જ અને રહો.

(૧)

આંખડી છેડે સરગમ, હૃદય તાલ દે,
અંતરો ગાય પંચમના સૂરે ગઝલ;
દર્દ અંગડાઈ લે, પ્રેમ ઝૂમી ઊઠે,
રૂપ ઝણકાવે પાયલ ને સ્ફુરે ગઝલ.

દૃશ્ય સર્જાય મોંઘું મિલનનું અને
સાથિયા ચાંદ-સૂરજના પૂરે ગઝલ;
દોર ગોઝારો જામે વિરહનો અને
રાતના ઘોર સન્નાટે ઝૂરે ગઝલ.

ઊર્મિઓને કશું ક્યાંય બંધન નથી,
લાગણી મુક્ત છે સ્થળ અને કાળથી;
બુલબુલોએ રચી ગુલશનોમાં અને
આમ્ર-કુંજોમાં ગાઈ મયૂરે ગઝલ.

બે ધડકતા દિલોની કહાણી બને,
રંગ ભીની કરુણાની લ્હાણી બને,
પ્રેમ ને રૂપની દિવ્ય વાણી બને,
તો જ પહોંચી શકે દૂર દૂરે ગઝલ.

દેહનો કોડિયે, પ્રાણની વાટને,
લોહીમાં ભીંજવીને જો બાળી શકો,
તો જ પ્રગટી શકે દર્દની મ્હેફિલે,
દિલને રોશન કરે એવું નૂરે ગઝલ.

જન્મ-મૃત્યુ છે, મત્લા ને મક્તા ઉભય,
શ્વાસના કાફિયા, જિંદગીનો વિષય;
રંગ લૌકિક છે પણ અલૌકિક લય,
ગાય છે 'શૂન્ય' ખુદની હજૂરે ગઝલ.

(૨)

પરિચય છે મંદિરમાં દેવોને મારો,
અને મસ્જિદોમાં ખુદા ઓળખે છે.
નથી મારું વ્યક્તિત્વ છાનું કોઈથી,
તમારા પ્રતાપે બધા ઓળખે છે.

સુરાને ખબર છે, પિછાણે છે પ્યાલી,
અરે ખુદ અતિથિ ઘટા ઓળખે છે;
ન કર ડોળ સાકી, અજાણ્યા થવાનો,
મને તારું સૌ મયકદા ઓળખે છે.

મે'લો'યાં છે પાલવમાં ધરતીનાં આંસુ,
કરુણાના તોરણ સજાવી રહ્યો છું,
ઊડી ગઈ છે નીંદર ગગન-સર્જકોની,
મને જ્યારથી તારલા ઓળખે છે.

અમે તો સમંદર ઉલેચ્યો છે પ્યારા,
નથી માત્ર છબછબિયાં કીધાં કિનારે,
મળી છે અમોને જગા મોતીઓમાં,
તમોને ફક્ત બદબુદા ઓળખે છે.

તબીબોને કહી દો કે માથું ન મારે,
દરદ સાથે સીધો પરિચય છે મારો,
હકીકતમાં હું એવો રોગી છું જેને,
બહુ સારી પેઠે દવા ઓળખે છે.

દિલે 'શૂન્ય' એવા મેં જખ્મો સહ્યા છે,
કે સૌ પ્રેમીઓ મેળવે છે દિલાસો,
છું ધીરજનો મેરુ, ખબર છે વફાને,
દયાનો છું સાગર, ક્ષમા ઓળખે છે.

(૩)

જીવનમાં આમ જો કે પ્રલોભન અનેક છે,
જળમાં કમળ જેવી વિકસવાની ટેક છે.

પાંપણ ઝુકી ગઈ છે એ શરણાગતિ નથી,
સૌંદર્ય હજૂરે પ્રણયનો વિવેક છે.

આંખો ભરીને બેઠી છે દરબાર દર્દનો,
દિલમાં કોઈની યાદનો રાજ્યાભિષેક છે.

આપો હૃદયમાં સ્થાન તો ખોટું નથી કશું,
માણસ તરીકે 'શૂન્ય' મજાનો છે નેક છે.

એ ઓર વાત છે કે નથી મોહ નામનો,
બાકી તમારો 'શૂન્ય' તો લાખોમાં એક છે.''

(૪)

હું નથી પૂછતો, ઓ સમય! કે હજી
તું ગુજારીશ દિલ પર સિતમ કેટલા?
એટલું પ્રેમથી માત્ર કહી દે મને,
જોઈએ તારે આખર જખમ કેટલા?

ઓ ખુદા! આ ફરેબોની દુનિયામહીં,
પ્રેમ તારો ખરેખર કસોટી જ છે
સાફ કહી દે કે રાજી તને રાખવા,
પૂજવા પડશે મારે સનમ કેટલા?

ઓ ખુદા! આ ફરેબોની દુનિયામહીં,
પ્રેમ તારો ખરેખર કસોટી જ છે
સાફ કહી દે કે રાજી તને રાખવા,
પૂજવા પડશે મારે સનમ કેટલા?

દર્દની લાગણીના ઘણા રૂપ છે,
માત્ર આંસુ જ હોવા જરૂરી નથી,
સ્મિત થઈને ફરકતા હશે હોઠ પર,
વ્યક્ત થઈ ના શકે એવા ગમ કેટલા?

પ્રેમ ઈર્ષાથી પર ક્યાંક હોતો નથી,
શબ્દથી વાત કેરું વતેસર થશે,
હોઠ સીવીને ચુપચાપ જોયા કરો,
મૌન પેદા કરે છે ભરમ કેટલા?

સ્વાર્થની આ તો છે ભક્તિ-લીલા બધી,
આત્મ-પૂજા વિના શૂન્ય આરો નથી,
એક ઈશ્વરને માટે મમત કેટલી,
એક શ્રદ્ધાને માટે ધરમ કેટલા!

(૫)

તોફાનને સમર્પી, અણછાજતી મહત્તા,
તું વાતનું વતેસર ના કર, ક્ષમા કરી દે!
હોડીનું એક રમકડું, તૂટ્યું તો થઈ ગયું શું?
મોજાંની બાળહઠ છે, સાગર! ક્ષમા કરી દે!

હર શ્વાસ એક મુસીબત, હર શ્વાસ એક વિમાસણ,
પળપળની યાતનાઓ, પળપળની વેદનાઓ!
તારું દીધેલ જીવન, મૃત્યુ સમું ગણું તો,
મારી એ ધૃષ્ટતાને ઈશ્વર, ક્ષમા કરી દે!

કાંટાઓનું બિછાવી બિસ્તર કહે છે દુનિયા,
પોઢી જા હસતાં હસતાં ફૂલોની સેજ માની;
અર્થાત્ જુલ્મીઓના જુલ્મોના ઘાવ સહેવા,
પહેરી ઉદારતાનું બખ્તર, ક્ષમા કરી દે!

કાંટો છે લાગણીનો, વજનો છે બુદ્ધિ કેરાં,
તોલું છું એ થકી હું જગની દરેક વસ્તુ;
હે મિત્ર! તારા દિલનો પણ તોલ મેં કર્યો છે,
આવે છે એની તોલે પથ્થર, ક્ષમા કરી દે!

તું એક છે અને હું એક 'શૂન્ય' છું પરંતુ,
મારા જ સ્થાન પર છે નિશ્ચિત જગતનાં મૂલ્યો;
એથી જ ઓ ગુમાની! જો હું કહું કે તું પણ
મારી દયા ઉપર છે નિર્ભર, ક્ષમા કરી દે!

હરદમ લથડતા શ્વાસ વધુ ચાલશે નહીં
આ પાંગળો પ્રવાસ વધુ ચાલશે નહીં
લાગે છે 'શૂન્ય' મૌનની સરહદ નજીક છે
વાણીનો આ વિલાસ વધુ ચાલશે નહીં.

આજે આટલું જ ■

વલો કચ્છ

ગિરિરાજ
feedback@bombaysamachar.com

# માર્ચ મોટિવેશન ફ્રોમ માંડવી બંદર...





બંદરીય શહેર માંડવીમાં એક અનોખું અને પ્રેરણાદાયી કાર્ય છેલ્લાં કેટલાંક વર્ષોથી શાંતિપૂર્વક આગળ વધી રહ્યું છે. એક એવું કાર્ય, જે માણસાઈની વ્યાખ્યાને વિસ્તૃત કરે છે અને જીવદયાના સાચા અર્થને જીવંત બનાવે છે. સમાજમાં દાનની અનેક પરંપરાઓ પ્રવર્તે છે. ક્યાંક અન્નક્ષેત્રો ચાલે છે, ક્યાંક ગરીબોને વસ્ત્રદાન થાય છે, તો ક્યાંક જરૂરિયાતમંદોને દવાઓ આપવામાં આવે છે. માણસની ભૂખ અને પીડા પ્રત્યે સંવેદના દાખવવી એ માનવ ધર્મની ઓળખ છે. ઘણીવાર આપણે ભૂલી જઈએ છીએ કે આ ધરતી માત્ર માણસ માટે જ નથી, પરંતુ ઉડતાં પંખીઓ, નિર્ભર પ્રાણીઓ અને મૌન જીવ પણ જીવનના સમાન હકદાર છે.

આવી જ સંવેદનાને હૃદયમાં સ્થાન આપીને માંડવીના ગોસ્વામી પરિવારે પક્ષીઓ માટે જે કાર્ય કર્યું છે, તે અનોખું છે. દાદા શંકરગીરીથી શરૂ થયેલી આ સેવાભાવનાની પરંપરા આજે તેમનાં સંતાનો દ્વારા જીવનશૈલી બની ગઈ છે. સંસ્કારનો સાચો અર્થ એ જ છે કે વડીલોના મૂલ્યો સંતાનોના વર્તનમાં જીવંત રહે અને અહીં આ વાત પૂર્ણ રીતે સાબિત થાય છે.

શહેરના જ્યોતેશ્વર પાર્કમાં ૬૦૦ વારના પ્લોટ પર ગોસ્વામી પરિવારે 'શ્રી સોમનાથ પક્ષીઘર' નામે એક અનોખી પહેલ શરૂ કરી છે. સામાન્ય રીતે લોકો પક્ષીઓ માટે નાનાં માટીનાં માળાં, પીવીસી પાઈપ, પૂઠાં કે પ્લાસ્ટિકથી બનાવેલા ઘરડાં બાંધતા હોય છે, અથવા ગામડાંમાં કોઈ સાર્વજનિક ચબૂતરો જોવા મળે છે, પરંતુ માંડવીમાં જે બની રહ્યું છે તે આ બધાથી અલગ અને હટકે છે. અહીં ભવિષ્યમાં એવું કાયમી અને આલીશાન પક્ષીઘર ઊભું થશે, જ્યાં ૫૦૦થી વધુ પોપટ, ૫૦૦થી વધુ કબૂતરો, હજારો ચકલીઓ અને બીજાં અનેક નાનાં-મોટાં પક્ષીઓ રહી શકે.

હાલમાં પણ આ પ્લોટમાં વિવિધ પક્ષીઓ અને પ્રાણીઓ માટે રોજિંદા ભોજનની વ્યવસ્થા કરવામાં આવે છે. ચણ, અનાજ, સીઝન મુજબ ફળફૂટ અને શુદ્ધ પાણી આ બધું અહીં નિયમિત રીતે પીરસવામાં આવ્યું છે જેનો અંદાજ કાઢીએ તો લાખોમાં આંકડા પ્રાપ્ત થાય. પરંતુ સેવાભાવીઓ કહે છે અમે સેવા કોઈ ગણતરીથી નથી કરતા એટલે ગણતરી રજૂ કરવામાં પણ અજુગતું લાગે પણ જ્યાં હજારોની સંખ્યામાં પક્ષીઓને ચણ ખાતા જોઈએ એટલે આમેય સાદી ગણતરીથી અંદાજ આવી જ જાય! જાણે પ્રકૃતિના આ નિર્દોષ જીવ માટે એક અન્નક્ષેત્ર જ ચાલી રહ્યું હોય તેવી લાગણી થાય. રોજનો આ ઉપક્રમ સાંભળવામાં સહેલો લાગે, પરંતુ તેની પાછળ શ્રદ્ધા, નિયમિતતા અને એક ઊંડો લાગણી સંબંધ જોડાયેલો છે. પંદર વર્ષથી ચાલતી આ સેવાને આ પરિવારે સાત વર્ષ પહેલા પ્લોટ ખરીદીને કાયમી સરનામું તરીકે ગોઠવી દીધું છે.

આજના ઝડપી શહેરીકરણના સમયમાં પક્ષીઓની સ્થિતિ ખરેખર ચિંતાજનક બની ગઈ છે. કોન્ક્રીટનાં જંગલોમાં વૃક્ષો ઘટી રહ્યાં છે, ખુલ્લી જગ્યાઓ સંકોચાઈ રહી છે અને કુદરતી આશ્રયો નાશ પામી રહ્યા છે. ચકલી જેવી સામાન્ય લાગતી ચીડિયાની સંખ્યા પણ દિવસેને દિવસે ઘટતી જાય છે. આવી સ્થિતિમાં દાણા નાખવા, પાણી મૂકવા અને સુરક્ષિત રહેઠાણ ઊભું કરવું માત્ર દયા નહીં, પરંતુ પર્યાવરણ પ્રત્યેની જવાબદારી છે. ગોસ્વામી પરિવારે આ જવાબદારીને માત્ર સમજ્યા નથી, પરંતુ તેને પોતાના જીવનનો અભિન્ન ભાગ બનાવી દીધો છે.

આ પ્લોટમાં સુંદર બાઉન્ડ્રી બનાવવામાં આવી છે અને વિવિધ પ્રકારનાં વૃક્ષો વાવવામાં આવ્યાં છે, જેથી પક્ષીઓને કુદરતી માહોલ મળે. છેલ્લાં સાત વર્ષમાં અહીં હજારો મણ ચણ પીરસાઈ ચૂક્યું છે. એટલે કહી શકાય કે પક્ષીઘરનું નિર્માણ હજી પૂર્ણ થયું ન હોય, છતાં સેવાભાવનું ઘર તો અહીં ઘણાં સમયથી બાંધી દેવામાં આવ્યું છે. હાલમાં પક્ષીઓ માટે કાયમી આશ્રય ઊભું કરવાની પ્રક્રિયા ચાલુ છે, જેમાં પરિવાર લાખો રૂપિયાનો ખર્ચ કરી રહ્યો છે.


આ સમગ્ર કાર્ય પાછળ એક લાગણીસભર સ્મૃતિ પણ જોડાયેલી છે. ગોસ્વામી પરિવારના સ્વર્ગીય શંભુગીરી ગોસ્વામીના પુત્રો અનિલ અને નિલેશગીરીએ પોતાના મોટાભાઈ હિતેશગીરી ગોસ્વામીના અવસાન પછી તેમની યાદને જીવંત રાખવા માટે આ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. માતા પુષ્પાબેનની પ્રેરણાથી પ્લોટ ખરીદીને 'શ્રી સોમનાથ પક્ષીઘર' નામ આપવામાં આવ્યું જે માત્ર સ્મૃતિ નહીં, પરંતુ આજે જીવદયા અને સેવા ભાવનાનું પ્રતિક બની ગયું છે.

આ ઉદાહરણ આપણને એક મહત્ત્વપૂર્ણ સંદેશ આપે છે. દરેક વ્યક્તિ માટે લાખોના ખર્ચે પક્ષીઘર બનાવવું શક્ય ન હોય, પરંતુ દરેક ઘરમાં નાની શરૂઆત કરી શકાય છે. એક પાણીનો કુંડો મૂકી શકાય, ચકલી માટે માળું બાંધી શકાય, એક વૃક્ષ વાવી શકાય અને થોડાં દાણા છાંટવામાં આવે તો પણ આપણે પ્રકૃતિ પ્રત્યેનો આપનો કર્તવ્ય નિભાવીએ છીએ. બાળકોને પણ શીખવવું જોઈએ કે પક્ષીઓ માત્ર પ્રાણી નથી, પરંતુ માનવજીવનની સાંકળનો મહત્ત્વનો હિસ્સો છે.

અંતમાં કહી શકાય કે માણસ જો માત્ર પોતાના સુખમાં જ જીવશે તો સમાજ સૂકો બની જશે, પરંતુ જ્યારે આપણે જીવમાત્ર પ્રત્યે સંવેદનશીલ બનીએ છીએ, ત્યારે જ સાચી માણસાઈ જીવંત રહે છે. માંડવીના ગોસ્વામી પરિવારનું આ કાર્ય માત્ર પક્ષીપ્રેમ નહીં, પરંતુ એક એવી પ્રેરણા છે, જે દરેકને જીવનમાં કરુણા અને જવાબદારીનો સંદેશ આપે છે. ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




રાધાએ વહેલી ઊઠીને બારીની બહાર જોયું. રાતવાળું દ્રશ્ય ફિલ્મની પટ્ટીની જેમ એની નજર સામેથી સરકી ગયું. એને રોના ચીફે કહેલા શબ્દો યાદ આવ્યાઃ 'વો વેસ્ટ બંગાલ કે માલદા સે ઘૂસ ચૂકા હૈ...વો અકેલા નહીં હોગા...'

ધરમશાળામાં કોઇ હોય તો એની માહિતી જગદીશ પાસેથી જ મળી શકે....પણ જગદીશ જ ભળેલો હોય તો......અથવા કોઇ ભળતા જ નામે એની જાણ બહાર રહેતું હોય તો....ત્રણેય પ્રકારના વિચારોનો એક જ જવાબ હતો...જગદીશ.

રાધા નીચે કાઉન્ટર પર ગઇ. જગદીશ ઢાબડો ઓઢીને બેઠો હતો. રાધાએ ટેબલ પરની ઘંટડી વગાડી....ટીંગ ટીંગ. જગદીશ ટટ્ટાર થઇ ગયો.

'હાં, બોલો...' જગદીશ રાતનો બદલો લેવા માગતો હોય એમ અકડાઇને બોલ્યો.

'ચા પીવી છે...મલશે...?' રાધાએ એકદમ મીઠા સૂરમાં પૂછ્યું.

'હમણાં લઇ આવું.' જગદીશ જોશમાં આવી ગયો. સૂર બદલી નાખવાથી મૂળ રાગ નથી બદલાઇ જતો. અને આ તો પ્રેમનો આલાપ હતો...' રાધા સિફતથી કામ લઇ રહી હતી, પણ જગદીશ અવાજથી અભિનય તો નહોતો કરતો ને....

*************

જગદીશે રૂમનો દરવાજો ખખડાવ્યો. રાધાએ જગદીશને નિકટ લાવવાની અધિરાઇએ દરવાજો તરત જ ખોલી નાખ્યો.

'ગરમાગરમ ચા....જલ્દી પીઓ....' જગદીશે કિટલીમાંથી ચા કપમાં કાઢતા કહ્યું.

'તું પણ પીને....' રાધા બોલી.

જગદીશ જાણે રાધાના કહેવાની રાહ જોતો હોય એમ ચા લઇને પીવા માંડ્યો. એક સિપ માર્યા બાદ બોલ્યોઃ 'તમે કાલે રાતે એમ કેમ પૂછ્યું કે હમણાં ગયો તે કોણ હતો....?

'મેં બારીમાંથી કોઇને ઝડપથી બહાર નીકળતા જોયો. મને લાગ્યું કે હું અહીં એકલી છું એટલે કોઇની નજર બગડી હોય...' રાધા બોલીને જગદીશની નજર પારખવા લાગી.

'ના, ના, એવો ડર રાખવાની તમારે કોઇ જરૂર નથી.....હું છુંને.....' બોલવામાં વધારે પડતી છૂટ લેવાઇ ગઇ એવું ધારીને એણે વાત ફેરવીઃ 'મારો મતલબ કે અહીં બધું સેફ છે.'

'ધરમશાળામાં કોઇ એકલો માણસ ઉતર્યો છે?' રાધાએ પૂછ્યું.

'તમારા સિવાય કોઇ એકલું નથી.' જગદીશનો જવાબ સ્માર્ટ હતો....પણ જગદીશ સાચો છે કે ખોટો એની ખાતરી કરવી પડશે.

*************

રાધા મંદિરમાં સીધુ આપવા માટે કરિયાણાની દુકાને ગઇ. રાધા બોલતી ગઇ એમ દુકાન માલિક ગુપ્તાજી લિસ્ટ બનાવતો ગયો....પછી એણે એના માણસ શંકરને કહ્યુંઃ 'લો વજન કરને લગો ફટાફટ.' સામાન ઝોખાઇ ગયો. શંકરે એક થેલામાં સામાન મૂકીને ગુપ્તાજી સામે જોયું.

'મેડમ કે સાથ જાઓ...ઔર જલ્દી વાપસ આ જાઓ.' રસોઇ ઘરના દાદરા સુધી પહોંચીને રાધાએ કહ્યુંઃ 'બસ યહીં છોડ દો...મૈં લે કર જાઉંગી...'

'નહીં મૈં છોડ દેતા હું ઉપર તક...વજન હૈ....'

'નહીં નહીં...ધન્યવાદ.' શંકરે એટલી જીદ કરી કે રાધાએ ન છૂટકે એને ઉપર સુધી લઇ જવો પડ્યો.

રાધાને આગલે દિવસે મળ્યો હતો એ સેવક ફરજ પર નહતો...રાધા આમતેમ નજર દોડાવીને સેવકને શોધવા લાગી....

'રખ દો ઇધર મૈં લે કર જાઉંગા....' પેલા માણસે કહ્યું.

'ઠીક હૈ...' રાધાએ કોઇ દલીલ ન કરી. પેલો માણસ સીધુસામાન લઇને અંદર ગયો....શંકર હજી ઊભો હતો....

'તૂમ નીકલો..' રાધાએ કહ્યું. શંકર દાદર ઊતરી ગયો. સેવક બહાર આવ્યો એટલે રાધાએ એને દસની નોટ આપી....સેવકે બંડીના ગજવામાં મૂકીને હાથ જોડ્યા.

'કલ થા વો સેવક આજ નહીં હૈ....?'

'વો દુસરી જગહ સેવા મેં હૈ....' એણે કહ્યું.

'વો મુઝે મેરે હાથોં સે રસોઇ ઘર મેં સામાન રખને કે લિયે બોલ રહા થા....' રાધાએ કહ્યું.

'સબ કો અંદર જાના હૈ....વો જો આપ કે સાથ થા વો ભી હંમેશાં કહેતા હૈ...એસા સમજો કી આપ કા સીધુસામાન ગોપાલા કે ચરનોં મેં પહોંચ ગયા.' પેલા માણસે કહ્યું.

ભક્તોને પોતાના હાથે સીધુસામાન ફૂલ, ફળ, સુકોમેવો ગોપાલાનાં ચરણોંમાં મૂકવાની ઇચ્છા હોય, પણ કરિયાણાની દુકાનમાં કામ કરતા માણસને આવી કેમ જરૂર પડે...એને તો રોજનું થયું....હશે એને પુણ્ય પોતાના ખાતામાં જમા કરાવવું હશે.

************

'દૂધ લે લો દૂધ....' રાઘવનો પરિચિત અવાજ રાધાને કાને પડ્યો.

'હમણાં જ હું સીધુસામાન ઉપર આપી આવી......' રાધાએ એનાથી પીછો છોડાવવાના ઇરાદે કહ્યું.

'દૂધના પ્રસાદ ઉપર તમારું નામ હશે રાધાજી....વાત પુણ્ય કમાવાની છે....' રાઘવે કહ્યું.

ઓહ તો આ માણસ મારું નામ પણ જાણે છે. 'ઠીક છે.....આપી દો....' રાધા બોલી.

'બોજ ભલે તમે ઉઠાવો, પણ મને સાથે રાખો....' રાઘવે કહ્યું.

બંને ઉપર ગયાં....સેવકને જોઇને રાઘવે હથેળીમાં તમાકુ ચોળીને આપી...

'દેવીજી, આપ આપ કે હાથોં સે ગોપાલા કે લિયે જો પ્રસાદ તૈયાર કર રહે હૈ...ઉનકો દે દેજિયે.' રાધાને આ ચમત્કાર સમજાયો નહીં, પણ રસોડાની રેકી કરવાનું સરળ થઇ ગયું. રસોઇ ઘરમાં મુખ્ય મારાજના હાથમાં દૂધનો ઘડો સોંપ્યો....વિવિધ પ્રકારના પ્રસાદની મિશ્ર સોડમથી એ પ્રસન્ન થઇ ગઇ....સાથે વિશાળ રસોડાનો નકશો એની ફોટોગ્રાફીક મેમરીમાં અંકિત થઇ ગયો.

બહાર આવીને જોયું તો રાઘવ અને સેવક ગપ્પા મારી રહ્યા હતા. રાધા દાદર ઊતરી ગઇ. આ માણસ છે કોણ...? મારું નામ જાણે છે.....એને એ પણ ખબર પડી ગઇ કે હું રસોઇ ઘરમાં છેક અંદર સુધી જવા માગું છું...લાગે છે એણે જ મારો પ્રવેશ સરળ કરી આપ્યો....

'જે કામ દસની નોટ ન કરે તે કામ ચૂટકી તમાકુ કરે....પ્રેમભરી ચૂટકી કા કમાલ.....સિર્ફ હથેલી બદલતી રહેતી હૈ... પ્રેમ વહી રહેતા હૈ....' રાઘવ બોલ્યો.

રાધા રાઘવ વિશે ઘણું જાણવા માગતી હતી, પણ એને પૂછીને નહીં...બીજા પાસેથી બાતમી મેળવીને અને પુરોહિત તૈયાર થઇ રહ્યો હતો.

> ઘણીવાર સામેવાળાને એનું નામ ન પૂછો તો એને ભારે આઘાત લાગતો હોય છે.

રાધાએ નામ સુધ્ધાં નહીં પૂછીને રાઘવને આંચકો આપી દીધો. ઘણીવાર સામેવાળાને એનું નામ ન પૂછો તો એને ભારે આઘાત લાગતો હોય છે.

'લો દૂધના પૈસા....' રાધા પૈસા આપીને ચાલવા લાગી. રાઘવ અને રાધા બંનેના દિમાગમાં શંકા સળવળી......બંનેએ પોતપોતાનાં કારણોને લઇને કહાનીને ઢીલી છોડવાનું મુનાસિબ માન્યું. જેટલી વધુ ઢીલ એટલી મજબૂત શંકા....

*************

મહાનંદ નદીમાં પહેરેલે કપડે તરીને બહાર આવેલો શખસ સામેની ઝૂપડીમાં ગયો. એણે એક પછી એક નીતરતા કપડાં ઉતારતા જઇને બાજુમાં ફેંક્યા. ત્યાં પડેલા ટુવાલથી પોતાનું ખડતલ શરીર લૂછ્યું. એક જુદો જ વેશ ધારણ કરીને બહાર આવ્યો. આતંકવાદી ચહેરા પર સાધુનું મહોરું ચોંટી ગયું હતું. મહાનંદ નદીની ભીની રેતીના પટમાં સાધુના શેતાની પગલાં પડી રહ્યાં હતાં....દિશા નિશ્ચિત હતી....માર્ગ ચોક્કસ હતો.....ઇરાદો રાક્ષસી હતો....અને મંજિલ હતી બેજલમેડ...ગોપાલેશ્વર મંદિર. કલાકોની મુસાફરી છતાં ત્રાસવાદી પગ થાક્યા નહીં...શેતાની દિમાગ શિથિલ ન થયું. સાધુ તો ચલતા ભલા...સાધુ તો ચલતા ભલાની રટ લગાવતા સાધુના ભેષમાં શેતાને બેજલમેડના પાદરે આવેલા શંકરના મંદિરની બહાર ત્રિશુલ ખોડ્યું ને અલખ નિરંજન બોલીને અડીંગો જમાવ્યો.

*************

રાતે રાધા દેવીપ્રસાદના ઘરેથી ધરમશાળામાં પાછી ફરી ત્યારે કાઉન્ટર પર રાઘવ જગદીશ સાથે તાળીઓની આપ-લે કરતો વાત કરતો બેઠો હતો. રાધાને જોઇને બંને ચૂપ થઇ ગયા. રાધા નિર્દોષતાનો ઢોંગ કરતી કાંઇ પણ બોલ્યા વિના ઉપર જતી રહી.

'જગદીશ, આ રાધા છે કોણ...મને કહેને યાર....' રાઘવ બોલ્યો.

'કાલે રાતે મેં નામ તો આપ્યું. બસ, હવે હું વધુ કોઇની અંગત વાત ન કહી શકું....મારા શેઠ મને કાઢી મુકે...અને તમારે એનું કામ શું છે...' જગદીશે કહ્યું.

'યાર સાચું કહું પુરોહિતની ચાની ટપરી પર એને જ્યારથી જોઇ છે દિલ આવી ગયું છે એની પર....'

'દિલ તો મારુંય આવી ગયું છે...' જગદીશ બોલવા ગયો, પણ અટકી ગયો.

'એનું પૂરું નામ રાધા અહુજા છે. દેવીપ્રસાદ પાસેથી ગોપાલાનાં ચિત્રો દોરવાની તાલીમ લેવા આવી છે....'

'ક્યાંથી આવી છે.....'રાઘવે પૂછ્યું..

'ગુડગાંવથી.....'

'રોજ દેવીપ્રસાદના ઘરે જાય છે....?' રાઘવે પૂછ્યું.

'હા, રોજ સાંજ પછી જાય છે...હમણાં પણ ત્યાંથી જ આવી.....જોયું નહીં હાથમાં પેઇન્ટીંગ્સ હતાં....'જગદીશ ભોળાભાવે કહેતો રહ્યો ને રાઘવ નિર્દોષતા પ્રેમી જેવું મોઢું કરીને સાંભળતો રહ્યો.

'છેક ગુડગાંવથી અહીં ચિત્રો દોરવા આવી છે તો મારે એનાં ચિત્રો જોવા પડશે.' રાઘવ કયા ઇરાદે બોલ્યો એ જગદીશ સમજી ન શક્યો. એણે હથેળીમાં ચોળીને રાખેલી તમાકુની ચૂટકી ભરીને આપતાં કહ્યુંઃ 'એની પર નજર રાખજે...કોને મળે છે...ક્યાં જાય છે....'

'નજર તો મારી પણ એની પર છે...' જગદીશને કહેવાની ઇચ્છા થઇ, પણ શબ્દોને તમાકુની સાથે નીચલા હોઠની નીચે દબાવી દીધા.

'કેમ...નજર કેમ રાખવી છે....' જગદીશે પૂછ્યું.

'મારે જાણવું છે કે એનો કોઇ રકીબ તો નથીને.....' એણે હસતાં કહ્યું.

'રકીબ એટલે...'જગદીશે પૂછ્યું.

'રકીબ એટલે પ્રેમમાં મારો હરીફ, દુશ્મન....' એ બોલ્યો. જગદીશે વિચાર્યું કે આમ તો તું જ મારો રકીબ જ છો.....

રાઘવના ગયા પછી જગદીશ રાધાના રૂમમાં ગયો. હળવેથી ટકોરા માર્યા. રાધાએ દરવાજો ખોલ્યો.

રાઘવ દૂધવાળો તમારા વિશે બહુ પૂછપરછ કરે છે. જરા સંભાળજો. રાધાને જગદીશ પર ભરોસો બેઠો. એણે જગદીશને સ્મિત આપ્યું.

'અને હા, રકીબનો મતલબ શું થાય...' જગદીશે પૂછ્યું...

'કેમ તારે કેમ જાણવું છે.' રાધાએ પૂછ્યું.

'રાઘવ બોલ્યો હતો.....' જગદીશ આટલું કહીને નીકળી ગયો.

(ક્રમશઃ)■

## ઈન્વેસ્ટમેન્ટ વર્લ્ડ

જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

### જે અગાઉ ક્રેશ તથા ક્રાઈસિસના અનુભવોમાંથી પસાર થયા નથી એવી...

# નવી પેઢીના રોકાણકારો માટે વર્તમાન બોધપાઠ

**શૅરબજારમાં એક બહુ મોટો વર્ગ કોવિડ બાદ બજારમાં પ્રવેશ્યો, જેને રોકાણકારોની નવી પેઢી- આજના સમયમાં જેન-ઝી પણ કહેવાય છે, જેમણે મહદઅંશે બજારને તેજીમાં અને વૃદ્ધિમાં જોયું છે. હાલની માર્કેટ જેવા ગાબડાં કે ગ્લોબલ ક્રાઈસિસ જોયા નથી. આ વર્ગ સહિત તમામ વર્તમાન સંજોગોમાંથી શું શીખી શકે?**

શૅરબજારમાં કોવિડ-૧૯ ના સમયમાં એક વિશાળ વર્ગ શૅરબજારમાં પ્રવેશવા મજબૂર થયો હતો, કેમ કે લોકોએ નોકરીઓ ગુમાવી અને સ્વરોજગાર પણ ગુમાવ્યા, ઘરે બેસી જવું પડયું, કારણ કે બધે લૉકડાઉન હતું. ઘેરબેઠાં લાખો લોકોએ શૅરબજારમાં ટ્રેડિંગ કરવાનો ઉપાય કે વિકલ્પ અજમાવાનો શરૂ કર્યો અને એ થોડો સમય બાદ આવેલી બજારની તેજીમાં કમાતા પણ થયા.

આમ એક વિશાળ વર્ગ શૅરબજારમાં ‘લગે રહો મુન્નાભાઇ’ની જેમ લાગી ગયો. એ પછી તો યુવા વર્ગ પણ બજારમાં પ્રવેશતો ગયો અને એક્ટિવ થઈ ગયો, જેમણે મોબાઈલ એપ મારફત જ સોદા કરવા માંડયા, આઈપીઓમાં અરજી કરવા લાગ્યા અને થોડો વખત બાદ તો આ જેન-ઝી વર્ગ ડેરિવેટિવ્ઝ જેવાં જોખમી સાધનો ઓપ્શન-ફ્યુચર્સ (એફ એન્ડ ઓ)માં ટ્રેડિંગ કરતો પણ થઈ ગયો.

બીજા શબ્દોમાં કહીએ તો આ નવા વર્ગે મહદઅંશે બજારમાં તેજી જોઈ હતી. મંદીના દર્શન કર્યા જ નહોતા. રશિયા-યુક્રેન યુદ્ધ વખતે કરેકશન જોયા ખરાં, પણ ઈરાન-ઈઝરાયલ યુદ્ધે આ વર્ગને બજારના હેવી કરેકશન અને ક્રેશ કેવા હોય એ સમજાવી દીધું. આવા રોકાણકારોની સંખ્યા લાખો-કરોડોમાં છે, એક અભ્યાસ મુજબ કોવિડ બાદ શૅરબજારમાં પ્રવેશનારની સંખ્યા પાંચ કરોડ જેટલી વધી છે અર્થાત્ પાંચેક કરોડ નવા રોકાણકારો માર્કેટમાં આવ્યા.

આમ એક દાયકામાં ભારતીય શૅરબજારે મહદઅંશે બુલિશ ટ્રેન્ડ જોયો હોવાથી રોકાણકારોનો બહુ મોટો વર્ગ ગ્લોબલ ક્રાઈસિસ-ક્રેશ કે ભારે મંદીને જોવા-સમજવામાંથી મુકત રહી ગયો. આવા સમયમાં મૂડીધોવાણ કેવું થાય છે તેનો ગંભીર અહેસાસ આ વર્ગને ભાગ્યે જ થયો હતો. આ વર્ગે હર્ષદ મહેતા અને કેતન પારેખ-ડોટકોમના સમયની ઘટનાઓ વિશે વાંચ્યું, સાંભળ્યું અને ટીવીના માધ્યમથી જોયું પણ હશે, પરંતુ વાસ્તવિક અહેસાસ તેમને ૨૦૨૬ના આ સમયમાં જોવા સાથે અનુભવવા મળ્યો છે. આ ઘટના જેન-ઝી ઈન્વેસ્ટર્સ માટે બહુ મહત્ત્વનો બોધપાઠ બન્યો છે. આમ તો આ સ્માર્ટનેસ અપનાવે તો આ રોકાણકારો હાલની ખરીદીની તકનો લાભ લઈ શકે, પણ આ માટે તેમની પાસે વિવેક સાથે નિર્ણય લેવાની ક્ષમતા હોવી જોઈએ.

### આ શૅરબજાર છે, ભાઈઓ...

હાલ તો લાખો ઈન્વેસ્ટર્સ ટ્રેડિંગ - ઈન્વેસ્ટમેન્ટ એપ્સ મારફત શેરસોદા કરતા થઈ ગયા છે. આઈપીઓમાં અરજી કરી લિસ્ટિંગ બાદ તરત નીકળી જવું એ તેમની માટે રમત જેવું થઈ ગયું છે. ઓછી મૂડી સાથે મોટા નફા માટે ઓપ્શન્સ ટ્રેડિંગનો સટ્ટો કરવામાં તેમને મજા આવે છે.

જોકે ઈરાન યુદ્ધના પગલે સર્જાયેલા ગ્લોબલ સંજોગોની અસરોએ આ વર્ગને વિચારતા કરી દીધો છે કે આ શૅરબજાર છે, જ્યાં ગમે ત્યારે કંઇપણ થઈ શકે.

અલબત્ત, કોઈ પણ સ્થિતિ કાયમી હોતી નથી. યુદ્ધ તો અગાઉ પણ થઈ ચૂક્યાં છે. માત્ર જેન-ઝી કે નવા લોકો માટે આ ઘટના નવી છે. આની અસર થોડા સમય બાદ ઘટશે ને પછી બજાર રિકવર થશે - વધશે એ નકકી, જેમ દર ક્રેશ યા ક્રાઇસિસ બાદ થાય છે તેમ ... હવે આ જેન ઝી વધુ સમજ-ધીરજ અને પરિપકવતા ધરાવતા થશે એવી આશા ચોકકસ રાખી શકાય. ભારતીય મૂડીબજાર-શૅરબજાર માટે આ તંદુરસ્ત નિશાની ગણાય.

### હવે ધ્યાનમાં રાખવા જેવી વાત...

વર્તમાન સંજોગોમાં જેન-ઝી ઈન્વેસ્ટરે શું ધ્યાનમાં રાખવું એ સમજીએ. આમ તો આ વાત બધાંને જ લાગુ પડે છે, પરંતુ જેમણે માર્કેટની તેજી-મંદીની કમસે કમ બે સાઈકલ જોઈ નથી તેમની માટે આ સમજવું વધુ મહત્ત્વનું છે. આ સમયમાં એસેટ એલોકેશન પર ધ્યાન વધુ જરૂરી બની જાય. હાલ પેનિક કરતા પેશન્સ રાખવા, વોલેટિલિટીના માહોલમાં શિસ્ત રાખવી. એ જ રીતે સમાચારોના આધારે વારંવાર નિર્ણય બદલતા રહેવું નહીં, માર્કેટ પ્રત્યે ઝાઝું ઈમોશનલ પણ ન બનવું.

સામાન્ય રીતે ઈક્વિટી માર્કેટ બગડે ત્યારે અને ક્રાઈસિસ કે વોરના સમયમાં ગોલ્ડ વધુ ધ્યાન ખેંચે છે, જેથી ગોલ્ડમાં રોકાણનું પ્રમાણ થોડું વધારી શકાય. પણ ફિઝિકલ કરતાં ડિમેટ ગોલ્ડ વધુ બહેતર. એકસાથે રોકાણ કરવાને બદલે નાની-નાની રકમ સાથે એટલે કે SIP માર્ગે રોકાણ કરવાનું રાખવું. માત્ર કવાલિટી સ્ટોકસ (ફંડામેન્ટલ્સ આધારિત) પસંદ કરવામાં સાર રહેશે.

કરેકશનમાં ખરીદી માટે કેશ હાથ પર રાખવા. અમુક સેકટર્સ પર યુદ્ધ દરમિયાન પણ બહુ અસર થતી નથી, જેમ કે FMCG (ફાસ્ટ મુવિંગ કન્ઝયુમર્સ ગુડસ), ફાર્મા, યુટિલિટીઝ અને સંરક્ષણ ક્ષેત્ર, આવા સેકટરમાંથી મજબતિ સ્ટોકસ સિલેકટ કરાય. આવા સમયમાં વધુ પડતું સટ્ટો કરવાથી દૂર રહેવું, ઈતિહાસ સાક્ષી છે કે યુદ્ધમાં ઘટેલું બજાર પછીથી રિકવર થાય છે, પણ તેને લાંબો સમયગાળો આપવો આવશ્યક છે. ■

---

## હેં... ખરેખર?!

પ્રફુલ શાહ feedback@bombaysamachar.com

# ગામમાં એક રહેવાસી ને મહેમાનોને બારમાં આપે મીઠડો આવકાર

આપણે પરિવાર, સ્વજનો અને મિત્રો સાથે રહીએ. આપણામાંથી મોટાભાગના પાર્ટી, મેળાવડા અને મહેફિલના માણસો છે. એકલતા સૌને ખાવા ધસી આવે. બે-પાંચ દિવસ એકલા રહેવાનું આવે તો એકદમ અકળાઈ જઈએ.


આથી જોર્જે જેમ રહેવાની કલ્પના જ ન થઈ શકે. સવાલ થાય કે એવી તો કેવીક ધાડ મારે છે જોર્જે મહાશય? એ જાણવા માટે છેક પોર્ટુગલમાં ડોકિયું કરવું પડશે. એમાંય પોર્ટુગલના મધ્ય ભાગમાં આવેલા હરિયાળા સેરા દા લાઉસા પર્વતમાળાની ગોદમાં વસેલા ગામ તાલાસ્નાલ (Talasnal) જવું પડે. આ એકદમ અનોખું ગામ છે જેની વસતિ છે એક જણાની. એટલે અહીં રહેનારી એકમાત્ર વ્યક્તિ છે આપણા જોર્જેભાઈ.

આવું કઈ શક્ય છે? આવું કેવી રીતે બન્યું? આજે દુનિયાનાં અન્ય ગામોથી બિલકુલ અલગ તરી આવતા આ ગામમાં એક સમયે ૧૨૦થી વધુ માણસો રહેતા હતા, પરંતુ આજે આ ઐતિહાસિક શિસ્ટ (schist-‘sfude કે રેસાદાર ખનિજો ધરાવતો રૂપાંતરિત ખડક) પથ્થરથી બનેલા ગામમાં એકલો જોર્જે જ વસવાટ કરે છે.

હાલ જોર્જેની ઉપસ્થિતિ તાલાસ્નાલના ધબકારને થોડું જીવંત રાખે છે. બાકી અહીંની વળાંકવાળી પથ્થરની ગલીઓ, સ્લેટ પથ્થરથી બનેલાં મકાનો અને જંગલોથી ઢંકાયેલા સુંદર ઢોળાવ ધરાવતું આ ગામ પ્રવાસીઓ માટે સ્વપ્ન જેવું ગજબનાક સ્થળ છે. અહીં ભીડ, ટ્રાફિક, કોલાહલ કે પ્રદૂષણ નથી. શાંતિ અને કુદરતી સૌંદર્યની શોધનારાઓ માટે તો તાલાસ્નાલ પૃથ્વી પરનું સ્વર્ગ છે સ્વર્ગ.

તાલાસ્નાલ પોર્ટુગલના શિસ્ટ ગામોના નેટવર્કનો ભાગ છે. આ બધાં ગામો વિશિષ્ટ પથ્થરની સ્થાપત્યશૈલી અને ગ્રામીણ સંસ્કૃતિની જાળવણી માટે જાણીતા છે. જોકે ૧૯૦૦ના શરૂઆતી દાયકામાં તાલાસ્નાલની શિકલ એકદમ અલગ હતી. અહીં શાળા, ઓલિવ તેલ બનાવવાનો ધંધો અને સારા એવા પ્રમાણમાં માનવ વસ્તી હતી, પરંતુ







૧૯૮૦ના દાયકામાં સ્થિતિએ જાણે શીર્ષાસન કર્યું. મોટા ભાગના લોકોએ વધુ સુવિધા અને કામધંધાની શોધમાં શહેરો ભણી દોટ મૂકી.

આજે તો અહીં માત્ર જોર્જે રહે છે. તે ગામનો બાર ચલાવે છે. અથવા કહો કે નાનકડા બારમાં કામ કરે છે. સાથોસાથ અને અહીં ફરવા આવતા પ્રવાસીઓને આવકાર આપે છે. આજકાલ દુનિયાભરના લોકો ખાસ કરીને જોર્જેને મળવા, તેના બારમાં વાઇન પીવા અને એક એવા ગામનો અનુભવ કરવા આવે છે, જે લગભગ એક જ માણસ દ્વારા જીવંત રાખવામાં આવ્યું છે.

હા, પ્રવાસીઓને આકર્ષવા માટે તાલાસ્નાલમાં સ્લેટ પથ્થરથી બનેલી ઇમારતો, જંગલનાં દૃશ્યો અને ગ્રામીણ વારસાની શાંતિપૂર્ણ ઝાંખી મળે છે.

અહીં મકાનો, છાપરાં અને રસ્તાઓ બધું જ સ્થાનિક સ્લેટ પથ્થરથી બનાવેલું છે, જે ગામને અનોખો દેખાવ આપે છે. કહી શકાય કે સમય જાણે અહીં અટકી ગયો છે. આ બધું પ્રવાસીઓને મંત્રમુગ્ધ કરે છે. તાલાસ્નાલમાં ગામની ગલીઓમાં રખડવું, પથ્થરની સાંકડી ગલીઓમાં ફરતા ફરતા જૂનાં મકાનો અને છુપાયેલા ખૂણાઓ શોધવા ઉપરાંત હાઈકિંગ અને બાઈકિંગ કરી શકાય.પાઇન જંગલોની સુંદરતા માણી શકાય.

આ તાલાસ્નાલ નામના ગામમાં ફરવું એટલે પોર્ટુગલના ભૂતકાળની જીવંત તસ્વીરમાં પ્રવેશ કરવો. અને એકમાત્ર રહેવાસી જોર્જેને મળવું. ■


---

## પ્રકૃતિ

નિધિ ભટ્ટ feedback@bombaysamachar.com

# જંગલ સફારી છે રોમાંચક, પણ...

**આવા વન્યસૃષ્ટિના પ્રવાસ દરમિયાન ઉત્સુકતા અને ઉત્તેજનામાં થઈ જતી કેટલી ભૂલ મોંઘી સાબિત થઈ શકે છે માટે અમુક મુદ્દા નિશ્ચિતપણે ધ્યાનમાં રાખવા જરૂરી છે**



કોઈ પણ જંગલ સફારી એક રોમાંચક પરિમાણ ઉમેરે છે. તે આપણને પ્રકૃતિને નજીકથી અનુભવવાની પણ તક આપે છે. જોકે, આવા પર્યટન દરમિયાન ઘણી સાવચેતીઓ રાખવી જરૂરી છે. જો તમે જંગલ સફારી ધરાવતા સ્થળની સફરનું આયોજન કરી રહ્યા છો તો ચોક્કસ સામાન્ય ભૂલો ટાળવાનું ભૂલશો નહીં.

સાહસિક ઉત્સાહીઓ માટે જંગલ સફારી એક ઉત્તમ અને ઉત્તેજક વિચાર છે. જ્યારે જંગલી પ્રાણીઓ નજીકથી પસાર થાય છે ત્યારે હૃદય રોમાંચિત થઈ જાય. પ્રાણી અને પક્ષીઓને સમીપથી જોવા- સાંભળવાનો લોભ એવો પ્રબળ હોય છે કે વધુ પડતો ઉત્સાહ જોખમી બની શકે છે. આવી ઉત્તેજનાથી એ ફક્ત વન્યજીવન જ નહીં, પરંતુ પોતાની જિંદગી માટે પણ જોખમ ઊભું કરી શકે છે... જંગલ સફારીમાં પર્યટક કુદરતી સૌંદર્યને તેના શુદ્ધ સ્વરૂપમાં જોવા માગે છે. જોકે વન્યજીવનની એક ઝલક જોવા માટે ગાઢ જંગલોમાંથી પસાર થવું પડે અને એ દરમિયાન વિભિન્ન ભૂલો થઈ શકે, જેમકે...

**ફોટોગ્રાફી કરતી વખતે થતી ભૂલ...**

લોકો ઘણીવાર જંગલ સફારી દરમિયાન વન્યજીવનના ફોટા અને વીડિયો કેપ્ચર કરવા માગે છે. પરિણામે વ્યક્તિ વારંવાર પોતાનાં વાહનમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરે અથવા વાહનમાંથી ખૂબ આગળ ઝૂકીને જોવાની ભૂલ કરે એ ટાળવી જોઈએ. વધુમાં, તમારા કેમેરા પરનો ફ્લેશ ખૂબ તેજસ્વી કે તીવ્ર ન હોવો જોઈએ, કારણ કે આ વન્યજીવનને ચોંકાવી શકે છે પછી એની પ્રતિક્રિયા પર્યટક માટે ખતરનાક સાબિત થઈ શકે છે.

**મોટેથી બોલવું...**

જંગલ સફારી દરમિયાન ઉત્સાહ અને ઉત્તેજનામાં પર્યટક ઘણીવાર મોટેથી બોલે કે બૂમો પાડવા લાગે છે અને એમના આવા વર્તનથી પ્રાણીઓ ડરી શકે છે, જેના કારણે પોતાના બચાવ ખાતર પણ એ સામે આક્રમણ કરી શકે,જે તમારા કે સાથી પર્યટકોના જીવ માટે ખતરો બની શકે છે.

**તીવ્ર સુગંધિત પરફ્યુમનો ઉપયોગ**

જંગલ સફારી વખતે તીવ્ર સુગંધવાળી કોઈપણ વસ્તુનો ઉપયોગ કરવાનું ટાળો, કારણ કે જો પરફ્યુમ તીવ્ર હોય તો એની ગંધ-સુગંધ વન્ય જીવને અકળાવી મૂકે છે. પરિણામે એ તમને નુકસાન પહોંચાડી શકે છે.

**પ્રાણીઓને ખોરાક આપવો**

જંગલ સફારી દરમિયાન પ્રાણીઓને ખોરાક આપવો એ એક ભૂલ છે જે તમારે સંપૂર્ણપણે ટાળવી જોઈએ. સૌ પ્રથમ, આપણો માનવ ખોરાક પ્રાણીઓ માટે યોગ્ય નથી અને તે તેમના માટે હાનિકારક બની શકે છે. બીજું, આમ કરવાથી પ્રાણીઓ તમારી ખૂબ નજીક આવી શકે, જે તમારી સલામતી માટે ગંભીર ખતરો ઊભો કરી શકે છે.

**આ વધારાની સાવચેતીઓ પણ ધ્યાનમાં રાખજો...**

વન્ય સફારી વખતે તમારા હાથ અને પગ સારી રીતે ઢંકાયેલા રહે તેવા ડ્રેસ પહેરો. માથા પર ટોપી કે ફેલ્ટ કેપ પહેરવી જોઈએ.

વધુ પડતા તેજસ્વી અથવા વાઇબ્રન્ટ રંગોના કપડાં પહેરવાનું ટાળો, કારણ કે ચળકતો વાદળી અથવા લાલ કલર પણ વન્યજીવને અકળાવી શકે છે...

તમારા ગાઈડ- માર્ગદર્શક તમને સંવેદનશીલ વિસ્તારમાં શાંત રહેવાની સૂચના આપે ત્યારે તેમની સૂચનાઓને ધ્યાનથી સાંભળો અને તેનું કડક પાલન કરો...

તમારા મોબાઇલ ફોનને સાઇલન્ટ મોડ પર રાખો, કારણ કે પ્રાણીઓ અચાનક અવાજ અને હલનચલન પ્રત્યે ખૂબ સંવેદનશીલ હોય છે. ■

---

## ટેક વ્યૂહ

વિરલ રાઠોડ feedback@bombaysamachar.com

# બ્રોડકાસ્ટિંગની બેકસાઈડ : કેવી રીતે ચાલે છે સ્ક્રીન પર લાઈવ

T૨૦ વર્લ્ડકપની મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાઈ ગઈ, જેમાં ભારતીય ક્રિકેટ ટીમે એનો વિજયોત્સવ પણ મનાવ્યો. સ્ટેડિયમમાં મેચ જોવાની મજા અલગ હોય છે, પણ સ્ટેડિયમમાં બેસીને પણ મોબાઈલ સ્ક્રીન પર લાઈવ મેચ જોનારા પણ હોય છે, જ્યારે આવા લોકોને પૂછવામાં આવ્યું ત્યારે એમણે મસ્ત જવાબ આપ્યો કે ‘સ્ક્રીન પર જે તે ખેલાડીઓના રેકોર્ડ, સ્ટ્રાઈક રેટ, ગ્રાફિક્સ અને એક અલગ ક્લેરિટી સાથે જોવાની મજા પડે છે...’

મેદાન પર ખેલાડી આવે એટલે દૂર રહેલી સ્ક્રીનમાં ખાસ એ બધું એટલું વંચાતું નથી હોતું. ઠેર-ઠેર મૂકેલી સ્ક્રીનમાં ક્યારેય લાઈટિંગના ઈસ્યૂ આવે છે. વાત તો બિલકુલ સાચી છે. લાઈવ મેચને સ્ક્રીન પર જોવાનો પણ આનંદ હોય છે. થોડી-થોડી વારે આખું સ્કોરબોર્ડ આવે, રીપ્લાય આવે અને એ પણ ઝૂમ થઈને આવે. હા, જાહેરાતનો ત્રાસ સહન કરવો પડે.

હવે આ બધી મજા પાછળ અનેક એવા કેમેરામેનની મહેનત હોય છે. આગામી સમયમાં આઈપીએલ ટુર્નામેન્ટ ચાલુ થવાની છે. જેમાં હવામાં લટકતા કેમેરામાંથી વિઝ્યુઅલ જોવાની પણ મજા પડશે. ગ્રાઉન્ડ પર બ્રાઉન્ડ્રી પાસે ફરી એક કેમેરો રીમોટવાળા રમકડા પર જાણે ફીટ કર્યો હોય એમ ફરતો હોય છે, જે અગત્યનાં દૃશ્યો ઝડપે છે...

આટલું જોયા-જાણ્યા બાદ ક્યારેક તો સવાલ થયો જ હશે કે આટલા કેમેરાના વિઝ્યુઅલ રેકોર્ડ થતા હોય તો સ્ક્રીન પર એક જ પિક્ચર કેમ અને કેવી રીતે દેખાય છે.?

કેમેરામેન અને ડ્રોન કેમેરા સહિત સ્ક્રીન પર એકથી




વધારે વિઝ્યુઅલ્સ કેમ નથી દેખાતા? આનો જવાબ છે લાઈવ સ્ટ્રિમિંગ ટેક્નોલોજી.

હા, આ ફેસબુક, ઈન્સ્ટાગ્રામ કે યુટ્યૂબ લાઈવ કરતાં તદ્દન અલગ ખેલ છે. વર્લ્ડકપ કે આઈપીએલની ફાઈનલ મેચ હોય તેના આગલા દિવસે એક જે તે ચેનલની આખી ટીમ આવે છે. મેદાનનો સર્વે કરે છે અને પછી શરૂ થાય છે અસલી ટેક સેટઅપ.

મેદાનમાં પણ લેપટોપ સામે બેસીને એ જ મેચ જોઈ શકો સ્ક્રીન પર જે નજર સામે જ રમાઈ રહી છે. આની પાછળ જવાબદાર છે લાઈવ સ્ટ્રિમિંગ ટેક્નોલોજી. મોબાઈલ કેમેરા અહીં સ્ટ્રિમરનું કામ કરે છે, જ્યારે કેમેરામેન ફીડ (વિઝ્યુલ્સને ટેક્નિકલ ભાષામાં ફીડ કહેવાય) મોકલે છે. સ્ટ્રિમરનું કામ દરિયામાં ચાલતી સ્ટીમર જેવું હોય છે, જે રીતે કોઈ સ્ટીમર વ્યક્તિ કે વસ્તુને એક કિનારાથી બીજા કિનારે પહોંચાડે છે એમ કેમેરામાંથી ગ્રાઉન્ડની જે તે સાઈટના વિઝ્યુઅલસ મળે છે. આ વિઝ્યુઅલ્સ ગ્રાઉન્ડથી થોડે દૂર આવેલા ઓબી (ઓનલાઈન બ્રોડકાસ્ટિંગ) ટ્રકમાં જાય છે અને ત્યાંથી તેને રીલે એટલે કે બ્રોડકાસ્ટ કરવામાં આવે છે. આ જ કારણ છે કે, સ્ટેડિયમમાં રમાતી મેચની ઓવરમાં ૧૦થી ૮ સેકન્ડ પછી તે ટીવી કે મોબાઈલ સ્ક્રીન પર દેખાય છે.

વર્લ્ડકપની મેચ વખતે વારંવાર ગૂગલ પિક્સલના ફોનથી વીડિયો કેવા આવે છે એ દેખાડવામાં આવતા. હકીકત એ છે કે, એમાં ચોક્કસ સમયે ચોક્કસ શોર્ટ રેકોર્ડ થતા અને પછી ઓવર પૂરી થાય કે ડ્રિકબ્રેક આવવાનો હોય ત્યારે એ શોર્ટ પ્લે થતા. આ માટે એકથી વધારે મોનિટર પર આવા વીડિયો ફિલ્ટર થતા રહે છે, જે કેમેરાનો બેસ્ટ ઍંગલ હોય એને પ્લે કરાવવામાં આવે છે. આ ઉપરાંત જે તે કેમેરામેન પણ હેડફોનથી ઓડિયો પ્લેટફોર્મ પર કનેક્ટ હોય છે જેની બીજી લાઈન મિક્સર સાથે કનેક્ટ હોય છે. એટલે મોનિટર સ્ક્રીન પર બેઠેલી વ્યક્તિ જ્યારે ઓર્ડર કરે ત્યારે એ કેમેરામેન સ્ટેન્ડબાય રહે છે. આને લેપિંગ કહેવાય છે. ટીવી સ્ક્રીન પર જે રીતે એડ આવે ત્યારે નીચે નાની પટ્ટી કે સ્ક્રોલ શરૂ થાય એવું કામ મેચમાં જ્યારે કોઈ બેટ્સમેન આવે ત્યારે દેખાય છે. એનો ફોટો અને રોકોર્ડ આવે છે. આ કામ વીડિયો ગ્રાફિક્સ દ્વારા થાય છે જ્યાં સ્ક્રીન એક કેન્વાસ છે અને ગ્રાફિક્સથી સ્ક્રીન કલરફૂલ થાય છે. આને લાઈવ વિડિયો ગ્રાફિકસ પણ કહેવાય છે.

આવી રીલે ટેક્નોલોજી સાથે ઘણી કંપની જોડાયેલી હોય છે જેની પાસે આવી લાઈવ ટેક્નોલોજીના રાઈટ્સ હોય છે. આ ડેટા સર્વર પર અપલોડ થાય છે, જ્યાંથી તે હજારો/લાખો યુઝર્સ સુધી પહોંચે છે. એ પછી જેટલા ડિવાઈસ પર એ વિઝ્યુઅલ્સ પ્લે થાય છે એના પરથી એ ડિવાઈસની ગણતરી કરવામાં આવે છે અને પછી તેને સ્ક્રીન પર ડિસપ્લે કરવામાં આવે છે. ■

**આઉટ ઓફ બોક્સ**

ટેક્નોલોજીની દુનિયામાં જ્યારે માઉસની શોધ થઈ એ સમયે એ પ્લાસ્ટિકનું નહીં લાકડાનું બનાવાયું હતું.૧૯૬૪માં તેનું મોડલ તૈયાર કરવામાં આવ્યું હતું ...

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# લીલેરી સીમમાં ટહુકા રોપનાર કવિ હેમન્ત દેસાઈ

ગુજરાતી ગઝલ છઠ્ઠા-સાતમા દાયકામાં પરંપરા મુજબ લખાઈ રહી હતી ત્યારે આપણને કાવ્યના જાણકાર કસબીઓમાં મળ્યા એમાં મુખ્ય નામ હેમન્ત દેસાઈનું છે. કવિ અને બીજાની કવિતાના પોતને ઉજાગર કરનાર વિવેચક તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરનાર હેમન્ત દેસાઈ ગઝલ, ગીત, ખંડકાવ્ય, સૉનેટ વગેરે કાવ્ય પ્રકારોના જાણકાર હતા.

હેમન્તભાઈ ગુલાબભાઈ દેસાઈનો જન્મ વલસાડ જિલ્લાના ગંધાર નામે ગામમાં ૨૭ માર્ચ, ૧૯૩૪માં થયો હતો. ચાર દિવસ પછી એમની ૯૨મી જન્મજયંતી છે. શિક્ષણના ક્ષેત્રે આગવું અને અનન્ય પ્રદાન કરનાર આ કવિનું ૨ ઑક્ટોબર, ૨૦૧૧ના રોજ સત્યોતેર વર્ષની વયે દુઃખદ અવસાન થયું. હેમન્તભાઈનું મૂળ વતન વલસાડ. માધ્યમિક શિક્ષણ વલસાડમાં પૂરું કરીને નવસારીની કૉલેજમાં એક વર્ષ અભ્યાસ કરીને અમદાવાદ એમ.એ. પીએચ.ડી થયા હતા. ઈ.સ. ૧૯૬૨થી તેમણે ભાષા-સાહિત્યનું અધ્યાપન કર્યું હતું. કારકિર્દીના અંત સમયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી ભવનમાંથી રીડરપદેથી નિવૃત્ત થયા હતા.

ઘણાં કવિઓએ હેમન્ત દેસાઈ પાસે પીએચ.ડી કરતા હતા એમાં પ્રદીપ રાવલ, હરેશ તથાગતનો સમાવેશ થાય છે. એમના જમાનામાં જે ગઝલો લખાતી હતી તેનાથી એ વાકેફ હતા અને તે અંગેની સમસ્યાઓની ચર્ચા કરતા રહેવાનું એમને ગમતું.

હેમન્ત દેસાઈ મુશાયરાઓમાં સ્વસ્થતાથી પેશ થતાં અને સફળ થતા કારણ કે એમની પાસે પોતીકો અવાજ હતો.

આ કવિએ પ્રેમ, સ્નેહ અને મહોબતનાં ગીતો અને ગઝલો આપ્યાં છે. તેમના પહેલા કાવ્યસંગ્રહ ‘ઈંગિત’માં છંદોબદ્ધ કાવ્યો, ગીતો સહિત ફક્ત ૧૨ ગઝલો છે. કોઈએ એક ગઝલ ગુલબંકી છંદમાં હોવાનું નોંધ્યું છે. આ સંગ્રહ ૧૯૬૧માં આવ્યો હતો. આ પછી ૧૯૭૫માં ‘મ્હેક નજરોની, ગ્હેક સપનોની’ સંગ્રહમાં ૪૪ ગઝલ હતી. ત્યાર પછી ‘સોનલમૃગ’ ૧૯૭૬માં આવે છે જ્યારે ‘વરદાન ફૂલનું’ ૧૯૯૫માં તથા ‘સહજતયા’ ૨૦૦૧માં આવે છે. આ બંને તેમના સ્વતંત્ર ગઝલ સંગ્રહો છે. ઈ.સ. ૧૯૫૩થી તેમણે



કાવ્યો લખવાની શરૂઆત કરી ત્યારે છંદોબદ્ધ કૃતિઓ તરફ તેમની સર્જનગતિ રહી હતી. હેમન્ત દેસાઈને ૧૯૫૮માં કુમારચન્દ્રક પ્રાપ્ત થયો હતો. ધીરે ધીરે છંદોબદ્ધ કાવ્યોને બદલે ગીત અને ગઝલ તરફનું વલણ વધ્યું હતું. આ અંગેની સ્પષ્ટતા કરતા કવિએ કહ્યું છે કે:

*જે હતો ને છું તે પરખાયો ગઝલમાં*
*હું મને પણ કૈંક સમજાયો ગઝલમાં*

કાવ્યયાત્રાના અનેક મુકામ પર પોતાની આગવી છાપ અંકિત કરતા કરતા એમણે સંપાદન વિવેચન અને સંશોધનની કામગીરી ચાલુ રાખી હતી. ‘સુદામાચરિત’ ગુજરાતી કવિતાયન ૧૯૯૭, લીલેરી સીમમાં રોપાયા ટહુકા’, ‘કૂણાં સમણાં, સૂની ડાળ’ તેમનાં સંપાદિત પુસ્તકો છે.

એમણે ‘ગુજરાતી ખંડકાવ્યઃ સ્વરૂપ, સિદ્ધિ અને વિસ્તાર’, ‘અર્વાચીન કવિતામાં પ્રકૃતિ નિરૂપણ‘, ‘કવિતાની સમજ’, ‘કાવ્યસંગતિ’, ‘કવિતાનો રસાસ્વાદ’, ‘તરંગ’ અને ‘કલ્પના’ ‘કાવ્યસમ્માન’, ‘કાવ્ય ઘટના’, ‘કાવ્યસંભવ’, વગેરે ગ્રંથો એમણે આપીને ગુર્જરી કવિતા સાહિત્યને સમૃદ્ધ કર્યું છે.

પરંપરાગત ગઝલના મુખ્ય પ્રવાહમાં ભળીને પ્રેમને મુખ્ય વિષય બનાવીને ગઝલો કહી છે. આમ તેમની ગઝલમાં પ્રણય, પ્રકૃતિ, જીવન ફિલસૂફી, ખુમારી, ખુદ્દારી, પ્રિયતમાના વખાણ અને વિરહના ઝુરાપાના ભાવો એમની ગઝલમાં વિનાઆયાસ આવ્યા છે.

કવિ, વિવેચક, સંશોધક અને સંપાદક તરીકેની ૩૫ વર્ષની શિક્ષણ અને કાવ્યની તપસ્યાના પરિણામે તેઓને ૧૯૫૮માં કુમારચન્દ્રક, ૧૯૮૭નો અખિલ ભારતીય કલાપી એવૉર્ડ, ૧૯૯૨નો શ્રી રમણલાલ જોષી પારિતોષિક, ‘કવિતાની સમજ’ને ગુજરાત સરકારનું પ્રથમ પારિતોષિક, ૧૯૯૨માં ‘શબ્દાશ્રય’ને ગુજરાતી સાહિત્ય પરિષદનું રમણલાલ જોષી વિવેચન પારિતોષિક અને અ. ક. ત્રિવેદી સુવર્ણચંદ્રદ આદિ પુરસ્કાર એનાયત થયા હતા.

હેમન્તભાઈ જ્યાં જ્યાં રહ્યા છે ત્યાં ત્યાં મિત્રોની મહેફિલો અને કાવ્યની મર્મસ્પર્શી ચર્ચાનો માહોલ સર્જ્યો હતો. કવિ રાજેન્દ્ર શાહ અને કવિ જયંત પાઠક જેવા મિત્રોના સંસર્ગમાં કવિતામાં નોંધપાત્ર ખેડાણ કર્યું.

કવિ હરીન્દ્ર દવે સંપાદિત ‘મધુવન’ સંગ્રહમાં હેમન્તભાઈની ચાર ગઝલો લેવામાં આવી હતી તેમાંની એક બે ગઝલોને માણીએઃ

*આ રૂપ અને રંગના વહાલ મેલ, મન!*
*જોયું ઘણું જોયા તણા ખયાલ મેલ, મન!*
*જો રંગની જ હોય મઝા તો બીજા નથી?*
*હોરી ગઈ વીતી હવે ગુલાલ મેલ, મન*

* *

*ક્ષિતિજ પર આભ ને ધરતીનું આભાસી મિલન જોયું*
*હકીકતથી કંઈ જુદું જ જીવાતું જીવન જોયું*
*નજરથી એ જ મોટી થાપ કે ભોળું વદન જોયું*
*અને સાકાર થાતું જિન્દગીનું ત્યાં સ્વપ્ન જોયું*
*અહીં ખુદ હું જ બદલાઉં કદી બદલાય ના દુનિયા*
*રદીફ જેવા જગતનાં કાફિયા જેવું જીવન જોયું*

* *

*ચરણ રુકે ત્યાં સ્વાગત ઝીલતાં દુનિયામાં ફૂલ્ય કરવાનું*
*પોતાના ઘરમાં જાણે મહેમાન હોવું - માણસ હોવું*
*સરસ બાજી મળી હોવા છતાં હું હાર પામું છું*
*અને હાર્યા પછીથી એ રમતનો સાર પામું છું*
*તમારું રૂપ તો બ્હાનું બન્યું છે ફક્ત મહોબતનું*
*ખરું સદ્ભાગ્ય છે કે દિલ હું ખુશ્બોદાર પામું છું*
*છો કેટલાં સલૂણાં મધુરાં સ્વભાવના*
*ટહુકો છો તમે તો હું હૃદયની ગહેક છું*

* *

*વાતાવરણના કેફથી જ મૌન છું, વળી -*
*મારા જવાબ તે જ તમારા સવાલ છે*
*કબૂલું છું પ્રણયમાં એક મોટી ભૂલ થઈ ગઈ કે*
*તમે મારા તરફ જોયું ને મારાથી હસાયું ના*
*થયું તો એવું થયું છે કે કૈં ઈલાજ નથી*
*નભે છે જિન્દગી ફૂલોની સારવાર પર*

* *

*આભની આછી ઉદાસી ક્યાં જશે?*
*સાંજ પડવા પર બધો આધાર છે.*

* *

*મારા જવાની સાંજ તને યાદ તો હશે*
*આંગણનો લીમડો એ ગઝલ ગૂંજતો હશે*

* *

*તમારે રુસણાં લેવાં હશે; તો તે ય લઈ લેજો*
*તમે રાધા થશો ત્યારે અમેયે કહાન થઈ જાશું*

* *

*અશ્રુ બનીને આંખથી ટપકી રહ્યાં હતાં,*
*જે વેણ મેં અજાણે તમોને કહ્યા હતા.* ■

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# આપણે આજુબાજુની વ્યક્તિઓ વિશે પણ વિચારવું જોઈએ...

થોડા સમય અગાઉ ગુજરાતના પ્રવાસ વખતે એક પરિચિત યુવાનને મળવાનું થયું. તે પત્ની સાથે મળવા આવ્યો હતો. એ દરમિયાન તેણે બે વખત પોતાના મોંમાં ગુટખા નાખ્યા. તેના દાંત સડી ચૂક્યા હતા. એ જોઈને તેને કહ્યું કે ‘તારે ગુટખા ખાવાનું બંધ કરવું જોઈએ નહીં તો ભવિષ્યમાં બહુ હેરાન થવું પડશે.’

એ જ વખતે તે યુવાનની પત્નીએ વ્યથિત સ્વરે મને વિનંતી કરી કે ‘તમે આમને સમજાવો કે ગુટખા ખાવાનું બંધ કરે. થોડા મહિનાઓ અગાઉ જ તેમના પિતરાઈ ભાઈનું ગુટખાના વ્યસનને કારણે મૃત્યુ થયું. તેને કેન્સર થયું હતું અને તેની સારવાર પાછળ બેફામ પૈસા ખર્ચવા છતાં તે બચી શક્યો નહીં. અમારા ઘરમાં બધાને આમની પણ બહુ ચિંતા થાય છે, પણ તે કોઈનું સાંભળતા નથી.’

આ સાંભળીને પેલા યુવાને હસતાંહસતાં કહ્યું કે ‘હું તો વર્ષોથી ગુટખા ખાઉં છું. મને કોઈ તકલીફ થઈ નથી. ઊલટું, મેં ઘરના દબાણથી બે વાર ગુટખા છોડવાની કોશિશ કરી ત્યારે મને બ્લડ પ્રેશરનો પ્રોબ્લેમ થયો હતો. મારા જે મિત્રોએ ગુટખા છોડી દીધા તેમને પછી કેન્સર થયું. મારા પિતરાઈ ભાઈ પણ ગુટખા છોડ્યા પછી જ કેન્સરમાં મૃત્યુ પામ્યો.’

મને તેના પર દયા પણ ઊપજી અને તેના પર હસવું પણ આવ્યું. મેં તેને કહ્યું કે ‘ગુટખા છોડવાને કારણે નહીં, પણ વર્ષોથી ગુટખા ખાવાને કારણે તેને કેન્સર થયું હોય છે.’

તે યુવાને દલીલ કરી કે ‘તો તો ગુટખા ખાતા હોય એ બધાને કેન્સર થાય ને! બધા માણસોનાં શરીર અલગઅલગ હોય. મારા એક દૂરના કાકાને કોઈ જ વ્યસન નહોતું છતાં તેમને કેન્સર થયું હતું , જયારે અમારા ઘણા વડીલોએ આખી જિંદગી તમાકુ ખાધું છતાં તેમને કોઈ તકલીફ ન થઈ!’


મેં તેને સમજાવવાની કોશિશ કરી જોઈ કે તમાકુ ન ખાતા હોય તેમને બીજાં કારણોસર કેન્સર થઈ શકે, પણ તમાકુ ખાતા હોય તેમને કેન્સર થવાની શક્યતા તો ખૂબ જ વધી જાય.’

જવાબમાં પેલો કહે : ‘અમારા પર કેટલું ટેન્શન છે એની તમને ખબર નથી! તમારા પર આટલું ટેન્શન હોય તો તમને પણ વ્યસન થઈ જાય! અને એક વાર વ્યસન લાગે પછી એ છોડવાનું સહેલું નથી. હું હવે વ્યસન છોડી શકું એમ નથી. નાનો હતો ત્યારથી આ વ્યસન થઈ ગયું છે અને સાચું કહું તો કોરોનાના સમયમાં મને આર્થિક ફટકો પડ્યો એ પછી એના આધારે જ ટકી શક્યો છું. બાકી મેં આત્મહત્યા કરી લીધી હોત.’

મેં તે યુવાનને ગઈ સદીના મહાન સમાજસેવક રવિશંકર મહારાજના જીવનનો એક કિસ્સો કહ્યો... રવિશંકર મહારાજ ગુજરાતના જુદાજુદા વિસ્તારોમાં ફરતા રહેતા અને કુરિવાજો, વ્યસનો તથા અંધશ્રદ્ધાગ્રસ્ત લોકોને એ બદીઓમાંથી બહાર લાવવાની કોશિશ કરતા રહેતા. એક વાર તે એક ગામમાં ગયા. નાનકડી સભા ભરીને લોકોને સમજાવવા લાગ્યા કે ‘વ્યસન તમારા જીવનને બહુ મોટું નુકસાન પહોંચાડે છે. તમારે વ્યસનો છોડી દેવા જોઈએ.’

રવિશંકર મહારાજની વાત સાંભળીને ગામલોકો ગલ્લાંતલ્લાં કરવા માંડ્યાં. બધાએ વ્યસન ન છોડવા માટે જાતજાતનાં બહાનાં આગળ ધર્યા. જો કે એ બધાનો સૂર એક જ હતો કે આ વ્યસન અમને એવું વળગ્યું છે કે લાખ કોશિશ કરવા છતાં એ અમને છોડતું જ નથી...!

રવિશંકર મહારાજ એ વખતે એક ફળિયામાં બેઠા હતા. એ ફળિયાના છેડે ઘર હતું. એ ઘરની બહાર ઓસરી હતી અને એ ઓસરીના બંને છેડે વૃક્ષના થડમાંથી બનાવેલા લાકડાના થાંભલાથી




ટેકો ઊભો કરાયો હતો. તેઓ અચાનક ઊભા થઈ ગયા અને દોડીને એક થાંભલા પાસે જઈને એને વળગી પડ્યા.

ગામ લોકોને કંઈ સમજાયું નહીં. તેમને બહુ નવાઈ લાગી, પરંતુ તેમને વધુ નવાઈ ત્યારે લાગી જ્યારે રવિશંકર મહારાજ મોટા સાદે બૂમો પાડવા લાગ્યા કે ‘મને કોઈ આ થાંભલાથી છોડાવો. આ થાંભલાએ મને પકડી લીધો છે અને મને છોડતો નથી!’

બધા આશ્ચર્યચકિત થઈ ગયા. તેમણે કહ્યું, ‘અરે, મહારાજ! થાંભલાએ તમને ક્યાં પકડ્યા છે? તમે એ થાંભલાને પકડ્યો છે. તમે થાંભલો છોડી દો એટલે તમે છૂટા જ છો!’

રવિશંકર મહારાજે થાંભલાને છોડતા કહ્યું, ‘હું પણ તમને એ જ સમજાવવા માગું છું. વ્યસને તમને નથી પકડ્યા, તમે વ્યસનને પકડ્યું છે. વ્યસન તમને નથી છોડતું એવું નથી, તમે ખુદ વ્યસનને નથી છોડતા!’

રવિશંકર મહારાજની વાત ગામ લોકોને સમજાઈ અને મોટા ભાગના ગામલોકોએ ત્યારે ને ત્યારે વ્યસન છોડવાની પ્રતિજ્ઞા લીધી.

આ કિસ્સો સાંભળીને પેલો ગુટખાગ્રસ્ત યુવાન હસ્યો : ‘વાત તો સાચી છે, પણ મને આ વ્યસનથી સાઇકોલોજીકલ સપોર્ટ મળે છે એટલે હું આ વ્યસન છોડવાનો વિચાર પણ કરી શકતો નથી.’

***

આવા યુવાનોને જોઉં ત્યારે તેમનાથી વધુ દયા તેમના કુટુંબના સભ્યોની આવે છે. આવા લોકો પોતાના વ્યસનને પોતાના જીવનથી અને પોતાના કુટુંબથી પણ વધુ મહત્ત્વ આપે છે. અને પછી કેન્સરનો ભોગ બને ત્યારે તેમના કુટુંબ માટે દુઃખના પાસવર્ડ સમા બની જાય છે.

દરેક માણસે પોતાની આજુબાજુની વ્યક્તિઓ વિશે વિચારીને જીવવું જોઈએ. પોતાની આજુબાજુની વ્યક્તિઓને સુખ ન આપી શકીએ તો વાંધો નહીં, પણ દુઃખ તો ન જ પહોંચાડવું જોઈએ. ■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# વાસી ‘કવિતા દિવસ’ મુબારક : કટાક્ષથી કવિપત્રો સુધી....

**ટાઇટલ્સઃ**

**ગઝલ ને પઝલમાં બહુ ઉલઝવું નહીં. (છેલવાણી)**

આપણા દેશમાં કવિ કે લેખકને ‘ગરીબ’ કહેવા અથવા ‘ગરીબ’ સમજવાની એક જાતની વણલખી સાર્વજનિક ટેવ છે. કહેવાય છે કે મા લક્ષ્મી અને મા સરસ્વતી વચ્ચે વેર છે માટે મા સરસ્વતીના પુત્રો પર મા લક્ષ્મી કૃપા નથી કરતી. કદાચ એટલે જ મોટાભાગના લેખકો, કવિઓ, પૈસાવાળાઓની સરખામણીમાં કડકા, વંચિત ને સુખ સાહ્યબી વિનાના હોય છે.

જોકે આ દેશમાં હજુ સુધી એવી સુવિધા નથી કે તમે પૈસાવાળાઓને તમે ‘મૂર્ખ’ કહી શકો! આપણે ત્યાં કવિ-લેખકને બિંદાસ ‘ગરીબ’ કહેવાનો રિવાજ છે પણ શેઠિયાઓને ‘મૂર્ખ’ કહેવાનો રિવાજ નથી.

આ શબ્દો છે હિંદીના વ્યંગકાર શરદ જોશીના...આ હમણાં એટલે યાદ આવ્યું કે ગઇકાલે જ ‘વિશ્વ કવિતા દિવસ’ ઉજવાઇ ગયો. જો કે આમ તો કવિતાઓ માટે કંઇ કોઇ એક દિવસ જ થોડો હોય? કવિતાઓ તો રોજ લખાતી કે ઉજવાતી હોય છેને? (આ જ્ઞાન અમને હમણાં જ ‘મહિલા દિવસ’ પર લાધ્યું જયારે ઘણી મહિલાઓએ કહ્યું કે દરરોજ ‘મહિલા દિવસ’ જ હોય છે..કે હોવો જોઇએ!)

જોકે જીવનમાં કવિતા ક્યાં નથી? રસ્તો ક્રોસ કરતી કોઇ યુવતીની અલ્લડ અદાથી લઇને માના હાલરડાંમાં કવિતા છે. કોઇ બેકાર પુરુષ, શહેરની સડક પર દિશાહીન ભટકતો હોય ત્યારે એના એક એક નિસાસામાં કવિતા છે.

સિગરેટના પહેલા કશમાં કે શરાબના આખરી જામના છેલ્લી બૂંદમાં કવિતા છે. લોકડાઉનમાં માઇલો સુધી હાઇ-વે પર ચાલતી ભૂખી ભીડમાં કવિતા છે. એકલી વ્યક્તિના ઘરે અચાનક વાગતી ડોરબેલમાં કવિતા છે. સંસદમાં શોરગુલના ખેલમાં કવિતા છે. કવિતા - કુરુક્ષેત્રની ગીતામાં છે. કવિતા-દંગામાં મરેલા માણસની લાવારિસ ચિતામાં છે. કવિતા- અત્રતત્રસર્વત્ર ફેલાયેલું ચિત્ર છે.

આજકાલ ભારતમાં કવિતાઓનો હોલસેલ યુગ ચાલે છે. ફેસબૂક, ટ્વિટર (નવું નામ X ) જેવા સોશ્યલ મીડિયામાં જેને જુઓ તેની પાસે એક કવિતા રેડી પડી છે. ગઝલો ને ગીતો ક્વિટલના માપે લખાઇ રહ્યાં છે. અગાઉ ‘ચાણક્ય’ના નામે જાતજાતનાં સુવાક્યો માર્કેટમાં ફરતાં, હવે ‘ગુલઝાર’ કે ‘ગાલિબ’ના નામે કોઇપણ ગમે તેવાં કાવ્યો ઠપકારી નાખે છે.




જર્મન મહાકવિ રિલ્કેને ૧૯૦૨માં ૧૯ વરસના યુવાકવિ ફ્રાંઝ કાપુસોએ પોતાની કવિતાઓ વાંચવા મોકલેલી ને ‘કવિ તરીકે આગળ આવવા શું કરવું?’- એની સલાહ માગેલી. ત્યારે રિલ્કેએ તેને ૧૦ પત્ર લખેલાં, જે પછી ‘લેટર્સ ટુ યંગ પોએટ’ નામના પુસ્તક દ્વારા જગવિખ્યાત થયેલા, જેને આજે લેડી ગાગા જેવી સિંગર પણ વારંવાર ટાંકે છે અને હા, પહેલાં તો રિલ્કેએ યુવાકવિને ‘પેમલા-પેમલી’ની ચીકણી ચિબાવલી રોમેંટિક કવિતાઓથી દૂર રહેવા ખાસ ચેતવેલો!

**ઈન્ટરવલઃ**

**નાનો સિતમગર- જ્યારે મોટા કેરો ભય આવે ને ત્યારે દિલથી માને કે પોતે છે, સ્વતંત્રતાનો પૂજક! (ઓડેન)**

યુવાકવિને લખેલ પત્રોમાં રિલ્કે કહે છેઃ

તારા અંતરમાં ઊંડો જા ને પોતાના અસ્તિત્વને શોધ. ત્યાં જ કવિતા અને જીવનનું ઝરણું છે... એનાથી વિશેષ મારી પાસે કોઇ સલાહ નથી. કવિ માટે એકલતાથી મોટી કોઇ મૂડી નથી. એ એકાંતને સાચવ ને એમાં ડૂબીને તારી અંદરની વેદનામાંથી જે બહાર આવશે, પછી એ કવિતા વિશે તારે કોઇને પૂછવું નહીં પડે કે કવિતા સારી છે કે ખરાબ છે.

કવિ રિલ્કેનો ફ્રાંઝ સાથેનો પત્રવ્યવહાર મૃત્યુ લગી એટલે કે ૧૯૦૨થી ૧૯૦૮ સુધી ચાલતા રહ્યો. પેલો યુવાકવિ ફ્રાંઝ પોતે કંઇ મોટો કવિ ના બની શક્યો, પણ રિલ્કેના મોત બાદ એના પત્રોનું પુસ્તક, ૧૯૨૯માં પ્રગટ કરીને કવિ રિલ્કે સાથે, સાહિત્યજગતમાં અમર જરૂર થઇ ગયો. આ છે કવિના શબ્દોની તાકાત.

ચલો, ફરી જોઇએ શરદ જોશીના નિબંધ ‘કવિતાએઁ ઔર કારખાને’ના વ્યંગને, જેમાં ‘વેપારી અને કવિ’ની બડી નટખટ તુલના કરી છેઃ

‘જેમ જરૂરિયાત પૂરતા પૈસા કવિ-લેખકો પાસે હોય છે, તેમ સ્વાર્થ પૂરતી બુદ્ધિ શેઠિયાઓ પાસે પણ હોય છે. આઝાદી પછી કવિ-લેખકોએ પુસ્તકો લખ્યા, સંપાદન કર્યું અને બીજી બાજુ લક્ષ્મીજીનાં સંતાનોએ ધંધા શરૂ કર્યા, કારખાનાંઓ ઊભા કર્યા. મોટાભાગના લેખકો, કવિઓની અંદરની સાચી અનુભૂતિ કે લાગણી ઓછી હતી એટલે એમનાં પુસ્તકો મોંઘાં તો થયાં, પણ જોઈએ એટલા વેંચાયા નહીં. એમને ખ્યાતિ મળી, પરંતુ પ્રકાશકે એમનું શોષણ પણ કર્યું.

પછી લેખકો, કવિઓ સત્તાના ખોળામાં જઈને બેસી ગયા અને સરકારી લાઈબ્રેરીમાં પોતાનું પુસ્તક મૂકવા, સરકારી ઇનામો કે યુનિવર્સિટીમાં ફેલોશિપ વગેરે લેવાનાં આઇડિયા રચવા માંડ્યા. ત્યાં સુધી કે નવું લખવા માટે પણ એમને સરકારી મદદની જરૂર પડવા લાગી. બરાબર એ જ વખતે ઓછી બુદ્ધિને લીધે મા લક્ષ્મીના પુત્રોના કારખાનાઓ ફેલ થવા લાગ્યા, મિલો બંધ પડવા માંડી. મતલબ કે કવિતા સંપાદનના જેવી જ દયનીય હાલત, હવે કારખાનાઓની પણ થવા માંડી.

એટલે હવે લેખકો, કવિઓની ગરીબીની વાત સ્વીકાર કરતી વખતે મને શેઠ લોકોને મૂર્ખ કહેવાની પણ મંજૂરી આપો! આઝાદી પછી એકબાજુ અમુકને કવિ, લેખક બનવાનો ચસ્કો લાગ્યો અને બીજી તરફ એ શેઠિયાઓ જે પેઢીઓથી વ્યાજ પર વ્યાજ ચઢાવી અને મકાનો બનાવીને ભાડેથી આપી ભાડા ખાઈને આળસુ જીવન જીવતા હતા. પણ આ દેશમાં રિવાજ એવો કે લેખકને ‘ગરીબ’ કહી શકો, પણ શેઠિયાને નહીં!

એક કવિતા સંપાદનના ફ્લોપ થવાથી દેશનું એટલું નુકસાન નહીં થાય, જેટલું એક કારખાનું નિષ્ફળ જવાથી થાય છે! પણ શું કરીએ? લક્ષ્મીના પુત્રોને ‘મૂર્ખ’ કહેવાની સગવડ જ નથી, આ દેશમાં!

રિલ્કેના ગંભીર પત્રો કે શરદ જોશીની હળવી મજાક બાજુએ મૂકીએ પણ સૌને ‘વાસી કવિતા દિવસ’ મુબારક. તમારાં કાતિલ કમીના જીવનમાં, તમારી અંદરનો કવિ જીવતો રહે બસ એટલું કરજો.

**એન્ડ ટાઇટલ્સઃ**

**આદમઃ એક કવિતા સંભળાવું?**

**ઇવઃ આ નહીં બીજી કોઇ...** ■

ક્લોઝ અપ

ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# હસતાં હુઆ એક નૂરાની ચહેરા...

## જેની પાછળ છૂપાયેલી હોય છે કેવી કેવી અસહ્ય આધિ- વ્યાધિ? એનો યથાર્થ ચિતાર આપતો શાબ્દિક એક્સ-રે...

કોઈ એક પારંગત ખેલાડી એની કરિયરમાં અવ્વલ સ્થાને પહોંચવાના સહી માર્ગે હોય અને ત્યાં અચાનક એને કોઈ એવી ઈજા થાય છે કે એણે એ સ્પોર્ટસ- એ ગેમ છોડવી પડે થોડા મહિના માટે- એકાદ વર્ષ માટે ને કદાચ હંમેશને માટે એની તીવ્ર અનિચ્છા છતાં ત્યારે એ વખતે એક ખેલાડીની વેદના સમજી શકાય છે... ખેલજગતમાં અનેક સિદ્ધિ -પ્રસિદ્ધિ મેળવનારા ખેલાડીની અફલાતૂન કરિયર પર આમ અચાનક પૂર્ણવિરામ મુકાઈ જતું હોય છે. આને આપણે 'પ્રોફેશનલ હઝાર્ડ' કહીએ છીએ, પણ ક્યારેક વિભિન્ન ક્ષેત્રની જાણીતી વ્યક્તિઓ-સેલિબ્રિટીસનેય કોઈ અણધાર્યા કારણસર પોતાના પ્રોફેશન વ્યવસાય છોડવો પડે છે.


આનું બહુ જાણીતું અને તાજું ઉદાહરણ છે હોલિવૂડનો દિગ્ગજ કલાકાર બ્રુસ વિલિસ...અનેક સુપરહીટ ફિલ્મોનો આ ૭૧ વર્ષીય અદાકાર અત્યાર સુધી રૂપેરી પડદા પર સક્રિય રહીને બોક્સ ઑફિસના રેકોર્ડસ તોડી રહ્યો હતો. બ્રુસે અનેક ટેલિવિઝન શો ઉપરાંત આજ સુધીમાં ૧૨૪ જેટલી ફિલ્મ કરી છે અને એની આ ચાર-પાંચ ફિલ્મ રિલીઝની તૈયારીમાં હતી ત્યાં અચાનક એની ધૂંઆધાર કેરિયર પણ બ્રેક લાગી ગઈ, કારણ કે એ 'અફેસિયા' (APHASIA) નામની બીમારીની અડફેટમાં આવી ગયો હતો. આ સુપર હીરોની જિંદગીમાં એક એવો વિલન પ્રવેશી ગયો છે કે 'એકશન હીરો' તરીકે પંકાયેલો આ હીરો આજે ત્રણેક વર્ષથી તદ્દન નિષ્ક્રિય થઈ ગયો છે..

'અફેસિયા' (APHASIA) નામની આ એક એવી મગજની વિકૃતિ છે કે જેમાં એનો ભોગ બનતી વ્યક્તિની વાતચીત તેમજ લખવા-વાંચવાની ક્ષમતાને સારી એવી ક્ષતિ પહોંચે છે. લખેલા શબ્દો એ બરાબર સમજી ન શકે-બોલવામાં એને ઠીકથી રજૂ ન કરી શકે એ જે વ્યક્ત કરવા ઈચ્છે એ એવું અસ્પષ્ટ હોય કે સામેવાળા સમજી ન શકે. બીજા શબ્દોમાં કહીએ તો એની સંદેશવ્યવહારની શક્તિ ખોરવાઈ જાય છે. 'વાચાઘાત' તરીકે પણ ઓળખાતી મગજની આવી વિકૃતિમાં અમેરિકન ઍક્ટર બ્રુસ વિલિસ એવો સપડાયો છે કે 'ડાઈ હાર્ડ' ફિલ્મ સિરીઝને લીધે વિખ્યાત થઈ ગયેલા આ મર્દાના હીરોએ ફિલ્મ કેરિયરમાંથી કમને- કટાણે નિવૃત્તિ લેવી પડી છે. પોતે સંવાદ બરાબર વાંચી ન શકે- ચહેરાના હાવભાવ સાથે તાલમેળ કરી એને યથાર્થ સ્ક્રીન પર પેશ ન કરી શકે તો એવા અભિનયનો કોઈ અર્થ રહેતો નહોતો. તમે આવા બળુકા અદાકારની આજની સાવ અસહાય અવસ્થાની વીડિયો ક્લિપ 'યુટ્યૂબ' પર જોશો તો તમે પણ વિચલીત થઈ જશો....

આમ અચાનક આ રીતે કોઈની સક્રિય કેરિયર ખોરવી નાખે એવી આ અટપટી બીમારી 'અફેસિયા' વિશે અમદાવાદના સુપ્રસિદ્ધ સાઈકોલોજિસ્ટ ડૉ. પ્રશાંત ભીમાણી કહે છે : 'આપણી વાત વ્યકત કરતી વખતે -બોલતી વખતે ભાષાની જે ન ધારેલી ગરબડ સર્જાય એને 'અફેસિયા' કે 'અફેઝિઆ' કહે છે. તબીબી દ્રષ્ટિએ તો એના અનેક પ્રકાર છે, પરંતુ સમજવામાં સરળ રહે એ માટે એનું આ રીતે વર્ગીકરણ કરી શકાય. એકઃ આ વિકારથી ગ્રસ્ત વ્યક્તિ લાંબું લાંબુ બોલ્યા જ કરે, જેનો કોઈ ચોક્કસ અર્થ ન નીકળે. એની એ ભાષાકીય અભિવ્યક્તિ અર્થહીન હોય (Fluent Aphasia). બીજા પ્રકારમાં દરદી બહુ ટૂંકુ બોલે. વાકયને બદલે શબ્દથી કામ ચલાવે કે સાવ અધૂરું બોલે જેમકે એને કહેવું હોય કે 'હું બહાર જાઉં છું' તો એ વાત તોડીને આમ કહેશેઃ 'હું' .'બહાર' (Nonfluent Aphasia). આવી વાણી વિકૃતિના બીજા કેટલાક પ્રકારમાં એમની વાત - વાણી એવી વેર-વિખેર થઈ ગઈ હોય કે પોતે જાણતો હોવા છતાં દરદી પોતાની વાત બોલીને સમજાવી નથી શકતો. એક પ્રકાર તો એવો વિચિત્ર છે કે અફેસિયાગ્રસ્ત વ્યક્તિ ઈચ્છા ન હોવા છતાં એ સતત અપશબ્દો-ગાળ બોલ્યાં જ કરે..!'

આવી તકલીફ થવાનું કારણ કોઈ પણ કારણસર મગજને ઈજા પહોંચી હોય કે પછી મગજમાં રક્તભ્રમણ અટકી ગયું હોય કે પછી અન્ય કોઈ કારણસર સ્ટ્રોક પક્ષઘાતનો હુમલો થાય તો 'અફેસિયા'ની વિકૃતિ સર્જાઈ શકે. આવી વ્યાધિવાળાની માનસિક તેમજ તબીબી સારવાર કરવી પડે, જે બહુ લાંબી ચાલે છે.

પખવાડિયા પહેલાં- ૨૮ ફેબ્રુઆરીના 'રેર ડિસીઝ ડે' વખતે અનેક અજાણ્યાં જલદી ન જોવાં મળે એવાં કેટલાક દુર્લભ રોગની વિગતો બહાર આવી છે .



બ્રુસ વિલિસ

જીવનના ઉત્તરાર્ધ -વૃદ્ધાવસ્થા દરમિયાન માણસને કુદરતી રીતે જ પાર્કિન્સન કે અલ્ઝાઈમર જેવી વ્યાધિ વળગે છે, પણ અમેરિકન હીરો બ્રુસ વિલિસન એ વળગેલા 'અફેસિયા' જેવી એક અન્ય વ્યાધિ 'ઓનોમેટોમેનિયા' છે. કાબેલ અદાકાર નસિરુદ્દીન શાહે પણ સ્વીકાર્યું છે કે એને 'ઓનોમેટોમેનિયા' પજવે છે..

આ 'ઓનોમેટોમેનિયા' એટલે એક એવી માનસિક અવસ્થા, જેનાથી ગ્રસ્ત વ્યક્તિ જાણતાં - અજાણતાં એકના એક શબ્દો કે વાક્યો કે ગીતની કડી કે પોતાના મનપસંદ સંવાદ સુધ્ધાં અર્થહીન બોલ્યાં કરે- ગણગણાવ્યાં કરે. આ અવસ્થા વિશે નસિરુદ્દીન કહે છે કે મને ખુદને ખબર હોતી નથી કે હું શું અને શા માટે આવી હરકત દિવસ તો ઠીક, રાતનાય ઊંઘમાં કરતો રહું છું. !

નિષ્ણાત મનોચિકિત્સકો આવા એકધારા બબડાટનું અર્થઘટન આ રીતે કરે છે : 'કોઈ પણ કારણસર મનમાં પેસી ગયેલાં શબ્દ-સંવાદ વારંવાર બોલવાની કુટેવ દૂર કરવા અસરગ્રસ્તને માનસચિકિત્સકની સારવાર આપવી પડે. મનમાં અજાણે ઘરબાયેલી કોઈ વાતને લીધે આવું થઈ શકે. એ કારણ શોધીને આવા બબડાટને શાંત પાડી શકાય.'

આ સદીના મહાનાયક એવા અમિતાભ બચ્ચનને કારણે જે બીમારી વિશે આજે સામાન્ય લોકો પણ પરિચિત થઈ ગયા છે એ છે : 'માયસ્થેનિયા ગ્રેવિસ'. આ એક એવી ન્યુરોમ્સ્ક્યુલર વ્યાધિ છે, જેમાં શરીરના ચેતાતંતુ અને સ્નાયુ વચ્ચેનો સંપર્ક તૂટી જાય છે. પરિણામે ચાનો કપ કે પાણીનો ગ્લાસ સુધ્ધાં ઊંચકી ન શકાય કે પછી આંખના પલકારા પણ મારવા અશક્ય બની જાય. અમિતજીને તો ઘણી વાર પોતાના શર્ટના બટન પણ બીડવામાં તકલીફ થતી...

બીજી તરફ, એક સાથી પાંચ-સાત વિલનને એકલે હાથે ફટકારતા સલમાન 'ભાઈ' દાંત અને જડબામાં અચાનક થતા તીવ્ર દુખાવાથી ત્રાહિમામ પોકારી ગયા હતા. તબીબી ભાષામાં 'ટ્રાઈજેનિમલ ન્યુરાલ્યુઝિયા' તરીકે ઓળખાતી આ 'સ્યુસાઈડલ ડિસીઝ' માં એની યાતના એવી આકરી હોય છે કે એનાથી ગ્રસ્ત વ્યક્તિની આપઘાત કરવાની પ્રબળ ઈચ્છા થઈ જાય છે. દેશમાં એની સારવારથી ખાસ ફાયદો ન થવાથી સલમાને અમેરિકા જઈને એની સર્જરી કરાવી પછી એ બીમારીમાંથી એને થોડીક રાહત મળી હતી.

આમ તો 'ડિમેન્શિયા' પણ 'અલ્ઝાઈમર' જેવી જ વૃદ્ધાવસ્થા વખતે વળગતી બિમારી છે. રિશી કપૂરના અવસાન પછી રણધીર કપૂરને 'ડિમેન્શિયા'ની વ્યાધિ લાગુ પડી ગઈ છે. એ વારંવાર ભૂલી જાય છે કે નાના ભાઈ રિશીનું અવસાન થયું છે. રણધીર કપૂર ભત્રીજા રણબીરને ઘણી વાર કહે છે કે : 'તારા ડેડી કયાં છે. એને ફોન લગાડ -મારે વાત કરવી છે!'

અહીં 'ડિમેન્શિયા' તથા 'અફેસિયા' વચ્ચેનો એ ભેદ છે કે 'અફેસિયા'એ બોલતી વખતે થતી અભિવ્યક્તિની ગરબડ છે. બીજી તરફ, 'ડિમેન્શિયા' એ સ્મૃતિભ્રંશની અવસ્થા છે. વધતી જતી ઉંમરે મગજના કોષોના ઘસારાને લીધે યાદ ન રહેવાની પરિસ્થિતિ સર્જાય છે. મગજના આ બન્ને વિકારની સારવાર લાંબી ચાલે, છતાં એમાંથી મુક્તિ મળશે કે નહીં એ ચર્ચાસ્પદ છે.



અમિતાભ બચ્ચન

હૃતિક રોશન

સલમાન ખાન

સામંથા પ્રભુ

અમિતજી સલમાનની જેમ બોલિવૂડની સ્ક્રીન પર 'ગ્રીક ગોડ' જેવી સુદૃઢ-મોહક કાયા ધરાવતો હૃતિક રોશન પણ એક આધિ વ્યાધિથી પરેશાન છે. હૃતિક પોતાના જ એકશન સીન્સ કરવાનો આગ્રહ રાખે છે. પરિણામે કેટલીક વાર એ ઈજાગ્રસ્ત પણ થાય છે. આવા જ એક સ્ટંટ દૃશ્ય દરમિયાન ઈજા થતાં એના મગજમાં લોહીના ગઠ્ઠા જામવા શરૂ થઈ ગયા પછી એને માથાનો અસહ્ય દુખાવો શરૂ થઈ ગયો, જેને તબીબી ભાષામાં 'ક્રોનિક સબડ્યુરલ હેમેટોમા' કહે છે. લાંબી સારવાર પછી એણે બ્રેન સર્જરી કરાવવી પડી પછી માથાના સતત દુખાવામાંથી એને સદભાગ્યે રાહત મળી-જે જલદી બધાને મળતી નથી.

દક્ષિણની સુપર તારિકા સામંથા રુથ પ્રભુ, જેણે તાજેતરમાં ડિવોર્સ પછી ફરી મેરેજ કર્યા એ પણ એક દુર્લભ ગણાય એવી 'માયોસાઈટિસ'ની બીમારીથી પીડાઈ છે. આ એક ઓટો ઈમ્યુન ડિસઓર્ડર છે, જેમાં શરીરની રોગપ્રતિકારક શક્તિ ભૂલથી પોતાના જ કોષો પર હુમલો કરે છે. આના કારણે શરીરેના સ્નાયુ પર સોજા આવે છે અને બેસવા ઊઠવાની ક્રિયા અત્યંત પીડાદાયક બની જાય છે. લાંબી સારવાર અને જીવનશૈલીમાં આકરા ફેરફાર કરવાથી આ રોગમાં રાહત મળે છે..

આ જ રીતે યુવા અદાકાર વરુણ ધવન પણ એક અજાણી વ્યાધિથી ભોગ બન્યો છે. કાનની અંદર કોઈ પણ કારણસર થતી 'વેસ્ટિબ્યુલર હાઈપોફંકશન' બીમીરીને લીધે શરીર પર સંતુલન રહેતું નથી. દુખાવા સાથે સતત ચક્કર પણ આવે છે. આની સારવાર પણ લાંબી ચાલે છે.

આ બધા વચ્ચે , 'મિસ યુનિવર્સ' એવી આપણી રૂપસુંદરી હરનાઝ કૌલ સંધુ પણ એક વિચિત્ર બીમારીમાં સપડાઈ હતી. અચાનક એનું જેટ સ્પીડે વજન વધી ગયું ત્યારે તબીબી પરીક્ષણ પછી જાણવા મળ્યું છે કે હરનાઝ 'સીલિઆક' નામના 'ઓટોઈમ્યુન' ડિસઓર્ડરના વિકારથી પીડાઈ રહી હતી, જેમાં આપમેળે વજન વધવા માંડે.

આ બીમારીઓનો ભોગ આજકાલ અનેક યુવતી બની રહી છે. એની કોઈ દવા નથી. મન મક્કમ કરીને ડાયેટિંગ કરવું એ જ એની એક માત્ર અસરકારક સારવાર છે! ■

---

કેનવાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# શું ધર્મ એક વિરાટ ટેકનોલોજી છે?

## ધર્મને આપણી જરૂર છે કે આપણને ધર્મની?

ધર્મ એક બહુપરિમાણીય વિભાવના છે, જે દાર્શનિક પૂછપરછ અને વ્યવહારિક આવશ્યકતાના તાણાવાણા દ્વારા જોડાયેલી છે.


તેમ છતાં, તેના દાર્શનિક આધાર ઉપરાંત, ધર્મ માનવ સમાજમાં સાંસ્કૃતિક ઓળખ, નૈતિક સંહિતા અને સામાજિક સંસ્થાઓને આકાર આપવામાં વ્યવહારિક ભૂમિકા ભજવે છે.

જરૂર કરતાં વધુ આપવામાં આવે અને જરૂરિયાતની અનુભૂતિ ન થઈ હોય તો પણ તેની પાસે બહુવિધ સ્ત્રોતોનો ખડકલો કરી દેવામાં આવે તો તેનું પતન નિશ્ચિત છે. જિજીવિશા સિવાય પણ ઉત્તુંગ ઈચ્છાઓ હોવી જોઈએ. જિંદગી જીવવાની ઈચ્છા છે, જિંદગી સારી રીતે જીવવાની ઈચ્છા છે, પણ એ જિંદગીને ભરચક બનાવીને મુક્તિ મેળવવાની પ્યાસ કેટલામાં? નંબર વન રહેવું અને સર્વોત્કૃષ્ટ બનવાની તરસ જાગૃત કરવી એ બંનેમાં ફરક છે. મોટા ભાગના લોકો નંબર વન મેળવવામાં જ આયખું પસાર કરી નાખે છે, પણ એ આગળ પહોંચવાની કશ્મકશમાં જ કોઈ શક્તિ સાથે તાદાત્મ્ય સાધવાની ઈચ્છા થાય એવું બને. એ ઈચ્છાની શોધ અને તેનો જવાબ એટલે ધર્મ. જે જરૂરિયાતમાંથી જન્મે છે. આકાશમાં ઊંચે જોઈને કઇંક રહસ્યમય તાકાત સાથે અનુસંધાન સ્થાપવું એ માનવીની જરૂરિયાત છે અને એના જવાબરૂપે થયેલી શોધ ધર્મ છે. જરૂરિયાત એ શોધની માતા છે એવું આપણે સાંભળ્યું છે.

-તો શું ધર્મ એ માનવજાતની શોધ છે? ધર્મ એક આવિષ્કાર છે?

ના, ધર્મ મનુષ્ય નામના સંપ્રદાયની ઉત્તમ ટેકનોલોજી છે. યસ, રિલિજિયન ઇઝ ટેકનોલોજી. કઈ રીતે?

માણસના માત્ર જઠરમાં હજાર જાતના બેક્ટેરિયા હોય છે. દુનિયામાં જેટલા માણસો નથી એનાથી વધુ સૂક્ષ્મ જીવાણુંઓ આપણી હથેળીમાં છે. એક જીવતો માણસ અનેક જીવોની વસાહત છે. આવી અગણિત વસાહતો થઈને સમાજ બનાવે છે. આવા ઘણા સમાજો ઠેકઠેકાણે ઊભા થયા અને માનવજાતિનું ગઠન થયું. ઉત્ક્રાંતિ પામેલી આ જાતિ પૃથ્વી નામના ગ્રહમાં વસે છે જે છેલ્લા થોડા સમયથી ચંદ્ર કે મંગળ સુધી પહોંચવાની કોશિશ કરી રહી છે. વાત એ છે કે ટેકનોલોજીનો ઉપયોગ કરીને માણસ મોટી છલાંગ લગાવવા માંગતો હોય છે. એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચવા માંગતો હોય છે. જ્યારે ધર્મ આ માણસોને માત્ર એકબીજા સાથે જોડતું નથી, પણ માણસ કુદરત અને બ્રહ્માંડનો એક ભાગ છે તેનું પણ ભાન કરાવે છે. કઈ કર્યા વિના જગત સાથે જોડાણ કરી આપતી મહા વ્યવસ્થા એટલે કે ધર્મ બીજા અર્થમાં ટેકનોલોજી જ થઈ.




સીધી વાત છે. આપણને ધર્મની જરૂર છે, પરંતુ એક પણ ધર્મને માણસની જરૂર નથી. જે ધર્મને માણસોની જરૂર પડે એને ધર્મ ન કહેવાય. આદિમાનવ દિનરાત ખાવાનું શોધતો અને હવેનો માણસ પૈસો-પાવર ગોતે છે. આ શોધવાની દડમજલ કર્યા પછી જો માણસને બધું મળી જાય તો એના પછી શું? અને જો નથી મળતું તો શું? આવા પ્રાથમિક સવાલના સંતોષકારક જવાબમાં ધર્મ એન્ટ્રી મારે છે. ધર્મ ન હોત તો આ સવાલો નિરુત્તર રહી જતા માણસ ગાંડો થઈ ગયો હોત. અલૌકિક શક્તિને પોતાની જિંદગીમાં પ્રાણપ્રતિષ્ઠા કર્યા સિવાય માણસ પાસે કોઈ છૂટકો જ ન હતો. ધર્મ છે તો દુનિયામાં આટલી શાંતિ છે. ધર્મ છે તો ડરના માર્યા પણ માણસ બીજાનું અહિત કરતા પહેલા ૧૦ વખત વિચારે છે. ધર્મ છે તો માણસ આગળ-પાછળનું કે આગલા જન્મ અને પાછલા જન્મનું વિચારીને પોતાનો વર્તમાન ચોખ્ખો રાખે છે. આ ધર્મ જ ન હોય તો? હાહાકાર મચી જાય એ ચોક્કસ.

માનવતા કે નાસ્તિકતાનો સિદ્ધાંત પણ બધા ધર્મોના નિચોડસ્વરૂપે જ આવ્યો છે. જો આ બધી વાત આટલી સરળ અને સહજ હોય તો પ્રોબ્લેમ ક્યાં છે? બે ધર્મ વચ્ચે તો ઠીક, એક જ ધર્મના બે સંપ્રદાયો કે બે ફાંટાઓ વચ્ચે પણ સુમેળ કેમ નથી?

કારણ કે મોટા ભાગના મનુષ્યોને પોતાને નાનપણથી ધર્મની જરૂરિયાત લાગે એવો મોકો આપવામાં આવ્યો જ નથી. તાવ આવતા પહેલા દવાઓનો ઓવરડોઝ કરવામાં આવ્યો છે અને સાઈડ ઇફેક્ટ આવે એટલે બીજી દવા. આમાં માણસની તબિયત સુધરે કે ન સુધરે, ફાર્મસીવાળાનો ગલ્લો ભરાય. દુનિયાને, જિંદગીને, સારા-ખરાબને ઇ.ને સમજવાની બાળકમાં ઈચ્છા જાગૃત થાય અને દુનિયાના તમામ ભણતર, વિજ્ઞાન, થિયરીમાંથી જ્યારે એને જવાબ ન મળે તે સમયે તેની સામે ધર્મને રાખવામાં આવે તો આપોઆપ ધર્મની મહત્તા તેને સમજાય. તે કોઈ વાડાના વિવાદમાં પડે નહીં અને સનાતન શાંતિનો મહિમા કરે.

દેશ આઝાદ થયો હશે, માણસ આઝાદ થયો નથી. બાળકોને એની પસંદગીનો ધર્મ પસંદ કરવાનો અવકાશ આપવામાં આવતો નથી. ટેક્સ્ટબુકમાં ધર્મ વિશે અભ્યાસ કરાવવામાં આવતો નથી. ન્યાયપાલિકા આપણે ત્યાં સ્વતંત્ર છે પણ ધર્મનું પદ્ધતિસરનું જ્ઞાન આપતી કોઈ સ્વતંત્ર સંસ્થા નથી. ધાર્મિક સંસ્થાઓ પોલીસખાતા જેવી છે જેનો દોરીસંચાર વણલખ્યો યુનિફોર્મ પહેરેલા અમુક લોકોના હાથમાં છે. ધર્મ જિંદગી જીવવાનો રસ્તો નથી પણ ધર્મના સંસ્કાર જિંદગી ઉજાળવાનું કામ કરે છે. પોતાનો રસ્તો પસંદ કરવાની છૂટ મળે એવો મુક્ત સમાજ આપણો નથી. માતા- પિતાઓના દિલ હજુ સુધી એવા દરિયાદીલ બન્યા નથી. ટોળાશાહી બધે છે અને ચાલશે. આમાં કોઈ પહેલ કરે તો પણ કેવી રીતે કરે? ■

---

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# આવતા વર્ષનું આયોજન કરી લીધું?

માર્ચ મહિનો પૂરો થવાની આરે છે. વેપારીઓ આ વર્ષ દરમિયાન કેટલું આગળ વધ્યા, ક્યાં પાછા પડ્યા તેનું વિશ્લેષણ કરતા હશે. એકાઉન્ટન્ટ સાથે બેસી કેટલું કમાયા તેની નોંધ ચોપડે તપાસતા હશે. કહેવાય છે કે ગયું તેની વાતો વધારે ના કરતા આવનારા સમયમાં શું કરીશું તેની વાતો કરો.

આપણા દેશમાં ફાઇનાન્શ્યલ વર્ષ એપ્રિલથી માર્ચ ગણાય છે, જયારે બીજા બધા દેશોમાં જાન્યુઆરીથી ડિસેમ્બર ગણવામાં આવે છે. માર્ચ મહિનાનો આ તે સમય છે જયારે નાના-મોટા વેપારી કે પછી કંપની આવતા વર્ષના આયોજનમાં લાગી જાય છે. પાછલાં વર્ષોના આંકડાને જાણી, હયાત પરિસ્થિતિને સમજી આવતા વર્ષનું આયોજન અને બજેટ તૈયાર થાય છે. આપણે તેવા સમયમાં જીવી રહ્યા છીએ જ્યાં ઓનલાઇન વેપાર મહત્ત્વનું પાસુ છે અને તેના માટે માર્કેટિંગની વ્યૂહરચના અને બજેટનું આયોજન ઘણું જરૂરી છે. વ્યૂહરચના ઘડાતી હોય ત્યારે વિવિધ ડિપાર્ટમેન્ટના લોકોએ સાથે આવી બિઝનેસ પ્લાનને મધ્યમાં રાખી માર્કેટિંગ અને બ્રાન્ડ કઇ રીતે તેને હાંસલ કરવામાં મદદ કરશે તેની વિચારણા થવી જોઈએ.

માર્કેટિંગ પ્લાન મૂળભૂત રીતે એક બ્લુપ્રિન્ટ છે જે તમારી માર્કેટિંગ વ્યૂહરચના, યુક્તિઓ, માર્કેટિંગ પ્રવૃત્તિઓ, ખર્ચ અને અપેક્ષિત પરિણામોની સમજ આપે. સૌથી મહત્ત્વનું, શું કરવાનું છે તેના કરતાં માર્કેટિંગ પ્લાન એ સુનિશ્ચિત કરે છે કે શું નથી કરવાનું તેની સ્પષ્ટતા રાખો. આયોજન શોર્ટ ટર્મ અને લોન્ગ ટર્મ બંને રીતે કરી શકાય. તેને એક મહિના, ક્વાર્ટર અથવા આખા વર્ષ માટે બનાવી શકો છો અથવા એમ કહી શકાય કે એક વાર્ષિક લક્ષ્ય નક્કી કરો અને તેને હાસિલ કરવા ક્વાર્ટર પ્રમાણે વિભાજિત કરી શકો.

માર્કેટિંગના આયોજનમાં બજેટની સાથે છેલ્લાં ત્રણ વર્ષના ઉત્પાદન અને કયા સ્થાને અર્થાત્ કઈ સિટીમાં વેચાણ થયું તેની વિગતો, નવાં ઉત્પાદનો અથવા સેવાઓ, તેમજ તેમના ટાર્ગેટ ગ્રાહકોની સૂચિ, વિવિધ માર્કેટપ્લેસની વિગતો, જેમ કે સ્પર્ધકોની સૂચિ, પ્રાદેશિક



સીમાઓ, કયા ગ્રાહકો ખરીદી શકશેની યાદી, વર્તમાન વિતરણ / ડિસ્ટ્રિબ્યુશન ચેનલો, વસતિ વિશે ડેટા અને સૌથી અગત્યનું માર્કેટ ટ્રેન્ડ, બજારનું વલણ કઈ તરફ છે ની માહિતી હોવી જરૂરી છે.

આ ઉપરોકત જણાવેલી મહત્ત્વની વાતો ઉપરાંત નવી તકો અને મુશ્કેલીઓની નોંધ લો. તમારી તરફેણમાં અને વિરુદ્ધ કયાં કયાં પરિબળ છે તેના પર ફોકસ કરો. તમે તમારા કયા વ્યવસાયિક ધ્યેયો કેટલી ચોક્કસ સમયમર્યાદામાં (ત્રણ મહિને, છ મહિને, વર્ષે વગેરે) હાંસલ કરવા માંગો છો એની સ્પષ્ટતા રાખો. દરેક ઉદ્દેશ્ય સ્પષ્ટ હોવું જરૂરી છે. યાદ રાખો માર્કેટિંગ પ્લાન તમારા બિઝનેસ પ્લાનને ધ્યાનમાં રાખીને બનાવો છો, કારણ અંતે તમારે નક્કી કરેલું ટર્ન ઓવર કે નફો પ્રાપ્ત કરવાના છે. આને હાંસિલ કરવા તમારા પ્લાનમાં કઈ માર્કેટિંગ પ્રવૃત્તિઓ અને યુક્તિઓ કરી શકાય તેના આયોજનનો સમાવેશ થવો જોઈએ.

ઉદાહરણ તરીકેઃ

તમારો ધ્યેય છે નવા પ્રોડક્ટ માર્કેટમાં રજૂ કરી અથવા હયાત પ્રોડક્ટના સહારે અમુક કરોડની કુલ આવક

માટે અમુક એકમોનું વેચાણ કરવું... તો આના માટે તમારા ઉદ્દેશ્ય અને યુક્તિ હોઈ શકે આઇટમનો પ્રચાર કરો અને ઈમેલ માર્કેટિંગ અથવા સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરીને ઓનલાઇન વધુ ગ્રાહકો સુધી પહોંચો, સ્થાનિક અખબારમાં જાહેરાતો ચલાવો, સ્થાનિક સ્ટેશનમાં રેડિયો જાહેરાત કરો કે પછી રિટેલ સ્ટોરમાં પોસ્ટર રાખો વગેરે. આ સ્પષ્ટતા મળ્યા બાદ પ્લાનિંગનું મહત્ત્વનું અંગ એટલે બજેટ, હવે માર્કેટિંગ બજેટ સેટ કરો. આને તમારા ટર્નઓવર સાથે સાંકળો, રિટર્ન ઓન ઇન્વેસ્ટમેન્ટ કેટલું અપેક્ષિત છે તે નક્કી કરી બજેટ નક્કી કરો. અહીં તમારા પાછલાં વર્ષોના અનુભવ આમાં કામે લગાડો અને ચોક્કસ બજેટ નક્કી કરો જેથી તમારી ટીમને ખબર હોય કે તે દરેક પ્રમોશન માટે કેટલી ફાળવણી કરી શકે છે.

દરેક માર્કેટિંગ પ્રવૃત્તિમાં KPI (કી પર્ફોર્મન્સ ઈન્ડીકેટર) નક્કી કરો. ત્યારબાદ આ KPI હાસિલ કરવા તમારી ક્રિએટિવ અને મીડિયા વ્યૂહરચના નક્કી કરો. ઉદાહરણ તરીકે; એડનું કન્ટેન્ટ, બ્લોગ રાઇટિંગ, સોશ્યલ મીડિયા પોસ્ટ કન્ટેન્ટ, TV સ્ક્રિપ્ટ વગેરે જે તમારી બ્રાન્ડ પોઝિશનિંગના સહારે બને. અને બીજી તરફ મીડિયા માર્કેટિંગ યોજના જે તમારા પ્રેક્ષકો સુધી પહોંચવા માટે કયા મીડિયાનો ઉપયોગ કરશોની માહિતી આપશે.

આ સોશ્યલ મીડિયા, PR, SEO, PPC, ટેલિવિઝન, રેડિયો, પોડકાસ્ટિંગ વગેરે હોઈ શકે છે. વાર્ષિક માર્કેટિંગ યોજના તે એવી વસ્તુ છે જેની દર છ મહિને સમીક્ષા થવી જોઈએ અને જ્યારે જરૂરી હોય ત્યારે અપડેટ પણ કરો.

આમ તમારા નિશ્ચિત કરેલા બજેટની અંદર કામ કરવા અને જોઈતાં પરિણામો લાવવા બાંધે છે, તમારા ટાર્ગેટ ગ્રાહકોને સારી રીતે સમજી શકો છો અને તમારા વિશે તેમને પૂરતી માહિતી આપી શકો છો, તમને તમારી કંપનીની વાસ્તવિક પરિસ્થિતિથી વાકેફ કરે છે, તમારી ટીમમાં નવો ઉત્સાહ ભરે છે અને નવા ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત કરે છે.

આજના સમયમાં જયારે લોકો ઇન્વેસ્ટમેન્ટને પ્રાધાન્ય આપે છે ત્યારે સુનિયોજિત માર્કેટિંગ પ્લાન ઇન્વેસ્ટરને આકર્ષે છે તમારા વેપારમાં રોકાણ કરવા માટે આવનારા વર્ષમાં પાંચ ગણો વેપાર વધારવા માટે આને પ્રાથમિકતા આપી કૂદી પડો. ■




# એક સાથે છતાં અલગ અલગ...

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

**સરોજબહેન** આજે સવારથી શાંત હતાં. ગુસ્સો, નારાજગી, ચિંતા, અકળામણ, અજંપો બધું જ એક સાથે એમનાં

મન પર હાવી થઈ રહ્યું હતું જાણે! એમનાં ગળેથી આજે કોળિયો નીચે નહોતો ઊતરતો. દેખીતું તો સરોજબહેન દીકરા વિશાલ અને વહુ સ્નેહાને સામાન પેક કરવામાં મદદ કરી રહ્યા હતાં પણ વિચારો યુદ્ધે ચડ્યા હતાં. દીકરા વહુનો સામાન બધો જ સામાન કપડાં, દાગીના, કબાટ, પુસ્તકો, વાસણ, અનાજ કરિયાણું, ફર્નિચર બધું જ.

વિશાલ અને સ્નેહાએ પગે લાગી મમ્મી- પપ્પાનાં આશીર્વાદ લીધાં અને વિશાલે ગાડીની ચાવી લીધી. સરોજબહેને

એક છેલ્લીવાર પૂછ્યું કે જવું જ છે? બંને એ એકસાથે હા પાડી. કંપાઉન્ડમાંથી ગાડી કાઢી ને સરોજબહેન એમના

પતિ જયંતભાઈનો હાથ પકડી ક્યાંય સુધી જતી ગાડીને તાકતા રહ્યાં. એક જ શહેરમાં રહીને દીકરા વહુને અલગ થતાં જોઈ સરોજબહેન અંદરથી ભાંગી પડ્યાં હતાં.

વિશાલ ૩૨ વર્ષનો યુવાન એના પપ્પાની સીએ ફર્મમાં જોડાયો હતો. પત્ની સ્નેહા ગાયનેકોલોજિસ્ટ પોતાની પ્રાઇવેટ પ્રેક્ટિસ કરતી હતી. એમનાં અરેન્જ્ડ મેરેજને પાંચ વર્ષ થયા હતાં. બાળક નહોતું, કારણ કે લગ્ન પછી તરત જ સ્નેહાને એક મિસ કેરેજ થયું હતું અને એ પછી એ ડર કહો એ ઈમોશનલી ઓછી તૈયારી મોટાભાગે દરેક ઘરમાં દેખાય એ રીતે આમનાં ઘરમાં પણ જનરેશન ગેપ મોટો દેખાતો હતો. સરોજબહેન અને જયંતભાઈ રૂઢિચુસ્ત, થોડા જુનવાણી, અતિશય શિસ્તબદ્ધ. વિશાલ એકલો હતો ત્યાં સુધી બધું ચાલ્યું પણ લગ્ન પછી સ્નેહાને આ બધું ના ગમતું. ક્યાં જાય છે, કોને મળે છે, કેટલા વાગે પાછા આવશે, ઘેર જ જમવાનું, મિત્રોને ઓછું મળવાનું, સપરિવાર જ બહાર જવાનું, દરેક ધાર્મિક તેમજ સામાજિક પ્રસંગમાં હાજરી આપવાની, ધાર્યું ના થાય તો મહેણાંની ટોણા સાંભળવા વગેરે. કામની સાથે વિશાલ અને સ્નેહા એકબીજાને પણ ઓછો સમય આપી શકતા હતાં એવામાં ફેમિલી પ્રેશર વધવાથી એ બંનેનાં સંબંધમાં પણ તિરાડ પડવાની શરૂઆત થઈ ગઈ હતી. છેવટે વાત મેરેજ કાઉન્સેલિંગ સુધી પહોંચી. એ બંનેને એકબીજા સાથે કોઈ તકલીફ નહોતી. અંતે નિરાકરણ એ આવ્યું કે માતા પિતા સાથેનાં સંબંધો વધુ વણસે એના કરતાં એક જ શહેરમાં અલગ રહેવા જવું, જેથી રોજનાં મનદુઃખ થવા કરતાં અલગ રહી માતા-પિતા સાથેનાં સંબંધ મીઠાં રહે. હિંમત કરી વિશાલ અને સ્નેહાએ સરોજબહેન-જયંતભાઈ સમક્ષ અલગ થવાનો પ્રસ્તાવ મૂક્યો અને મને-કમને એ લોકોએ સ્વીકાર્યો. છેવટે આજે વિશાલ અને સ્નેહા એમનાં નવા ઘરમાં રહેવા ગયાં.

બીજા કિસ્સામાં સુચેતા અને તપન લગ્ન પછી સ્વછંદતાથી રહેતાં હતાં. પોતાનું ધાર્યું કરવાનું, મિત્રો સાથે હરવાફરવાનું, પાર્ટીઓ કરવાની અને ઘરનાં સાથે લાગણીનો કોઈ સંબંધ નહીં. તપનનાં માતા- પિતાની સાથે ઉદ્ધત વર્તન કરી વાર-તહેવારે અપમાનિત કરતાં હતાં. દીકરા- વહુ સાથે માતા-પિતા સ્વમાનથી નહોતા રહી શકતા. ઢળતી ઉંમરે આ દંપતી દીકરા- વહુ માટે ઘર સાચવે, ઘર ચલાવે અને અપમાન પણ સહન કરે. છ - બાર મહિના આમ ચાલ્યું અને પછી તપનનાં માતા- પિતાએ સામેથી જ દીકરા- વહુને અલગ કર્યાં, જેથી એમનું ઘડપણ સુધરે.

આપણા સમાજમાં આવા કેટલાય પરિવારો છે જ્યાં બાપ દીકરાને નથી ફાવતું, સાસુ વહુને સાથે રહેવામાં તકલીફ છે કે પછી પતિ પત્નીને પણ એકબીજા સાથે ઓછું કે બિલકુલ નથી ફાવતું. આવી પરિસ્થિતિમાં કોનો વાંક કાઢવો કે પક્ષ લેવો એ નક્કી કરવું મુશ્કેલ થઈ જાય છે, જેની કદાચ જરૂર પણ નથી. પહેલાનાં સમયમાં બાંધી મુઠ્ઠીનું મોલ હતું.

જોકે હવે એવું નથી રહ્યું. પહેલાનાં લોકો એકબીજાનું માન રાખતા, સગાં અને સમાજથી ડરતા હતાં. અલગ થતા

પહેલાં ચાર લોકો શું કહેશે, લોકો વાંક કાઢશે, સમાજમાં સ્વીકૃતિ મળશે કે નહીં, એકલા પડી જવાશે જેવા ડર રહેતાં.

જૂના જમાનામાં એક છત નીચે બે- ત્રણ પેઢીઓ એકસાથે રહેતી હતી. સંયુક્ત કુટુંબમાં સુખ-દુઃખ બધું જ વહેંચાયેલું રહેતું. એકબીજાનાં સાથની, પરિવારની હૂંફ રહેતી, પણ એ સમયમાં સહુની સહનશક્તિ પણ ઘણી વધારે હતી. દિલમાં કૌટુંબિક ભાવના હતી. જેમ જેમ સમય બદલાતો ગયો તેમ તેમ વિભક્ત કુટુંબો વધતા ગયા. ઘરની કોઈ એક વ્યક્તિ જે બધાંને સમજે, જતું કરે એ ઓછી થતી ગઈ. સમાજ માટે જીવતાં લોકોને પોતાના માટે જીવવાની પ્રેરણા થતી ગઈ. માટે હવે ઘણાખરા અંશે લોકો શું કહેશે કરતાં પોતે શું ઈચ્છે છે એને વધુ મહત્ત્વ આપે છે. સાથે રહેવું કે સમય રહેતા અલગ થવું એ અંગત નિર્ણય કહેવાય એમાં સમાજને કેટલું મહત્ત્વ આપવું? ભેગા રહેવું કે અલગ થઈ જવું એ જે તે પરિસ્થિતિમાંથી પસાર થતી વ્યક્તિ જ નક્કી કરી શકે. આ વિશે બોલો,

**તમે શું કહો છો!** ■

# વસંત ને ગ્રીષ્મ ઋતુમાં પ્રકૃતિનો શીતળ પાલવ

## મધ્ય પ્રદેશનો રેવા તીર નર્મદાની માર્બલ ખીણોમાં એક આત્મીય સફર...

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી feedback@bombaysamachar.com






**વસંત** ઋતુના રંગો ધરતી પર છવાઈ જાય અને ગ્રીષ્મની શરૂઆતની સવારમાં પવનમાં હજુ પણ કૂમળો શીતળ સ્પર્શ અનુભવાય ત્યારે પ્રકૃતિ જાણે પોતાનો સૌથી મોહક સ્વરૂપ રજૂ કરતી હોય એવું લાગે. આવા ઋતુસંગમમાં મધ્ય પ્રદેશના વિંધ્યાચળ વિસ્તારમાં વહેતી રેવા, એટલે કે નર્મદા, પોતાના અદ્વિતીય સૌંદર્ય સાથે પ્રવાસીઓને મંત્રમુગ્ધ કરી દે છે.

રેવાના કિનારે થોડોક સમય પણ વિતાવો તો સમજાય કે અહીં માત્ર નદી નથી વહેતી, અહીં પ્રકૃતિનું એક સજીવ સંગીત વહે છે. વહેતા જળનો મધુર રવ, આસપાસના જંગલોમાં ગૂંજતો પંખીઓનો કલરવ, નિર્મળ આકાશમાં ઝગમગતા તારાઓ અને પવનમાં ભળેલી શાંતિ આ બધું મળીને એક એવો માહોલ રચે છે જ્યાં માણસ પોતાની અંદર ઝાંખી કરવાની તક મેળવે છે.

આધુનિક જીવનમાં આપણે ઘણીવાર વૈભવી સુવિધાઓ પાછળ દોડતા દોડતા પ્રકૃતિના સરળ આનંદથી દૂર થઈ જઈએ છીએ, પરંતુ જ્યારે કોઈ નિર્જન કુદરતી સ્થળે પહોંચીએ ત્યારે સમજાય છે કે કુદરતનો સાથ જ જીવનનું સાચું વૈભવ છે. ભારતની પ્રાચીન સંસ્કૃતિનું મૂળ પણ અરણ્યમાં જ વસે છે. કદાચ એ જ કારણ છે કે નદીઓ, પહાડો, જંગલો અને ખુલ્લા આકાશ સાથે આપણો સંબંધ સહજ રીતે બંધાઈ જાય છે.



**ભેડાઘાટ માર્બલ ખીણોમાં વહેતી નર્મદા**

મધ્યપ્રદેશના જબલપુર શહેરથી આશરે ૨૬ કિલોમીટર દૂર આવેલ ભેડાઘાટ કુદરતની જીવંત કવિતા સમાન લાગે છે. અહીં નર્મદા ઊંચી સફેદ માર્બલ શિલાઓ વચ્ચેથી વહે છે અને સૂર્યપ્રકાશ પડતાં આ શિલાઓ ચમકી ઊઠે છે. વહેલી સવારમાં ઘાટ પર પહોંચો તો પાણીમાંથી ધીમે ધીમે ઉગતો સૂર્ય અને તેની આછેરી લાલિમા સમગ્ર વિસ્તારને એક અલૌકિક આભા આપી દે છે. ૨૦૨૬ના વસંત અને ઉનાળાના પ્રવાસ માટે ભેડાઘાટ ખાસ અનુકૂળ ગણાય છે. માર્ચથી મે દરમિયાન દિવસ દરમિયાન તાપમાન વધતું હોય છતાં નર્મદાના શીતળ જળમાં નહાવાનો અનુભવ અદ્ભુત તાજગી આપે છે. નજીક આવેલ પ્રખ્યાત ધૂઆંધાર ઝરણો ઉનાળાની શરૂઆતમાં પણ પોતાની ગર્જના અને જળરાશિ માટે જાણીતા રહે છે. અહીંની સૌથી યાદગાર અનુભૂતિ છે માર્બલ ખીણમાં બોટ સફર. સ્થાનિક માજી સાથે બોટમાં નીકળો તો બંને બાજુ ઊભેલી માર્બલની ઊંચી દીવાલો વચ્ચે વહેતી નર્મદા જાણે કોઈ પ્રાચીન કથા સંભળાવી રહી હોય એવું લાગે. પાણીમાં હાથ પસાર કરતાં એવો અનુભવ થાય કે નદી તમારી સાથે સંવાદ કરી રહી હોય. ક્યારેક આ શિલાઓ પર બેઠેલા ઘુવડ કે અન્ય પક્ષીઓ આ દ્રશ્યને વધુ જીવંત બનાવી દે છે.

**નર્મદામય જીવન અને સંસ્કૃતિ**

નર્મદાના કિનારે વસતા લોકોનું જીવન પણ નદી સાથે અવિભાજ્ય રીતે જોડાયેલું છે. અહીંના બાળકો નાનપણથી જ નર્મદાની ધારાઓમાં તરતાં અને રમતાં મોટા થાય છે. કોતરો વચ્ચેથી વહેતી નર્મદા તેમને સહજ રીતે પોતાની વચ્ચે સમાવી લે છે જાણે નદી પોતે જ તેમને ઉછેરી રહી હોય. ઘાટ પર ઊતરતાં ઉનાળાની મોજ પણ અનુભવી શકાય છે. લીંબુ શરબત, કાચી કેરી અને સ્થાનિક ફળોની લિજ્જત પ્રવાસીઓને તાજગી આપે છે. સ્થાનિક રસોઈમાં મક્કાઈના લોટથી બનેલી દાળ-બાટી પાનિયા ખાસ જાણીતી છે. ગાયના છાણામાં શેકાયેલી બાટી, દાળ, ઘી, લસણ અને ફુદીના ચટણી સાથે પીરસાતું આ ભોજન ગ્રામ્ય જીવનની સરળતા અને સ્વાદનો પરિચય કરાવે છે.

**સાંજનો રેવા રાગ**

ભેડાઘાટનો સાચો જાદુ સાંજ પડતાં શરૂ થાય છે. સૂર્ય ધીમે ધીમે અસ્તાચળ તરફ આગળ વધે અને તેની સોનેરી કિરણો નર્મદાના પાણી પર ઝળહળે ત્યારે આખો વિસ્તાર જાણે સોનાની ચાદર ઓઢી લે છે. રાત્રે આકાશમાં તારાઓની ચાદર ફેલાય છે. શુક્લ પક્ષની ચાંદની માર્બલ શિલાઓ પર પડતી હોય ત્યારે આખું દ્રશ્ય જાણે કુદરતે રચેલી વિશાળ ચિત્રકૃતિ જેવું લાગે છે. અને કૃષ્ણ પક્ષની અંધારી રાત્રે નર્મદાના મધુર રવ સાથે તારાઓથી ભરેલું આકાશ મનને ધ્યાનસ્થ શાંતિનો અનુભવ કરાવે છે.

**મહેશ્વર નજીકનું જલકોટી નર્મદાનું બીજું રૂપ**

નર્મદાનું એક બીજું મોહક રૂપ મહેશ્વર નજીક આવેલ જલકોટી ખાતે જોવા મળે છે. અહીં નદી અસંખ્ય ધારાઓમાં વહેંચાઈને વિશાળ પથ્થરની શિલાઓ વચ્ચેથી કિલ્લોલ કરતી વહે છે. ગ્રીષ્મ ઋતુમાં અહીં કલાકો સુધી નર્મદાના પાણીમાં રમવાની મજા અનોખી છે.

સવારના સમયે સૂર્યોદય સાથે વાદળો અને પાણીના પ્રવાહ વચ્ચે સર્જાતું દ્રશ્ય મનને મંત્રમુગ્ધ કરી દે છે. રેવાના આ રૂપને જોઈને સમજાય છે કે ભારતીય સંસ્કૃતિમાં નદીઓને માતા તરીકે કેમ પૂજવામાં આવે છે.

**પ્રવાસ માટે ઉપયોગી માહિતી**

સર્વોત્તમ સમયઃ માર્ચથી મે (વસંતગ્રીષ્મ ઋતુની શરૂઆત)

સૌથી નજીકનું શહેરઃ જબલપુર

અંતરઃ ભેડાઘાટ આશરે ૨૬ કિમી

પ્રવાસ સુવિધાઃ રોડ દ્વારા સરળ પહોંચ, સ્થાનિક બોટ સફર ઉપલબ્ધ

રહેઠાણઃ વિવિધ બજેટ હોટેલો તેમજ મધ્ય પ્રદેશ ટુરિઝમના રિસોર્ટ

રેવાના કિનારે થોડો સમય વિતાવ્યા પછી સમજાય છે કે પ્રકૃતિની મહેફિલમાં શબ્દો ઘણીવાર ઓછા પડી જાય છે. અહીંનો સાચો આનંદ વહેતા જળના મધુર રવમાં, માર્બલ ખીણના અદ્ભુત દૃશ્યોમાં અને નિર્મળ આકાશ નીચે વિતાવેલી શાંત પળોમાં જ અનુભવાય છે.

રેવા માત્ર એક નદી નથી તે પ્રકૃતિની એવી સજીવ રચના છે જે માણસને થોડીવાર માટે દુનિયાના કલહથી દૂર લઈ જઈને અંદરની શાંતિ સાથે ફરીથી જોડે છે. ■

# ઓનલાઈન શોપિંગઃ સુવિધા-સંકટ ને અધિકાર

ટૂંકું ને ટચ

લોકમિત્ર ગૌતમ feedback@bombaysamachar.com

થોડા દિવસો પહેલાં એટલે કે ૧૫ માર્ચને દર વર્ષે પૂરી દુનિયાએ વિશ્વ ઉપભોક્તા દિવસ તરીકે મનાવ્યો હતો. આ ફક્ત ખરીદ-વેચાણ પૂરતું જ સીમિત નથી, પરંતુ ગ્રાહકોનાં અધિકાર અને તેમની સલામતીને યાદ કરવાનો એક અવસર છે. આજે શોપિંગ મોબાઈલમાં માત્ર એક ક્લિકથી થઈ જાય છે.

સૌ કોઈને ઓનલાઈન શોપિંગનો ચસ્કો લાગ્યો છે. એનાથી સમયની બચત તો થાય જ છે સાથે જ ઢગલાબંધ બ્રાન્ડ્સ પણ જોવા મળે છે. આટલું જ નહીં ફ્રી હોમ ડિલિવરી પણ મળી જાય છે.

આજે દુનિયાભરમાં ૩ અરબ લોકો ઓનલાઈન શોપિંગ કરે છે. ૨૦૨૫માં ૬.૮ ટ્રિલિયન ડૉલરથી પણ વધુ ઓનલાઈન શોપિંગ કરવામાં આવી હતી. ખરીદી કરવાની શક્તિના હિસાબે તો ઓનલાઈન શોપિંગ કરતા ગ્રાહકો આજે દુનિયામાં ત્રીજી મહાશક્તિ છે. ઓનલાઈન શોપિંગનું ચલણ ખૂબ ઝડપથી વધ્યું છે.



જોકે દરેક સિક્કાની બે બાજુ હોય એમ લાભની સાથે ગેરલાભ પણ છે. ઓનલાઈન શોપિંગ કરતાં ગ્રાહકોની પણ કેટલીક સમસ્યાઓ હોય છે. ઓનલાઈન શોપિંગમાં છેતરાવાની શક્યતા પણ ઘણી હોય છે.

ભારતમાં માત્ર ૩ વર્ષની અંદર ૧૫થી ૧૬ અરબ રૂપિયાની છેતરામણી માત્ર ઓનલાઈન શોપિંગ કરતા ગ્રાહકો સાથે થઈ છે.

આ સિવાય ઓનલાઈન શોપિંગ દ્વારા જે વસ્તુનો ઓર્ડર આપવામાં આવ્યો હોય એના બદલે ઘરે જે વસ્તુ આવે છે એ ખરાબ, ડેમેજ અને હલકી ગુણવત્તાની હોય છે. આટલું જ નહીં એને બદલાવવા માટે પણ ગ્રાહકોને ખાસ્સી મહેનત કરવી પડે છે. રિફન્ડ માટે પણ એટલી જ મથામણ થાય છે.

અનેક વખત એવું પણ થાય છે કે ઓનલાઈન શોપિંગ કરતા ગ્રાહકોના ડેટા અન્ય વિક્રેતાઓને વેચવામાં આવે છે. એને કારણે તેમને પ્રોડક્ટ્સ ખરીદવા માટે બિનજરૂરી કૉલ્સ આવે છે.

આ સિવાય ઓનલાઇન ફ્રોડથી બચવું હોય તો ભરોસાપાત્ર વેબસાઇટ પરથી શોપિંગ કરવી જોઈએ.

અજાણી લિન્ક કે મેસેજ ન ખોલવા.

પૈસાની ચુકવણી કરતી વખતે હંમેશાં સલામત માધ્યમોનો જ ઉપયોગ કરવો જોઈએ. જેથી કરીને અનેક તકલીફોથી દૂર રહી શકાશે. ■

કિતાબી દુનિયા

## આપણો આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસો





સંકલન : સુધા વજરિયા મૂલ્ય રૂ. ૩૫૦ (કુરિયર ફ્રી)

પ્રકાશક : હેમંત એન. ઠક્કર, એન. એમ. ઠક્કરની કંપની, ગોવિંદ બિલ્ડિંગ, ૧૪૦ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦૦૦૨. મો. નં. ૯૯૬૭૪ ૫૪૪૪૫.

હિન્દુ ધર્મના પ્રખ્યાત ગ્રંથો ભગવદગીતા, ઉપનિષદો, પુરાણો, રામાયણ, ષોડશ સંસ્કાર, કર્મયોગ, પુનર્જન્મ, વિજ્ઞાન અને ધર્મ યોગ, પ્રાણત્યાગ, શ્રીમદ્ ભાગવત, રાજયોગ, હઠયોગ, કર્મનો સિદ્ધાંત વિશે વિગતવાર માહિતી આપતો આ ગ્રંથ છે. સુધાબેન મુંબઇની ટાટા ઇન્સ્ટિટયૂટ ઓફ સોશ્યલ સાયન્સના સ્કોલર. તેમને એડવોકેટ વિશ્વનાથનું 'એમ.આઇ.અ હિન્દુ' પુસ્તક વાંચીને આ પુસ્તક લખવાની પ્રેરણા મળી. આ પુસ્તક ધર્મ અને આધ્યાત્મમાં રસ ધરાવનાર સૌએ વસાવવા જેવું વાગોળવા જેવું છે.

## ગીતા પરિચય





લેખક : એડવોકેટ જગદીશ શાહ

મૂલ્ય રૂ. ૧૫૦ (કુરિયર ફ્રી) પ્રકાશક. એન. એમ. ઠક્કરની કંપની, ૧૪૦ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦૦૦૨. મો. નં. ૯૯૬૭૪ ૫૪૪૪૫.

ભગવદગીતાના અઢાર અધ્યાયનો સાર અને વિવેચન રજૂ કરતું પુસ્તક. આ પુસ્તક માટે હરિભાઇ કોઠારી લખે છે. ચાલીસેક વર્ષના સઘન અભ્યાસ પછી 'ગીતા પરિચય' પુસ્તક બહાર પડે છે. જગદીશભાઇ મુલુંડમાં પૂ. દાદનુ (પૂ. પાંડુરંગ શાસ્ત્રીનું) 'બાલ સંસ્કાર કેન્દ્ર' ચલાવતા હતા. દરેક અધ્યાયને અંતે તેમણે આપેલી ટૂંક નોંધ અધ્યાય વચ્ચે સેતુસંધ બની રહે છે. સંત વિનોબા, દાદા ધર્માધિકારી, આચાર્ય શંકર, મહાપ્રભુ, વલ્લભાચાર્ય, સંત જ્ઞાનેશ્વર, યોગમાર્ગી અરવિંદના ગીતા વિશેના પુસ્તકોનો અભ્યાસ કર્યા બાદ આ તમામ મહાપુરુષોના ગીતાના દરેક અધ્યાય ઉપરના વિચારો આ સુંદર પુસ્તકમાં રજૂ થયા છે. ચારિત્ર્ય નિર્માણ અને રાષ્ટ્રીય અસ્મિતા ઊભી કરવાની ક્ષમતા

## શ્યામ સમીપે




રચયિતા : જ્યોત્સના તન્ના

મૂલ્ય રૂ. ૨૫૦ (કુરિયર ફ્રી) પ્રકાશકઃ હેમંત એન. ઠક્કર. એન.એમ.ઠક્કરની કંપની, મો. નં. ૯૯૬૭૪ ૫૪૪૪૫, ૧૪૦ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦૦૦૨.

કૃષ્ણ એ સ્વયં કાવ્યપુરુષ છે. છંદ એનાં તોફાનો છે લય એની મસ્તી છે. ભારતના સાંસ્કૃતિક જગતમાં અનેક પાત્રો એવાં વણાઇ ગયાં છે કે એનું અસ્તિત્વ જુદું થઇ શકે તેમ નથી. લેખિકાએ આ પુસ્તકમાં દ્રૌપદી, રાધા, મીરા અને તમિલ કવયિત્રી આંડાલ (દક્ષિણ ભારતની મીરાં) ના ચરિત્રોનું અદ્ભુત આલેખન કર્યું છે. ઉપરાંત પૌરાણિક દૃષ્ટિએ કૃષ્ણને જોવા, જાણવાનો, માણવાનો સહજપણે સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે. આ પુસ્તક વાંચવા જેવું, વસાવવા જેવું અને વાગોળવા જેવું છે. રાધા, દ્રૌપદી અને મીરાં વિશે જ્યોત્સનાબેને ખૂબ સંશોધન કર્યા બાદ આ પુસ્તક લખ્યું છે. ■

હાસ્ય વિનોદ

# તમારે ઈન્સ્ટન્ટ નિર્વાણ જોઈએ છે?




વિનોદ ભટ્ટ

feedback@bombaysamachar.com

ભગવાન શ્રીકૃષ્ણે સદીઓ અગાઉ ગીતા દ્વારા પ્રજાને એવું પ્રૉમિસ આપ્યું હતું કે સંભવામિ યુગે યુગે. પૃથ્વી પર પાપનો અસહ્ય બોજ વધી જશે ત્યારે પૃથ્વી પરનું દબાણ ખસેડવા હું જન્મ લઈશ. અગાઉ તે અપ્રગટપણે મીરાંના ઝેરના પ્યાલાને અમૃતમાં પલટાવી નાખતા કે વગર બેલેન્સે નરસિંહ મહેતાની હૂંડી પાસ કરાવી દેતા (જોકે એમ તો નગરવાલા નામના એક સજ્જને પણ માત્ર ઈન્દિરાજીના અવાજની નકલ કરીને વગર બેલેન્સે બૅંકમાંથી રૂપિયા ૬૦ લાખ સેરવી લીધા હતા. પણ એ વાત અહીં અપ્રસ્તુત છે) પણ આ કળિકાળમાં પણ ભગવાને, અલબત્ત, જુદા જુદા નામથી જન્મ ધારણ કરવા માંડ્યા છે એટલું જ નહીં, સ્વયં પ્રગટ થઈ ચમત્કારો દ્વારા પોતાના અસ્તિત્વના પુરાવા પ્રજાને આપવા માંડ્યા છે.

આપણે ત્યાં પહેલાં ઓરિજિનલ એટલે કે અસલી સાંઈબાબા હતા, શિરડીવાળા – તે બહુ ચમત્કારો નહોતા કરતા, તે દેવ થઈ ગયા, ત્યાર બાદ પુટ્ટપર્તીના બીજા સાંઈબાબા હાલ વિદ્યમાન છે જેમના નામથી આગળ સત્યનું વિશેષણ જડબેસલાક થઈ ગયું છે. આ સત્ય સાંઈબાબા હવામાંથી ભસ્મ જ નહીં જાપાન મેઈકની ઈમ્પોર્ટેડ ઘડિયાળ કાઢતા ને પોતાના એકાદ પરમ ભક્તને ચૂંટીને, પ્રસાદ રૂપે તે ઘડિયાળ આપતા. પણ આ ઘડિયાળ ઘણી કીમતી હોવાને કારણે રોજની ફક્ત એક જ ઘડિયાળ આપવાનો ક્વોટા તેમણે નક્કી કર્યો હતો.

આ સત્ય સાંઈબાબાની ઝેરોક્ષ નકલ જેવા સદ્‌ગત બાલ સાંઈબાબા પણ ભગવાન તરીકે પ્રગટ થયા હતાં, જે સમયની માગ પ્રમાણે પોતાના ભક્તને, ઈન્સ્ટન્ટ કૉફીની જેમ ઈન્સ્ટન્ટ નિર્વાણ અપાવી શકતા હતાં. આ સાંઈબાબાના નામ આગળ બાલ છે, અર્થાત્ તે કંઈ સત્ય સાંઈબાબાની પૉકેટ એડિશન કે ચાઈલ્ડ એડિશન નથી, પૂર્ણ આવૃત્તિ છે. ભગવાન શ્રીરામ, શ્રીકૃષ્ણ કે શ્રી શંકર વચ્ચે સ્પર્ધા નહોતી, શંકર તો અંદરથી રામને નમન કરતા એવો ઉલ્લેખ ધાર્મિક ગ્રંથોમાં છે, પરંતુ સત્ય સાંઈબાબા અને બાલ સાંઈબાબા વચ્ચે તીવ્ર હરીફાઈ હતી. સત્ય સાંઈબાબાના અસંતુષ્ટ ભક્તો બાલ સાંઈબાબાના શરણે જવા લાગ્યા હતા.

ભગવાનનો કાયમી નિવાસ આમ તો તેના ભક્તના હૃદયમાં જ હોય છે, પણ આ બાલ સાંઈબાબા આંધ્ર પ્રદેશમાં કુર્નુલ નજીક તુંગભદ્રા નદીના કિનારે શ્રીનિલયમ નામક એક આશ્રમમાં કાયમી વસવાટ કરતા હતાં, આ તેમનું પોસ્ટલ ઍડ્રેસ હતું. લાંબી બાંયવાળો ઝભ્ભો તે પહેરતા હતાં ને ઝભ્ભાવાળો હાથ ઊંચો કરે ને હાથમાંથી ભભૂતિ ખરવા માંડે. જાપાનની સિકો કંપનીનું નામ તેમણે સાંભળ્યું નહીં હોવાને કારણે તેમજ જાપાનની ઘડિયાળ બનાવતી કોઈ કંપની સાથે તેમને કોલોબ્રેશન નહીં હોવાથી તેમણે પોતાની હથેળીમાંથી મેઈડ-ઈન-જાપાનનાં ઘડિયાળ કાઢવાની ચેષ્ટા નથી કરી. આ એક એવા ઈશ્વર હતાં જેમનું નામ પોતાના દુર્ભાગ્યને કારણે પ્રજાએ હમણાં સુધી સાંભળ્યું નહોતું. પણ અચાનક જ લોકોમાં શ્રદ્ધા પ્રગટાવ્યા બાદ તે પ્રગટ થયા.

તે ભગવાન હોવાને લીધે બાળપણથી જ જાણી શક્યા હતા કે તે સ્વયં પરમાત્મા છે ને દુનિયાનાં દુઃખ-દર્દ દૂર કરવા તેમણે દેહ ધર્યો છે. ઈશ્વરની જેમ તેમને પણ ભૂતકાળ નથી ને હોય તો ભક્તોને તેની ખબર નથી.

હા, તેમને એક મા છે જેને પેટે તેમણે અવતાર લીધો છે... મેડિકલ કોર્સ કર્યા વગર, ડૉક્ટરની ડિગ્રી લીધા વિના, એક બાહોશ સર્જનની જેમ સ્પર્શ માત્રથી તે દર્દીને સાજો કરી દે. તબીબી જ્ઞાનનું પ્રમાણપત્ર મેળવ્યા વગર કોઈ માણસ દર્દીઓ પર આવા અખતરા કરે તો ભારતીય કાનૂન પ્રમાણે તેના પર ફોજદારી રાહે પગલાં ભરવામાં આવે છે, પણ એ તો ક્ષુદ્ર માણસની વાત થઈ, આ તો ઈશ્વરનો અવતાર જ નહીં, ખુદ ઈશ્વર છે એટલે કાયદાથી ઉપર છે, પર છે. સરકારનું ઔષધનિયમન ખાતું પણ આ ભગવાન સામે કામ ચલાવવામાં લાચાર છે.

એક દંતકથા પ્રમાણે આ બાલ સાંઈબાબાના આશ્રમમાં એક સ્ત્રી પોતાની આંધળી માને લઈને આવી, મા આંધળી હતી ને પોતાના પગ પર ઊભી રહેવા અસમર્થ હતી. બાબાના આશીર્વાદ માત્રથી જ મા તત્કાળ દેખતી થઈ ગઈ ને ચાલવા પણ માંડી. ભગવાન શ્રીકૃષ્ણ ધૃતરાષ્ટ્રને દેખતા નહોતા કરી શક્યા. આ સાંઈબાબાએ અંધ સ્ત્રીની આંખો પર હાથ ફેરવ્યો અને દેખતી થઈ ગઈ. આ વાત જાણી આંખના કોઈ પણ ડૉક્ટર – આઈ સ્પેશ્યાલિસ્ટની આંખે અંધારાં આવી જશે!

આ બાબાના પ્રભાવથી આકર્ષાઈને કેન્દ્ર તેમ જ રાજ્યના પ્રધાનો અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સુદ્ધાં તેમના દર્શન તથા તેમના આશીર્વાદ મેળવવા આવી જાય છે. ના, હજી સુધી વડા પ્રધાન તેમને મળવા નથી ગયા, માથે સંકટ આવશે ત્યારે તે પણ બાબા પાસે દોડી જશે એવી ખુદ બાબાને શ્રદ્ધા છે. વડા પ્રધાનને અત્યારે મોટા આશીર્વાદની જરૂર નથી એટલે તે દ્વારકાપીઠના શંકરાચાર્યથી ચલાવી લે છે. ધર્મનિરપેક્ષ વડા પ્રધાનને આશીર્વાદ પણ જોઈ વિચારીને લેવા પડે.

આ બાલ સાંઈબાબા પોતાને જ એક મોટા ચમત્કાર તરીકે ઓળખાવે છે. અને આમ પણ ચમત્કાર તો ભક્તો માટે જ હોય છે, ભગવાન માટે નહીં. ચમત્કારથી ભક્તમાં શ્રદ્ધા જન્મે છે, વિકસે છે... એ જ રીતે તે પ્રાર્થના પણ કરતા નથી, ભગવાન ક્યા ભગવાનની પ્રાર્થના કરે! પ્રાર્થના કે સ્તુતિ તો ભક્તે કરવાની હોય, ભગવાને ભક્ત પાસે ક્યાં કશું લેવાનું હોય કે પ્રાર્થના કરવી પડે!

પણ આ બાબા પ્રધાનોથી પ્રભાવિત હોય કે ગમે તે કારણ હોય, પોતાના આશ્રમનું ઉદ્‌ઘાટન તેમણે એક પ્રધાન પાસે કરાવ્યું હતું. માત્ર ટીવી પર પ્રસિદ્ધિ મેળવવાની ભાવનાથી ભગવાનને પ્રધાનનો ટેકો લેવો પડ્યો હતો. લોકપ્રિયતા મેળવવા કાજે ઈશ્વરે પણ આધુનિક ટેક્‌નિકના શરણે જવું પડે છે.

આ યુગ જાહેરાતનો છે. મંદિરમાં ઘંટ એ માટે રખાય છે. પ્રધાન ભગવાનને પ્રસિદ્ધિ અપાવે એ સામે ભગવાન તેમને ખુરશી ટકાઉ રહે તેવા આશીર્વાદ આપે છે. આદાન-પ્રદાન... બાલ સાંઈબાબા અત્યારે તો સત્ય સાંઈબાબાની જ નકલ કરી રહ્યા છે. હેરસ્ટાઈલ તેમ જ વસ્ત્રો એમના જેવાં ધારણ કરે છે. સિનિયર સાંઈબાબાથી અલગ તરી આવવા તે એક તદ્દન નવી ને મૌલિક પ્રકારની ડિઝાઈનવાળાં વસ્ત્રો તૈયાર કરાવવાનું વિચાર રહ્યા છે.

સિનિયર સાંઈબાબા કરતાં બાલ સાંઈબાબા એક વાતે આગળ છે, તે છાતી ઠોકીને કહે છે કે હું મારા ભક્તને ઈન્સ્ટન્ટ નિર્વાણ આપી શકું છું, તત્કાળ મોક્ષ અપાવી શકું છું. આવી ઑફર મારા સિવાય કોઈ કરી શકે તેમ નથી...

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી

feedback@bombaysamachar.com


# ભણવામાં ધ્યાન રાખશો, નહીં રાખશો તો નાપાસ થશો ભણવામાં ધ્યાન રાખશો નહીં, રાખશો તો નાપાસ થશો

**આરામ** અને વિરામ એ બે શબ્દો ગુજરાતીઓમાં અને ખાસ કરીને રાજકોટવાસીઓમાં અત્યંત પ્રિય શબ્દો છે. બંનેના અર્થમાં નજીવો ફરક છે. માણસ થાકી જાય ત્યારે **શરીરને વિશ્રાંતિ આપવા આરામ કરતો હોય છે.** શરીરને રાહત થાય, પૂર્વવત સ્ફૂર્તિ આવી જાય એટલે આરામ થઈ ગયો એમ કહેવામાં આવે છે. ટૂંકમાં પ્રવૃત્તિ કરવા શરીર સજ્જ થઈ ગયું છે. આરામ પછી આગળ વધવાની કોઈ ખાતરી નથી હોતી. **વિરામ એટલે થોભી જવું કે અટકવું એ અર્થ અભિપ્રેત છે.** કોઈ વિરામમાં આરામ છે પણ આરામ થઈ ગયા પછી આગળ વધવાની વાત છે. એ જ રીતે ભાષામાં વિરામચિહ્નોનું વિશેષ મહત્ત્વ છે. વિરામચિહ્નોથી લખાણ વાંચવામાં અને તેનું તાત્પર્ય સમજવામાં ઘણી સરળતા પડે છે. અલબત્ત, જો વિરામચિહ્ન ખોટી જગ્યાએ મૂકવામાં આવે તો અર્થનો અનર્થ કે મહા અનર્થ થઈ શકે છે. એક ઉદાહરણ પરથી સ્પષ્ટ થઈ જશે. વિદ્યાર્થી અવસ્થામાં અનેક શિખામણો આપવામાં આવે છે. એમાંની બહુસંખ્ય શિસ્ત અને શિક્ષણ વિશે હોય છે. 'બરાબર ભણજે, નિયમિત અભ્યાસ કરજે, ભણતર ઊગી નીકળશે' વગેરે વગેરે સર્વકાલીન બાબતો છે. એક ઉદાહરણમાં વીરામચિહ્ન ખોટી જગ્યાએ મૂકવાથી કેવો મોટો ગોટાળો સર્જાય એ જાણવા – સમજવા જેવું છે. વિદ્યાર્થીઓને સંબોધી બેનર બનાવવાનું હતું કે **'ભણવામાં ધ્યાન રાખશો, નહીં રાખશો તો નાપાસ થશો.'** સાવ સીધી ને સરળ વાત છે જેમાં ભણતરની નિયમિતતાને પ્રાધાન્ય આપી અને એમ નહીં કરવાથી કેવું પરિણામ ભોગવવું પડે એના પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. જોકે, બેનર બનાવનારી વ્યક્તિમાં ભાષા પ્રત્યે સજાગતા બિલકુલ નહોતી. એટલે બેનર તો તૈયાર કરી દીધું, પણ અલ્પવિરામ – કોમા ખોટી જગ્યાએ મૂકી દીધું. બેનરમાં પડેલું લખાણ હતું **'ભણવામાં ધ્યાન રાખશો નહીં, રાખશો તો નાપાસ થશો.'** અલ્પવિરામ રાખશો પછી હોવું જોઈતું હતું એની બદલે નહીં પછી મૂકવાથી અનર્થ થયો. બેનરના લખાણ અનુસાર વિદ્યાર્થીઓને ભણવામાં ધ્યાન નહીં રાખવાની સલાહ આપવામાં આવી હતી અને આપશો તો નાપાસ થશો એવી ચેતવણી પણ ઉચ્ચારવામાં આવી હતી. એક અલ્પવિરામમાં કેવી તાકાત હોય છે એ સમજાઈ જાય છે.



ENગ્લિશ વિંGLISH

## IMPORTANCE OF COMMA




કડકડાટ અને સડસડાટ બોલવાના આગ્રહી લોકો ઉચ્ચારણમાં વિરામ ચિહ્નોની સાડીબાર નથી રાખતા. જરૂર હોય ત્યાં અટકે નહીં અને જરૂર ન હોય ત્યાં અટકી પડે. સાગમટે (એકસાથે કે સમૂહમાં કે ટોળામાં એવો અર્થ થાય છે) એકસાથે બોલવાને બદલે સાગ મટે એવો ઉચ્ચાર કરતા હોય છે. ગુજરાતી જ નહીં, દરેક ભાષામાં વિરામ ચિન્હોનું વિશેષ મહત્ત્વ છે. એની હાજરી કે ગેરહાજરીથી અથવા ખોટી જગ્યાએ મુકાઈ જવાથી અર્થનો અનર્થ થવાની શક્યતા ભારોભાર રહેલી છે. ક્યારેક શબ્દનો અર્થ પણ ન સમજાય એવી સંભાવના રહેલી છે. અચરજ પમાડનારી વાત એ છે કે વિરામચિહ્નો વિશે એક આખું પુસ્તક અંગ્રેજીમાં લખાયું છે. આ પુસ્તકમાં વિરામચિહ્નોમાં ગાફેલ રહેવાથી કેવા પરિણામ આવે એના સરસ ઉદાહરણ આપવામાં આવ્યા છે. એમાં એક હાસ્ય નિષ્પન્ન કરતી અને એની સાથે ભાષામાં વિરામચિહ્નોનું મહત્ત્વ સમજાવતી વાત કહેવામાં આવી છે. રીંછ પ્રજાતિના અને ચીનમાં જ જોવા મળતા પાંડા નામના પ્રાણીના અનુસંધાનમાં આ રમૂજી વાત જાણવા અને સમજવા જેવી છે.

Eats Shoots Leaves લખાણની રજૂઆત પરથી અલ્પવિરામ કેવો તરખાટ મચાવી શકે છે એનો ખ્યાલ આવે છે. પુસ્તકમાં વર્ણન કરવામાં આવેલા પ્રસંગ અનુસાર એક પાંડા એક કેફેમાં જઈ એક સેન્ડવિચ માટે ઑર્ડર આપે છે. સેન્ડવિચ આવ્યા પછી પાંડા લિજ્જતથી ખાય છે અને પછી સૌના આશ્ચર્ય વચ્ચે તરત બંદૂક કાઢી હવામાં બે ગોળી ફાયર કરે છે. સ્વાભાવિક છે અણધાર્યા ગોળીબારથી બધા ચોંકી જાય. દોડીને આવેલો વેઈટર ગોળીબાર કરવાનું કારણ પૂછે છે ત્યારે પાંડા વિરામચિહ્નોના ગોટાળાવાળું એક પુસ્તક પેલા વેઈટરના હાથમાં આપી એક વાક્ય પર ધ્યાન દોરે છે. એ વાક્ય પુસ્તકમાં આ પ્રમાણે છપાયું છેઃ The Panda Eats, Shoots and Leaves. હકીકતમાં આ વાક્ય હોવું જોઈએ The Panda eats shoots and leaves. મતલબ કે પાંડા ઝાડની ડાળીઓ ને પાંદડાં ખાય છે. જોકે, વ્યાકરણદોષવાળા વાક્યમાં Eats પછી કોમા – અલ્પવિરામ હોવાને કારણે The Panda Eats, Shoots and Leaves એ વાક્યનો અર્થ પાંડા ખાય છે, ગોળીબાર કરે છે અને પછી નીકળી જાય છે એવો થાય છે. આમ એક નાનકડું અલ્પવિરામ ખોટી જગ્યાએ હોવાથી કેવો અનર્થ થાય છે એ રમૂજી રીતે દર્શાવવામાં આવ્યું છે. ૨૦૦૮માં છપાયેલા આ પુસ્તકની ૩૦ લાખ નકલ બે વર્ષમાં વેચાઈ ગઈ હતી. ■

सव्वी बहिण

## लोकजीवन मध्ये म्हणी

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. એનું જીવન અન્ય પ્રાણીઓની સરખામણીમાં નોખું પડે છે એમાં ભાષાનો ઘણો પ્રભાવ છે. મરાઠી કહેવતોમાં લોકમાનસમાં રહેલા શાણપણનું દર્શન થાય છે. એક કહેવત જોઈએ. **घरातील तीडा आणि जोड्यातील खडा, दुसऱ्याला समजत नाही।** વાક્યમાં તીડા એટલે મતભેદ અને ખડા એટલે નાનકડો પથ્થર કે કાંકરો. પહેરેલા જોડામાં પેસી ગયેલો કાંકરો ચાલતી વખતે આપણને જ ખૂંચે બહાર દેખાય નહીં. મતલબ કે અન્ય કોઈને ખબર ન પડે. એ જ રીતે ઘરમાં – પરિવારમાં રહેલા મતભેદ આપણને જ ત્રાસ આપે, તકલીફ પહોંચાડે. એની વાત બહાર કરાય નહીં. કહેવતનું તાત્પર્ય એટલું જ કે ગૃહક્લેશનો ઢંઢેરો પીટવાનો ન હોય. આપસમાં બેસીને એનો ઉકેલ લાવી દેવાનો હોય. **धरोधरी त्याच परी, सांगेना तीच बरी** કહેવતમાંથી પણ એવો જ ભાવાર્થ પ્રગટ થાય છે. પરી એટલે પ્રકાર. દરેક ઘરની કલહની કહાણી લગભગ સરખી હોય છે અને એ ન કહેવામાં જ સાર છે. ગુજરાતીમાં પણ અસ્સલ આવી જ એક કહેવત છે ને 'ઘેર ઘેર માટીના ચૂલા'. મતલબ કે દરેક ઠેકાણે સારું – ખરાબ કે ભલું – બૂરું ઓછેવત્તે અંશે તો રહેવાનું જ ને. કહેવતોમાંથી શાણપણ કેવું ટપકે છે. આ શાણપણ કેળવી શકાય તો ઘણી સમસ્યાઓનો ઉકેલ આસાનીથી આવી જાય.

राष्ट्र भाषा

## पंचगव्य और पंचामृत

પૈસા પાછળ સતત દોડતી રહેતી આજની પ્રજા હવે શારીરિક સુજ્જતાને પ્રાધાન્ય આપવા લાગી છે. એમાં યોગ અને એના આસનોનું મહત્ત્વ ઘણું વધી ગયું છે. યોગની પરંપરા શરૂ કરનારા બાબા ગોરખનાથની વાણી જીવન જીવવાનો વિશિષ્ટ ઉપદેશ આપવા માટે જાણીતી છે. એમની વાણીના કેટલાક રત્નો કહેવત બની ગયા છે. **अवधु आहार तोडो, निद्रा मोडो, कबहुं न होड्गा रोगी** એનું સમજવા જેવું ઉદાહરણ છે. અહીં આહાર તોડવાની એટલે કે આહારની માત્રા ઘટાડવાનો મહિમા છે. સાથે ઊંઘ પણ ઓછી કરવાની વાત છે. આહાર અને નીંદર પર અંકુશ લાવનારાના શરીરમાં ક્યારેય રોગ ઘર નહીં કરે એવી સમજણ મળે છે. બીજી એક જાણવાની વાત એ છે કે પંચગવ્ય અને પંચામૃતનું સેવન દીર્ઘાયુ બક્ષે એવી માન્યતા છે. **पंचगव्य सौं न्हाय के, पंचामृत पी लेय, बिन मांगे सौ बरस की, उमर विधाता देय.** મતલબ કે પંચગવ્યથી સ્નાન કરનાર અને પંચામૃતનું સેવન કરનાર લાંબું જીવી શકે છે. **પંચગવ્ય** એટલે ગાયનું દૂધ, દહીં, ઘી, મૂત્ર અને છાણને ભેળવીને તૈયાર થતો પદાર્થ. અલબત્ત આ આપણી વૈદકીય પરંપરા છે,એકવીસમી સદીમાં આ પદ્ધતિમાં કોને વિશ્વાસ બેસે એ એક સવાલ છે. **પંચામૃત** તો બધા જાણતા જ હશે. ગાયનું દૂધ, ગાયનું દહીં, ગાયનું ઘી, મધ અને સાકરને ભેળવીને તૈયાર થતો પદાર્થ પંચામૃત કહેવાય છે.

ઊડતી વાત

ભરત વૈષ્ણવ

feedback@bombaysamachar.com

# ગેસ લીકેજની ગરબડ...




'ગિધુગિધુ. એં ગિધુડા..' રાધારાણીએ અવાજનું વોલ્યુમ ક્રમશઃ વધારતા બૂમ પાડી.

'શું છે? સવાર સવારમાં શેની બૂમ પાડે છે?' છાપામાંથી માથું ઊંચું કર્યા સિવાય અમે સવાલ કર્યો.

'સાતે કામ પડતા મૂકીને આવો.' રાધારાણીએ લાકડિયા તાર જેવો આદેશ આપ્યો. રાધારાણી મારાથી સહેજે બીતી નથી, પરંતુ વંદા, ગરોળીથી બહુ બીવે છે. ક્યારેક મને થાય છે કે આનો ઘરવાળો બન્યો એના કરતાં વંદો કે ગરોળી થયો હોત તો રાધારાણી મારાથી ફફડતી તો હોત. અમે જવાબ ન આપ્યો.

'તમે મારું કહ્યું કાને ન લેવાનો ફેંસલો કર્યો છે? જ્યારે હોય ત્યારે પોદળાની જેમ સોફામાં પડ્યા હો છો. ઘરમાં સળી ભાંગીને બે કરવાની નહીં. છાપા લઇને ચોંટ્યા રહેવાનું. હું તો ભૈસાબ તમારાથી તંગ આવી ગઇ છું.' રાધારાણીની વાત ન સાંભળો એટલે રાધારાણી ધડમાથા વગરનો બડબડાટ ચાલુ કરી દે છે.

'શું કામ છે?' નાછૂટકે છાપાની ગડી વાળીને ટિપોઇ પર મૂકતા મેં પૂછ્યું.

'તમે ઊભા થાવ. મારી પાછળ પાછળ ચાલો.'

'હવે, આપણી ઉંમર થઇ છે. તારી પાછળ ચાલવાનો સમય જતો રહ્યો છે.'

'હવે ટાયલાવેડા મૂકો.' રાધારાણી કડક થયા. હું તેમની પાછળ પાછળ ગયો. રાધારાણી મને વાસણકપડાં કરવાની ચોકડીમાં લઇ ગઇ.

'ગંધ કે બદબૂ આવે છે?' રાધારાણીના સવાલથી હું હેબતાઈ ગયો. રાધારાણી મને મગજ વગરનો માને છે. મારા મગજનો ફ્યુઝ ઊડી ગયો છે તેવો તેનો દાવો છે. હવે હું નાક વગરનો હોઇશ એવું પણ માનવા લાગી કે શું?

'અરે મસ્ત સોડમ આવે છે? કયા સાબુથી નાહી છે? નાહ્યા પછી કયું પરફ્યુમ લગાવ્યું છે?' ખુશામત ખુદાને વ્હાલી હોય તો પત્નીને પણ પ્રશંસા પસંદ હોય કે નહીં?

'ઓ અક્કલના ઓથમીર... હું મારી વાત કરતી નથી.'

'તો? હું તો તારી જ સુગંધ સમજુ ને?'

'મને તીવ્ર ગંધ આવે છે.' રાધારાણીએ નાકના ફોયણા ઊંચા કરીને કહ્યું.

'પેટ્રોલની વાસ નથી. પેટ્રોલની વાસ તો તીવ્ર હોય.'

'કદાચ ગેસની ગંધ હોઇ શકે.' રાધારાણીએ શક્યતા દર્શાવી.

'લસણ, ડુંગળી, બટેટા, વાલનો વપરાશ કરે એટલે ગેસ થાય જ.'

'હું એ ગેસની વાત કરતી નથી.' કપાળ કૂટતા રાધારાણીએ ચોખવટ કરી.

'કદાચ ગેસ લિકેજ હશે.' મેં ખભા ઉલાળીને કહ્યું .

'તમે વાંકા વળો તો' રાધારાણીએ હુકમના ટોનમાં કહ્યું.

'મને લગ્ન પછી આટલો બેન્ડ વાળ્યો તે ઓછું છે કે હજુ વાંકા વળવાનું કહે છે.'

'આ ગટરની જાળી ખોલો. એમાં તમારું મોઢું નાખો અને કહો કે ગટરમાં ગેસ લિકેજ જેવું લાગે છે?.' રાધારાણીએ સમસ્યાના મૂળ સુધી જવાની કોશિશ કરી.

'ગટરમાં કશી વિચિત્ર વાસ આવે છે. ગેસ લિકેજ હોઇ શકે.' મેં ગટરમાં સૂંઘીને તારણ કાઢ્યું.

'અંદર સળગતી દીવાસળી નાંખીને ચેક કરીએ તો કેવું?' રાધારાણીની નિર્દોષ દરખાસ્ત.

'તો પછી ભડકો અને આપણો ખેલ ખત્મ.' મેં કહ્યું. રાધારાણી પંદર દિવસ ફરિયાદ કરતી રહી. મેં સરકારની જેમ આંખ આડા કાન કર્યા. જો કે, ઘરમાં સાબુવાળા પાણીથી ગેસ લિકેજ છે કે કેમ તે ચેક કરેલ. ગટરમાં જ ગેસ લિકેજની વાસ આવતી હતી.અમારી સોસાયટીમાં નવી ગટર યોજનાના નામે નવી મુસીબત આવી છે. નવી ગટર યોજનામાં અમને નવું કનેકશન આપ્યું ત્યારથી અમારે ત્યાં ગેસ લિકેજની ફરિયાદ ઊભી થઇ છે.

'અમારા ઘરના કંમ્પાઉન્ડમાં ગેસ લિકેજ થાય છે.' અમે ગેસ કંપનીના કસ્ટમર સેન્ટર પર ફોનથી ફરિયાદ કરી.

'એટલે કે સ્મેલિંગની કમ્પ્લેઇન્ટ છે. કરેકટ?' કાઉન્ટર ગર્લે ટેક્નિકલ સવાલ કર્યો.

'એ જે હોય તે. જલ્દી માણસો મોકલજો.' અમે વિનંતી કરી.

મેં ગેસ કંપનીને ફરિયાદ કરવાની મહાભૂલ એટલે બ્લંડર કર્યું. ખલાસ.

સાંજે પાંચ વાગ્યે ફોન કર્યો કે કલાકમાં બાઇક પર બે માણસ ચેક કરવા આવ્યા. તેણે અમારી વિગતો લીધી.ગટરના પાઇપમાં ઇલેકટ્રિક હીટર જેવો લબડતો એક છેડો નાખ્યો. એ ચોરસ ડબલાંના સ્ક્રીન પર ઇકો જેવા તરંગો ચાલવા માંડ્યા. ગેસ લિકેજ શોધવા માટે પેલિસ્ટર બીડ ઇન્ડસ્ટ્રિયલ ગેસ ડિટેકટર વગેરે ડિવાઇસ વપરાય છે તેવું અમને કહ્યું.

પછી તો કહેવું જ શું? ધડાધડ ગેસ કંપનીની ત્રણ ચાર ગાડી આવી. પીળી છાલિયા હેલ્મેટ પહેરેલા દસબાર મજૂરિયા ત્રિકમ,પાવડા, કોદાળી સાથે ઊતરી પડ્યા. આ મજૂરિયા રસ્તા ખોદવા માંડ્યા.

'અમે કમ્પ્લેઇન્ટ સોલ્વ કર્યા વગર સાઇટ પરથી જતા નથી.' એક મૂચ્છડે અમને હૈયાધારણ આપી.

રાત્રે અમારા ઘરના પ્લગમાં હેલોઝન લાઇટનો વાયર નાખ્યો. રાત્રે પણ ખોદકામ ચાલુ રાખ્યું. સવારે ચાર વાગ્યે જોયું તો મજૂરો ગાડીની બારીની બહાર પગ લબડાવીને ઊંઘતા હતા. સવારે તો બધા ઊપડી ગયેલ. એ લોકો પાછા બપોરે આવ્યા. ગેસ લિકેજ શોધવાની લ્હાયમાં લાઇટનો વાયર કાપી નાખ્યો. લાઇટ કંપનીએ અલગથી ખોદાણ ચાલુ કર્યું. લાઇટ કંપનીએ પાણીની પાઇપલાઇનમાં પંકચર પાડ્યું. સવારે બધા ખાડા સરોવરની જેમ ઊભરાઈ ગયા..

પાંચ દિવસ ખોદાણ કર્યા પછી ગેસ લિકેજનું પગેરું ન મળ્યું તે ન જ મળ્યું. ગેસ કંપનીએ એક ખાડો મ્યુઝિયમની જેમ ખુલ્લો રાખેલ છે. આ ખુલ્લા ખાડામાં પડવા માટે અમારું હાર્દિક છે.

એક દિવસ ક્યાંકથી સુંસું સું સું અવાજ આવતો હતો. અમે તે અવાજ તરફ ગતિ કરી. ગેસની પાઇપલાઇનને એક જોઇન્ટ મારેલો. એ જોઇન્ટ બરાબર ટાઇટ કરેલ નહીં. એટલે ગેસ લિકેજની વાસ ગટરમાં આવતી હતી. અમે વાંદરી પાનું લઇને જોઇન્ટને બરાબર ટાઇટ કર્યો. ચમત્કાર થઇ ગયો. ગેસ લિકેજ બંધ થઇ ગયું! ■

## ૬. પરચુરણ

■ શ્રેષ્ઠ કિંમતે જુની પ્રાચીન વસ્તુઓના ખરીદદારો માટે, દરવાજા સેવા પ્રાચીન ઘડિયાળો પેન જરીની સાડી બોડર પેઈન્ટિંગ કેરબા ચાંદી સિક્કા નોટ્સ કોકરી કાર્પેટ જુના, કેમેરા જુના, ફર્નિચર જુના, જરમન વાસન લઈએ છીએ. 9167388771, 7045561663. (૩૨૫)

## ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૯૧૦-ડી)

■ બી.ઈ. કોમ્પ્યુટર 1978 5'11" હેન્ડસમ એજ્યુકેટેડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૯૩૦-સી)

■ અંધેરીમાં 1983 5'3" એલ.એલ.બી. બ્યુટીફૂલને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૯૩૦-સી)

■ એમ.બી.એ. 1979 5'1" જૈન વેલસેટ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૯૩૦-સી)

■ જુહુ 1978 બ્યુટીફૂલ ફેશન ડિઝાઈનરને વેલસેટ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૯૩૦-સી)

■ શિકાગોમાં પી.એચ.ડી / એમ. એસ 1995 હેન્ડસમ વૈષ્ણવને ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૯૩૦-સી)

## ૯. લગ્ન સંબંધી

■ માસ્ટરઈન સોયકોલોજી 1996 5'5" સ્માર્ટને અમેરિકાની કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૯૩૦-સી)

**CHARTERED ACCOUNTANT**

**Beautiful, Fair, Kayastha Girl, 26 yrs. Seeks - Qualified Groom, Well Settled, Progressive, Upper Caste Family. brahmaguj@gmail.com (No Dowry). (B-17235)**

## ૧૨. યાત્રા સહેલગાહ

**લોનાવાલામાં**

**ફેમેલી, સીનીયર સીટીઝનને DAILY, WEEKLY, MONTHLY રૂમ ભાડેથી મળશે. (શુધ્ધ શાકાહારી જમવાનું). પ્રેમ નિવાસ 7977986364, 8169392216. (૯૨૨-સી)**

## ૧૪. નોકરી ખાલી છે

PART TIME JOB GOVT. REgistered Co. Retired, Housewives, Benefits. 9819167779. (B-17301)

WANTED B.Sc. CHEMISTRY and 12th Pass with Science Subjects for Lab at Borivali Contact 9870550891 / 9821322833. (917/A)

## ૧૭. જગ્યા આપવી છે

**દેવાંશુ પ્રોપર્ટી**

કાંદિવલી, બોરીવલી, મલાડ, 1 બેડરૂમ, 2 બેડરૂમ, વેચાણથી, ભાડેથી. 9326529802. (બી-૧૭૩૦૩)

**JUHU - 4 BED**

**નવા બિલ્ડિંગમાં હાયર ફ્લોર, જીમ એમેનીટીઝ (10 cr) અનિલભાઈ - 9004900290. (૯૧૪-સી)**

**JUHU - 3 BED**

નવા બિલ્ડિંગમાં જીમ એમેનીટીઝ સાથે (6 cr) અનિલભાઈ - 9004900290. (૯૩૦-એ)

**વિલેપાર્લે (વેસ્ટમાં)**

પહેલે માળે, ફર્નિશ્ડ 2 બેડરૂમ - 870' કાર્પેટ, 3 બાથરૂમ-2 ટોઈલેટ, 3 એસી, પાર્કિંગ, લીફ્ટ ટૂંકા સમયગાળા માટે ભાડેથી આપવાનોઃ- 9819445558. (૮૮૮-એ)

**લોનાવાલા - ખંડાલા**

ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના-મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૭૨૫૧)

**દાદર (સે. રે.)**

સ્વામીનારાયણ મંદિર નજીક ૩ બેડરૂમ ફ્લેટ ૧૦૦૦' (૪.૩૦ કરોડ), ૨૧૦૦' - ૫ બેડરૂમ (૧૦ કરોડ), ૩ બેડ (૫ કરોડ), ઓફીસ ૧૦૦૦' તથા ૧૧૫' ભાડેથી ૩૫૦૦૦/-, વેચાણથી ૮૦ લાખ. માટુંગા (સેન્ટ્રલ) ૩૦૦' ઓફિસ (૩ કરોડ), કાંદિવલી દહાણુકર વાડી ૨-૩ બેડરૂમ લીવલાયસંસથી / ઓનરશીપથી. "બી. નરેન્દ્ર જોષી" 98202 94922, વેદાન્ત 84337 22209. (૮૯૮-એ)

**કાંદિવલી (વેસ્ટ)**

સુંદરબાગ, 1, 2, 3 BHK ભાડે તેમજ ખરીદવા. 9867932447. (૫૨૯-બી)

**"બાંદ્રાથી બોરીવલીમાં"**

તૈયારમાં - બંધાતામાંઃ ફ્લેટો - દુકાનો- ઓફિસો - ગોડાઉન પ્રિલીઝડ લેવા/ વેંચવા/ ભાડેથી - 9869463304, 7738151065. (બી-૧૭૨૪૩)

■ **સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૭૦૧-એ)**

**REDEVELOPMENT ગયેલા**

**બિલ્ડિંગોમાં ફ્લેટ, શોપ અમારા ઈન્વેસ્ટર્સ માટે જોઈએ છે. (પેમેન્ટ રેડી છે). 7666644727. (૯૧૫-એ)**

**GREEN RIDGE**

**કમ્પાઉન્ડમાં દેરાસર જૈન મારવાડી ગુજરાતી લોકાલીટી બોરીવલી (વેસ્ટ) લીંક રોડ 2 બેડરૂમ 900' યુઝેબલ (2.90 CR.). 7666644727. (૯૧૫-ઈ)**

**દહીંસર (પૂર્વ)**

વૈશાલી નગર ખાતે ભાડેથી 1 BED ખાલી ફ્લેટ ઉપલબ્ધ છે. ફક્ત ગુજરાતી, શુદ્ધ શાકાહારી પરીવારો માટે. 9819504604. (બી-૧૭૨૮૨)

**72 લાખમાં**

વિરાર (વેસ્ટ) નવામાં 3 બેડરૂમ - OC છેઃ- 8007342828. (૯૨૦-એફ)

**અંધેરી**

**New-Old Well Maintain Society સ્ટેશન નજીક બજેટમાં Flats - Offices લેવા 9820601794 Bharat Mayani. (એસડીબી-૩૧૭૧)**




(B-17307)

**ANDHERI (EAST)**

**Near Station / Derasar 4 Bedroom 1567' sqft Rera Carpet with Two Car Parking. Ready Possession with O.C. (Amenities Tower Higher Floor) 5,09,00,000/- Box Price. Bharat Parekh 9920675286. (SDB-3130)**

**REQUIRE**

Lodhapark Marquis / Trump Tower on Sale / Lease. Require 3 BHK in Allura / Parkside 2/3 BHK for Lease Lodhapark Specialist Shradha Shah 9920655056 Ashok 9821036552. (910/A)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી**

**રુષભ ઉપાધ્યાય 9049625073**

**હિતેષ ઉપાધ્યાય 9326470109**

(એસડીબી-૩૧૬૮)

**REQUIRE**

Industrial Land / Factory anywhere Near to Mumbai 1 to 10 Acres. Call 9869070123 / 9167723483. (930-D)

## ૨૦. ધંધાદારી જગ્યા

**"ઓછાં ભાવે"...**

નવી મુંબઈને જોઈન્ટ - નવી મુંબઈ રમાંઃ ઉરણમાં દ્રોણાગીરી - ઉલવામાં (બામ્બદ ડોંગરીમાં) પ્લોટ - ફ્લેટ - દુકાન લેવાં/ વેંચવા સંપર્કઃ 'મહેતા' - 9594057686, 'શેફમોમીન' - 8097268001. (બી-૧૭૨૯૯)

**ઝવેરીબજાર-બોરીવલી (વેસ્ટ)**

**એલ. ટી. રોડ, નવા બિલ્ડિંગમાં, ફુલ્લી ફર્નિશ્ડ જ્વેલરી શોરૂમ, 460' કારપેટ (ભાડું - 3,90,000/-) આપવાનો. 7666644727. (૯૧૫/જી)**

**થાણે - દુકાન**

**ઓનરશીપથી ઓફ ઘોડબંદર રોડ, વેદાંત હોસ્પિટલ પાસે, ૨૦૦ કાર્પેટ, ૧૪ ફૂટ ઊંચાઈ, ૨૦ ફૂટ આગળનો ઓટલો સેલ્ફ કંટેન્ડ, ખાલી કબજો, આ જ કોમ્પલેક્ષમાં ૧૨૦૦ ફ્લેટ ઓક્યુપાઈડ ડૉક્ટર/ આઈસક્રીમ/ લેબોરેટરી વગેરે માટે યોગ્ય. સંપર્કઃ ઓનર દીપક ૯૮૨૧૦૪૯૯૧૧. (એસડીબીજી - ૩૧૪૬)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

**કૈલાસ પ્લાઝા, રોડ ટચ દુકાનો, ફ્રન્ટ સાઈડ 50,000/- ભાડું, બેક સાઈડ દુકાન 30,000/- ભાડું, બેઝમેન્ટ 30,000/- ભાડું, 4 એન્ટ્રેન્સ અને ઈલેક્ટ્રીક મીટર અલગ. "ઓનર" - 9821224684. (૮૯૫-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'- 2000', ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578, 9987254333. (૩૬૮-સી)

**WANTED PRELEASED COMMERCIAL PROPERTY**

**ભાડેથી લાગેલી કમર્શિયલ જગ્યા બેંક, બ્રાન્ડ, કોર્પોરેટ ઓફિસ, રેસ્ટોરન્ટ માટે સંપૂર્ણ મુંબઈમાં વેચાણથી જોઈએ છે. સોદાની ખાત્રી (બજેટ 2 કરોડથી 50 કરોડ) 7666644727. (૯૧૫-સી)**

**બોરીવલી (વેસ્ટમાં)**

એસ. વી. રોડ ફેસીંગ દુકાન - 75,000/- ભાડે થી આપવાની:- 8793577736. (૯૨૦-જી)

**SOUTH MUMBAI**

Huges Road 1500 sqft Showroom 9 Lacs, CR-2 Churchgate 2000 sqft 24 Cr./ 12 Lacs Rent. Aman Chambers, 2000 sqft 9.90 Cr. - Dadar 2400 sqft 1st Floor 6 Lacs Rent, Office / Showroom, Mahim 11000 sqft - 16 Lacs Rent, Kemps Corner 4000 sqft 16 Lacs, Peddar Road 2000 sqft 8.50 Lacs, Shop, Showroom, Office, Storage, Sale / Rent / Buy / Ashok Turakhia 9820777676. (B-17305)

**VIKHROLI (WEST)**

Lal Bahadur Shashtri Marg, Indraprastha Commercial - Prime Office Space for Sale. 1200 Square Feet (Carpet), Second Floor, 12 Feet Height, Next to Big IT Park & Metro Station, Railway Station 7 Minutes Walk. Rs. 3.30 Cr. (Negotiable) Contact : Dinesh Motta (Owner) 9820155784. (B-17238)




(B-17154)

## ૨૩. મનોરંજન

**પ્રાર્થનાસભા 3500- 7250**

**કાંદિવલીમાં (બીજે ટ્રાન્સપોર્ટના અલગ), લગ્નગીત, સંગીત સંધ્યા, સાંજી, ભજન, ANNIVERSARY બજેટથી. મનસુખભાઈ 9326801860/ 8169552801. (૯૦૨/એ)**

**પ્રાર્થના - 6500/-**

દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી. કમલેશ માંડલિયાઃ- 9820889938. (૮૬૯/સી)

## ૩૧. નાણાંકીય

■ **"(બેંકની - નોટિસનાં)" રીપ્લાય સેટલમેન્ટ/ ઈન્સ્ટોલમેન્ટ સ્મોલ બજેટમાં (વકીલ મારફત). 9137725086. (બી-૧૭૨૦૫)**

## ૩૨. જમીન-મિલકત

**બિલ્ડર્સ માટે**

વિરારમાં 2 લાખ ફુટ FSI વેચાણ તેમજ JV:- 9764001879. (૯૨૦-ઈ)

## ૩૩. ધંધાદારી

**"પ્રતાપ પેકર્સ - મુવર્સ"**

52 વર્ષથી ઓફિસ/ ઘરસામાન, ફેરવવા - ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

**મેડિક્લેઈમ પોલિસી**

નો GST, LIC અને મેડિક્લેમ પોલિસી ફેમિલિ ફ્લોટર, મેડિક્લેમ પોલિસી 0 થી 75 અને 10 લાખથી 1 કરોડ નો મેડિકલ રિપોર્ટ 3 વર્ષની પોલિસીમાં, EMIની સગવડતા ઉપલબ્ધ. વધુ વિગત માટે સંપર્ક:- "દિલીપભાઈ" - 9136621227. (૯૨૬-એ)

**WATER PROOFING**

**ટેરેસ, બહારની દિવાલ, છજ્જા, ALL CHEMICAL TREATMENT. (10% બાકી). 7977141377. (૮૯૨-એ)**

**શુભ પ્રસંગો**

તથા ધાર્મિક પ્રસંગો નિમિત્તે આપવા ગિફ્ટ આઈટમો ફેક્ટરી ભાવે MALAD- 9930310057 ZAVERI BAZAR- 9987418434. (બી-૧૭૨૫૭)

■ ઉચ્ચ ક્વોલિટી ડીટરજેન્ટ પાવડર બલ્ક ક્વાન્ટિટીમાં મળશે. મિનિમમ ઓર્ડર - 10 ટન. સંપર્ક - દિલેશ મેહતા, જામનગર - 9328333443. (એસડીબી-૩૧૬૭)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શાસ્ત્રીજી**

જુના જાણકાર ઘેર બૈઠા ફોન પર ઉપાય, પર્સનલ પ્રોબ્લેમ, પ્રેમમાં ધોકા શત્રુપીડા તુરંત નિકાલ. (Home Visit) 9765396401 (મુંબઈ). (બી-૧૭૨૪૫)

## ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રુફીંગ**

બિલ્ડિંગ રીપેરીંગ વીથ પેઈન્ટીંગ, ટેરેસ, પેરાપીટ વોલ, ક્રેક ફીલીંગ, બાથરૂમ, છજીયા, લીકેજ સંપૂર્ણ બંધ - 9892721418/ 9082015410. (૮૯૨-ઈ)

## ૫૨. કુરીઅર્સ

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, મેડિસિન, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૨૦૬)

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

## મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 8169644470/9820735565 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.
MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
VIDYAVIHAR
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684

# એર ચાઈના બેઈજિંગ અને નવી દિલ્હી વચ્ચે સીધી ફ્લાઈટ શરૂ કરશે

બેઈજિંગ : ભારત અને ચીન વચ્ચે એર ઈન્ડિયાએ શરૂ થયેલી ફ્લાઈટ સેવા બાદ હવે એર ચાઈના પણ ફ્લાઈટ સેવા શરૂ કરશે. આ અંગે ચીનના વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે એર ચાઈના બેઇજિંગ અને દિલ્હી વચ્ચે સીધી ફ્લાઇટ્સ ફરી શરૂ કરી રહી છે, આ પગલાને તેણે બંને દેશો વચ્ચે મુસાફરી, વેપાર અને વિશ્વાસ વધારવા તરફ એક મહત્ત્વપૂર્ણ પગલું ગણાવ્યું છે.

લગભગ પાંચ વર્ષના વિરામ બાદ ગત વર્ષે ભારત અને ચીને હવાઈ સેવાઓ ફરી શરૂ કરી છે. બંને દેશો વચ્ચેના સંબંધોમાં સુધારાનો સંકેત આ સેવા આપે છે. પહેલી ફેબ્રુઆરીના રોજ એર ઈન્ડિયાએ શાંઘાઈ અને દિલ્હી વચ્ચે સીધી ફ્લાઇટની જાહેરાત કરી હતી. ચીની એરલાઇન ચાઇના ઇસ્ટર્નએ પણ ગયા વર્ષે નવેમ્બરમાં શાંઘાઈથી દિલ્હી સુધીની ફ્લાઇટ્સ શરૂ કરી હતી.

ચીની દૂતાવાસના પ્રવક્તા યુ જિંગે 'એક્સ' પર એક પોસ્ટમાં, લખ્યું કે બેઇજિંગ અને દિલ્હી વચ્ચે સીધી એર ચાઇનાની ફ્લાઇટ્સ ફરી શરૂ કરવી ફક્ત મુસાફરી પૂરતી મર્યાદિત નથી. તે એક એવું પગલું છે જે વેપાર, પર્યટન અને વિશ્વાસને વેગ આપશે. તેમજ શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન સભ્ય દેશોના લોકો વચ્ચે પરસ્પર સહયોગ માટે એક મુખ્ય સકારાત્મક સંકેત તરીકે કામ કરશે. ■

# અધિકારીની આત્મહત્યાઃ પંજાબના પ્રધાનનું રાજીનામું

ચંડીગઢઃ પંજાબના પ્રધાન લાલજીત સિંહ ભુલ્લરે શનિવારે રાજ્ય પ્રધાન મંડળમાંથી રાજીનામું આપી દીધું હતું. તેમણે આ નિર્ણય મુખ્ય પ્રધાન ભગવંત માનના કહેવા પર લીધો હતો. મુખ્ય પ્રધાને અમૃતસરમાં રાજ્ય વેરહાઉસિંગ કોર્પોરેશનના એક અધિકારીને આત્મહત્યા કરવા માટે ઉશ્કેરવાના આરોપો વચ્ચે ભુલ્લરને પદ છોડવા જણાવ્યું હતું.

તરનતારનના પટ્ટીના ધારાસભ્ય ભુલ્લરે આ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા હતા. મુખ્ય પ્રધાને કહ્યું કે તેમણે આ મામલાની તપાસ કરવાનો મુખ્ય સચિવને નિર્દેશ આપ્યો છે. તેમણે કહ્યું કે નિષ્પક્ષ તપાસની ખાતરી માટે પ્રધાનને પદ છોડવાનું કહેવામાં આવ્યું હતું.

ભુલ્લરના રાજીનામા અંગે પત્રકારોના પ્રશ્નોના જવાબ આપતા મુખ્ય પ્રધાને કહ્યું કે આ પાછળ શું કારણ છે? તે તપાસનો વિષય છે. તપાસ શરૂ થતાં પહેલા અમે અમારા કેબિનેટ પ્રધાનનું રાજીનામું લઇ લીધું છે. જેથી કોઇ પણ તપાસને પ્રભાવિત કરી શકે નહીં અથવા તેના પર કોઇ દબાણ આવે નહીં. માનએ કહ્યું કે આ મામલે કોઇપણ પ્રકારની બેદરકારી ચલાવી લેવાશે નહીં. ભુલ્લર પાસે રહેલો પરિવહન અને જેલ વિભાગનો હવાલો બીજા પ્રધાનને સોંપવામાં આવશે.

શનિવારે સોશ્યલ મીડિયા પર એક વીડિયો સામે આવ્યો હતો. જેમાં મૃતક મેનેજર ગગનદીપ સિંહ રંધાવાએ પોતે કોઇ ઝેરી પદાર્થ પી લીધો હોવાનું કહ્યું હતું અને લાલજીત સિંહ પર ઉત્પીડનનો આરોપ મૂક્યો હતો. રંધાવા પાસે પટ્ટીનો વધારાનો કાર્યભાર પણ હતો. ભુલ્લરે કહ્યું હતું કે તેમનો પક્ષ હંમેશા સત્યની સાથે રહે છે. તેથી તેઓ ઇચ્છે છે કે તેમના પર લાગેલા આરોપોની યોગ્ય તપાસ કરવામાં આવે. ■

# મોદી સૌથી મોટા ઘૂસણખોરઃ મમતા

કોલકાતાઃ પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ શનિવારે ભાજપ શાસિત કેન્દ્ર સરકાર પર પોતાના પ્રહારો વધુ તીવ્ર બનાવતા આરોપ લગાવ્યો હતો કે તે એસ આઈ આર દ્વારા લોકોના મતદાનનો અધિકાર છીનવી લેવા''નો પ્રયાસ થઈ રહ્યો છે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સૌથી મોટા ઘૂસણખોર પણ ગણાવ્યા હતા.

કોલકતાના પ્રતિષ્ઠિત રેડ રોડ પર ઈદની નમાજ પછી નમાજાર્થીઓને સંબોધતા, ટીએમસી સુપ્રીમોએ આગામી વિધાનસભા ચૂંટણીઓને લોકશાહી અધિકારો અને બંગાળના બહુવિધ સામાજિક માળખાના રક્ષણ માટેની લડાઈ ગણાવી હતી.

અમે મોદીજી અને ભાજપને તમારા મતદાનનો અધિકાર છીનવી લેવા દઈશું નહીં. અમે અંત સુધી લડીશું,'' તેવું બેનરજીએ સભાને કહ્યું હતું, અને ઉમેર્યું હતુ કે તેમણે આ પ્રક્રિયાને પડકારવા માટે કોલકાતાથી દિલ્હી સુધી કોર્ટનો સંપર્ક કર્યો છે.

પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ શનિવારે ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર પર વિધાનસભા ચૂંટણી પહેલા મતદાર યાદીના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર) દ્વારા લોકોના મતાધિકાર છીનવવાનો પ્રયાસ કરી હોવાનો આરોપ લગાવ્યો હતો.

તૃણમૂલ કોંગ્રેસનાં વડાં મમતાએ કોલાકાતાના રેડ રોડ પર ઈદની નમાજ પછી હજારો નમાજીઓને સંબોધતા આરોપ લગાવ્યો હતો કે મતદારયાદીઓનું સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર) એ રાજ્યમાં ચૂંટણી પ્રક્રિયાને પ્રભાવિત કરવાના વ્યાપક પ્રયાસનો એક ભાગ છે. તૃણમૂલનો દાવો છે કે 'સર' દ્વારા મોટા પાયે મતદારોના નામ હટાવવામાં આવ્યા છે.

બેનરજીએ કહ્યું કે અમે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને લોકોનો મતાધિકાર છીનવવા નહીં દઇએ. અમે લોકશાહી અને દરેક નાગરિકના અધિકારોના રક્ષણ માટે અંત સુધી લડીશું. તેમની આ ટિપ્પણી મતદાર યાદીઓના સુધારાને લઇને વધી રહેલા રાજકીય વિવાદ વચ્ચે આવી છે. તૃણમૂલ કોંગ્રેસ વારંવાર આ પ્રક્રિયાને ચૂંટણી પહેલા યોગ્ય મતદારોના નામ હટાવવાના પ્રયાસ તરીકે મૂલવતું આવ્યું છે, ખાસ કરીને લઘુમતી વસ્તી ધરાવતા વિસ્તારોમાં.

બેનરજીએ ચેતવણી આપી કે તેમની પાર્ટી મતદાર યાદીઓના સંશોધન અથવા વેરિફિકેશનના નામે મતદારોને તેમના અધિકારોથી વંચિત રાખવાના કોઇપણ પ્રયાસનો સખત વિરોધ કરશે. મુખ્ય પ્રધાને પશ્ચિમ બંગાળની સાંપ્રદાયિક સૌહાર્દની જૂની પરંપરાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે રાજ્ય સમાજનું ધ્રુવીકરણ કરવાનો પ્રયાસ કરી રહેલી શક્તિઓને સફળ થવા દેશે નહીં. તેમણે કહ્યું કે બંગાળ એકતામાં વિશ્વાસ ધરાવે છે. હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ- બધા અહીં હળીમળીને રહે છે. અમે કોઇને પણ આ સામાજિક તાણાવાણાને તોડવા દઇશું નહીં. ■

# નેપાળમાં અકસ્માતમાં બે ભારતીયોનાં મોત

કાઠમંડુઃ નેપાળની રાજધાની કાઠમંડુમાં શનિવારે એક સ્થાનિક પેસેન્જર બસની અડફેટે આવતા બે ભારતીય નાગરિકોનાં મોત નીપજ્યા હતા.

કાઠમંડુમાં કામ કરતા પદમ ઉપાધ્યાય અને સતીશ કુમાર કુશવાહા નામના બે ભારતીય નાગરિકો શુક્રવારે રાત્રે કાઠમંડુના છેવાડાના ભોટેબહાલ વિસ્તારમાં એક ખાનગી બસની અડફેટે ચડતાં ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા હતા.

કાઠમંડુ વેલી ટ્રાફિક ઓફિસના સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ(ડીએસપી) અને પ્રવક્તા નરેશ રાજ સુબેદીએ જણાવ્યું કે બંને ઇજાગ્રસ્તોને નેશનલ ટ્રોમા સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમણે શનિવારે અંતિમ શ્વાસ લીધા હતા. આ મામલે ૩૫ વર્ષીય બસ ડ્રાઇવર મન બહાદુર બસનેતની ધરપકડ કરવામાં આવી છે. તેમજ પોલીસ વધુ તપાસ કરી રહી હોવાનું તેમણે જણાવ્યું હતું. ■

## મુંબઈ સમાચાર ક્લાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧મી માર્ચ, ૨૦૨૬ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં
**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**
ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે
૧લી મે, ૨૦૨૫ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# જયાં જિંદગી એક સજા છે

ઓપિનિયન

સી. એ. પ્રકાશ દેસાઈ

રવિવારની સવારે ચા પીતા મું. સ. વાંચતા જિંદગી બહુ શાનદાર લાગે છે પણ સમાજનો એક વર્ગ છે જેના માટે જિંદગી એક બહુ મોટા બોજ સમાન છે અને રોજ એક જ પ્રશ્ન સતાવી રહ્યો છે કે સાંજ કેમ પડશે.

વાત કરી રહ્યાં છીએ સુદાનની અને સુદાનમાં રહેતા એક રહેવાસીઓની. સુદાનમાં મિલિટરીના બે ભાગ છે એક ભાગ કે જે સુદાનીઝ આર્મ ફોર્સિસના નામે ઓળખાય છે તેની સરકાર છે અને બીજી બાજુ રેપિડ સપોર્ટ ફોર્સ નામની રિબેલ આર્મી છે. જે સત્તા મેળવવા લડી રહી છે. ૨૦૨૧થી શરૂ થયેલી આ ચળવળમાં ૯૦ લાખ જેટલા સુદાનીઝ દેશમાં અલગ અલગ સ્થળે સ્થળાંતર કરી ગયા છે અને લગભગ ૪૦ લાખ લોકો પરદેશાગમન કરી ગયા છે. સુદાનની બે આર્મી વચ્ચેની લડાઇમાં ક્યારેક તો રોજના ૫થી ૬ હજાર લોકો ખુવાર થઇ ગયાના બનાવો પણ રેકોર્ડ થયેલા છે.

સુદાનના ૨૧૦ બ્રાઇટ છોકરા-છોકરીઓ કે જેને ભણવા માટે બ્રિટિશ સ્કોલરશિપ પણ મળતી હતી. તેઓના વિઝા અટકાવી દેવામાં આવેલા છે. કારણકે બ્રિટિશ સરકારનું માનવું છે કે વિઝાના બહાને આ છોકરા-છોકરીઓ રાજકીય આશ્રય માટે બ્રિટન આવી રહ્યાં છે.

એક રફ અંદાજ મુજબ સુદાનના આ બે મિલિટરી ફેકશનની લડાઇમાં દોઢ લાખ લોકોએ જાન ગુમાવ્યા છે અને કેટલા ઘાયલ થયેલા છે તેનો ફિગર તો ખબર જ નથી. સુદાનમાં જનજીવન અસ્તવ્યસ્ત છે અને હેલ્થ કેર સિસ્ટમ જેવી કોઇ વસ્તુ જ નથી. ઘાયલ અને માંદા માણસો ભગવાન ભરોસે જીવી રહ્યાં છે.

ડ્રોનનો જાણ પતંગ હોય તેવી રીતે આજકાલ યુક્રેન-રશિયા, ઇઝરાયલ અને પેલેસ્ટાઇન અને અમેરિકા, ઇઝરાયેલ, ઇરાનની લડાઇમાં ઊડી રહ્યા છે. હાલત એવી છે કે સંક્રાતિમાં જેટલા પતંગો ગુજરાતમાં આકાશમાં ઉડતા હશે કદાચ તેનાથી વધારે ડ્રોન આજકાલ મિડલઇસ્ટમાં રોજ ઊડે છે અને જેમ પતંગની લડાઇમાં કાપ્યો છે જેમ ડ્રોનની લડાઇમાં પણ ઇન્ટરસેપ્ટ કરીને ડ્રોન આકાશમાં જ નષ્ટ કરી દેવાની લડાઇ ચાલી રહી છે.

બે દેશોની લડાઇમાં તો ડ્રોનનો ઉપયોગ સમજી શકાય છે પણ સુદાનમાં તો આર્મીના બે ફેક્શન વચ્ચે રોજ ડ્રોનની લડાઇ ચાલી રહી છે. જેમાં નથી કોઇ ચેતવણી આપતી સાયરાનો કે જે લોકોને સેફ જગ્યા જવા માટે ચેતવે.

એક બીજાના ડ્રોન એટેમપ્ટસમાં સુદાનમાં થોડું ઘણું પણ જે ઇન્ફ્રાસ્ટ્રક્ચર બચી ગયું છે તે પણ નષ્ટ થઇ રહ્યું છે. યુનેસ્કો અને અન્ય સેવાભાવી સંસ્થાઓ કે જે સુદાનીઝ માટે માનવીય સેવાઓ આપી રહી છે. તેઓની સેવાઓ પણ ડ્રોન સ્ટ્રાઇકના કારણે પડતી મૂકીને જીવ બચાવવા ભાગવું પડે છે.

ઇજિપ્તમાં ભાગીને શરણ લેવા આવેલા સુદાનીઝ ઉપર પણ આભ તૂટેલ છે. કારણકે ઇજિપ્તની સરકાર સુદાનીઝને પકડી ડિપોર્ટ કરી રહી છે.

અગાઉ જેમ કહેલું કે ડ્રોન જાણે પતંગની જેમ ઉડે છે તેમ ડ્રોનનું પ્રોડકશન પણ પતંગની જેમ થઇ રહ્યું હોય તે તાજેતરના એક અહેવાલમાં જાણવા મળેલ છે જેમાં બહાર આવ્યું છે કે સાઉથ સુદાનના અખબારોમાં જાહેરાત આપવામાં આવેલી કે રશિયામાં અલબુગા સ્પેશ્યલ ઇકોનોમિક ઝોનમાં સ્ટાર્ટઅપ પ્રોગ્રામમાં ૩થી ૪ નવા સેકટર જોબ માટે ખોલવામાં આવ્યા છે જેમાં ભાગ લઇને ઉમેદવાર પોતાનું ઉજ્જવળ ભવિષ્ય ઘડી શકે છે. લોજિસ્ટિક, કેટરિંગ અને હૉસ્પિટાલિટી સેકટર માટે ભરતી થઇ રહી છે.

ઉચ્ચ જીવનની આશા સાથે ૧૦૦૦ જેટલી આફ્રિકન છોકરીઓએ આ નોકરી માટે એપ્લાઇ કરેલું અને જયારે રશિયાની કડકડતી ઠંડીમાં લેન્ડ કર્યું ત્યાર પછી તેઓને એક સ્થળે ટ્રાન્સફર કરવામાં આવ્યા અને ફેકટરીમાં ટ્રેનિંગ આપવાનું શરૂ કર્યું. ત્યારે આ છોકરીઓને સમજાયું કે આ ટ્રેનિંગ કોઇ ઇન્ડસ્ટ્રિયલ ટ્રેનિંગ નહોતી પણ આ તો એક ડ્રોન મેન્યુફેકચરિંગ ફેસિલિટી હતી જેનું મુખ્ય કામ ઇરાનીયન સાહેદ ૧૩૬ બ્રાન્ડ ડ્રોન મેન્યુફેકચર કરવાનું હતું. અને આ છોકરીઓને જાહેરાતમાં જે પગાર ઓફર કરેલો ૬૦૦ ડૉલરની જગ્યાએ બહુ ઓછો પગાર ચુકવાતો હતો અને તેમાંય જો કોઇ કાંઇ ભૂલ કરેલ માંદા સાજા ફરજ પરથી રજા લેતો તેનો પગાર કપાઇ જતો હતો.

એકવાર જયારે યુક્રેનને ખબર પડી કે આ ઇકોનોમિક ઝોન કે જેમાં ઇરાનિયન સાહેદ ૧૩૬ ડ્રોનનું મેન્યુફેકચરિંગ થતું હતું પણ તેઓને આ હકીકતની ખબર નહીં હોવાથી ધારી લીધેલું કે આ ડ્રોનનો ઉપયોગ યુક્રેન ઉપર જ થશે તેની આ ફેસિલીટી ઉપર મોટો એટેક કર્યો જેમાં થોડી હતાહત અને નાશભાગ થવા લાગી. છોકરીઓ રહેતી હતી તે મકાન પણ ક્ષતીગ્રસ્ત થઇ ગયું. થોડી ભાગ્યશાળી છોકરીઓ તેના મા-બાપનો સંપર્ક કરી શકી અને મા-બાપને વિનંતી કરી ૭૦૦ ડૉલરની રકમ મંગાવીને પ્લેનની ટિકિટ કઢાવીને પોતાના ઘરે પાછી ફરી શકી, પણ અમુક બદનસીબ છોકરીઓ કે જે દેવું કરીને પ્લેનની ટિકિટ કઢાવીને ઊંચાં સપનાઓ સાથે રશિયા આવેલી તેના મા-બાપની પરિસ્થિતિ નહોતી કે તેની દીકરીને ૭૦૦ ડૉલર પ્લેનની ટિકિટના મોકલાવીને ઘરે પાછી બોલાવી શકે તે છોકરીઓ ભગવાન ભરોસે આ ડ્રોન ફેકટરીમાં જિંદગી ગુજારી રહી છે. ડ્રોન મેન્યુફેકચરિંગમાં હાથમાં પહેરવાના જે હેન્ડગ્લોવ્ઝ છે તેની કવોલિટી એટલી ખરાબ છે કે હેન્ડગ્લોવઝ પહેરવા છતાં આંગળીઓ ઉપર કેમિકલ પડે છે અને ચામડીઓ ઉખડતી જાય છે.

રવિવારે ચાની સાથે આ લેખ વાંચતા ભગવાનનો આભાર માનવાનું ભૂલતા નહીં કે આપણે દુનિયાના એક બહુ સુક્ષ્મ ભાગનો હિસ્સો છીએ કે જેની જિંદગી પ્રમાણમાં બહુ સરળ છે બાકી અબજો લોકો રોજ જિંદગી એક સંઘર્ષથી જીવી રહ્યાં છે જેની આવતીકાલ કેવી હશે તેની તેમને ખબર નથી કારણ કે તેઓ અસ્તિત્વની લડાઇ લડી રહ્યાં છે. ■

# સતત બીજા વર્ષે એક અબજ ટન કોલસાનું ઉત્પાદન

નવી દિલ્હીઃ પશ્ચિમ એશિયાની કટોકટીને પગલે હાલમાં ઈંધણની વૈશ્વિક બજારમાં અનિશ્ચિતતા પ્રવર્તી રહી હોવા છતાં ભારતે સતત બીજા વર્ષે એક અબજ ટન કોલસાના ઉત્પાદનનો આંક હાંસલ કર્યો છે.

કોલસા મંત્રાલયે એક યાદીમાં જણાવ્યું હતું કે કોલસાના ક્ષેત્રમાં સતત અને સંકલિત પ્રયાસો તથા તમામ હિસ્સેધારકોના અમુલ્ય યોગદાન થકી દેશે સતત બીજા વર્ષે ગત ૨૦મી માર્ચ, ૨૦૨૬ના રોજ એક અબજ ટન કોલસાના ઉત્પાદનનો સિમાચિહ્નરૂપ આંક સફળતાપૂર્વક હાંસલ કર્યો છે.

એકંદરે દેશમાં કોલસાની ઉત્પાદન વૃદ્ધિ અને તેમાં સાતત્યપણું દેશની ઊર્જાની આવશ્યક માગ સંતોષવામાં અને પાવર ક્ષેત્રમાં ખાસ કરીને કોલસા આધારિત થર્મલ એકમોને કોલસાનો સ્ટોક જાળવી રાખવામાં મદદરૂપ થાય છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

કોલસા ક્ષેત્રની આ આકર્ષક કામગીરી મજબૂત યોજના અને તેનું અસરકારક અમલીકરણ તથા સમગ્ર કોલસા ક્ષેત્રની વૅલ્યુ ચેઈન સાથેના સંકલનનો નિર્દેશ આપવાની સાથે દેશની આર્થિક વૃદ્ધિમાં પણ નોંધપાત્ર પ્રદાન આપે છે. વધુમાં કોલસા મંત્રાલય સ્થિર, પારદર્શક અને કામગીરીલક્ષી આર્થિક યંત્રણા પર નિશ્ચિતપણે ધ્યાન કેન્દ્રિત કરે છે.

ખાસ કરીને સક્રિય નીતિગત પગલાં રજૂ કરીને હિસ્સેધારકો સાથે સક્રિયપણે જોડાઈને તે કોલસાની ઉપલબ્ધતા અને તમામ ક્ષેત્રે સરળ કામગીરી સુનિશ્ચિત કરે છે, એમ યાદીમાં ઉમેર્યું હતું. ■

# વિદેશી હૂંડિયામણની અનામત વધુ સાત અબજ ડૉલર ઘટી

મુંબઈઃ ગત૧૩મી માર્ચના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત આગલા સપ્તાહના અંતની તુલનામાં વધુ ૭.૦૫૨ અબજ ડૉલર ઘટીને ૭૦૯.૭૫૯ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે પણ અનામત ૧૧.૬૮૩ અબજ ડૉલરના ઘટાડા સાથે ૭૧૬.૮૧ અબજ ડૉલરના સ્તરે રહી હતી. જોકે, અગાઉ ૨૭મી ફેબ્રુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહે અનામત વધીને ૭૨૮.૪૯૪ અબજ ડૉલરની ઐતિહાસિક ઊંચી સપાટીએ રહી હતી.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ અનામતોમાં મુખ્ય અથવા તો બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૭.૬૭૮ અબજ ડૉલરના ઘટાડા સાથે ૫૫૫.૫૬૮ અબજ ડૉલરના સ્તરે રહી હતી. વધુમાં સપ્તાહ દરમિયાન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૨.૩ કરોડ ડૉલર ઘટીને ૧૮.૬૯૭ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામતો પણ ૧.૫ કરોડ ડૉલર ઘટીને ૪.૮૧૪ અબજ ડૉલરની સપાટીએ રહી હતી, જ્યારે સોનાની અનામત ૬૬.૪ કરોડ ડૉલર વધીને ૧૩૦.૬૮૧ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. ■

# ગિનિસ રેકોર્ડ ધારક ઘે ભરારી પ્રદર્શન હવે બોરીવલીમાં, મુંબઈમાં

મુંબઈઃ ઘે ભરારી પ્રદર્શન એ નવલાઈ, આશાવરી, ભારતકૌશે, ચૈતન્ય ક્રિએશન, ચાફા વગેરે જેવી શ્રેષ્ઠ બ્રાન્ડની સાડીઓ અને મોડાસ, સાવી આર્ટ્સ, મણિ ધ બીડ આર્ટ, ફંકસ્ટ્રીટ, શ્રિયા વગેરે જેવી શ્રેષ્ઠ જ્વેલરી બ્રાન્ડની સાડીઓ ખરીદવાની સુવર્ણ તક છે. ઘે ભરારી એક રજિસ્ટર્ડ ટ્રેડમાર્ક જૂથ છે જેમાં ઓનલાઇન અને ઓફલાઇનથી ખરીદી શકાય છે. તેના પ્રદર્શનો પુણે, મુંબઈ, નાશિક, કોલ્હાપુર, થાણે, સાંગલી, નાગપુર, બેંગલૂરુમાં યોજાય છે. વિવિધ સ્થળોએથી વ્યાવસાયિકો અહીં ભાગ લે છે. બે લાખ ૬૦ હજાર સભ્યો ધરાવતું આ ફેસબુક જૂથ વ્યાવસાયિકો બનાવવાનો પ્રયાસ કરે છે. બ્રાન્ડિંગ, માર્કેટિંગ દ્વારા સારો વ્યવસાય પ્રદાન કરવાનો પ્રયાસ અહીં કરવામાં આવે છે જેથી મહત્તમ મહિલાઓ અને યુવાનો વ્યવસાયમાં પ્રવેશી શકે. આવું ઘે ભરારી પ્રદર્શન બોરીવલીમાં, મુંબઈમાં



યોજાયું છે. આ પ્રદર્શન મુંબઈના નાગરિકો માટે ત્રણ દિવસ, ૨૦, ૨૧, ૨૨ માર્ચ ૨૦૨૬ માટે ખુલ્લું રહેશે. આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન પ્રખ્યાત અભિનેત્રી સાઈ રાનડે દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે મહિલાઓને શક્ય તેટલો વધુ વ્યવસાયમાં પ્રવેશ કરવા અને આર્થિક રીતે સશક્ત બનવા અપીલ કરી છે. ■

# સ્મોલ ગ્રેડની ખાંડમાં ઘટાડો

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના અંતે હાજરમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહી હોવા છતાં મુખ્યત્વે સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા સાધારણ નબળી આવી હોવાથી ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સાધારણ ઘટાડો આવ્યો હતો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં ગઈકાલના મથકો પરના નિરુત્સાહી અહેવાલોને ધ્યાનમાં લેતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૭થી ૨૮ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા સાધારણ નબળી આવી હોવાથી હાજરમાં તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના ઘટાડા સાથે રૂ. ૩૮૪૨થી ૩૯૨૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૫૨થી ૪૦૩૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ એકંદરે જળવાઈ રહી હોવા છતાં ગઈકાલના મથકો પરના નિરુત્સાહી અહેવાલને ધ્યાનમાં લેતા આજે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૭૦થી ૩૮૧૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૦થી ૩૯૧૦માં ટકેલા ધોરણે થયા હતા. ■

# ટીન અને નિકલ સહિતની ધાતુઓમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલીએ સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે ખાસ કરીને નિકલ, ટીન, બ્રાસ શીટ કટિંગ્સ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી નીકળતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૮, રૂ. ૨૭, રૂ. આઠ અને રૂ. પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર અને લીડ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ.એકથી બેનો સુધારો આવ્યો હતો. જોકે, આજે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ચારનો અને કોપર વાયરબાર તથા ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે નિકલ, ટીન, બ્રાસ શીટ કટિંગ્સ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૮ વધીને રૂ. ૧૬૨૩, રૂ. ૨૭ વધીને રૂ. ૪૪૫૮, રૂ. આઠ વધીને રૂ. ૮૦૩ અને રૂ. પાંચ વધીને રૂ. ૧૦૨૮ના મથાળે રહ્યા હતા, જ્યારે વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ લેવાલીને ટેકે કોપર કેબલ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૧૧૨૨ અને રૂ. ૧૯૨ અને કોપર સ્ક્રેપ હેવી તથા કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૧૧૧૬ અને રૂ. ૧૧૧૧ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં નફારૂપી વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં ભાવ વધુ કિલોદીઠ રૂ. ચારના ઘટાડા સાથે રૂ. ૩૩૬ અને નિરસ માગે કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૧૨૧૩ અને રૂ. ૩૧૦ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે ખપપૂરતા છૂટાછવાયા કામકાજે માત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૧૫ અને રૂ. ૨૭૦ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા. ■

# પાંખાં કામકાજે દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૧૦ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે રમઝાન ઈદની જાહેર રજાને કારણે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હતા અને માત્ર રવાનગીના છૂટાછવાયા કામકાજો થયા હોવાનું બજાર વર્તુળોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૫, સોયા રિફાઈન્ડના મે ડિલિવરી શરતે રૂ. ૧૫૦૦ અને સન રિફાઈન્ડના ૧૫થી ૩૦ એપ્રિલ ડિલિવરી શરતે રૂ. ૧૭૨૫, નવભારતના આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૦થી ૧૪૪૨, રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના મે-જૂન ડિલિવરી શરતે રૂ. ૧૪૬૦થી ૧૪૭૫ અને સન રિફાઈન્ડના એપ્રિલ-મે ડિલિવરી શરતે રૂ. ૧૭૨૫, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦ તથા જી-વનના આરબીડી પામોલિન તથા સોયા રિફાઈન્ડના મે ડિલિવરી શરતે અનુક્રમે રૂ. ૧૪૫૧ અને રૂ. ૧૪૭૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

વધુમાં આજે ગુજરાતમાં રાજકોટ મથકે અંદાજે ૩૦૦૦ ગૂણી મગફળીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૫૧૦માં થયા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર દેશાવરોની માગને ટેકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૭૫૦માં લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૩૫માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

આજે હાજરમાં દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૦ સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦, સન રિફાઈન્ડના રૂ. ૧૭૩૦, સિંગતેલના રૂ. ૧૭૭૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦ અને સરસવના રૂ. ૧૪૮૦ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# હીરા જડેલાં ચાંદીનાં આભૂષણો પર આયાત નિયંત્રણ

નવી દિલ્હીઃ ગત સોમવારે મોડી સાંજે સરકારે સસ્તા હીરા જડીત ચાંદીનાં આભૂષણોની આયાત પર આગામી ૩૦મી જૂન સુધી નિયંત્રણો લાદ્યાં છે. સરકારે આયાત નીતિમાં ફેરફાર કરીને ઉક્ત ચીજોને મુક્ત શ્રેણીમાંથી દૂર કરીને આગામી ૩૦મી જૂન, ૨૦૨૬ સુધી નિયંત્રિત ચીજોની યાદી હેઠળ મૂકવામાં આવી હોવાનું ડિજીએફટીએ જણાવ્યું છે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**જોઈએ છે – ગુજરાતી કેટરર**

શ્રી દિલ્હી ગુજરાતી સમાજ (રજિ.)ના લગભગ ૭૩ રૂમ અને ૮ ડોરમેટરીવાળા અતિથિગૃહના પરિસરમાં જ સ્થિત ગુજરાતી કેન્ટીન ચલાવવા માટે અનુભવી અને વિશ્વસનીય કેટરર્સ તરફથી પ્રસ્તાવો આમંત્રિત છે. પ્રસ્તાવ ફોર્મ રૂા.3,000/- રોકડા/ડ્રાફ્ટ દ્વારા નીચેના સરનામેથી તા.૨૩-૦૩-૨૦૨૬ થી તા.૨૭-૦૩-૨૦૨૬ સુધી બપોરે ૦૧:00 વાગ્યાથી સાંજના ૫:00 વાગ્યા સુધી કામકાજના દિવસોમાં મેળવી શકાશે. ભરેલા પ્રસ્તાવો તા.૨૮-૦૩-૨૦૨૬ ના સાંજે ૫:00 વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે અને તે જ દિવસ સાંજે ૫:30 વાગ્યે હાજર પ્રસ્તાવકોની હાજરીમાં જાહેરમાં ખોલવામાં આવશે.

માનદ્ મુખ્ય મંત્રી–શ્રી દિલ્હી ગુજરાતી સમાજ (રજિ.)
૨, રાજનિવાસ માર્ગ, સિવિલ લાઈન્સ, દિલ્હી – ૧૧૦૦૫૪
ફોન : ૦૧૧-૪૯૮૭૫૧૦૦, ૪૧૮૮૨૨૦૦

**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ઈ-ટેન્ડર નોટિસ નં. 30 વર્ષ ૨૦૨૫-૨૬ તારીખ: 20.03.2026**

| ક્ર. સં | ઈ-ટેન્ડર નંબર | કામનું નામ | અંદાજિત NIT કિંમત (રૂ.માં) | EMD રકમ (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM-ADI-217-2025-26 | આંબલી રોડ સ્ટેશન - સહાયક વિભાગીય ઈજનેર - વિરમગામના અધિકારક્ષેત્ર હેઠળ પ્લેટફોર્મ ઊભું કરવું, મુસાફરોની સુવિધાઓ પૂરી પાડવી અને અન્ય સંબંધિત કાર્યો | 14,14,17,225.03 | 8,57,100.00 |
| 2 | DRM-ADI-218-2025-26 | ગાંધીધામ – ન્યૂ ભુજ સેક્શન ખાતે સિનિયર ડીઈએન (એનડબ્લ્યુ) - અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ લેવલ ક્રોસિંગ નં. 21 કિ.મી. 40/9-41/0 , 23 કિ.મી. 43/3-4 , 24 કિ.મી. 44/1-2 અને 26 કિ.મી. 45/4-5 ને રોડ અન્ડર બ્રિજ બનાવીને દૂર કરવાની કામગીરી. | 43,56,40,137.51 | 23,28,200.00 |
| 3 | DRM-ADI-219-2025-26 | અમદાવાદ મંડળ:- સોનાસણ, તલોદ, રખિયાલ, આંબલીયાસન અને ડભોડા ખાતે સ્ટાફ માટે પાણીની વ્યવસ્થા OH ટાંકી, બોરવેલ અને સમ્પ પૂરું પાડવું. (પુનઃ આમંત્રિત) | 1,51,97,859.09 | 2,26,000.00 |

**ઈ-નિવિદા બંધ થવાની તારીખ અને સમય:** તારીખ 15/04/2026, 15:00 કલાક. **ઓફિસનું સરનામું:** સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (સમ.)- અમદાવાદ, ડીઆરએમ ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, નવી સ્વદેશી મિલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345 **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટેની વેબસાઈટ:** www.ireps.gov.in

ADI 312

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ટેન્ડર નં. 293-2025-26 થી 299-2025-26**

| નં: | ઇ-ટેન્ડર નં. | કાર્યનું નામ | ટેન્ડર કિંમત (રૂ.) | EMD રૂ. |
|---|---|---|---|---|
| 1 | 293-2025-26 | ભાવનગર ટિમ્બર ડેપો ગુડ્સ શેડ ખાતે ગુડ્સ શેડ સંબંધિત સુવિધાઓની જોગવાઈ. | 8,27,00,903.90 | 5,63,500.00 |
| 2 | 294-2025-26 | ભાવનગર મંડળ : ADEN (વર્ક્સ) ભાવનગર અધિકારક્ષેત્ર હેઠળ ક્વાર્ટર્સ અને મુખ્ય અને નાના રેલવે કોલોનીઓમાં સુધારો અને નવીનીકરણ. | 4,50,00,197.02 | 3,75,000.00 |
| 3 | 295-2025-26 | ધોળા જંકશનનું સિવિલ કાર્ય:-ભાવનગર ટર્મિનસ વિભાગ-ભાવનગર પરા અને ભાવનગર ટર્મિનસ સ્ટેશન પર ટ્રેક મશીન સાઈડિંગ માટે સાઈડિંગ સુવિધાઓનું નિર્માણ. | 3,55,71,060.23 | 3,27,900.00 |
| 4 | 296-2025-26 | ધોળા સબ ડિવિઝન ખાતે 30 ટાઈપ-II ક્વાર્ટર્સનું બાંધકામ. | 6,75,22,274.85 | 4,87,600.00 |
| 5 | 297-2025-26 | લીંબડી- સ્ટેશનનું અપગ્રેડેશન. | 1,57,87,992.02 | 2,28,900.00 |
| 6 | 298-2025-26 | સિહોર જંકશન- દિવ્યાંગજન ૨૪ કોચવાળી ટ્રેનમાં મુસાફરી કરી શકે તે માટે પ્લેટફોર્મ નંબર ૧ નું વિસ્તરણ. | 1,28,22,567.15 | 2,14,100.00 |
| 7 | 299-2025-26 | બોટાદ જંકશન:- ટ્રેક મશીન સ્ટાફ માટે ૧૭ યુનિટ નવા ટાઈપ -૨ ક્વાર્ટર્સ પૂરા પાડવા. | 4,43,12,156.31 | 3,71,600.00 |

**ઉપરોક્ત તમામ ટેન્ડર માટે: બિડિંગ શરૂ થવાની તારીખ:** 30/03/2026 **બિડિંગ બંધ થવાની તારીખ:** 13/04/2026 NIT ને રેલવે વેબસાઈટ www.ireps.gov.in પર અપલોડ કરવામાં આવેલ છે

BVP 311

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


# માર્ચના પહેલા પખવાડિયામાં અછતને પગલે એલપીજીની વપરાશી માગ ૧૭ ટકા ઘટી

નવી દિલ્હીઃ પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિને કારણે પુરવઠા સ્થિતિ ખોરવાઈ જવાથી વર્તમાન નવેમ્બર મહિનાના પહેલા પખવાડિયામાં રાંધણ ગૅસ-એલપીજીની વપરાશી માગમાં ૧૭.૩ ટકાનો ઘટાડો નોંધાયો હોવાનું ઉદ્યોગની પ્રાથમિક આંકડાકીય માહિતી પરથી જાણવા મળ્યું છે. ગત તા. ૧થી ૧૫ માર્ચ દરમિયાન એલપીજી (લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગૅસ)ની વપરાશી માગ ગત સાલના સમાનગાળાના ૧૨.૮૭ લાખ ટન સામે ૧૭.૩ ટકા ઘટીને ૧૧.૪૭ લાખ ટનની સપાટીએ રહ્યો છે. તેમ જ આ વપરાશમાં આગલા ફેબ્રુઆરી મહિનાના સમાનગાળાના ૧૫.૫૭ લાખ ટન સામે ૨૬.૩ ટકા ઘટ્યો છે. સામાન્યપણે દેશની એલપીજીની કુલ આવશ્યકતા પૈકી ૬૦ ટકા આયાત થાય છે અને તેમાં પણ મોટે ભાગે આયાત સ્ટ્રેટ ઑફ હોર્મુઝ મારફતે થતી હોય છે અને આ માર્ગ અમેરિકા-ઈઝરાયલ દ્વારા સંયુક્તપણે ઈરાન પર હુમલો થવાથી તેના જવાબરૂપે ઈરાન પણ હુમલા કરી રહ્યું હોવાથી આ માર્ગથી પુરવઠો ખોરવાયો છે.

આમ સાઉદી અરેબિયા અને યુનાઈટેડ આરબ અમિરાત તરફથી પુરવઠો ખોરવાઈ જવાથી સરકારે ઘરગથ્થુ ધોરણે રાંધણ ગૅસની ખેંચ ન થાય તે માટે હોટૅલ અને ઉદ્યોગમાં વેપારી ધોરણે ઉપયોગમાં લેવામાં આવતા એલપીજીનાં પુરવઠા પર કાપ મૂક્યો છે. સ્થાનિકમાં એલપીજીની કુલ બજારનો ૯૦ ટકા હિસ્સો ધરાવતી ત્રણ જાહેર ક્ષેત્રની કંપનીઓના રિટેલ વેચાણની પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત પહેલી માર્ચથી ૧૫ માર્ચ દરમિયાન એલપીજીની માગ વર્ષ ૨૦૨૪ના સમાનગાળાની સરખામણીમાં ૧૬ ટકા અને વર્ષ ૨૦૨૩ના સમાનગાળાની તુલનામાં ૧૦.૬ ટકા ઘટી છે. વધુમાં યુદ્ધને કારણે અખાતી દેશોનાં હવાઈ માર્ગો પણ બંધ થવાથી ફ્લાઈટો રદ થવાને કારણે સમીક્ષા હેઠળના સમયગાળામાં એર ટર્બાઈન ફ્યુઅલ નો વપરાશ પણ ગત સાલના સમાનગાળાની તુલનામાં ચાર ટકા ઘટીને ૩,૨૭,૯૦૦ ટનના સ્તરે રહ્યો હતો.

જોકે, યુદ્ધની સ્થિતિને હોવા છતાં સમીક્ષા હેઠળના સમયગાળામાં અન્ય બે ઈંધણ પેટ્રોલ અને ડીઝલની વપરાશી માગમાં વધારો થયો છે. જેમાં વર્ષાનુવર્ષ ધોરણે પેટ્રોલનું વેચાણ ૧૩.૨ ટકા વધીને ૧૫ લાખ ટન અને ડીઝલનું વેચાણ ૮.૨ ટકા વધીને ૩૩.૮૪ લાખ ટનનું થયું હતું, જ્યારે માસાનુમાસ ધોરણે પેટ્રોલ અને ડીઝલના વપરાશમાં અનુક્રમે ૧૧.૨ ટકા અને ૭.૭ ટકા વધ્યો હતો. ■

# રાજ્ય મહિલા આયોગનાં અધ્યક્ષપદ માટે બીડનાં મહિલા નેતાનું નામ ચર્ચામાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નાસિકના કથિત બાબા અશોક ખરાતના પ્રકરણ રૂપાલી ચાકણકરને મોંઘું પડ્યું. આ કિસ્સામાં, ચાકણકરે શુક્રવારે મોડી રાત્રે નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારને પોતાનું રાજીનામું સુપરત કર્યું હતું. હવે, જ્યારે બધાનું ધ્યાન કમિશનના ખાલી પદ પર કોની નિમણૂક થશે તેના પર છે, ત્યારે બીડથી એક નામ ચર્ચામાં આવ્યું છે. આ પદ માટે બીડના દિવંગત રાજકીય નેતાની પત્નીનું નામ ચર્ચામાં આવ્યું છે. તેમના સમર્થનમાં સોશિયલ મીડિયા પર પોસ્ટ વાયરલ થઈ છે.

અશોક ખરાત એવો દાવો કરતા હતા કે તેઓ આ ચહેરો જોઈને ભવિષ્ય

(જુઓ પાનું ૪) ▶▶

### જ્યોતિ મેટે કોણ છે?

જ્યોતિ મેટે શિવ સંગ્રામના સ્થાપક પ્રમુખ દિવંગત વિનાયક મેટેના પત્ની છે, જેઓ મરાઠા અનામતનો આગ્રહ રાખે છે. જ્યોતિ મેટે એક વહીવટી અધિકારી હતા. તેમણે વિધાનસભા ચૂંટણી લડવાનો પ્રયાસ કર્યો હતો.

## ફડણવીસે ચાકણકરનું રાજીનામું માગી લીધું?

### ચાકણકરનું રાજીનામું કાર્યવાહી માટે સીએમ ફડણવીસને મોકલ્યુંઃ સુનેત્રા પવાર

મુંબઈઃ શાસક પક્ષ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી)નાં અધ્યક્ષા અને મહારાષ્ટ્રનાં નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારએ શનિવારે જણાવ્યું હતું કે તેમણે મહારાષ્ટ્ર રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષ પદેથી રાજીનામું આપનાર રૂપાલી ચાકણકરનું રાજીનામું આગળની કાર્યવાહી માટે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મોકલી આપ્યું છે. બળાત્કારના આરોપી 'ગોડમેન' (જુઓ પાનું ૪) ▶▶

### ખરાત કેસમાં છેતરપિંડી કરનારા શિષ્યો સામે પણ કાર્યવાહી થવી જોઈએઃ ઉદ્ધવ

મુંબઈઃ બળાત્કારના આરોપમાં પકડાયેલા સ્વ-ઘોષિત ધર્મગુરુ અશોક ખરાત સાથેના સંબંધોને કારણે મહારાષ્ટ્ર રાજ્ય મહિલા આયોગનાં અધ્યક્ષા રૂપાલી ચાકણકરે રાજીનામું આપ્યાના એક દિવસ પછી શિવસેના (યુબીટી) ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ શનિવારે કહ્યું હતું કે છેતરપિંડી કરતા ધર્મગુરુને અનુસરી છેતરપિંડી કરનારા શિષ્યો સામે પણ કાર્યવાહી થવી જોઈએષ પત્રકાર પરિષદમાં ઠાકરેએ ખરાત કેસનો ઉલ્લેખ કર્યો અને મહારાષ્ટ્રને કયા સ્તરે લઈ જવામાં આવશે તે અંગે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

મહારાષ્ટ્ર માનવ બલિદાન નિવારણ અને નાબૂદી અને અઘોરી પ્રથાઓ અને કાળા જાદુ અધિનિયમ ૨૦૧૩ તરફ ધ્યાન દોરી ઠાકરેએ કહ્યું હતું કે 'જો

(જુઓ પાનું ૪) ▶▶

### ચાકણકરનું રાજીનામું પૂરતું નથી, મોટા માથા સામે સંપૂર્ણ તપાસ અને કાર્યવાહી જરૂરીઃ કોંગ્રેસ

મુંબઈઃ બળાત્કારના આરોપી 'ગોડમેન' સાથેના સંબંધોના કારણે રૂપાલી ચાકણકરએ મહારાષ્ટ્ર મહિલા આયોગના અધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યાના એક દિવસ પછી કોંગ્રેસના નેતા વિજય વડેટ્ટીવારે શનિવારે જણાવ્યું હતું કે માત્ર તેમનું રાજીનામું પૂરતું નથી. આરોપીઓ સાથે સંકળાયેલા મોટા માથા સામે કાર્યવાહી કરવાની માગ કરી હતી. આ અઠવાડિયાની શરૂઆતમાં નાશિકમાં ધરપકડ કરાયેલા સ્વ-ઘોષિત ગોડમેન અશોક ખરાત સાથે જોડાયેલા પ્રભાવશાળી લોકોને બચાવવાના પ્રયાસો ચાલી રહ્યા હોવાનો આરોપ પણ તેમણે કર્યો છે.

ખરાત સાથેના સંબંધો અંગે વિપક્ષની ટીકાનો સામનો કરી રહેલા ચાકણકરે શુક્રવારે મહારાષ્ટ્ર રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષ પદેથી નાયબ મુખ્ય પ્રધાન અને

(જુઓ પાનું ૪) ▶▶

### ખરાતની મુલાકાત લેનારા પ્રધાનોના નામ જણાવોઃ વર્ષા ગાયકવાડ

મુંબઈઃ કોંગ્રેસનાં સંસદ સભ્ય વર્ષા ગાયકવાડે શનિવારે કહ્યું કે મહારાષ્ટ્ર રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષ રૂપાલી ચાકણકરના રાજીનામાથી અશોક ખરાત કેસનો અંત આવશે નહીં. તેમણે કથિત બળાત્કારના આરોપમાં ધરપકડ કરાયેલા સ્વ-ઘોષિત ધર્મગુરુ સાથે સંકળાયેલી દરેક વ્યક્તિ સામે તપાસની માગ કરી. ખરાત સાથેના સંબંધો માટે ટીકાનો સામનો કરી રહેલા એનસીપી નેતા ચાકણકરે શુક્રવારે પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું. વર્ષા ગાયકવાડે વધુમાં જણાવ્યું

(જુઓ પાનું ૪) ▶▶

# હવે એસટીની બસોને પ્રતિ લિટર પાંચના ડિસ્કાઉન્ટ પર ડીઝલ મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન નિગમ (એમએસઆરટીસી)ની આર્થિક સ્થિતિ મજબૂત કરવા માટે, સરકારે આવક વધારવા અને ખર્ચ ઘટાડવા માટે અનેક નક્કર પગલાં લીધાં છે. પરિવહન પ્રધાન અને એસટી નિગમના અધ્યક્ષ પ્રતાપ સરનાઈકે જણાવ્યું હતું કે માત્ર ડીઝલ ખરીદી પ્રક્રિયામાં પારદર્શિતા લાવીને, વાર્ષિક આશરે ૨૪૧ કરોડ રૂપિયાની બચત કરવામાં આવશે.

અગાઉ, એસટી બસોને પ્રતિ લિટર ડીઝલ પર આશરે ૨.૭૦ રૂપિયાનું ડિસ્કાઉન્ટ મળતું હતું, જે વધારીને ૩ રૂપિયા કરવામાં આવ્યું છે. હવે, સ્પર્ધાત્મક ટેન્ડર પ્રક્રિયા દ્વારા, પ્રતિ લિટર ૫.૧૩ રૂપિયાનું ડિસ્કાઉન્ટ પ્રાપ્ત થયું છે. આના પરિણામે વાર્ષિક આશરે ૨૪૦થી ૨૪૧ કરોડ રૂપિયાની બચત થશે. આ સાથે, હવે તમામ પ્રકારના ઇંધણ ફક્ત એસટી પેટ્રોલ પંપ પર જ ઉપલબ્ધ થશે.

**એસટી તેની જમીન પર ઇંધણ વેચશેઃ** એસટી નિગમ ડીઝલ, પેટ્રોલ, સીએનજી અને એલએનજી જેવા ઇંધણ વેચવાના ક્ષેત્રમાં પણ પ્રવેશ કરશે. જાહેર-ખાનગી ભાગીદારી (પીપીપી) યોજના હેઠળ, ૧૦૦થી ૧૧૦ મલ્ટી-મોડલ ઇંધણ પંપ સ્થાપિત કરવામાં આવશે. આનાથી દર વર્ષે આશરે ૧૦૦ કરોડ રૂપિયાની વધારાની આવક થવાની અપેક્ષા છે. આ પંપ એસટીની ખુલ્લી જમીન પર સ્થાપિત કરવામાં આવશે. હાલમાં, એસટીને આશરે ૧૨,૦૦૦ કરોડ

(જુઓ પાનું ૪) ▶▶

# રોહિત શેટ્ટીના નિવાસસ્થાને ગોળીબારઃ શૂટરની પસંદગી કરનારો યુપીમાં પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ફિલ્મમેકર રોહિત શેટ્ટીના જૂહુ ખાતેના નિવાસસ્થાને ગોળીબાર કરવાના કેસમાં મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે ઉત્તર પ્રદેશની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ)ની મદદથી વધુ એક આરોપીને પકડી પાડ્યો હતો. પકડાયેલા આરોપીએ દિલ્હીની તિહાર જેલમાં બેઠાં બેઠાં શેટ્ટીના નિવાસસ્થાને ગોળીબાર માટેના શૂટરની પસંદગી કરી હતી.ઉત્તર પ્રદેશના આગરા ખાતેના મહાવીર નગરથી પકડાયેલા આરોપીની ઓળખ પ્રદીપ મોહન શર્મા ઉર્ફે ગોલુ (૨૩) તરીકે થઈ હતી. ગોલુના સાથી ઉત્તર પ્રદેશથી પકડાયા ત્યારથી ગોલુ સંતાતો ફરતો હતો. જૂહુમાં આવેલા શેટ્ટી ટાવર પર ૩૧ જાન્યુઆરીની મધરાતે ગોળીબાર કરવામાં આવ્યો હતો. શૂટર દીપક રમેશચંદ્ર શર્મા (૨૪)એ સેમી ઓટોમેટિક પિસ્તોલમાંથી પાંચ રાઉન્ડ ફાયર કર્યા હતા. ફિલ્મજગત, ઉદ્યોગપતિઓ અને વેપારીઓમાં ખંડણી માટે ધાક જમાવવાને ઇરાદે આ ગોળીબાર કરાયો હતો.

આ કેસમાં અત્યાર સુધી ૧૩ આરોપીની ધરપકડ કરાઈ હતી. હવે ગોલુ પકડાતાં આરોપીની સંખ્યા ૧૪ પર પહોંચી હોવાનું વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. ગોલુને મુંબઈ લાવવામાં આવી રહ્યો હોવાથી રવિવારે તેને કોર્ટમાં હાજર કરવામાં આવશે.

શેટ્ટી ટાવર પર ગોળીબારના કાવતરામાં આગરા અને પુણે એમ બે મોડ્યુલનો ઉપયોગ કરાયો હતો. ગોળીબાર માટે શસ્ત્ર અને વાહનની વ્યવસ્થાની જવાબદારી પુણે મોડ્યુલને સોંપાઈ હતી, જ્યારે શૂટર સહિત અન્ય આરોપીઓની ગોઠવણ આગરા મોડ્યુલે કરી હતી. કુખ્યાત ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઈના વિશ્વાસુ સાગરીત શુભમ લોણકર આ કાવતરાનો માસ્ટરમાઈન્ડ હોવાનું પોલીસનું કહેવું છે. આ કેસમાં પોલીસે અગાઉ યુપી પોલીસની મદદથી પાંચ આરોપીને ઉત્તર પ્રદેશ અને હરિયાણાથી પાંચ આરોપીની ધરપકડ કરી હતી. તેમની પૂછપરછમાં ગોલુનું નામ સામે આવ્યું હતું. તિહાર જેલમાં બંધ ગોલુએ આગરા મોડ્યુલ સાથે કોઑર્ડિનેશન કર્યું હતું. ગોલુ અગાઉ શુભમ લોણકરનો સાથી હતો.

પોલીસનું કહેવું છે કે બાન્દ્રામાં એનસીપીના નેતા બાબા સિદ્દીકીની હત્યાના કેસમાં શિવમ દુબેનું નામ સામે આવ્યું હતું. ફરાર શિવમ દુબેની પોલીસ શોધ ચલાવી રહી છે. શિવમના કહેવાથી ગોલુએ શૂટરની પસંદગી કરી હતી. આ માટે ગોલુએ વિષ્ણુ કુશવાહાને કહ્યું હતું, જેણે શૂટર દીપક શર્માનો સંપર્ક સાધ્યો હતો. ગોળીબાર માટે દીપક તૈયાર થતાં તેને મુંબઈ મોકલવામાં આવ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં ગોલુએ પોલીસને જણાવ્યું હતું કે શિવમ દુબેના કહેવાથી જ તેણે રાજસ્થાનના ગંગાનગરમાં રાજુ કટોરિયા પર ગોળીબાર કર્યો હતો. એ કેસમાં પોલીસે પિસ્તોલ સાથે તેની ધરપકડ કરી હતી. ધરપકડ બાદ તેને તિહાર જેલમાં રાખવામાં આવ્યો હતો, જ્યાં રોહિત શેટ્ટીના નિવાસસ્થાન પર ગોળીબાર માટે શૂટરની પસંદગીની જવાબદારી તેને સોંપાઈ હતી. ■

# ચેમ્બુરમાં પાલિકાની વોર્ડ ઑફિસમાં નગરસેવિકાના પતિનો ફોટો લાગતા વિવાદ


(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાના 'એમ-પૂર્વ' વોર્ડમાં ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (એઆઈએમઆઈએમ)ના વોર્ડ કમિટીના અધ્યક્ષ ખૈરુનિસા અકબર હુસૈનના પતિનો ફોટો તેમની ઓફિસમાં પાર્ટી પ્રમુખ અસદુદ્દીન ઓવૈસી સાથે લગાવવામાં આવ્યા બાદ ભારે વિવાદ થયો હતો. ભાજપ દ્વારા તેની સામે વાંધો ઉઠાવવામાં આવતા ફોટો દૂર કરવામાં આવ્યો હતો. એઆઈએમઆઈએમના પાલિકાના ગ્રૂપ લીડર વિજય ઉબાળેએ કહ્યું હતું કે ફોટો પાર્ટીના કાર્યકર્તા દ્વારા લગાવવામાં આવ્યો હતો. જોકે તેની સામે વાંધો લેવામાં આવતા ફોટો તરત હટાવી લેવામાં આવ્યો હતો.

એમ-પૂર્વ વોર્ડના ચિત્તા કેમ્પ વિસ્તારના નગરસેવિકા ખૈરુનિસાએ આ મામલાને ખોટી રીતે ચગાવવામાં આવી રહ્યો હોવાનો દાવો કર્યો હતો.

પાલિકાની ૨૦૨૬ની ચૂંટણીમાં એઆઈએમઆઈએમએ સારું એવું પ્રદર્શન કર્યું હતું. ૨૦૧૭ની ચૂંટણીમાં ફક્ત બે જ બેઠક જીતનારા પક્ષના આ વખતે આઠ નગરસેવક ચૂંટાઈ આવ્યા છે. તેને પગલે તેમને પાલિકામાં ગ્રૂપ લીડર પણ બનાવવાનો અધિકારી મળ્યો અને પાલિકાના મુખ્યાલયમાં પક્ષને ઓફિસ માટે જગ્યા પણ ફાળવવામાં આવી છે. ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**